५७८५

॥ ओ ३ म् ॥

अहिंसा धर्म प्रकाश।

AHINSÁ DHARMA-PRAKÁSHA.

INJUNCTIONS

AS TO

NON-DESTRUCTION OF ANIMALS.

BY

PANDIT BÁLÁJI VITHAL GÁVASKARA.

॥ ओ३म् ॥

AHINSA DHARMA PRAKASH.

i. e.

THE DOCTRINE ENJOINING THE NON-DESTRUCTION OF ANIMAL LIFE.

BASED

ON THE LAWS OF NATURE, ON THE INJUNCTIONS OF SEVERAL RELIGIONS AND ON THE OPINIONS OF VARIOUS CELEBRATED MEN IN ALL COUNTRIES.

by

PANDIT BALAJI VITHAL GAVASKAR.

अहिंसा धर्म प्रकाश.

આ ગ્રંથ

સૃષ્ટિજન્ય શાસ્ત્ર, જગતના અનેક માન્ય ધર્મગ્રંથ અને મતને આધારે

पंडित बाळाजी विठ्ठल गावस्कर.

(विवाह, उपनयनादि षोडशसंस्कारप्रयोग–सार्थ; भटजीकीकामृत–प्रश्नोत्तर; सार्थ रुद्रमंत्र; सार्थ वेदोक्त संध्या, उपाकरणविधि; अभिषेकसूक्तमाला, इ० ग्रंथकार.)

એણે લોકહિતાર્થે રચી પ્રસિદ્ધ કર્યું છે.

મૂળ મહારાષ્ટ્રી ભાષાનાંથી ગુજરાતીમાં પરોપકારાર્થે ભાષાંતર કરી આપનાર

प्राणजीवनदास कहानदास.

મ્યુનિસિપલ મુંબાદેવી સે. ગ્રે. એં. વ. શાળાનો વડો શિક્ષક.

મુંબઈ સુ. પ્ર. પ્રે.]   કિમત રૂ ૧.   [સંવત ૧૯૫૨.

संक्षिप्त अनुक्रमणिका (पृष्ठांकानुसार) तथा शुद्धिपत्र.

(प्रस्तावना) મનુષ્યોએ વનસ્પતીને પણ આત્મવત્ અહિંસક રાખવી **(ईश्वर-स्मरण)** ૧૨. **(उपोद्घात)** મનુષ્ય વ્યાઘ્રવત્ હિંસક પશુ નથી, ૨૩. ચતુર્વેદ અને તલ્લક્ષણ, ૪૫. વેદનો બિગાડો, ૭. વેદના નામથી બનાવેલા કપટી ગ્રંથો, ૮. વેદાદિ ગ્રંથનો કરેલો ખોટો અર્થ, ૧૮. વેદમાં હિંસા નથી એવો ઈંગ્લીશોનો સિદ્ધાંત, ૨૫. સાયણે કીધેલો પુરાણાનુસાર વેદનો અર્થ, ૨૭. વેદમાં શુનઃશેપની કથા લગાડવામાં સાયણનું મૂર્ખત્વ, ૩૪. બ્રાહ્મણોપનિષદાદિ પુસ્તકો વેદ નથી, ૩૭. અનાર્ય લોકે માન્ય ગ્રંથોમાં કીધેલો બિગાડો, ૪૧. ગ્રંથોમાં અને ગ્રંથોની ઘુસાઘુસી કરનારા અનાર્ય, ૪૮. પુરાણતંત્રાદિ બનાવટી ભ્રષ્ટ ગ્રંથોની ઉત્પત્તિ, ૫૩ ભ્રષ્ટ ગ્રંથોથી થતી ખુનરેજી, ૫૭. ખૂન ઉત્તેજક પુસ્તકો સરકારે નાશ કરવાં, ૫૮. હિંદુ કસાઈ પંચાયતન સંબંધી ક્રૂરતા નિવારક કાયદો સરકારે કરવો, ૬૦. રાજ્યશ્રી અર્થે પશુ હોમનાર દેશી રાજાને વિનંતિ, ૬૮. રાજાએ પશ્વાદિ પ્રાણીસાથે કેવી રીતે વર્તવું તત્સંબંધી વેદાજ્ઞા, ૭૦. શુદ્ધાશુદ્ધ જલ પરીક્ષણ–સચિત્ર, ૭૧. **(विचार दर्शन)** दयादि सृष्टिनियमाधार १. वेदादि प्राचीन ग्रंथाधार २० स्मृति पुराणादि अर्वाचीन ग्रंथाधार २५. आधुनिक हिंदु पुस्तकाधार ३३. ख्रिस्ती आदि यवनपुस्तकाधार ४९. **(संशय छेदन)** पाणी, दूध, सुळदांत इ. संबंधी प्रश्नोत्तर ७२.

पृष्ठ–ओळ.	अशुद्ध–शुद्ध.	पृष्ठ–ओळ.	अशुद्ध–शुद्ध.
૩૦– ૩	અવ્યે–આવ્યો	૧૩–૩૩	લચધ–લચકા
૩૮–૧૩	વાચી–વાંચી	૧૪–૧૫	વહાણ–પગરખા
૪૨– ૯	અગ્નીનો–અગ્નિનો	૩૪–૧૩	થદિ–यदि
૪૫–૩૪	પીલુ–પીળું	૫૨–૨૯	પૈટ–પેટ
૫૮– ૨	રક્ષસી–રાક્ષસી	૫૩–૧૫	બળવાન–બળવાન્
,,–૩૩	પાડાન–પાડાના	૫૬–૩૧	આગાળ–આગળ
૧–૨૨	માનવને–માનવનો	,,–૩૩	આરારથી–આહારથી
૧–૨૪	પ્રીય–પ્રિય	,,–૩૮	નારી–નારાં
૧–૨૭, ૫–૨૧	વલી–વળી	,,–,,	લોકને–લોક
૨–૧૭, ૩–૪	ચીન્હ–ચિન્હ	૬૦– ૨	બીજો–બીજે
૪–૨૨	શલીઓ–શળીઓ	૬૪–૧૫	અનેઅને–અને
૪–૩૧	પેહલ વેહેલા–પેહેલ વહેલા	૬૮–૨૯	પોતાને–પોતાની અને
૪–૩૩, ૫–૧૭	બીચારો–બિચારો	૬૯–૩૦	સ્રષ્ટિ સૃષ્ટિ
૫–૩૪	હોલીને–હોળીને	૭૪–૨૬	વાચ–વાંચ
,,–,,	દીવસે–દિવસે	૭૫–૧૨	બધુક–બંધુક
૭–૩૩	વલી–વળી	૭૭–૩૦	શરીરા–શરીર
૭–૩૩, ૫–૧૭	કહાર–કહેર	૭૮– ૬	અનુકુળ–અનુકૂળ
૮–૩૧	બચયાં–બચ્ચાં	૮૧–૨૪	સભાધાન–સમાધાન
,,–૩૩	પોતાને–પોતાનો		

Dedicated to the memory of

H. H. THE LATE MAHARAJADHIRAJ THAKOR SAHEB,

SHRI

SOORSINGHJI = PRATAPSINGHJI

BAHADUR.

THE BRIGHT LUMINARY OF THE NOBLE GOHEL FAMILY

"AHINSA DHARMA PRAKASH"

Being a humble attempt to elucidate and propagate the Principles of that noble Religion which discourages and tries to prevent the slaughter of animal life for the purposes of food, nay for any purpose whatsoever in inculcating the prestine Aryan Morality,

IN APPRECIATION OF

The policy adopted in encouraging the observance of virtue and good conduct in life by the subjects during his rule in the

STATE OF PALITANA

WITH THE KIND PERMISSION OF H. H'S. WORTHY SON,

H. H. THE PRINCE

KUMAR SHRI SAMATSINGHJI

BAHADUR.

By the humble Author

PANDIT BALAJI VITHAL GAVASKAR

OPINIONS. (संमति)

स्व० आनरेबल रा० ब० गोपाळराव हरि देशमुखनो अभिप्राय.

(पोतानी खुशीथी मोकलेलो)

"I purchased this book long time ago from a peon and have read it with great pleasure" (*The late Hon'ble R. B. Gopalrao Hari Deshamukh.*)

सुप्रसिद्ध महामुनि श्रीमोहनलालजी महाराज संवेगी साधुनी संमति.

" पंडित बाळाजी विठ्ठल गावस्कर रचित प्रस्तुत ग्रंथ (अहिंसा धर्म प्रकाश) का हमने निरीक्षण किया. यह ग्रंथ बनानेमें अच्छा परिश्रम करके अहिंसाका विषय निर्विवाद सिद्ध किया है; उस्को हमारी पूर्ण संमति है. "

——:000:——

श्रीयुत महाशय कल्याणजी नारायणजी, एमनुं संमति पत्र.

I have carefully gone through the whole of this work and I am much pleased with the manner in which the author has proceeded to condemn the pratice of destroying poor animals either for food or for any other purpose by a prolix explanation of the laws of Nature as observed in the very construction of the human body, there being nothing like an arm intended for destruction of animals. The numerous authorities he has quoted from the works of several leaders of societies of this and other countries will leave no doubt, in the mind of any individual no matter of what creed he may be, that the practice is most abhorrent, repulsive and cruel and the line of argument taken up by the author for its suppression is most convincing and conclusive. If this book can find its way in different countries in different dialects prevailing in those countries, the evil complained of by the author will in course of time disappear, and immense good will result. I cannot but admire and appreciate the valuable and important services he has rendered to the different nations in the world and I doubt not but that his attempts will be appreciated and will serve to clear away the cloud of darkness which has been so long hanging on them and that his name will be immortalised. (*Kalyanji Narayanji.*)

अर्पण पत्रिका

શ્રી ઉમા મહાલસાકાન્ત કૃપાપાત્ર

ગંગાજલ ગોહેલ કુલદીપક,

મહારાજાધિરાજ ઠાકોર સાહેબ,

श्री सुरसिंहजी प्रतापसिंहजी बहादुर.

સંસ્થાન શ્રી પાલીતાણાધીશ

ની

અહિંસાદિ આર્યધર્માનુકુળ પવિત્ર રાજ નીતિથી

મોહિત થઈને

એમના પ્રિય પુત્ર

कुमार श्री सामतसिंहजी बहादुर

ની

આજ્ઞાથી

આ સાત્વિક ગુણાનુ બોધક

अहिंसा धर्म प्रकाश

નામનું પુસ્તક

સ્વ૦ મહારાજાધિરાજ શ્રી સુરસિંહજીના

પવિત્ર નામને

ઉપહાર કરૂંછું.

पंडित बाळाजी विठ्ठल गावस्कर

પુસ્તક કર્તા.

श्री आनरेबल मि० जवेरीलाल उमयाशंकर याज्ञिक, एमनुं संमतिपत्र.

"I commend the Gujarathi translation of the Marathi work entitled अहिंसा धर्म प्रकाश *i. e.* "Non-destruction of animals" by Pandit *Bálâji* Vithal Gávaskar to the perusal of all right thinking persons. The work is an attempt to convince people of the utility of Vegetarianism by an appeal to reason. It will arm them with authorities and arguments drawn from the Vedas, the Bráhmans, the Smritis, the Puráńás and the writings of Prákrit and English authors. The work is deserving liberal support." (*The Hon'ble Mr. Javerilál Umayáshankar Yájnika.*)

——:0000:——

रा. रा. बळवंत भाऊ नगरकर– ब्राह्म उपदेशक व व्याख्यानकार व 'हार्मनी' इंग्लिश मासिक ग्रंथ संपादक, एमनुं संमतिपत्र.

I have carefully perused Mr. Gâvaskar's work "Ahinsá Dharma Prakash" in which he has attempted to prove the desirability of promoting the cause of Vegetarianism. In establishing the main object of his work, he has drawn upon Nature and the Sacred books of various nations for illustration and authority. He has taken great pains to collect most valuable information from the writings of English and American advocates of Vegetarianism. Apart from the varied evidence he has collected the work has a rare literary value. The book deserves to be widely read and carefully pondered upon and I sincerely wish that it will receive a most willing and hearty support from the Indian public advocates and supporters of the cause of Vegetarianism in general and kindness to animals in particular will find it to be a powerful instrument that they can successfully use in disarming their enemies and in defending their own position. I heartily wish that the efforts of Pandit Gâvaskar, will be crowned with success. (*B. B. Nagarkar ; Brahmo Samaj Mission ; Editor, "Harmony."*)

——:0000:——

ग्रंथकर्ता तरफथी धन्यवाद.

પૂર્વોક્ત વિદ્વાન્ મહાશયોએ તસ્દી લઈ મારા ગ્રંથનું અવલોકન કીધું અને પોતાની તરફનો અભિપ્રાય આપવાને પરિશ્રમ લીધો માટે તેમનો અને તેમજ સ્વર્ગવાસી આનરેબલ શેઠ **મુરારજી ગોકુલદાસ,** જેણે પ્રથમ મારૂં પૂર્વોક્ત મરાઠી ભાષાનું પુસ્તક વાંચી પોતાની તરફનો અત્યંત સંતોષ બતાવી મને ઉત્તેજન આપ્યું, અને મારી અર્પણ પત્રિકા પણ માન્ય કરીને એ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરી છપાવવાનો મને ઉત્સાહ આપ્યો હતો તેને માટે તેમનો પણ આ જગોએ અત્યન્ત આભાર માનીને મારૂં કર્તવ્ય સાદર કરૂં છું.

પ્રસ્તાવના.

જગન્નિયન્તા પરમેશ્વરે સકલ જગત નિર્માણ કરીને તેમાં સૃષ્ટિક્રમ નિયમ એટલે પ્રાણીઓની ઉત્પત્તિ, પોષણ અને લયને કારણભૂત એવા અનેક પ્રકારના સ્થાવર-જંગમ પદાર્થો ઉત્પન્ન કર્યા. અને પછી સર્વ પ્રાણીમાં શ્રેષ્ઠ એવા મનુષ્ય એટલે વિચારવંત પ્રાણીઓને ઉત્પન્ન કિધાં; અને તેને 'વિચાર' એ બળકટ શસ્ત્ર તેના આયુષ્ય ક્રમણાર્થે આપ્યું; અર્થાત્ તેમને વિશેષ જ્ઞાનયુક્ત કરવાથી તે ઇતર પશ્વાદિ પ્રાણીઓના રાજા થઇ પડયા. તથા પ્રારંભે જગતની **બાલ્ય* અવસ્થા**માં પશ્વાદિ પ્રાણીઓ પાસે યથાયોગ્ય મેહેનત વગેરેના કામો કરાવીને તેનાપર રાજ્ય કરવા લાગ્યા; પરંતુ આગળ જતાં તે રાજપદ પર લત્તાપ્રહાર કરીને જગતની તરૂણ અને વાર્ધક્ય અવસ્થામાંજ તે પશ્વાદિક પ્રજાપર મારીખાવાનો જુલમ કરવા લાગ્યા. પછી આગળ જતાં આ હિંસા કર્મનું એટલું તો બળ અને મહાત્મ્ય વધી પડયું કે, તેની પુષ્ટિ અર્થે નવા નવા ખોટા તર્કો ઉભા કર્યા. અને તે કેટલાક લોકોના મનમાં હાલ એટલા સજ્જડ થઈ બેસી ગયા છે, કે. તે જન્મારંભ સાથે લાગેલા હિંસા કર્મોના દોષો શિક્ષિત લોકોના પણ લક્ષમાં આવતા નથી. એ ઘણીજ દુઃખાસ્પદ વાત છે. હાલમાં સુશિક્ષિત સુશીલ સ્ત્રી પુરૂષો જે મારેલા જનાવરોનું માંસ ખાય છે, તેમના પર જો તે જનાવરો પોતાના ઘરમાં ને ઘરમાં મારીને ખાવાનો પ્રસંગ આવી પડે, તો તે વેળા તેમ કરવા કરતાં માંસ મુદલ ખાવુંજ નહી એ સારૂં, એમ તેઓને અવશ્ય લાગશે. ગાય, બેલ, સરખાં કે બકરાં કુકડાં સરખાં મોટા ઉપયોગી નિરપરાધી પ્રાણીઓને મારવા, એ કેટલું ક્રૂર, નિર્દય, કાળજું ધડકાવનારૂં, કંટાળો આપનારૂં, અને તિરસ્કાર વાચી દુષ્ટ કૃત્ય છે, એવી કલ્પના તો ખાટકી વાડામાં કે કસાઇ ગૃહમાં જઇને ત્યાં બનતાં તે ક્રૂર ઘાતકી ભયંકર પ્રકારો અનેકવાર જોઇને મનમાં આણ્યા વગર એટલે પ્રત્યક્ષ નજરે જોયા વિના તેમના અંતઃકરણમાં સારી અસર કરી સજ્જડ બેસવાની નથી. તાત્પર્ય એ કે, મનુષ્ય એ સાંપ્રત જગતની

---

*જગતની બાલ્યાવસ્થામાં મનુષ્ય અહિંસક હતા, પછી આગળ તારૂણ્ય અવસ્થામાં તેઓ (પૃષ્ટ ૭૮ જુઓ) હિંસક એટલે મત્સ્ય માંસાદિ પ્રાણી જન્ય પદાર્થ ભક્ષક થયા. અને તેમણે તેમજ ધાન્ય ફળાદિ વનસ્પતીને પણ મત્સ્ય. માંસ, મૂત્ર, વિષ્ટાદિ પદાર્થોનું ખાતર ઘાલવા માંડી તેને પણ હિંસક બનાવી તેથી વનસ્પતીનો પણ મૂળનો સ્વાભાવિક આરોગ્યકારક શુદ્ધ ગુણ નષ્ટ થઈ ગયો. તે ઉપરથી "વનસ્પતીને શુદ્ધ મૂળ સ્થિતિમાં રાખવી, અને તેને અશુદ્ધ હિંસક બનાવવી નહીં." એ વિષયપર એક નાનું સ્વતંત્ર પુસ્તક તૈયાર કરવાનો આ ગ્રંથ કર્ત્તાનો વિચાર છે. તે ઇશ્વર કૃપાએ સિદ્ધ થાઓ. અમેરિકામાં ન્યુયાર્ક અને ફિલાડેલ્ફીઆ પ્રાંતમાં વનસ્પતી આહારી મંડળીઓ સ્થાપન થઇ છે, તે સપ્રમાણ એવું સિદ્ધ કરી દેખાડે છે કે મત્સ્ય, માંસ, અને મનુષ્ય, પશુ, પક્ષીની વિષ્ટા આદિ પ્રાણી જન્ય પદાર્થોનું ખાતર વનસ્પતીને આપ્યાથી તેની વાઢ કમતિ થાય છે અને તેમાં કુજટપણાના અનેક રોગો ઉત્પન્ન થાય છે, અને તેવી વનસ્પતી ખાવાથી મનુષ્યને પણ તે રોગ લાગુ પડે છે. તેવિષેનો ઉપયુક્ત વિચાર ત્યાંના "મે ફ્લાવર" નામના વર્તમાન પત્રમાં સર્વ લોકોને તે બાબતથી માહિત કરવાને તેઓના તરફથી આપવામાં આવે છે.

તારૂણ્ય અવસ્થામાં દુર્ગુણી થઇને હિંસક બનવાથી જન્મારંભથી કરતા આવેળા હિંસા કર્મના તેના દોષ, વિચારાન્તે સહજ તેમના લક્ષમાં આવે, એટલા માટે "અહિંસાધર્મપ્રકાશ" આ નામનો આ ગ્રંથ અલ્પ મતિથી રચીને તે મારા સ્વ-જાતિ મનુષ્ય બાંધવની સેવામાં સાદર કર્યો છે. તે વાંચી તેમણે ઇશ્વરે આપેલી વિચાર શક્તિનો નિષ્પક્ષપાત મનોવૃત્તિથી યોગ્ય ઉપયોગ કરવો, અને આ કેવળ વ્યાઘ્રવત્ પશુત્વ હિંસક પ્રવૃત્તિને અનુસરીને અનાથ નિરપરાધી અને પરોપકારી પશ્વાદિક પ્રાણીઓના સૃષ્ટિક્રમ વિરૂદ્ધ અન્યાયથી તીક્ષ્ણ શસ્ત્રાધારે ગળા રેંશી રેંશાવીને તેના આંગમાંથી લોહીની અશુદ્ધ ધારાનો પ્રવાહ કાઢીને આપણા જેવીજ તેની શારીરીક માટી (માંસ) નો દુષ્ટ આહાર કરવાનું નિંદ્યકર્મ છોડવું, એવી પ્રાર્થના છે. આ નિંદ્યકર્મ છોડયા સંબંધી કે નિદાન તે છોડવાને પ્રયત્ન ચાલુ થયલો સાંભળવાથી ગ્રંથકારનો મનોરથ અને તેણે આ ગ્રંથ રચવામાં જે કાળ અને તનમન વગેરેનો શ્રમ લીધેલો તે સફળ થયો, અને તેનું સાર્થક થયું, એમ તે માનશે.

આ એક વાત સજ્જનોએ લક્ષમાં રાખવી જોઇએ કે, આ ગ્રંથ કર્ત્તાને પોતાનો મત કાંઈ લોકો આગળ સ્વાધીન કરવાનો નથી; અને તેને કોઇપણ પ્રકારનો મનગમતો ધર્મનિમિત્ત મત લોકો આગળ કહેવાનો નથી. માત્ર પશુપક્ષાદિ પ્રાણીપર તેને મારીખાવાનો જે જુલૂમ અને કહર ચાલી રહ્યો છે, તે સૃષ્ટિક્રમ અને સૃષ્ટિની અંદરના અનેક પ્રકારના વિચાર અને તર્ક સિદ્ધ ધર્મમત વિરૂદ્ધ છે, તેથી તે લોકોને હાથે તેમ થવું ન જોઇએ. આજ મુખ્ય ગ્રંથકર્ત્તાનો હેતુ છે.

પતંજલી મહાભાષ્યમાં કહેલું છે કે " धावतःस्खलनं न दोषाय भवति " એટલે "જે દોડશે તે પડશે. તેમાં દોષ નથી." એ ન્યાય પ્રમાણે અમારા લખવામાં "જેવાને તેવા મળે, મનનો સંશય ફીટે" આ કહેવતને અનુસરીને કાંઇ પ્રમાદ કે નજરચુક વગેરે કારણથી કાંઇ અશુદ્ધિ દેખાય, તો વિચારી વિદ્વાનોએ તેનો વિષાદ ન માનતાં "सारं ततो ग्राह्यमपास्यफल्गु हंसैर्यथाक्षीरमिवाम्बुमध्यात्" અર્થાત્–રાજહંસ જે પ્રમાણે જળમિશ્રિત દુધમાંથી દૂધ નિવડી કાઢી લેછે, તેમ કેવળ સાર ગ્રહણ કરવો.

આ પુસ્તક મૂળ મહારાષ્ટ્રી ભાષામાં પ્રથમ રચાયલા પુસ્તકનું ભાષાન્તર છતાં તથા તે ઉપરાત વિશેષ નવીન માહિતીનો ઘણોજ તેમાં ઉમેરો કીધેલો છતાં પણ તેની કિંમત માત્ર મૂળનીજ ૩૧ા છે, તેજ કાયમ રાખેલી છે. વળી ભાષાન્તર કરતી વખતે વિષય પ્રતિપાદન કરવા વગેરેના લેખોમાં 'દૂધમાં સાંકર મેળવ્યા પ્રમાણે" ભાષાન્તર* કર્તાએ પોતાના પ્રગલ્ભ વિચારથી ઘણીજ મધુરતા તેમાં આણેલી છે, અને પોતાનો અમોલિક વખત વાપરીને કેવળ પરોપકારાર્થે ભાષાન્તર કરી આપ્યું છે, એ તેમની સુકૃત્ય મનોભાવના તો પરમાત્માની સમક્ષ રજુ થઇ ચુકી છે; તથાપિ લૌકિક રીતીએ તેમનો એ આભાર પ્રદર્શિત કરવો એ મારૂં કર્ત્તવ્ય છે.

મુંબઈ. કાર્તિક શુદિ ૧, સંવત ૧૯૫૩. આ. વિ. ગાવસ્કર

---

* नाम. प्राणजीवनदास कहानदास (मुख्याध्यापक, मुंबादेवी से. ग्रे. ए. व. स्कूल; अध्यक्ष -गुजराथी शिक्षक मंडळी; उपाध्यक्ष–मुंबई आर्य समाज; मंत्री–श्रीमती आर्य प्रतिनिधि सभा, मुंबई; व्यवस्थापक–बुद्धिवर्धक सभा, मुंबई)

અહિંસા ધર્મ પ્રકાશ.

—:o:—

ઈશ્વર સ્મરણ.*

ઈશ્વર સ્તુતિ.

॥ स पर्य्यगाच्छुक्र मकाय मव्रण मस्नाविर ँ शुद्ध
मपाप विद्धम् । कविर्मनीषी परिभूः स्वयंभूर्याथा
तथ्यतोऽर्थान् व्यदधाच् छाश्वतीभ्यः समाभ्यः ॥

ઈશ્વર ઉપાસના.

॥ नमः शंभवाय च मयोभवाय च नमः शंकराय च
मयस्कराय च नमः शिवाय च शिवतराय च ॥

ઈશ્વર પ્રાર્થના.

॥ विश्वानि देव सवितर्दुरितानि परासुव ।
यद्भद्रन् तन्न आसुव ॥ [यजुर्वेद]

॥ देव श्रीश विना निमित्त मनघान् दीनानहो प्राणिनो ।
जिव्हाचापल्यमात्र दुर्व्यसनतः स्वैरंघ्नतो निर्घृणान् ।
कारुण्यांबुनिधे स्वतंत्र भवतोऽभिप्राय वैदेशिकान्।
वीक्ष्येमं विदधे प्रबंध मखिल क्षेमाय तत् सिध्यतु ॥ (स्वकृत)

---

* ઈશ્વર સ્મરણ, એ આ જગતમાં સ્તુતિ, ઉપાસના અને પ્રાર્થના એવા ત્રણ પ્રકારે થાય છે. (૧) મનકામનેચ્છા ન ધરતાં ઈશ્વર ગુણાનુવાદ ગાવા, એ સ્તુતિ. (૨) મન કામના નહીં રાખતાં ઈશ્વર આગળ વારંવાર અત્યંત દીન, લીન અને નમ્ર થવું, એ ઉપાસના. (૩) મનની સદ્ભાવનાની

ઉપોદ્ઘાત.

—:o:—

આ ભૂમંડળપર જગન્નિયંતાએ જે પદાર્થો ઉત્પન્ન કર્યા છે, તેમાંથી આપણને ભક્ષ્ય કયો, એનો વિચાર કરીને માત્ર તેજ ઊપર આપણી ઉપજીવિકા કરવી, એ પ્રત્યેક વિચારશીલ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે, ચરાચર સૃષ્ટ વસ્તુ મધે મનુષ્ય એજ શ્રેષ્ઠ છે. તેણે સૃષ્ટીના પદાર્થનો ન્યાય રીતીએ ઉપયોગ કરવો. ઈશ્વરે અમને મનુષ્યને પશ્વાદિક કરતાં વિશેષ બુદ્ધિ અને વિચાર આપ્યો છે, તેણે કરીને નિકટ રક્ત સંબંધના કારણ વગેરેને લીધે જેમ અમે મા, કન્યા, વહુ, પત્ની વગેરેના અંદર ભિન્નતા માનીએ છીએ, તેમજ અમો માનવીઓએ બીજા સૃષ્ટીના પદાર્થોનો વિનિયોગ ન્યાયથી અને વિચારથી ભિન્ન ભિન્ન કરવો ઘટે છે. વિચારશૂન્ય પશ્વાદિક પ્રમાણે સર્વ સ્ત્રી જાતને એક સરખી લેખવી અથવા મળે તે પદાર્થ ખાઈ લેવા, એ અમ વિચારશીલ મનુષ્યને યોગ્ય નથી. હવાના અને દેશના માન પ્રમાણે લોકોનો મત, ભાવ, ક્રિયા અને આવશ્યકતા ભિન્ન હોય, એ ઉઘાડું છે, પરંતુ મા, કન્યા વગેરેના સંબંધમાં રહેલી જે મનોવૃત્તિ તે જેવી દેશ કાળ-

---

પૂરતી અર્થે ઈશ્વર સહાયતાની યાચના કરવી, તે પ્રાર્થના. એ ત્રણ પ્રકાર જે દર્શાવ્યા તેના ભાવાર્થઃ—(સ્તુતિ) હે વિશ્વકર્તા પરમ ઈશ્વર! આપ સર્વ વિશ્વમાં આકાશવત્ પરિપૂર્ણ સર્વ વ્યાપક છો, આપ નિરાકાર, અખંડ; અનંત, નિર્વિકાર, અચ્છેદ્ય, નિષ્કલંક, અચલ, નાડી આદિ પ્રતિબંધ રહિત, અતિ સૂક્ષ્મ, સદૈવ નિર્મલ; અવિદ્યાદિ જન્મ મરણ, હર્ષ, શોક, ક્ષુધા, તૃષાદિ ઉપાધિ રહિત; ન્યાયકારી, સર્વજ્ઞ, જીવસાક્ષી, સર્વ પૂજ્ય, સ્વસિદ્ધ, અવિદ્યારૂપી અંધકાર નાશક, એવા વેદરૂપી જ્ઞાન પ્રકાશ કરનારા, એવા છો. (ઉપાસના) હે પ્રભુવર! આપ કલ્યાણ કારક અને મોક્ષ સુખ દાયક છો. આપને હું સદા નમસ્કાર કરૂંછું, આપ સાંસારીક સુખદાયક છો. આપને નમન કરૂં છું. આપથકી સર્વ જીવનું કલ્યાણ થાય છે; મન, ઇંદ્રિઓ અને પ્રાણાદિકને સુખ સ્થિતિમાં રાખનારા આપ છો. તે માટે હું વારંવાર અતિ લીનપણાથી આપને વંદન કરૂં છું. (પ્રાર્થના) હે જગદુત્પાદક પરમાત્મન્! અમને સર્વ દુષ્ટ કર્મથી દૂર રાખ, અને જે સારૂં હિતકારક સત્ય તે અમને પ્રાપ્ત કરાવ. હે દયાસાગર દેવ! મનુષ્યોના જીવિત્વ પ્રમાણેજ પશુ પક્ષ્યાદિઓનું જીવિત્વ સ્વતંત્ર છે, તેનો વિચારી મનુષ્યોએ નાશ કરવો નહીં, એવો જે આપનો હેતુ, તે હેતુ વિરૂદ્ધ ગરીબ, અનાથ, દયાપાત્ર પશુ પક્ષ્યાદિ પ્રાણી ઉપર, તેને વગર કારણે મારી ખાવાનો જે જુલમ કેવળ જીહ્વા સ્વાદ માટે ક્રૂર દુષ્ટ લોક ચલાવે છે, તે બંધ થવો જોઈએ, એ ઉદ્દેશથી આ ગ્રંથ રચવામાં આવ્યો છે, તે સ્તુત્ય અને પરોપકારી ઉદ્દેશ આપણી પૂર્ણ કૃપાથી સિદ્ધિને પામો.

માન પ્રમાણે ભિન્ન હોતી નથી, વિશેષાર્થે પ્રત્યેક ગામમાં શીયાળો, ઉનાળો અને વર્ષાઋતુ એવી રીતે હવાનું માન દર વર્ષે બદલાય છે, તે પ્રમાણે કાંઈ માતા, કન્યા, અને વહુના સંબંધમાં રહેલી મનોવૃત્તિ અને તેમજ સદ્ધર્મ બદલાઈને વિરૂદ્ધ આચરણ થતું નથી. બીજું પ્રત્યેક મનુષ્યના શરીર વિષે કફ, વાત, પિત્ત એ પ્રતિદિન અદલ બદલ થતાં રહે છે; પરંતુ તે ઉપરથી કોઈનો ધર્મ* કાંઈ બદલાતો નથી, તો પછી શીતોષ્ણાદિભેદે કરીને ધર્માધર્મ થાય છે એમ કહેવું, એ કેમ ગ્રાહ્ય થાય? કદી નહીં થાય. તેમજ આહારનો પ્રકાર છે. ગાય, ભેંસ, ઘોડા, પોપટ, ખબુતર, મર્કટ, એવાં પશુપક્ષી કોઈ પણ પ્રદેશમાં કે હવામાં હોવા છતાં પણ તેઓ સૃષ્ટિ ક્રમ પ્રમાણે માંસ ખાતાંજ નથી; અને તેમજ મનુષ્યની સ્થિતિ છે. એટલા માટે તેઓનાં સ્વાભાવિક શરીર રચના ઉપરથી તેઓ નિઃશસ્ત્ર (હથિઆર વગરનાં) એવાં પશ્વાદિકને મારીને કેવળ અપક્વ માંસ ખાઈ શકતાજ નથી. જેમ દયા, ક્ષમા, શાંતિ ઇત્યાદિ માનસિક ધર્મ મનુષ્યમાં સ્વાભાવિક હોય છે, તેમજ મનુષ્યોએ વનસ્પતિ એટલે વૃક્ષ, તૃણ, શાક, ધાન્ય, ફળ, મૂળ, કંદ, વેલ, એજ ઉપર પોતાનું ચરિતાર્થ (ગુજરાન) ચલાવવું, એવી તેમની સ્વાભાવિક વૃત્તિ હોય છે, તેજ કારણને લીધે કરોડો લોક માત્ર વનસ્પતી ઉપરજ જીવે છે. જો મનુષ્ય માંસાહારી હતે, તો વાઘની માફક વનસ્પતીનો ત્યાગ કરીને ફકત માંસ ઉપરજ રેહેતે; અને નાનાં મોટાં માણસો અને છોકરાંઓ નિઃશસ્ત્ર એવા કોઈ સહજ એકાદા પશુ પક્ષીનો પ્રાણ લઈ માંસ ભક્ષણપર માત્ર પોતાનો નિર્વાહ ચલાવતે; પરંતુ મનુષ્ય તેમ કરી શકતા નથી, એ ચક્ષુર્વૈ સત્યં અને નિર્વિવાદ છે; તેટલા માટે માંસ એ મનુષ્યનું ભક્ષ્યજ નથી, પણ ધાન્ય, ફળ, મૂળ, અને કંદાદિ વનસ્પતિ એજ મનુષ્યોનું ખરૂં

* બીજાનો પ્રાણ ન લેવો, સત્ય બોલવું, ચોરી ન કરવી, શુદ્ધ રહેવું, અર્થાત કપટ, દ્વેષ, અહંકાર એનો અંગીકાર ન કરવો. ગરીબ અનાથોને યથા શક્તિ સહાય કરવી, એવા સદ્ધર્મ હોય છે, તે ઉનાળામાં કે વર્ષાકાળમાં હવાના ફેરફાર પ્રમાણે બદલાઈને તેનાથી વિરૂદ્ધ આચરણ થવું, એ અધર્મ કહેવાય. એટલે ચોરી કરવી, એ ઉષ્ણકાળે સદોષ અને શીતકાળે નિર્દોષ; તેમજ કન્યા સાથે વિવાહ કરવો, એ ઉષ્ણકાળે નિંદ્ય, અને તે શીતકાળે વંદ્ય એવો કાંઈ ધર્માંતર થતો નથી. નિંદ્ય અને સદોષ કર્મ, તે સર્વત્ર સર્વકાળ નિંદ્ય અને સદોષજ, એવો ન્યાય છે; તેજ પ્રમાણે હિંસા કે માંસ ભક્ષણ કરવું, એ નિંદ્ય સદોષ કર્મ શીતોષ્ણાદિ સર્વ પ્રકારની હવામાં એક સરખા સદૈવ નિંદ્ય અને સદોષજ કહેવાય; તથા એવા હિંસા કે માંસ ભક્ષણ કરવાના નિંદ્ય સદોષ કર્મોને વિષે વાઘ, વરૂ આદિ ક્રૂર પશુની માફક પ્રવૃત્ત થવું, એ વિચારી માનવને ક્રૂર પશુ થવા જેવું છે. માટે મનુષ્યોએ ઇશ્વરનો ભય રાખી પોતાના માનવ ધર્મની સત્યતા ધ્યાનમાં લઈ તે પ્રમાણે વર્તવું.

ભક્ષ છે. અસ્તુ. હવે કેવી રીતીએ અને કેમ વર્તવું, વગેરે સમજવા માટે જે વેદાદિ* ગ્રંથમાં લખ્યી જણાવ્યું છે તે ગ્રંથોનું સ્પષ્ટીકરણ તૂર્ત થવાની જરૂર છે.

આ જગતમાં માણસે કેમ ચાલવું, નિરાકાર પરમાત્મા એક અને સર્વત્ર છે અને તેની પ્રાપ્તી શાથી થાયછે એનો વિચાર જેમાં જણાવેલા છે તેને વેદ સંજ્ઞા આપેલી છે. વેદ એટલે (વિદ્ જ્ઞાને) જ્ઞાન, વિદ્યા; સૃષ્ટપદાર્થની યોગ્ય યોજના જ્ઞાનશીવાય થઈ શકતી નથી. માટે વેદરૂપી જ્ઞાન ઇશ્વરે પ્રારંભમાં દર્શાવ્યું છે, અનંત જ્ઞાન ઇશ્વરનું છે માટે "अनन्ता वै वेदा," એવી શ્રુતિ છે. વેદ જ્ઞાન લક્ષણથી એકજ છે. પરંતુ,

॥ तस्माद्यज्ञात्सर्वहुतऋचःसामानि जज्ञिरे। छंदा ५सि जज्ञिरे तस्माद्यजुस्तस्मादजायत (ऋग्वेद १०।९०।९, यजुर्वेद ३१।७)॥ यस्मादृचो अपातक्षन् यजुर्यस्मादपाकषन् । सामानियस्यलोमान्यथर्वांगिरसो मुखम् । स्कंभं तं ब्रूहि कतमः स्विदेवसः (अथर्व वेद १०।७।२२) ॥ एवं वा अरेस्य महतो भूतस्य । निःश्वसित मेतद्य दृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वांगिरसः (शतपथ ब्राह्मण) ऋचो यजूंषि सामानि छंदांस्याथर्वणानि च । चत्वारः सखिलाः वेदाः सरहस्याः सविस्तराः (हरिवंश ९)

આ વેદ અને અન્ય ગ્રંથોકિત પ્રમાણે ભિન્ન ભિન્ન વિદ્યા ઉપરથી ઋક્, યજુસ્, સામ, અથર્વણ† એવા ચાર ભાગ છે. "ऋग्भिः स्तुवन्ति" એટલે ઋગ્વેદમાં સૃષ્ટ પદાર્થોનો યોગ્ય સંસ્કાર અને ઉપયોગ કેમ કરવો તે કથન કરી સકળ પદાર્થ ગુણદર્શક ઇશ્વર સ્તુતિ કીધી છે. 'यजुर्भि र्यजन्ति' એટલે યજુર્વેદમાં પ્રપંચમાં આવશ્યક એવા વ્યવહારિક પદાર્થોના ઉપયોગ સિદ્ધ કીધા છે; કે જેથી કરી ભુત દયા અને વિદ્યાદાનાદિ વિધિપૂર્વક નિયમિત ક્રિયા લોકો તરફથી થઈ તેમને અનેક પ્રકારના સુખ મળે. 'सामभि र्गायन्ति.' એટલે સામ વેદથી ઉત્તમ જ્ઞાન અને આનંદ વૃત્તિ પ્રાપ્ત થાય છે. અને

---

* આ આર્ય (હિંદુ) ધર્મ ગ્રંથ શીવાય અવસ્તા, ઇરાણી પતેત, અલકારેન, દુખ્ખીસાન, કુરાન, બાઇબલ આદિ જે પારસી, ઇરાણી, મુસલમાની, ખ્રીસ્તી ધર્મ ગ્રંથ. તેનું સ્પષ્ટીકરણ આગળ ઉત્તરાર્ધમાં થનાર છે.

† **त्रयी वै विद्या ऋचो यजूंषि सामानि इयमेव (श० ब्रा०) तेभ्यो अभि तप्तेभ्यो त्रयो वेदाःअजायन्त । ऋग्वेद एव अग्ने रजायन्त । यजुर्वेदो वायोः सामवेद आदित्यात् (ऐ० ब्रा०) अग्नेर्ऋचो वायोर्यजूंषि साम आदित्यात् । स एतां त्रयीं विद्यां अभ्यतप्यत (छांदोग्य उपनिषद्) ऋग्यजुः साम एव च । त्रयी विद्या मां सोमपाः (भारत भगवद्गीता)**

'अथर्वै अरन्ति' અથર્વણ વેદથી કૃત કર્મનો વિચાર થઇને સંશયની નિવૃત્તિ થાયછે. પ્રત્યેક વેદની સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્ અને પરિશિષ્ટ એવા ભાગ માનેલા છે. સંહિતામાં મંત્ર ભાગ એટલે છંદોબદ્ધ ઋચા સૂક્ત અને સ્તોત્ર છે. બ્રાહ્મણમાં યજ્ઞયાગાદિ કર્મ વિધિ છે. આરણ્યક અને ઉપનિષદ એમાં ભક્તિ યોગ, મુક્તિ માર્ગ ઇત્યાદિ ઇશ્વરી જ્ઞાન ઉપર વિચાર છે, પરંતુ સંહિતા એજ મુખ્ય વેદ એટલે શ્રુતિ ભાગ પ્રાચીન છે.* બાકી બ્રાહ્મણાદિ ભાગ અર્વાચીન હોઇને કેવળ સંહિતા ઉપર આધાર રાખે છે. માટેજ આ બ્રાહ્મણાદિ ગ્રંથોની ભાષા મૂળ સંહિતાની ભાષાથી ઘણી ભિન્ન અને અર્વાચીન હોઇને તેમાં પ્રાચીન સંહિતાના અર્થ સ્પષ્ટ ખુલ્લા કીધેલા છે. બ્રાહ્મણ, ઉપનિષદ્ એવા ગ્રંથોને વેદ કહેવાનો રીવાજ યજ્ઞ નિમિત્તથી હિંસાદિ ક્રૂર અઘોર કૃત્ય કરીને માંસ ભક્ષણ કરનારા, તેમજ ગાંડા લોકોને ઠગીને દાન દક્ષિણા વગેરે દ્રવ્ય ઉપાડનાર ભટજી ઉપાધ્યા શાસ્ત્રી એમણે ઘાલેલા છે. શીવાય તે ગ્રંથમાં વિશેષ વ્યક્તિ દર્શક અનિત્ય દેહધારી માનવી વગેરેની ઇતિહાસીક વાતો હોવાથી તેમના સ્વતંત્ર કર્તા છે. તેવો પ્રકાર સંહિતામાં અર્થાત્ વેદમાં નથી. અને તે સંબંધી વિશેષ સપ્રમાણ વિવેચન આગળ ખોટી બનાવટ નવાં પુસ્તકો અને પ્રાચીન સત્ય ગ્રંથોના ક્ષેપકોથી સેલભેળ કરીને જે બીગાડો કીધોછે, તેમાં દર્શાવેલું છે. અને દ્વિવેદાંગનામે એક વેદાર્થ પ્રકાશ કર્તા 'यद्यपि मंत्रब्राह्मणात्मको वेदः । तथापि ब्राह्मणस्य मंत्रव्याख्यान रूपत्वात् मंत्रा एव आदौ समाम्नाताः એટલે " સંહિતા પ્રમાણે જો કે બ્રાહ્મણાદિ પુસ્તકોને અર્વાચીન ગ્રંથમાં વેદ એટલે શ્રુતિ માનેછે

એવી કેટલીક જગોપર વેદ ત્રણ હોવાની ઉક્તિ છે, પણ એ યોજના વિશેષ યજ્ઞસિદ્ધિ અર્થે યોજેલી છે. માટેજ अग्नि वायु रविभ्यस्तु त्रयं ब्रह्म सनातनं । दुदोह यज्ञसिद्ध्यर्थं ऋग्यजुः सामलक्षणं એ પ્રમાણે યજ્ઞ સિદ્ધિ અર્થે ત્રણ વેદની વિશેષ ગણના કરેલી છે, એવું મનુજીએ લખ્યું છે અને તેજ પ્રમાણે—स च (वेदः) प्रयोगत्रयेण यज्ञ निर्वाहार्थं ऋग्यजुःसामभेदेन भिन्नः એટલે ભિન્ન ત્રણ પ્રકારના યજ્ઞ સિદ્ધિ અર્થે યોજેલા પેહેલા ત્રણ વેદ થકી ચોથો અથર્વ વેદ એ ભિન્ન છે, એવો પ્રસ્થાન ભેદ ગ્રંથમાં ઉલ્લેખ કરેલો છે.

* મ્યુરનામે એક વિદ્વાન્ કહે છે કે, "The hymns are the essential part of the Ved; all the other writings which bear the name of the Ved, are dependent on the hymns and subservient to their explanation અર્થ- સંહિતા એટલે મંત્ર એજ મૂળ વેદશ્રુતિ; બ્રાહ્મણાદિ બીજા ગ્રંથને વેદ એ સંજ્ઞા સંસ્કૃતજ્ઞ કેટલાક લોક આપેછે, તે વાસ્તવીક નથી. તે બ્રાહ્મણાદિ ગ્રંથ તો સંહિતા ઉપર આધાર રાખીને સંહિતાનો અર્થ ખુલ્લો કરેછે; તેથી તે બ્રાહ્મણાદિ ગ્રંથ વેદ એટલે શ્રુતિ નથી.

તો પણ બ્રાહ્મણાદિ ગ્રંથ કેવળ પ્રાચીન ટીકા અને અર્થ છે" એમ કહે છે અને તેપ્રમાણે આ બ્રાહ્મણાદિ ગ્રંથ કેવળ મન્વાદિકવત્ સ્મૃતિ તુલ્ય જાણીને મંત્રાર્થને અનુસરેથી તેને 'भारतः पञ्चमो वेदः' આ માલીકામાં જોઈએ તો ગણવો.

વેદોમાં ઋગ્વેદ પ્રાધાન્ય છે, કારણ કે તેમાં સર્વ વિષયના મૂલ તત્વ હોવાથી અન્ય વેદ ભાગમાં એટલે યજુસ્સામમાં તેનો વિસ્તાર કીધેલો છે, વેદમાં કીયા વિષયનું પ્રતિપાદન કીધું છે તે, વેદ એટલે જ્ઞાન, વિદ્યા, એ નામ ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવે છે. મનુષ્ય જે ધર્મ વિષયનો વિચાર કરવાને યોગ્ય છે તેમને ધર્મોપદેશ, વિષયમાં "मा हिंस्यात्सर्वा भूतानि" "न कलंजं भक्षयेत्" अहिंसा परमो धर्मः એટલે "હિંસા કે માંસ ભક્ષણ કરતાં નહિ" અને આવો હિંસા અથવા માંસ ભક્ષણ ન કરવાનો શ્રેષ્ઠ ધર્મ મનુષ્યોએ આચરવો, એવો આ પેહેલો ધર્મોપદેશ કહેલો છે. અને એજ પ્રમાણે ન્યાયી, વિચારી અને સુજ્ઞ મ્લેચ્છ લોકોએ પણ પોતાના ધર્મ સંબંધી વગેરે ગ્રંથમાં સદુપદેશ કરેલો છે:—આપણી પેઠેજ બીજા પ્રાણીઓને દુઃખ થાય છે, માટે વિના અપરાધ તેઓને દુઃખ દેવું નહીં; આપણને જેવો પ્રાણ પ્રિય તેવોજ બીજાને; માટે બીજાનો પ્રાણ લેવો નહીં; અને આવો આ અમૂલ્ય પ્રિયકર પ્રાણ લીધા શીવાય, અને પ્રાણને તેવે સમયે દુઃખ દીધા શિવાય માંસ કંઈ મળતું નથી; અને તે માંસ પણ શુક્રશોણિત જન્ય છતાં, ગંદુ, મેદ, લાળ, મળ, મૂત્ર, કફ, પિત્ત યુકત—મૂર્તિમંત દુર્ગંધ પુતળા જેવું. તેમજ મારેલા કે મરેલા પ્રાણીનું એવું શુક્ર શોણીત જન્ય ગંદુ માંસ મનુષ્યોએ ખાવું નહીં: પણ વનસ્પતિ એટલે ધાન્ય, ફળ, ફુલ, કંદ, વેલ, ભાજીપાલો ઇત્યાદિ શુદ્ધ પૃથ્વીદત્ત પદાર્થ ખાવા; તેમજ વિવાહિત સ્વસ્ત્રી ભોગવવી; પશુવત્ મા, કન્યા, વહુ, પરપત્ની ઇત્યાદિ અગમ્ય સ્ત્રિઓ ભોગવવી નહીં; અને દારૂ, ભાંગ ઈત્યાદિ મતિભ્રંશ કરનાર પદાર્થ સેવન કરવા નહીં; એવા એવા જ્ઞાન યુકત વિચાર, જ્ઞાન વિચાર યુકત માણસોને માટે વેદના અંદર પ્રતિપાદન કરેલા છે. પરંતુ આ શુદ્ધ વિચાર યુકત ક્રિયા દર્શક વેદરૂપી જ્ઞાનના સત્યાર્થ વિરૂદ્ધ વિપરીત, અવાચ્ય, અમંગલ નવા ગ્રંથ, વર્ણ વિપરીય અને ખોટા અર્થ કરીને મદ્ય માંસ સેવનારા જારકર્મી, પશુત્વ પ્રવૃત્તિને અનુસરનારા એવા, આર્ય ધર્મના અંદર ભેળસેળ થઇ ગયલા અનાર્ય (સેમેટીક) મ્લેચ્છ કુલોત્પન્ન લોકોએ પૈસા ન ખરચતાં મદ્ય માંસ સેવન, અને જારકર્મ કરવાનો તથા દક્ષિણા એટલે પૈસા મેળવવાનો પોતાનો ખાસ મતલબ સાધવા માટે તે વેદરૂપી જ્ઞાનનું અપમાન કરીને, એવા વેદરૂપી અમૃત જ્ઞાનને અવિચારી ભોળા તથા ઘેલા લોકોની નજર આગળ બહારથી તુચ્છ નિંદાસ્પદ કરી મુકેલું છે, એ સાંભળીને વિચારવંત ન્યાયી પુરૂષના શરીરપર કમકમાટ આવ્યા વિના રેહેનાર નથી.

મંત્ર 'સંહિતા' આ વેદનો અપૌરૂષેય (અયોનિ સંભવ પુરૂષ કૃત ભાગ હોવા છતાં, તેની અનુક્રમણીકા ગ્રંથમાં અક્ષરશઃ ગણતરી હોવાના કારણને લીધે તેના અંદર કાંઇ ફેરફાર કે સ્વકપોલ કલ્પિત નવા ક્ષેપકો ઘુસાવી શકયા નથી. તોપણ ભાષ્ય મધે મહીધર સરખા મ્લેચ્છ કુલોત્પન્નોએ "ગભ" નો "ભગ" (છીદ્ર) "ગ્રે" નો "ગ્ને" એવા વર્ણ વિપરીય,* અને આલભન (સ્પર્શ) એટલે હનન, પશુ (શ્રી, સૃષ્ટ વસ્તુ, વિશેષ-સાળીનું ભાત) એટલે બકરો, સ્વર્ગ (સુખ) એટલે ઇંદ્રાદિ દેવતા સ્થાન, અજ (ન ઉગનારૂં એવું ત્રણ વર્ષનું જુનું સાળીનું ભાત) એટલે મેઢો; મેધ (ઉદ્દેશ ક્રિયા) એટલે બળી; એવા વિપરીત અર્થ કર્યા છે; તથાપિ મૂળની અંદર તો કાંઇ ઉપાય ચાલ્યો નથી. તેથી કરીને આજ અમને ખરેખરો વેદ મળી આવે છે; પણ બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્ અને પરિશિષ્ટ એ પૌરૂષેય ગ્રંથ, સંહિતા પ્રમાણે છંદોબદ્ધ અક્ષરશઃ વગેરે ગણતરીમાં ન હોવાને લીધે, સ્વમત પુષ્ટીકરણાર્થે નીચ, નિંદ્ય, ભ્રષ્ટ લોકોએ, ષડ્વિંશ, અદ્ભૂત, તૈત્તિરીય એવા બ્રાહ્મણ; તૈત્તિરી આરણ્યક; અને યૂપલક્ષણ, છાગલક્ષણ, ચરણવ્યૂહ, ઇત્યાદિ (૧૮) અઢાર પરિશિષ્ટો, કૌલોપનિષદ્, તૈત્તિરીય ઊપનિષદ્; એવા એવા નવીન ગ્રંથો કરીને પ્રાચીન બ્રાહ્મણાદિ ગ્રંથના અંદર પણ ગડબડગુંડા કરી મુકયા છે. તેટલા માટે એ બ્રાહ્મણાદિ ગ્રંથો સંહિતાના અર્થને અનુસરતા થયા શીવાય પ્રમાણભૂત નથી; તેટલા માટેજ "श्रुतिस्मृति विरोधे तु श्रुतिरेव गरीयसी । धर्मजिज्ञासमानानां प्रमाणं परमं श्रुतिः" અર્થ-"મન્વાદિ સ્મૃતિ એ શ્રુતિ એટલે સંહિતા સાથે મળતી ન આવતી હોય તો શ્રુતિ પ્રમાણ માનીને સ્મૃતિને ત્યજી દે." એવો નિવેડો કરીને તે પ્રમાણે પૂર્વાપારથી વહિવટ ચાલુજ છે. એ ઊપરથી પણ એવું સિદ્ધ થાય છે, કે સેમેટીક મ્લેચ્છોએ પોતપોતાના મત મતાંતર સિદ્ધ કરવા માટે જેવી મન્વાદિ સ્મૃતિ બીગાડી તેવીજ રીતે બ્રાહ્મણાદિ ગ્રંથ પણ નવા ક્ષેપકો અંદર ભેળસેળ કરી બાગાડી નાખ્યા, એટલુંજ નહી, પણ ઉપર કહેલા "તૈતિરિયાદિ બ્રાહ્મણ, કૌલોપાદિ ઉપનિષદો, છાગ, યુપ લક્ષણાદિ પરિશિષ્ટો," વગેરેની નવી રચના કરી છે, તે માટે એ બ્રાહ્મણાદિ ગ્રંથો શ્રુતિ એટલે સંહિતા વિરૂદ્ધ હોય, તો તે મન્વાદિ સ્મૃતિ પ્રમાણે પ્રમાણભૂત ન માનતાં છોડી દેવા અર્થાત્ પ્રમાણમાં લેવા નહીં.

---

* ॥ इमा नारीर विधवाः सुपत्नी राञ्जनेन सर्पिषाःसंविशन्तु अनश्रवोऽनमीवाः सुरत्नारोहन्तु जनयायोनिमग्रे ॥ આ ઋગ્વેદના ૧૦ માં મંડળમાંનો મંત્ર तै. आ. प्र. ६. अ. २० ની અંદર લઇને તેના અંદર છેવાડે "अग्रे" શબ્દ ને બદલે "अग्ने" કરીને તે મંત્ર રાજ્ય લોભે કાઢેલી સતી પ્રવૃત્તિમાં ચાલુ કર્યો. તેનો લાભ પેશવાયે શાહુના મરણસમયે તેની શાણી પત્નિને પોતાની મતલબ સાધવા માટે જબરદસ્તીથી બાળી મારી તે દાડાથી મહારાષ્ટ્ર

વેદના નામથી બનાવેલા કપટી ગ્રંથ.

એકેક પ્રકારનો એકેક એવા ઋગ્વેદાદિ ચાર વેદ છે; તથાપિ આમારા આર્ય ધર્મમાં ભળી ગયલા દ્રાવિડ, આંધ્ર, અને કર્ણાટકાદિ દેશના સેમેટીક મ્લેચ્છ લોકોએ યજુર્વેદના સંબંધમાં ગડબડગુંડા કરી નાંખ્યા છે. એટલે તૈતીરીય નામનો એક બનાવટ ગ્રંથ કરી તેને યજુર્વેદનો એક ભાગ છે એવું નામ ઘણાક લોકમધ્યે પ્રચારમાં આણ્યું. તેની મૂળ હકીકત એવી છે:—પૂર્વ હરિશ્ચંદ્ર રાજાએ પુત્રોત્પત્તિની માનતાના સંબંધમાં વરૂણ દેવને એક છોકરો આપવાને આણ્યો હતો, તે વિશ્વામિત્ર ઋષીએ અનેક યુક્તિ પ્રયુક્તિએ છોડવી લેઈને તેને પોતાના પુત્રોમાં મુખ્ય કરી લીધો, પરંતુ વિશ્વામિત્રના સો છોકરામાંના વડીલ પચાસ છોકરાએ તેને શ્રેષ્ઠ માન્યો નહીં, તેટલા સારૂ તે પચાસે પુત્રને આજ્ઞા ભંગ કીધી તે માટે જ્ઞાતિભ્રષ્ટ કરીને દક્ષિણ દેશના અરણ્યમાં હાંકી કાઢ્યા; તેઓ આગળ જતાં પુત્ર પૌત્ર સહિત દક્ષિણ દેશસ્થ દ્રાવિડ, પુંડ્ર, શબર એવી સેમેટીક એટલે રાક્ષસ, મ્લેચ્છ જ્ઞાતીમાં ભળી ગયા.* તેવીજ રીતે એ હરિશ્ચંદ્ર રાજાનો બાહુ નામે સાતમો વંશજ થઈ ગયો; તેનો હૈહા અને તાલજંઘા અસુરોએ પરાભવ કર્યાથી તેઓ બાયડી સુદ્ધાં અરણ્યમાં નાસી ગયા. તે વેળાએ તેની એક સ્ત્રી ગર્ભવંતી હતી. તેને છોકરો થાય નહીં, તે માટે તેની શોકે દ્વેષબુદ્ધિએ વિષપ્રયોગ કીધાથી તેના પેટમાં સાત વર્ષ લગી છોકરો રહ્યો. પછી રાજા તો ઘડપણે ઔર્ધ્વ ઋષીના આશ્રમમાં મરણ પામ્યો. તે વખતે તેની તે ગર્ભવંતી સ્ત્રી પ્રાણ ત્યાગ કરવાને પ્રવૃત્ત થઈ. તે જોઈને તે ઋષી બોલ્યો કે, હે સ્ત્રી, તારા પેટમાં મહાપરાક્રમી સાર્વભૌમ રાજા છે, તે માટે તું પ્રાણત્યાગ કરતી નહીં. એવું તે ઋષીનું બોલવું સાંભળી તે ‘સ્ત્રી’ ઋષી આશ્રમમાં રહી. પછી આગળ જતાં તેને પુત્ર પ્રસવ થયો, તેનું નામ સગર—(સ—સહિત, ગર—વિષ) પાડીને તેને સારી રીતે શસ્ત્રાસ્ત્ર વિદ્યા શિખવી. તેથી કરીને પોતાના બાપના શત્રુ જે કેરલ, શક, યવન, કાંબોજ, હૈહા એમને જીતીને રાજ્ય

દેશમાં સ્ત્રીઓ સતી થવા લાગી, અને એવો એ મંત્ર સતી થતી વખતે બોલવામાં પ્રસિદ્ધ થયો છે. “મગ”નું ઉદાહરણ આગળ આપેલું છે.

* એ કથા ઋગ્વેદ ઐતરેય બ્રાહ્મણમાં છતાં પુરાણના અંદર પણ પ્રસિદ્ધ છે:—तस्यह विश्वामित्रस्यैकशतं पुत्रा आसुः पंचाशदेव ज्यायांसो मधुछंदसः पंचाशत्कनीयांसस्तद्ये ज्यायांसो न ते कुशलं मेनिरे ता ननु व्याजहारांतान्वः प्रजा भक्षीष्टेति त एतेऽन्ध्राः पुंड्राः शबराः पुलिन्दा मूतिबा इत्युदंत्या बहवो भवन्ति તેમજ આ વેદ સંસ્કાર ભ્રષ્ટ ક્ષત્રિઓની જે પછવાડેથી સંતતી ઉત્પન્ન થઇ તે દ્રાવિડાદિ મ્લેચ્છ છે, એમ મનુસ્મૃતિમાં પણ કહેલું છે:—झल्लोमल्लश्चराजन्यात् व्रात्यान्निच्छिविरेवच । नटश्च करणश्चैवखसो द्रविड एवच।

લીધું અને તે લોકોનો સમૂળ નાશ કરવાને પ્રવૃત્ત થયો. પરંતુ પોતાના ગુરૂ વશિષ્ઠના કેહેવા ઉપરથી તેઓને વેદ ભ્રષ્ટ અને સક્ષૌર એવા મ્લેચ્છ કરીને દક્ષિણ દેશમાં હાંકી કાઢયા.* તેમજ વળી નહુશાનો છોકરો યયાતિ જેણે સપ્ત સમુદ્રાંકિત પૃથિવી જીતી, તેને પાંચ છોકરા હતા, તેમાં તુર્વસુ નામના છોકરાએ પોતાનું તારૂણ્ય બાપને આપવાનું કબુલ ન કીધું, તે કારણને માટે બાપે તેને સપરિવાર જ્ઞાતીભ્રષ્ટ કરીને, અગમ્ય ગામી, માંસાહારી અને પશુત્વ પ્રવૃત્તીને અનુસરનારી મ્લેચ્છ જાત દક્ષિણમાં હતી ત્યાં કહાડી મુક્યો †

એ પ્રમાણે મોટા મોટા વિદ્વાન બ્રાહ્મણ અને ક્ષત્રીઓને અનેક કારણોથી વેદ અને જ્ઞાતિ ભ્રષ્ટ એવા મ્લેચ્છ કર્યા. અને વિચિત્ર ક્ષૌર આદિથી વિરૂપ કરી દક્ષિણમાં કહાડી મુક્યા. તેઓ મૂળ દ્રાવિડ, તેલંગ, કેરલ, કાંબોજ ઈત્યાદિ માંસાહારી અને અગમ્યગામી સેમિટીક (અનાર્ય) મ્લેચ્છ, તામીળપ્રાંત અને મલબાર કિનારે રેહેતા હતા, તેમાં જઈ મળ્યા, તેના સાંસર્ગથી માંસાહારી થઇને માત્ર દ્વેષ બુદ્ધિએ વેદ ધર્મનો નાશ કરવા હિંસાસૂચક ગ્રંથ રચવા લાગ્યા.

હિંસક અનાર્ય લોકની આર્ય લોકમાં થએલી ભેળસેળ.

હવે એ દ્રાવિડ, તેલંગાદિ મ્લેચ્છ કોણ ? ક્યાંના ? આર્ય લોકોમાં કેમ મળ્યા ? એનો વિચાર કરતાં એવું જણાય છે કે, પૂર્વે અનાર્ય મ્લેચ્છ જેને પેહેલાં રાક્ષસ કેહેતા હતા, તેના રાજા પુલસ્ત્ય તથા રાવણ આફ્રિકા પાસે માદાગાસ્કરની આજુ બાજુ લંકાનામે વિસ્તીર્ણ રાજધાની હતી, જે હાલમાં કાળેકરી ડુબી ગઇ છે, તેમાં રેહેતા હતા. આફ્રિકા, આસ્ટ્રેલીઆ અને આ દક્ષિણ હિંદુસ્થાન એટલે વિંધ્યાદ્રિ પર્વતનો સર્વ દક્ષિણ ભાગ રાવણને તાબે હોવાથી તેમાં સર્વ રાક્ષસ એટલે સેમીટિક મ્લેચ્છ લોક રેહેતા હતા. એ લોકોના મૂળ સ્થાન આફ્રિકાખંડ તથા આસ્ટ્રેલીઆ છે. તેમાંથી કેટલાક લોક હિંદુસ્થાનના દક્ષિણ અરણ્યમાં આવીને રહ્યા. આ

---

* द्राविडाश्च कलिंदाश्च पुलिंदाश्चाप्युशीनराः । कौलिसर्पामाहिषकास्तास्ताः क्षत्रियजातयः ।
वृषलत्वं परिगता ब्राह्मणानाम दर्शनात्० (महाभारत; अनुशासन पर्व २१०५–६)
अर्धं शकानांशिरसो मुंडयित्वा व्यसर्जयत् । यवनानां शिरःसर्वं कांबोजानां तथैवच ॥१॥
पारदाः मुक्तकेशाश्च पल्हवाश्मश्रुधारिणः । निःस्वाध्यायवशट्कारा: कृतास्तेन महात्मना ॥२
शकयवनकांबोजाः पारदाः पल्हवास्तथा । कौलिसर्पाःसमाहिषा दार्वीश्चोलाःसकेरलाः॥३॥
सर्वेतेक्षत्रियास्तात् धर्मस्तेषांनिराकृतः । वसिष्ठवचनाद्राजन् सगरेण महात्मना ॥४॥
महाभारत, हरिवंश पर्व ७८०–७८३. विष्णुपुराण; अंश ४ अ० ३–१८–२१.

† यत्वं मेहृदयाज्जातो वयः स्वं नप्रयच्छसि । तस्मात्प्रजा समुच्छेदं तूर्वसो तव यास्यति॥
संकीर्णाचार धर्मेषु प्रतिलोमचरेषु च । पिशिताशिषु चांत्येषु मूढराजा भविष्यसि ॥
गुरुदारप्रसक्तेषु तिर्य्यग्योनिगतेषु च । पशुधर्मिषु पापेषु म्लेच्छेषु त्वं भविष्यसि ॥
महाभारत, आदिपर्व. ३४७८–८०.

દક્ષિણ ભાગ તે લોકોમાંના વાજીંત્ર વગાડનારા નોકરોના ખર્ચ માટે રાજા રાવણે નિમી આપ્યો હતો, અને તે પ્રમાણે ઐતિહાસિક વાલમીકિ રામાયણમાં પણ વર્ણન છે. એ શિવાય આંધ્ર, તામીલ, તેલંગ ઇત્યાદિની ભાષાનો સંસ્કૃત ભાષા સાથે કંઇ સંબંધ નથી. પણ તે ભાષામાં તેની મૂળની આફ્રિકામાંની ઝુલુ ભાષામાંના ઉચ્ચાર, લીપીની સાદૃશ્યતા વગેરે દેખાઈ આવે છે. એ ઉપરથી એ દ્રાવિડાદિ મૂળ આફ્રિકાના રેહેનાર છે, એ નિર્વિવાદ સ્પષ્ટ થાય છે. * એ લોક પેહેલાં આર્ય લોકોને

---

* હિંદુસ્થાનસ્થ દ્રાવિડ,તૈલંગાદિ લોક અનાર્ય (અસૂર-મૂળ આફ્રિકાના રેહેનાર) હતા, એ વિષે શોધક યુરોપીયનની પણ નજરે આવેલું છે. મ્યુર કહે છેઃ—

The old Sanskrit literature proves that the Arian population of India came in from the North-West at least 3000 years ago. India was already peopled by a dark complexed people more like the Australians than any one else, and speaking a group of languages called Dravidian.—MURE.

અર્થઃ—પ્રાચીન સંસ્કૃત ગ્રંથ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે, સાંપ્રત કાળના હિંદુસ્થાનસ્થ આર્ય લોક પ્રથમ આ હિંદુસ્થાનમાં વાયવ્ય દિશા તરફથી અર્થાત્ મૂળ આર્ય ભૂમિમાંથી સુમારે ૩૦૦૦ વર્ષ પેહેલા આવ્યા, એમના આગમનની પેહેલા તો આ હિંદુસ્થાન દેશ કાળા રંગના દ્રાવિડાદિ લોકોથી વસેલો હતો. એ દ્રાવિડાદિ લોક સેમિટિક આસ્ટ્રેલીયન લોક સાથે તેમની ભાષા વગેરે બાબતમાં જેટલા મળતા આવે છે, તેટલા બીજા કોઇપણ લોક સાથે મળતા આવતા નથી. તાત્પર્ય એ કે, આ દ્રાવિડાદિ દક્ષિણ હિંદુસ્થાનમાં વસનારા લોકો અસલ આસ્ટ્રેલીયનના વંશજ એમ સિદ્ધ થાય છે. અને એમનેજ અસલ અનાર્ય, દસ્યુ, દાનવ, રાક્ષસ એ સંજ્ઞા હતી, એવું આપરથી સ્પષ્ટ થાય છે.

આ મ્યુર સાહેબ પ્રમાણે મિ. મ્યાનિંગ, નારિસ, બનન હંટ, ડા. રોસ્ટ, ડા. કલ્યાડવેલ જેવા દીર્ઘયત્ની શોધક યુરોપિયન લોકો જેમાંના ઘણાખરાએ પોતાનું આયુષ્ય આ હિંદુસ્થાનમાં અને તેની આજુ બાજુના બેટોમાં ગુમાવેલું છે, તેમણે, આ દ્રાવિડ, તૈલંગાદિ દક્ષિણ હિંદુસ્થાનસ્થ લોક વિષે સવિસ્તર સપ્રમાણ વિવેચન કર્યું છે કે, તેમની તે તામિલ, તેલગુ આદિ ભાષા અને તેમજ તેમના શરીરના બાંધાપરથી તથા યજ્ઞ નિમિત્તે બકરા, ગાય વગેરે પ્રાણીને ખાવાના તેમના અત્યંત ક્રૂર આચરણ ઉપરથી હિંદુસ્થાનની દક્ષિણે આવેલા આસ્ટ્રેલીયા બેટના વસનારા મ્લેચ્છ લોકોથી એનું મૂળ છે, તે બાબત તે તે ઇંગ્રેજી ગ્રંથ વાંચ્યાથી હાલના ઇંગ્રેજી શિખેલા અને શિખનારાની સમજમાં ઝટ આવશે. હવે સઘળુ પૈકી મિ. મ્યાનિંગ, એમણે પોતાના "પ્રાચીન અને મધ્યંતરી હિંદુસ્થાન" એ નામના ઇતિહાસમાં ભાષાના સંબંધમાં અનેકોના મત સહિત ટુંકામાં વર્ણન આપેલું છે, તેજ માત્ર એક અહિં આપું છું. (વિસ્તાર ભયને લીધે).

The kindred languages, spoken in the peninsula or Deccan, are observed to be related to each other, but to be distinct in structure from

બહુ ત્રાસ દેતા. રાવણ એવો શિવભક્ત હતો કે તેણે પોતાની સર્વ પ્રજાના ગળામાં શિવલિંગ ધારણ કરવાની જરૂર પાડી હતી. જે ચાલ હજી દક્ષિણસ્થ કાનડી લોકોમાં છે. જેના ગળામાં શિવલિંગ નહીં હોય તેને તે મારતા; માટે આર્ય લોક કામ પ્રસંગે દક્ષિણમાં જતા ત્યારે તે ગળામાં શિવલિંગ ધારણ કરતા; પૂર્વે ઋષ્યાદિ આર્ય લોક એકાંત વાસ માટે આ દક્ષિણ ભાગમાં દંડકારણ્ય, ત્રિકુટાચળ, કાણકુણ, કલમિસ્ત ઈત્યાદિ અરણ્યમાં તપશ્ચર્યા કરવા માટે જતા, તેને ક્યારે ક્યારે એ મ્લેચ્છ

Sanskrit. These languages are the Tamal, the Telagu, the Tulava, the Malayalina and the Canarese. Dr. Cladwell, who has long resided in the Country, and is familiar with the Science of philosophy, recognises them as five varieties of Non-Sanskrit or Un-Aryan languages, and concludes that with the exception of Orrisa "those districts of western India & the Deccan, in which the Gujarathi & the Marathi are spoken, the whole of the peninsular portion of India, from the Vindhya mountains & the Narmada river down to the Southern extremity of Cape Comorin is peopled by different branches of one & the the same race, speaking dialects of one and the same language." This race or people he calls Dravidian.

Mr. Norris fully concurs in this opinion but further observes a decided relation-ship between these languages and those of Australia.

Mr. John Hutt who was long resident in Australia, has simultaneously made the same discovery and for the truth of these observations Dr. Rost, of the Royal Asiatic Society of London, may be cited as another independent witness, he, having in 1847, submitted a memoir on the subject to the late Chevalier Bunsen, Dr. Rost considers it "an undeniable fact that the grammatical Skeleton of the Australian, Mongolian, and south Indian languages is issentially the same, is not only distinct from the Sanskrit type, but from that of the Malay, Polynesian, Indo-chinese and Sub-Hunalian tongues.

અર્થ:—હિંદુસ્થાનના દક્ષિણ દ્વીપ કલ્પ અથવા ડકન પ્રદેશમાં જે ભાષાઓ બોલાય છે, તે મૂળ એક જાતની અર્થાત્ તેમનો પરસ્પર સાથે ઘણોજ નિકટ સંબંધ છે. પરંતુ તે સર્વ ભાષાનું સ્વરૂપ સંસ્કૃત ભાષાથી તદન ભિન્ન છે. આ ભાષા તે તામિલ, તેલગૂ, તુલુવ, મલ્યાલિની અને ક્યાનરી એ છે. ડા. ક્લ્યાડવેલ નામે ગૃહસ્થ, જેણે આ દેશમાં પુષ્કળ વર્ષ રહીને તે સર્વ ભાષા શિખીને તે ભાષાના શબ્દની વ્યુત્પત્તિ સહિત પૂર્ણ જ્ઞાન સંપાદન કરેલું, તે એમ કહે છે કે, સદહુ તામિલાદિ પાંચ પ્રકારની ભાષા અનાર્ય એટલે સંસ્કૃત આર્ય ભાષાથી કેવળ ભિન્ન છે. એ શિવાય તેણે એવું સપ્રમાણ પ્રતિપાદન કરેલું છે કે, "ઓરિસા પ્રદેશ અને તેમજ પશ્ચિમ હિંદુસ્થાન તથા ડકન એ પ્રદેશમાં જ્યાં ગુજરાતી અને મહારાષ્ટ્ર ભાષા બોલાય છે, તે સર્વ પ્રાંત અને પ્રદેશ છોડીને બાકીનો વિંધ્યા પર્વત અને નર્મદા નદીથી લઇને કેપ કોમોરીનના છેક દક્ષિણ ટોંક પર્યંતના સર્વ દ્વીપ કલ્પ પ્રદેશમાં ઘણા પ્રાચીન કાળથી એકજ અનાર્ય જાતીના ભિન્ન ભિન્ન શાખાવાળા અને એકજ અનાર્ય ભાષાની ભિન્ન ભિન્ન પેટા ભાષા બોલનારા રહેતા આવ્યા છે. તે જાતના

રાક્ષસ ત્રાસ દેતા, એવું પુરાણોમાં પણ વર્ણન છે. કાળે કરી રાવણ મુઆ પછી આ ઋષ્યાદિ આર્ય લોકોની તથા ગોતમ, અગસ્તિ, પરશુરામ, રામ, પાંડવ, વગેરે આર્ય લોક ઉપદેશ, રાજ્ય, વસવાટ, લઢાઇ ઈત્યાદિ કારણને લીધે ઉત્તરથી દક્ષિણમાં ઉતર્યા, તેની ચાલ રીત ભાત તથા ધર્મ તે લોક સ્વીકારવા લાગ્યા. પરંતુ "બીજ તેવાં ફળ' એ ન્યાયે તે મૂળ આફ્રિકામાંના ગોમાંસાદિ અભક્ષ પદાર્થને ભક્ષ કરનારા, મનુષ્યના બળી દેનારા, જંગલી લોક, હજી આફ્રિકામાં મનુષ્ય, પશ્વાદિનો બળી આપે છે. તથા એવાં સો બળી જેને પૂર્વેના ગ્રીક કવિએ "હેકયા ટુમ્સ" નામ આપેલું છે, તે બળી દેનાર મુઆ પછી દેવતા રૂપ થાય એવું માને છે; અને એ જંગલી કલ્પનાની નકલ આ હિંદુસ્થાનસ્થ દ્રાવિડાદિકોએ કરી, સો હિંસા યજ્ઞ કરવાથી "ઇંદ્ર" નામે દેવતાનું પદ પ્રાપ્ત થાય છે, એવું જ્યાં ત્યાં પ્રતિપાદન કરેલું છે. હશે; એવા આ દ્રાવિડાદિ આફ્રિકાસ્થ માંસાહારી સેમિટિક મ્લેચ્છોમાં ઉપર કહેલા વિશ્વામિત્રના પુત્ર વગેરેને કાહાડી મુકેલા એવા આર્ય લોક મળીને માંસાહારી થયા, અને શુદ્ધ દ્વેશ બુદ્ધિએ ખરા મૂળ વેદોક્ત ધર્મનો નાશ કરવા તથા પોતાના ક્રમને પુષ્ટિ આપવા વેદ સંહિતાના કાંઈક મંત્ર અને બ્રાહ્મણ ભાગ લઇને તેમાં ફેરફાર કરી, તૈતિરીય નામે એક નવો ગ્રંથ રચ્યો, અર્થાત્ યજુર્વેદ નામની એક **"બનાવટ પુસ્તક રચના"** કિધી. અને તેને લોક વેદ કહે અને માને એટલા માટે તિત્તિર પક્ષીની એક કાદંબરી રચી, તે એવી કે, પ્રારંભમાં વ્યાસે મંદમતિ મનુષ્યને સમજવાને માટે વેદના ઋગ્વેદાદિ ચાર ભાગ કરીને પૈલ, વૈશંપાયન, જૈમિની અને સુમંતુ એવા પોતાના ચાર શિષ્યને અનુક્રમે આપ્યા. તેઓએ પોત

લોકોની દ્રાવિડ સંજ્ઞા છે." એમના કેહેવા સાથે મિ૦ નારીસનું મત પણ પૂર્ણપણે મળતું આવે છે, અને તે ઉપરાંત તે બીજું એવું નિશ્ચયાત્મક પ્રતિપાદન કરે છે કે, આ તામિલાદિ ભાષા, આસ્ત્રેલીઆની અનાર્ય ભાષા સાથે ઘણીજ પાસે પાસે મળતી આવે છે. મિ. જાન હટ્ટ જેણે વર્ષોનાવર્ષો આસ્ત્રેલીયામાં તે ભાષાના જ્ઞાન પ્રાપ્તિ અર્થે કાઢેલા, તેણે પણ આજ પ્રમાણે એક સરખો શોધ અને સિદ્ધાંત કરેલો છે. અને એના વિશેષ પ્રમાણાર્થે લંડનમાં રાયલ એશિયાટિક સોસાઇટીના ડા. રોસ્ટ નામે એક સભાસદનો બીજો એક સ્વતંત્ર પુરાવો આપવામાં આવશે. ડા. રોસ્ટે એ વિષયના સંબંધમાં બનસેન સાહેબને ઘણો સારો શોધ સાદર કરેલો છે. તેની અંદર તે એવું કહે છે કે આસ્ત્રેલિઅન ભાષા મ્યાંગોલીયન ભાષા, અને દક્ષિણ હિંદુસ્થાનમાંની તામિલાદિ ભાષા એ સર્વે ભાષાની વ્યાકરણની સરણી, પદ્ધત અને રચના મુખ્યત્વે કરીને એકજ છે. અને તે સંસ્કૃત ભાષાથી ભિન્ન છે, એટલુંજ નહીં, પરંતુ મલે, પોલીનીશીયન, ઇંડોચાઇનીઝ અને હુનેલીયન પેટા ભાષા આ ભાષાથી તદન ભિન્ન છે. આ નિર્વિવાદ અને નિઃસંશય વાત છે; તે ઉપરથી આ દ્રાવિડાદિ "પ્રાચીન અનાર્ય" લોક છે, એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે. (ચિતપાવન, ખરહાડાદિ જે "અર્વાચિન અનાર્ય" લોક તેનો ઉલ્લેખ આગળ આવશે.)

પોતાના શિષ્યને પોત પોતાનો વેદ શિખવ્યો; તેમાં યાજ્ઞવલ્ક્ય કરીને વૈશંપાયનનો શિષ્ય હતો. તેનાપર એક દહાડો વૈશંપાયન કાંઈ કારણ સર ક્રોધાયમાન થયા, અને તેને પોતાનો શિખવેલો વેદ ત્યાગ કરવાને કહ્યું, તે ઉપરથી યાજ્ઞવલ્કયે વેદ ઓકી કહાડયો; તે વૈશંપાયનના બીજા શિષ્યોએ તિત્તિર પક્ષી થઇને ગળી લીધો. માટે તે એ યજુર્વેદનો તૈતિરીય ભાગ જાણવો. પછી યાજ્ઞવલ્કય દુઃખી થઇને સૂર્ય પાસે વેદ શિખ્યો, તે એ યજુર્વેદનો શુક્લ ભાગ જાણવો.*

આ બનાવટ કલ્પિત વાત ઉપરથી શુક્લ અને કૃષ્ણ (તૈત્તિરીય) એવા બે પ્રકારના મૂળ ખરા યજુર્વેદ એવી ખોટી સમજ કેટલાએક લોકમાં પડી ગઇ છે. જેને હમણા શુક્લ યજુર્વેદ એવું કેટલાએક લોક કેહે છે, તેજ મૂળ (૪૦) અધ્યાયનો યજુર્વેદ. પૂર્વે દક્ષિણમાં આંધ્ર અને કાણ્વ એ મ્લેચ્છ રાજાની કારકીર્દિમાં દ્રાવિડ, તેલંગાદિ મ્લેચ્છોએ ઉપલી તિત્તિર પક્ષીની વાત ઉપરથી "તૈત્તિરીય" આ

* व्यासशिष्यो वैशंपायनो याज्ञवल्क्यादिभ्यः स्वशिष्येभ्यो यजुर्वेदमध्यापयत् । तत्र दैवात्केनापि हेतुना क्रुद्धो वैशंपायनो याज्ञवल्क्यं प्रत्युवाच मदधीतं त्यजेति । स योग सामर्थ्यान्मूर्ता विद्यां विधायोद्ववाम । वांतानि यजूंषि गृह्णीतेति गुरूक्त्वा अन्ये वैशंपायन शिष्यास्तित्तिरयो भूत्वा यजूंष्य भक्षयन् । तानि तैत्तिर्यानि यजूंषि ज्ञातानि । ततो दुःखितो याज्ञवल्क्यः सूर्यमाराध्यान्यानि शुक्लानि यजूंषि प्राप्तवान् । એનો અર્થ ઉપર આવી ગયો છે. એ પ્રમાણે આ બનાવટ વેદના સંબંધમાં ખોટી કથા લખીને મૂળ જે (શુક્લ) યજુર્વેદ છે, તેની જગો એ કૃષ્ણ યજુર્વેદ એટલે આ કાળા વેદને મૂળમાં ગણાવી, ખરા મુળ (શુક્લ) વેદને નવીન રૂપ આપવાને માટે આ યુક્તિ આ મ્લેચ્છ અનાર્ય લોકે કરી. વૈશંપાયનને ગુસ્સો આવવાના પુરાણોમાં અનેક ભિન્ન ભિન્ન કારણો મળી આવે છે. પોતાની બેનના એક છોકરાપર પગ પડયાથી મુઓ, તે બ્રહ્મ હત્યા લાગેલી દૂર થવા સારૂ પ્રાયશ્ચિત્તની ક્રીયા પોતાની તરફથી પોતાના શિષ્યોને કરવાને વૈશંપાયને કહ્યું. તેવારે યાજ્ઞવલ્કયે કહ્યું કે, તારા બધા શિષ્ય નિર્બળ, નિસ્તેજ છે; માટે હું એકલોજ પ્રાયશ્ચિત્ત ક્રિયા કરીશ. એમ કહીને બીજા શિષ્યોનું અપમાન કર્યું, એવું લખાણ વાયુ અને વિષ્ણુ પુરાણમાં મળી આવે છે. પરંતુ ભારતાદિ ઈતિહાસ ગ્રંથમાં " બ્રહ્મ નિષ્ઠાના આશીર્વાદ અક્ષતા લીધાથી પુત્રોત્પત્તિ થાય છે, માટે જનક રાજાની વિનંતિ ઉપરથી વૈશંપાયને યાજ્ઞવલ્કય શિષ્યને બ્રહ્મનિષ્ટ હોવાથી જનક રાજાને ઘેર મોકલ્યો; પણ રાજા ઘેર નહિ હોવાથી અને પટ્ટરાણી રજો દર્શનમાં હોવાથી તેણે અક્ષતા (ચોખા) પલંગપર નાખ્યા. તેથી તે પલંગપર સુવર્ણ અંકુર ફુટયા. રાજાએ ઘેર આવીને સુવર્ણ અંકુર જોયાથી સદ્ગદીત થએો અને ફરીથી વૈશંપાયનની પાસે પૂર્વવત્ વિનંતિ કરી; તેવારે તે ગુરૂએ યાજ્ઞવલ્કયને ફરીથી રાજાને ઘેર જવાનું કહ્યું. તે તેણે શ્રવણ કર્યું નહીં; માટે તેમને ગુસ્સો આવ્યો; એમ આ બીજું લખાણ છે. એ શિવાય બીજી ચમત્કારિક અને અસંભાવ્ય દંતકથા ભિન્ન ભિન્ન અનેક છે !

યજુર્વેદનો એક ભાગ છે, એવું લોકોની સમજમાં આણીને તેનો ફેલાવો કર્યો. આ વેદ ભાગ દ્રાવિડ, આંધ્રાદિ મ્લેચ્છ લોકોએ કરયો, તેથી તેને કૃષ્ણ એટલે અનાર્ય અર્થાત્ મ્લેચ્છ વેદ એવું નામ ઘટીત છે. ઋગ્વેદાદિ ચાર વેદની રચનાવિરૂદ્ધ આ બનાવટી વેદની રચના છે. ઋગ્વેદાદિ ચારે વેદમાં સંહિતા એટલે છંદોબદ્ધ મંત્ર અને સ્તોત્ર તથા બ્રાહ્મણ એટલે તે સંહિતામાંના કાંઈક મંત્ર અને વિષયોનું વિવેચન, કર્મ માર્ગ અને પ્રયોગ વિધિ એવું સ્પષ્ટ ભિન્ન ભિન્ન છે. પરંતુ આ તૈત્તિરીય ખોટા વેદમાં મંત્ર, સ્તોત્ર, કર્મમાર્ગ, અર્થવાદ, અને પ્રયોગ વિધ એ સર્વેનો એકત્ર ખીચડો કરેલો છે. શિવાય કોલોપનિષત્, તૈત્તિરીય સંહિતા બ્રાહ્મણ–આરણ્યક–અને ઉપનિષત્, તથા યૂપ લક્ષણ, છાગ લક્ષણ, પ્રતિજ્ઞા, અનુવાક સંખ્યા, ચરણ બ્યૂહ, શ્રાદ્ધ કલ્પ, શુલ વિકાનિ, પાર્ષદ, ઋગ્યજૂંષી, ઇષ્ટકાપૂરણ, પ્રવરાધ્યાય, ઉકથ શાસ્ત્ર, ક્રતુસંખ્યા, નિગમ, યજ્ઞ પાર્શ્વ, હૌત્રક, પ્રસવોત્થાન, કુર્મ લક્ષણ, એવા (૧૮) પરિશિષ્ટો, ઇત્યાદિ આ ખોટા વેદના જે ગ્રંથ ભાગ બનાવેલા છે, તે સર્વેની શુદ્ધ અર્વાચીન ભાષા છે; એ ઉપરથી એ વેદ પ્રથમ દર્શની ઋગ્વેદાદિ મૂળ ચાર વેદથી ભિન્ન એવો કોઇએ નવીન પછવાડેથી કરેલો છે, એવું સ્પષ્ટ દેખાઇતું છે. અને તેજ પ્રમાણે "शुक्लानि यजूंषि शुद्धानि यद्वा ब्राह्मणेना मिश्रित मंत्रात्मकानि०" એટલે "શુક્લ યજુર્વેદમાં બીજા વેદપ્રમાણે મંત્ર અને કર્મવિધિ એ ભાગ ભિન્ન ભિન્ન હોવાથી તે સનાતન શુદ્ધ ખરો વેદ. પરંતુ તૈત્તિરીય નામનો જે બીજો ભાગ સ્વાર્થી લોકોએ સાંપ્રત માન્યો છે, એમાં સ્તોત્ર તથા કર્મવિધીની ખીચડી હોવાથી તે અશુદ્ધ ખોટો વેદ છે." એવું દ્વિવેદાંગ નામે પૂર્વે કોઈ એક વેદ ભાષ્યકાર થઈ ગયો, તે પણ કેહે છે. બ્રાહ્મણ એટલે કર્મવિધિ ઇશ્વર સ્તુતિપર ન હોવાથી તેનો પાઠ કરવો,— આ કેવળ ઘેલાપણું છે, એવી જે વારે ચો તરફથી નિર્ભત્સના થઇ, તે વારે એ દ્રાવિડાદિક અને પછવાડેથી ઇજીપ્ત મધેના બાર્બરી મુલખના જ્યૂ વગેરે લોક અહીં કોકણમાં આવીને બ્રાહ્મણી ધર્માચરણ સ્વીકારીને ચિતપાવન નામથી પેશવાઇની વખતે મહશૂર થયા તે;—એવા એ મ્લેચ્છ કુલોત્પંનોએ હિરણ્યકેશી, બૌધાયની, આપસ્તંબી, ચરક, નિગમ, આગમાદિ શાખા કરીને તેની અંદર " मंत्र ब्राह्मणयो र्वेदनामधेयं એટલે સ્તુતિ અને કર્મવિધિ એ બે મળીને વેદ" એવું ખોટું લખી મુક્યું છે. તથા ઉપર કહેલા નૂતન બનાવટ અરાઢ પરિશિષ્ટમાં ॥ अष्टादशसहस्राणि मंत्र ब्राह्मणयोः सह । यजूंषि यत्र पठयन्ते स यजुर्वेद उच्यते ॥ યજુર્વેદમાં (૧૮૦૦૦) મંત્ર, સ્તોત્ર અને કર્મવિધિ મળી કૂલ સંખ્યા છે, તે તે સર્વેને પાઠ કરવો" એવું લખી મુકયું છે; વળી એ જે અરાઢ હજાર સ્તોત્ર અને કર્મ વિધિ કહ્યા, તેની અંદર અમુક 'સંહિતા–સ્તોત્ર' અમુક તહરેના; અને અમુક 'કર્મવિધિ–બ્રાહ્મણ' અમુક પ્રકારના એવો કાંઇજ ઉલ્લેખ ન હોવાથી તે ઓળખવાને કાંઇપણ ચિન્હ રાખ્યું નથીજ. 'મંત્ર સંહિતાને' કર્મવિધિ; 'બ્રાહ્મણ–કર્મવિધિને' મંત્ર–સંહિતા; એ પ્રમાણે જેને જેવું શિખવેલું હશે, તેમ તે બોલે છે. જેને એક ભટોબા મંત્ર

સંહિતા (વેદ) કેહે છે, તેનેજ બીજો ભટોબા કર્મવિધિ (બ્રાહ્મણ) કેહે છે. એપ્રમાણે એ ખોટા વેદ ભાગમાં સર્વ ભેળસેળ છે. જુઓ મૂળ ખરો વેદ જેને હાલમાં શુક્લ યજુર્વેદ એ સંજ્ઞા છે, તેની મંત્ર સંખ્યા * ૧૯૭૫ ની ગણતરી બંધ હોવાથી ઋગ્ અને સામવેદ પ્રમાણે ઉપલબ્ધ થયલી પ્રસિદ્ધજ છે. તેવી આ તૈત્તિરીય મ્લેચ્છ વેદની મંત્ર સંખ્યા ગણેલી ન હોવાથી તેના અંદર સ્તોત્ર કર્મ માર્ગની જે ખીચડી છે, તે સર્વ ઉપલબ્ધ નથી. અને હાલમાં તે ખીચડી થોડી થોડી છપાઇને બહાર પડેછે. વળી બીજો એક વિલક્ષણિક પ્રકાર આ મ્લેચ્છ વેદમાં મળી આવે છે. તે એ કે, 'ऋग्वेदेन होता करोति — यजुर्वेदेनाध्वर्युः — सामवेदेनोद्गाता — अथर्व वेदेन सर्वैर्वा ब्रह्मा' આ પ્રમાણે હોતા, અધ્વર્યુ, ઉદ્‌ગાતા, અને બ્રહ્મા એવા ઋગ્વેદાદિ અનુક્રમે પ્રત્યેક વેદનો એકેક એવા ચાર પુરોહિત યજ્ઞમાં હોવા જોઈએ અને તેમણે પોતાનો વેદોક્ત મંત્રોચ્ચારાદિ વિધિ કરવો, એવો વેદોક્ત વિધિ છે. અને તેજ પ્રમાણે પૂર્વે હરિશ્ચંદ્ર રાજાએ યજ્ઞ કર્યો હતો, તેમાં વિશ્વામિત્ર, જમદગ્નિ, અગસ્તિ અને વસિષ્ઠ; અને તેમજ ધર્મરાજાએ રાજસૂયાદિ યજ્ઞ કર્યો, તેમાં યાજ્ઞવલ્કય, વસિષ્ઠ, બ્રહ્મદેવ અને વ્યાસ એવા અનુક્રમે ઋગ્વેદાદિ ચાર વેદના ચાર પુરોહિત હતા; ત્યારે હવે આવા ભિન્ન ભિન્ન વેદના ભિન્ન ભિન્ન પુરોહિત હોવાથી પોતાનો મદ્ય માંસ સેવન અને યજમાન પત્ની ગમન કરવાનો હેતુ સાધ્ય થવો કઠણ જાણી, મ્લેચ્છ કુલોત્પન્ન અનાર્ય ભટજીઓએ હોત્રાદિ સર્વ પુરોહિતનો મંત્રોચ્ચારાદિ વિધિ આ નવીન રચેલા આ એકજ કૃષ્ણ યજુર્વેદમાં સઘળો ઘુસાવી દઈને "ચરક" નામે સ્વતંત્ર એકજ પુરોહિત કર્યો; પુરાણમાં પણ મોટમોટા રાજા લોકોએ યજ્ઞ કર્યો એવું વર્ણન છે, તેમાં યજુર્વેદનોતો 'અધ્વર્યુ' એજ પુરોહિત જણાય છે. 'ચરક' નામના પુરોહિતનો તો કોઇ જગોએપણ ઉલ્લેખ નથી. ઉપર કહેલી તિત્તિર પક્ષીના

---

* "द्वे सहस्रे शतन्यूने मंत्रे वाजसनेयके । इत्युक्तं परिसंख्या तमेतत्सर्वं स शुक्रियम्" એટલે યજુર્વેદની મૂળ સંહિતા ૧૯૦૦ મંત્રાત્મક વાજસનેય ઋષિ દૃષ્ટા છે; અને ૭૫ શુક્રિય ઋષિ દૃષ્ટા છે. બધી મળી ૧૯૭૫ યજુર્વેદની મંત્ર સંખ્યા છે. सन्मूलो यजुराख्य वेदविटपो जीयात्स माध्यन्दिनिः । शाखा यत्र युगेन्दु कांडसहिता यत्रास्ति सा संहिता ॥ यत्रा भ्राब्धिलता विभान्ति शरशै लांकेन्दुभी ऋग्दलैः । पंचद्वीषु नभोंकवर्णी मधुपैः खाग्न्यर्कगुञ्ज गुंजितैः ॥ એટલે સત્ય, સનાતન યજુર્વેદ રૂપી વૃક્ષ જે માધ્યંદિની ઋષિ, તેનો જય થાઓ. એ યજુર્વેદ રૂપી વૃક્ષને કાંડ (સ્થૂલ ભાગ) સહિત ૧૪ શાખાઓ છે. તેઓને સંહિતા એ સંજ્ઞા આપેલી છે; આ સંહિતામાં ૪૦ અધ્યાય લતારૂપ છે; ૧૯૭૫ મંત્રરૂપ પાન છે; તે પ્રમાણે ૯૦૫૨૫ અક્ષર રૂપ ભ્રમર છે; એવા પ્રકારનો જે યજુર્વેદ સત્ય સનાતન છે, તે વેદની અક્ષરો પર્યંત સંખ્યા ગણેલી છે. તેજ પ્રમાણે ઋગ્વેદની ૧૦૫૮૯, સામવેદની ૧૫૫૯, અથર્વણવેદની ૬૦૦૦, મંત્રસંખ્યા છે. અને તે પ્રમાણે તેની અક્ષરસંખ્યા પણ ગણેલી છે; એવો આ પ્રકાર ઉપલા તૈતિરીય નામના બનાવટી વેદ પુસ્તકમાં નથી.

વાત ઉપરથી વૈશંપાયન આ ખોટા તૈતિરીય વેદી હતા એવું સ્પષ્ટ સિદ્ધ થાય છે. પણ જન્મેજયે જે એ યજ્ઞ કર્યો, તેમાં તો શુક્લ યજુર્વેદનાજ અધ્વર્યુ પુરોહિત હતા, એવી વિષ્ણુ અને વાયુ પુરાણમાં કથા છે. ત્યારે હવે આ તૈતિરીય વેદ હતો અને તેનો ચરક નામક પુરોહિત યજ્ઞમાં હોવાનો જ્યારે વિધિજ હતો, ત્યારે તો જન્મેજયે પોતાનો ગુરૂ, જેના મુખથી સર્વ ભારત સાંભળેલું એવા જે વૈશંપાયન ઋષિ તેમના મત પ્રમાણે યજ્ઞ કરીને તેમને શુક્લ યજુર્વેદી અધ્વર્યુ બદલ તૈતિરીય વેદી ચરક આચાર્ય નિમવાજ જોઈતા હતા. અસ્તુ, આવી આવી અનેક વાતો ઉપરથી આ તૈ० વેદ કોઇએ નૂતન કરેલો છે, એવું સિદ્ધ થાય છે. તે વિષે ક્યાં લગી લખવું! આ નૂતન તૈ० વેદમાં, મૂળ વેદ નિષિદ્ધ તો શું? પણ સાધારણ જ્ઞાની મનુષ્યને જે અગ્રાહ્ય ક્રિયા લાગે, તે તેમાં ગ્રાહ્ય કરી મુકેલી છે. યજુર્વેદના પેહેલા અરાઢ અધ્યાયમાંના દર્શ પૂર્ણમાસ, સોમ યજ્ઞ, અગ્નિ ચયન, એવા વિષયની જે સંહિતા, શતપથ બ્રાહ્મણના પેહેલા નવ કાંડમાં ખુલ્લી કરી મુકેલી છે તે; અને અશ્વમેધ, પુરૂષમેધ, અને સર્વમેધ, એ સંબંધી ૨૨–૩૬ અને ૪૦ માં અધ્યાયમાંની સંહિતા તથા કાંઇ ઋગ્વેદોક્ત સંહિતા લઇને આ તૈ० વેદ બનાવી, તેના ખોટા અર્થ ભ્રષ્ટોએ કર્યા. (ઉદાહરણ પાછળ આપેલા છે.) અને તે સંબંધના તૈત્તિરીય બ્રાહ્મણ, તૈત્તિરીય આરણ્યક, યૂપાદિ ઉપર કહેલા અરાઢ પરિશિષ્ટો, તૈત્તિરીય, કોલ એવા ઉપનિષદો, આપસ્તંબ, હિરણ્યકેશી, આગમ એવા સૂત્રો રચીને તેના અંદર યજ્ઞના સંબંધમાં ગાય, બકરા, કુકડા, દેડકા, માછલા એવા ભૂચર, જળચર અને ગગનચર પ્રાણી શસ્ત્ર ન લગાવતાં ગળુ દાબીને શ્વાસ રૂંધીને, વળવળાટ કરાવીને ક્રૂરપણે મારવા અને તેમનું માંસ પુરૂષ સૂક્ત મંત્રોએ પ્રોક્ષીને (પાણી સીંપીને) ખાવું; તથા અનેક ધંધાના, રૂપના, અને જાતીના મનુષ્યાદિ પ્રાણી હોમવા; મદ્ય પીવું; યજમાન પત્નિ ભોગવવી; પિતૃ મેધનાં સંબંધમાં બ્રાહ્મણાદિ દ્વિજ મારવા; શ્રાદ્ધના સંબંધમાં ભૂચર, જળચર, ગગનચર, એવા ત્રણ જાતીનાં માંસ પુરૂષ સૂક્ત મંત્રે પ્રોક્ષીને ખાવાં; એવી એવી વેદ નિષિદ્ધ પશુ ક્રિયા ગ્રાહ્ય કરેલી છે. તે ક્યાં લગી લખ્યા કરવી! જુઓ, ગાય અને બ્રાહ્મણ એ ઐહિક અને પારલૌકિક સુખના આપનારા, માટે તેઓને અમારા આર્ય લોકોમાં પૂજ્ય માનેલા છે. ત્યારે એવા ગાય બ્રાહ્મણોનો નાસ કરવો જે ગ્રંથોમાં કહેલો છે, તે ગ્રંથ આર્ય અને તેમાં પણ વળી તે વેદ, એવું કોઇ વિચારી માનવ કબુલ કરશે? ઇઆ કેહેશે કે? સુધારણાના કળસપર પોહોંચેલા, ન્યાય, જ્યોતિષ, શિલ્પ ઇત્યાદિ શાસ્ત્ર કળામાં પ્રવીણ, દયાધર્મથી ચાલનારા એવા મૂળના આર્યલોક હિંસક ન હોવાથી તેઓએ આ હિંસા સૂચક, અને પશુ ક્રિયા દર્શક ગ્રંથો કર્યા નથી, પણ કોઇપણ અનાર્ય મ્લેંચ્છ લોકોએ નૂતન (પાછળથી નવા) રચેલા હોવા જોઈએ, એવા મ્યાકસ મૂલર અને મ્યૂર સરખા વિચારી શોધક યવનોએ પણ ઉદ્‌ગાર કાઢેલા છે. તાત્પર્ય, આ તૈતિરીય, આપસ્તંબ સંહિતા–બ્રાહ્મણ, આરણ્યકાદિ પુસ્તકો મ્લેચ્છ વગેરે નીચ, નિંદ્ય, વેદભ્રષ્ટ મતલબી લોકોએ નૂતન રચેલા છે, એવું

स्पष्ट थाय छे. हवे आ ग्रंथ द्राविड, तैलंगादिक म्लेच्छोएज बनावेलो छे, एवुं तेज ग्रंथ उपरथी सिद्ध थाय छे:–तै० आरण्यक नामे ते ग्रंथनो एक भाग छे, तेना अंदर शाखाभेद होवो जोइए, ते न होतां केवळ अमुक अनुवाक द्राविडे, अमुक आंध्रोए, अमुक कर्णाटिकीओए, अमुक तैलंगादिकोए, एवा देशभेद लखेला छे.* ए उपरथी द्राविडादिकोएज ते म्लेच्छ तैतिरीय वेद पोताने माटे (वेद निषिद्ध एवो) रचेलो छे, एवुं विशेष स्पष्ट देखाय छे. वळी ए द्राविडतैलंगादि लोक म्लेच्छ हता, ते बदल ऋग्वेदना ऐतरेय ब्राह्मणमां, हरिश्चंद्र आख्यानमां, मनु स्मृतिमां, विष्णु अने वायु पुराणमां तथा भारतमां स्पष्ट लेख छे; जे उपर आपेला छे. तात्पर्य—आवा आ निंद्य ग्रंथने तैतिरीय वेद न केहेतां, चितपावन, आंध्र, द्राविड, तैलंग एवा एवा म्लेच्छ भटजी प्रमाणे "कृष्णवेद" एटले अनार्य वेद, अर्थात् म्लेच्छ वेद केहेवो; अने ते प्रमाणे ते ग्रंथने विद्यारण्य सरखा पूर्वना—वेदभाष्य कर्त्ताए† अने जैनोए पण अनार्य म्लेच्छ वेद एवुं कहेलुं छे.

ए प्रमाणे तैत्तिरीयनामक खोटो म्लेच्छ वेद, भ्रष्ट म्लेच्छ थयला आर्य लोकोए प्रारंभे आर्यस्थानमां आवी वसेला द्राविडादि सेमिटिक लोकना संसर्गे करीने रच्यो अने एवाज संबंधमां आंध्र अने काण्व राजानी कारकीर्दिमां मूळ यजुर्वेद जेनी हमणा शुक्ल संज्ञा पण पडेली छे, तेनी संहितानुं पण सत्यार्थ विरुद्ध खोटुं भाष्य कर्युं अने ब्राह्मणमां पण हिंसासूचक क्षेपको घालीने सारी पेठे गडबडगुंडा करी मुक्या छे. वळी पछी आगळ सेमिटिक एटले बार्बरीना ज्यू वगेरे म्लेच्छ, जेनी हमणा चित्तपावनादि सप्त कोकणे एवी संज्ञा छे, ते इजीप्ट देशथी अहिं आव्या, अने अत्रे ब्राह्मण लोक सर्वमां पूज्य अने सुखी छे, एवुं जोइने तेओए पण ब्राह्मणी आचार अने धर्मने स्वीकार करी पोताना द्राविडादि सेमिटिक म्लेच्छ बंधुओए बनावेलो जे नवो तै० कृष्णवेद ते घणाखराए ग्रहण कर्यो अने ते द्राविडादिनी पेठे नवा ग्रंथ रचवानो अने मूळ धर्म ग्रंथोमां नवा क्षेपको घुसाडवानो क्रम चालु कर्यो. ए लोको गामेगाम जईने ब्राह्मणोने घेर फोकट चाकरी रह्या. पछी काळे करीने कर्मधर्मने संयोगे तेमांथी एकाद पेशवाइनुं काम मली आव्युं. आ गरबडाटमां वली शाहुराजा मरण पाम्यो. तेनी राणी राज्य प्राप्तीना काममां प्रतिकूळ आवशे, एम जाणी पेशवाए "सती" थवाना नवीन ग्रंथ रचीने वळी तेना संबंधमां पुष्टी करवाने जुना पुराणादि ग्रंथोमां "दशरथ, पंडु,

---

* अस्याः शाखाभेदेन अनुवाकसंख्या भेदो वर्तते । तत्र द्राविडैरस्याश्चतुःषष्टिसंख्याकानुवाकाःपठ्यंते । आंध्रैरस्याशीत्यनुवाकाः । कर्णाटकैश्चतुःसप्तत्यनुवाकाः । अन्यैरेकोन नवत्यनुवाकाः परिपठ्यंते । एटले आ तैत्तिरीयना ६४ अनुवाक द्राविडना, ८० आंध्रना, ७४ कर्णाटकीना, अने ७९ बीजाना.

† विद्यारण्य श्रीपादै र्व्याख्यातत्वेनाध्वर्यवं क्वचिद्धौत्रं क्वचिदित्यव्यवस्थया बुद्धिमालिन्य हेतुत्वात् तद्यजुः कृष्णमीर्यते. बुद्धिमालिन्यात् कृष्णानि ज्ञातानि (रा. सं. ग.)

રાવણ, એવા રાજાઓની સ્ત્રીઓ સતી થઈ સ્વર્ગ ગઈ." એવા ક્ષેપકો ઘુસાવીને તે મતલબી ગ્રંથો ભટજીબાવા પાસે વંચાવી સંભળાવી તેને સતી થવાની ફરજ પાડી, અને રાજ્ય બલાત્કારે લઇ લીધું. તેવારે તે લોકોનું ધણીપણું થવાથી "હમેજ મુખ્ય બ્રાહ્મણ; ગૌડ, સારસ્વત ગુર્જર (ગુજરાતી) મહારાષ્ટ્ર (મરાઠી ઇત્યાદિ બ્રાહ્મણોની હમારાથીજ ઉત્પત્તિ, હમારી ચિત્તપાવન 'બ્રાહ્મણ'ની નિંદા કરનારનો કુલક્ષય થાય; ચિત્તપાવન ચાહે એટલો ભ્રષ્ટ હોય, તોપણ તે પૂજ્ય; પ્રોક્ષણ કરીને કે દેવ પિતરને અર્પણ કરીને માંસ ખાય તેમાં દોષ નથી; એવા નવીન કલ્પિત ક્ષેપકો, પોતાના માંસ ભક્ષણાદિ નીચ કર્મ માટે આર્ય લોકમાં આગળ પોતાનો ઉપહાસ ન થાય, અને ગૌરવપણું કાયમ રહે એવા હેતુથી મનુ, પારાશરાદિ કેટલીક સ્મૃતિમાં ઘુસાવી દીધા; તથા મદ્ય માંસ સેવન અને નિંદ્ય પરસ્ત્રીગમન કરવાના તથા દક્ષિણા એટલે પૈસા મેળવવાના હેતુથી યોનિતંત્ર, લિંગતંત્ર, સુંદરીતંત્ર, એવા શેંકડો ધર્મ ભ્રષ્ટ નિંદ્ય તંત્રો; તથા ધર્મ સિંધુ, નિર્ણય સિંધુ, શ્રાદ્ધકલ્પ, શૂદ્ર કમલાકર, હેમાદ્રિ; નારાયણભટ્ટી, ગાગાભટ્ટી, ઈત્યાદિ દારૂનીભટ્ટી પ્રમાણે શેંકડો ભટ્ટી * રચી એવા અસંખ્ય વેદ નિષિદ્ધ ગ્રંથો બનાવ્યા. અને ઉપર કહેલા દ્રાવિડ ચિતપાવનાદિ સેમિટિક મ્લેંચ્છ લોક આર્ય ધર્મમાં ઘુસીને આ પ્રમાણે આર્ય લોકમાં હિંસાદિ નીચ કર્મ ચાલુ કર્યા; તે ઉપરથી આગળ આ ગ્રંથમાં જ્યાં જ્યાં "મ્લે૦ કુ૦ ભટ્ટોજી" એવા શબ્દ આવે, ત્યાં ત્યાં તેનો અર્થ આફ્રિકા અને આસ્ત્રીલેઆથી આવેલા દ્રાવિડાદિ સેમિટિક મ્લેંચ્છ કુલોત્પન્ન નવીન વેશધારી ભટજી સમજવા, ખરા આર્ય કુલોત્પન્ન નહીં. આ પ્રમાણે આ મ્લેચ્છ કુ૦ ભટજીઓએ યજ્ઞ એટલે હવનાદિ કાર્યમાં વેદોક્ત ધર્મની અંદર ઘોંટાળો કરી નાંખી કેટળાક બીચારા આર્ય કુલોત્પન્ન બ્રાહ્મણોને પણ ફસવ્યા છે. યજ્ઞને યોગે સ્વર્ગ પ્રાપ્તિ એટલે સુખની પ્રાપ્તિ થાય છે, એજ મુખ્ય વેદાર્થ છે. "स्वर्ग कामो यजेत । सुखकाम इति शेषः" यजुर्वेदोक्ति. એટલે બ્રહ્માંડમાં સંચાર કરનારો વાયુ, એ જીવોનો હેતુ છે. માટે તે બ્રહ્માંડનો વાયુ શુદ્ધ રાખવો જોઇએ; ત્યારે બ્રહ્માંડના વાયુને નિર્વિકાર કરવાને માટે યજ્ઞ કુંડમાં ઘૃત, કેશર, ચંદન એવા શુદ્ધ, મિષ્ટ, પુષ્ટ, સુગંધી અને ઔષધિક પદાર્થો નિયમિતપણે દહન કરવાથી બ્રહ્માંડના વાયુના વિકારનો અને દુર્ગંધીનો નાશ થાય છે, અને વાતાવરણ તથા મેઘ મંડળની શુદ્ધિ થવાથી આરોગ્યતા ઉત્પન્ન થાય છે. અને તે આરોગ્યતા પ્રાપ્ત થવી એજ વેદોક્ત સ્વર્ગ સુખ છે. પૂર્વે અમારા આર્ય લોકોનો સામાજીક નિયમજ હતો કે પ્રત્યેક મનુષ્યોએ સવારે અને સાંજે બ્રહ્મ યજ્ઞ એટલે સંધ્યોપાસનની પછી દેવયજ્ઞ એટલે સુગંધ દ્રવ્યયુક્ત ઘૃતની બાર બાર આહુતિ વેદીમાં આપી અગ્નિહોત્ર નિત્યે બે વાર કરવોજ; કારણ કે સવારના હવનથી રાત્રીના મળમૂત્ર વગેરે દુર્ગંધીનો અને સાંજ-

* આ ભટ્ટીઓ શ્રાદ્ધ વગેરે કાર્યમાં મુએળા મનુષ્યની પાછળ ભૂતની માફક લાગે છે. દારૂની ભટ્ટી એટલી ભલી કે તે તેની પછવાડે લાગતી નથી. !!

ના હવનથી દિવસની તમામ દુર્ગંધીનો પરિહાર થાય છે. એજ અગ્નિહોત્ર એટલે દેવયજ્ઞનો હેતુ છે. તેમજ વળી પ્રત્યેક અમાવાસ્યે અને પૌર્ણિમાને દિવસે પાક્ષિક યજ્ઞ સર્વ આર્ય ખંડના લોકો કરતા હતા. અને તે ઉપરાંત પરોપકારાર્થે બીજા મોટા મોટા યજ્ઞો જે થતા હતા, તે વળી જુદાજ. એ અગ્નિહોત્રાદિ હવન વિધિથી ઈશ્વરોપાસનાની સાથે વાતાવરણની અને મેઘમંડળના જળની શુદ્ધિ થઇને ઉત્તમ વૃષ્ટિ થતી, તેણે કરીને ચરાચર જગતની આબાદાની થવાથી પ્રાણીમાત્રના સુખમાં વૃદ્ધિ થતી હતી. અર્થાત્ શુદ્ધ વાયુ, શુદ્ધ જળ, શુદ્ધ ઓષધિક વનસ્પતિ, અને શુદ્ધ અન્નોત્પત્તિ થવાથી પ્રાણી માત્રની શરીર પ્રકૃતિ આરોગ્ય અને સદૃઢ રેહેતી હતી, તથા આર્યખંડના લોકોનું બુદ્ધિ પ્રબળ તે કાળે વિદેશીઓ કરતા સબળસાથે નિર્દોષ રહેતું હતું. એવો જે યજ્ઞનો અતિ ઉત્તમ ઉદ્દેશ, તેને આ ભ્રષ્ટાચારી પૂર્વોક્ત નવીન બનેલા ભટજીઓએ બીગાડીને તેની જગોએ બ્રહ્મા, ઇંદ્ર, વરૂણ, એવા અનેક દેવતા કલ્પીને સ્વર્ગ તે તેઓનું રહેઠાણ અને તે આકાશમાં છે— ત્યાં મૃત્યુ નથી, પણ અમૃતપાન મળે છે, ઈત્યાદિ અનેક પ્રકારનો લોભ દેખાડી, યજ્ઞને નામે શસ્ત્ર વાપરયાવિના દર્ભ રજ્જુથી ગળુ રૂંધીને કે તેના અંડ ઉપર મુષ્ટિપ્રહાર કરીને બકરાને મારવો, અને તેનું માંસ યજ્ઞના પવિત્ર અગ્નિપર ઘીમાં સીજવીને ખાવું, દારૂપીવો, યજમાન પત્નિ સાથે અવાચ્ય કુચેષ્ટા કરી તેનું પતિવ્રત ભંગ કરવું, અને વળી ઉપરથી પુષ્કળ દક્ષિણા– આવા પાપકર્મથી મેળવવી, અને યજમાનોને સમજાવવું કે એ દુષ્ટ વિધિથી તે મારેલા બકરાનો અને પત્નિ સહિત તારો પણ સ્વર્ગવાસ થશે. એવો શ્રુતિમંત્ર વગેરેનો ખોટો અર્થ સમજાવી આ ભ્રષ્ટાચારનો ફેલાવો તેમણે કર્યો છે. તે ભ્રષ્ટાચાર હવે અટકાવવાને ધર્મશીલ સુજ્ઞ વિદ્વાન પુરૂષોએ પુરૂષાર્થ કરવો ઘટે છે. દેશ કાલના ફેરફારે શબ્દાર્થ બદલાય છે. જુઓ પેહેલાં આચાર્ય શબ્દ વિદ્વાન સદ્ધર્મી પુરૂષને લાગતો હતો, તે હાલ દક્ષિણમાં મૂર્ખ શૂદ્રવત્ ભટજીને ઘરમાં રંધવારા તરીકે રાખીને તેને તે શબ્દ લગાડે છે. તે ઉપરથી શું કોઈ વિદ્વાન તેવો અર્થ ગ્રહણ કરશે કે ? નહીં કરે. તેમ પશુ શબ્દોનો અર્થ ઐતરેય બ્રાહ્મણાદિ ગ્રંથમાં સ્પષ્ટ લખેલો છે કે, યજ્ઞ પશુ એટલે દેવ સાળીનું ભાત એ મુખ્ય હવનાર્હ પદાર્થ છે; અને વપા, માંસ, અસ્થિએ શબ્દનો અર્થ તુષ, પિષ્ટ, કણી, એવો તે પારિભાષીક શબ્દોનો અર્થ સ્પષ્ટ કરેલો છે, તે બદલીને હાલના હિંસક ભટોજી, તે 'યજ્ઞ પશુ' શબ્દનો અર્થ 'બકરો' કરીને વપાનો અર્થ ત્વચા, માંસનો અર્થ બકરાના આંગનુ ઘોષ, અસ્થિનો અર્થ હાડકાં; અને * આલભન (સ્પર્શ) તેનો અર્થ હનન,

* જો પશુમાલભેત એ શબ્દનો અર્થ પશુનું હનન કરવું એવું ભટજીબાવા કહે છે, તો વિવાહ સંસ્કારમાં વધ્વાહૃદયમાલભેત એ વાક્ય જ્યારે ભટજીબાવા બોલીને વરનો હાથ કન્યાની છાતીપર લગડાવેછે, ત્યારે તે કન્યાનું હનન કરવું, એવો અર્થ ત્યાં ભટજી કરાવે છે કે ? તે સુજ્ઞ પુરૂષે ભટજીબાવાને પુછવું.

એવા વિપરીત અર્થ કરી બકરાનો જીવ લે છે, અને તેને હવનનો બલી ઠેરવી, તેના માંસથી પોતાનાં પેટને કબર સ્થાન કરે છે. "पशुना यजेत्" એ વાક્ય મન્વાદિ આર્ષ ગ્રંથોમાં આવે છે, ત્યાં પશુનો અર્થ "ગો, મેંઢો, બકરો" કરે છે, પણ તે પશુનો અર્થ "ગો, મેંઢો, બકરોજ" કયા કોશમાંથી નીકળે છે? તેઓએ પશુનો અર્થ સિંહ, વ્યાઘ્ર વગેરે કાં ન કરવો? તેનું શું પ્રમાણ? એવો પ્રશ્ન પુછતાં "शेषं कोपेन पूरयेत्" એ વચનને આધિન થઇને રાક્ષસરૂપ ધારણ કરી અપશબ્દ બોલી ઝઘડો કરવા તૈયાર થઇ જાય છે. અને સત્ય અર્થ અને યુક્તિવાદ આગળ મુદ્દળ ટકી શકતા નથી. પણ જેવા આચરણ અને આહાર તેવો રાક્ષસ સ્વભાવ પ્રકટ કરે છે. વળી પશુનો અર્થ પશુને મારીને તેના આંગના માંસથી હોમ કરવો, એવોજ શું કામ કરવો? અને પશુ શબ્દથી તેના આંગથી સદૈવ ઉત્પન્ન થતાં ઘૃત, દુગ્ધાદિ ઉત્તમ પૌષ્ટિક પદાર્થોથી તે હોમ કાં ન કરવો? એક પશુનો ઘાત કરી તેના દુર્ગંધિ માંસનો થોડો બળી આપી દુર્ગંધનો ફેલાવો કરવો અને બાકીનું ભટજીએ ગટકાવી જવું, અને પોતાને કર્મે હત્યા: બાંધવી, તેના કરતાં તે પશુને જીવંત રાખી તેનાથી કામ લેવું, અને તેનાથી દુગ્ધાદિ પદાર્થ સદૈવ ઉત્પન્ન કરી, તેનો ઉત્તમ બળી કાં ન આપવો? અને પોતાએ તે ઉત્તમ પદાર્થનો ભક્ષ દરરોજ કાં ન કરવો? એમ કરવાથી તે દુષ્ટ કર્મ છુટે છે. અને હમેશનો ઉત્તમ ભક્ષનો લાભ મેળવી શકે છે. વેદ ઋચા પણ એમજ કહે છે કે "यजमानस्य पशून् पाहि" એટલે યજમાનના પશુઓનું સંરક્ષણ કરવું. એવી વેદાજ્ઞા છતાં ભટજીબાવાએ યજમાનને જુઠું સમજાવી, ઉલટા તેમના પશુઓનો યજ્ઞને નામે ઘાત કરાવી, તેના માંસનો નિર્લજ્જપણે ભક્ષ કરવો, અને યજમાનનું નુકસાન કરવું. વાહરે! ભટજી! એજ તમારૂં બ્રહ્મ મહત્વ કે? મનુસ્મૃતિમાં વનસ્પતિ વિષયનો "पलांडुं विड्वराहंच छत्राकं ग्रामकुक्कुटं। लशुनं गृंजनं चैव जग्ध्वा चांद्रायणमाचरेत्" એવો શ્લોક છે; તેમાં અમુક વનસ્પતિ ખાવાની મનાઈ છે, કારણ કે તે બુદ્ધિ જડ કરનારા પદાર્થ છે; માટે તે વિદ્વાનોને વર્જીત છે. તે શ્લોકમાં "વિડ્વરાહ" એક જાતના કંદનું નામ છે. અને "ગ્રામ કુક્કુટ" એટલે એક જાતનો કાંદો થાય છે; તે સત્ય અર્થને છુપાવી ત્યાં પેહેલાને ડુક્કર અને બીજાનો અર્થ કુમડો (મરઘો) એવો કેટલાક હિંસક ભટજીઓ કરે છે. અને વળી તે શ્લોકમાં મનાઈ કરેલા પદાર્થો ખાય પણ છે. એ કેવું આશ્ચર્યદાયક! बृहद्योनि બૃહત એટલે મોટું અને યોની એટલે સર્વનું ઉત્પત્તિ સ્થાન, એવો સ્પષ્ટ અર્થ સર્વ જગદુત્પાદક હિરણ્યગર્ભ છે અને એથી તે શબ્દનો અર્થ પરમાત્મા થયિ છે, તેનો તે ખરો અર્થ બદલીને તે શબ્દનો "માનવ યોનિ" એવો અમંગળ અર્થ કરીને સ્ત્રી યોનિનું પૂજન કરી તેની સાથે ભોગ કરવો," એવી કથા ભોળા લોકોમાં ભટજીઓએ ચાલુ કરી છે, એ કેટલું નીચત્વ! વળી गण એટલે મનુષ્ય પશ્વાદિ વર્ગ, અને पति એટલે તેનો સ્વામી, અર્થાત્ ગણપતિ એટલે ગણમાત્રનો સ્વામી, પરમાત્મા, એવો અર્થ છે. તે અર્થને બદલી, ગણપતિનો અર્થ અશ્વ કરીને બ્રહ્માસનપર બે-

ठेला पुरोहितने ठेरवीने "गम" शब्दनो "भग" एवो शब्द विपर्यास करी ते भग शब्दनो योनि अर्थ समजावे छे. अने वळी ते योनि कोनी ? तो जे यजमान तेमना कहेवा प्रमाणे यज्ञ करीने तेमने पेटभर मांस मदिरा वगेरे भोजन तथा उपरथी शालजोडा धोतीजोडा अने पुष्कळ मन मानी दक्षिणा तेमने आपे छे, तेज यजमान पत्निनीज योनी एम ठेरवी तेनुं पतिव्रतपणुं भंग करे छे, आ केवी कठोरता ! अग्नीषोमाभ्यां जुष्टं नियुनज्मि० (यजुर्वेद) एनो अर्थः–हे सृष्टिकर्त्ता तेजस्वी ईश्वर, उत्पन्न मात्र पदार्थोनी योग्य योजना करीने अर्थात् न्यायथी वरतीने आपनी प्राप्ति ईच्छुं छुं. एवो तेनो सत्य अर्थ छे. ते छुपावीने "जुष्टं अभिरुचितं पशुं छागं कुशकृतया रज्वा नागपाशं कृत्वा शृंगयोरंतराले निबध्नामि (भाष्य) द्विगुणरशना पशु बंधनार्थारज्जुः तया कौश्यादर्भमय्यापाशं कृत्वा अंतगं शृंगयोरंतराले पशुं बध्नाति" पशुं गले पाशं प्रतिमुंचति (सूत्र) आ महीधर भाष्य अने सूत्रग्रंथना वचन लइने तेपरथी पोताना मन रुचता बकराना सर्वांगने दर्भ रज्जुथी बांधीने तेज दर्भरज्जुनो फांसो तेना गळामां घालीने मारवो, एवो ते पूर्वोक्त श्रुतिनो विपरीत अर्थ ले छे. तेमज वपामुत्खिदतां० । तस्यैव मांसस्य प्रकल्प्य० । (यजुर्वेद) अर्थ "ये तुषाःसा त्वक्" "यत्पिष्टं किक्नसा स्तन्मांसं" एटले सालीना भातनी तुषा, ते वपा; चोखा वाटीने करेलो पिष्ट पिंड ते मांस" ए प्रमाणे ऋग्वेदना ऐतरेय ब्राह्मण अने यजुर्वेदना शतपथ ब्राह्मणमां स्पष्ट लखेलुं छे. ते हवनार्ह यज्ञ पशु एटले सालीनुं भात, तेनो तुष काढीने चोखा करवा, अने ते चोखाना लोटना पिंडथी के तेनो भात करीने तेनाथी यजन करवुं जोईए. ए जे सत्य अर्थ, तेनाथी आंख मीचीने पर मांसथी पेट भरनारा भटजीबावाओ वपा एटले बकरानीज चामडी अने मांस एटले बकरानाज आंगनुं घोष अने तेपण तेनी जीभ, कलेजु, गुदा, स्कंध, स्तन, एवा भरेला भागनुंज मांस, एवो मन मान्यो अर्थ करी, दुष्ट क्रिया विधि तेओ करे छे; ए केटली दलगीरीनी वात ! वळी तेमज नाना बच्चाने माटे अन्न प्राशन संस्कार सूत्रोक्त छे, तेमां । षष्ठे मास्यस्यान्न प्राशनं । आजमन्नाद्यकामः । ए जे वचन छे, तेनो अर्थः– छठ्ठा महिनामां "आज" एटले त्रण वर्षना जुना सालीना चोखाना पकवान्नो करीने अन्न प्राशन संस्कार करवो. ए न्याय युक्त अने युक्ति सिद्ध स्पष्ट प्राचीन अर्थ छे. तेनो विपरीत युक्ति शून्य अर्थ "आज" एटले बकरानुं मांस ते नाना छ मासनां बच्चाने प्रथम अन्न संस्कारमां आपवुं, एवो म्लेच्छ भटजीओ भावार्थ करे छे. पण ते अक्कलना बारदान भटजीने एटलुं पण ज्ञान नथी के छ महिनाना बाळकने गळे ए मांस उतारवुं केवी रीते ? अने ए बाळक दुध पीनारो शी रीते एने खाय, अने वळी ते पेटमां उतरीने पचे पण केम ? तेनो विचार राक्षसोने सुजतो नथी. आ प्रमाणे 'पशुना यजेत्' एमां पशु शब्दनो अर्थ पशुथी प्राप्त थनारा दुग्ध घृतादि पौष्टिक शुद्ध पदार्थ, जे हिंसा न करता सहेव

પ્રાપ્ત થાય છે, તે છે; તે છોડીને પશુ એટલે તેને મારીને તેનું દુર્ગંધયુક્ત માંસ એકવાર કાઢીને આવા શુભ કામમાં લેવું, એવો અયુક્ત દુષ્ટ અર્થ કાં ગ્રહણ કરવો? અને તેનાથી પ્રાપ્ત થતા દુગ્ધ ઘૃતાદિ અહિંસક સ્વચ્છ પદાર્થનું ગ્રહણ કાં ન કરવું? તે વિષે કાંઈ સબળ કારણ નથી. "પશુના યજેત" એટલે જીવંત પશુને સાવયવ હોમાગ્નિમાં હોમી દેવો, એવો અનર્થ કરવો સયુક્તિક નથી; તેમજ તેને મારીને તેનું માંસ હોમવું, એવો પણ અનર્થ કરવો સયુક્તિક નથી. પણ તે પશુ સ્વાભાવિક મરણ પર્યંત જીવંત રહ્યાથી તેના શરીર થકી જે દુગ્ધ ઘૃતાદિ શુદ્ધ પદાર્થો દીર્ઘ કાળ સુધી પ્રાપ્ત થાય છે, તેવા સુવાસીક પદાર્થનો સદૈવ પવિત્ર હોમ કરવો, એજ અર્થ સયુક્તિક છે. પોતાના નિરૂપયોગી શરીરને પ્રિય અને પૂજ્ય ગણી તેને પોષવું અને પશુના પરોપકારી શરીરનું નિરર્થક હનન કરી તેની દુર્દશા કરવી, અને દુગ્ધ ઘૃતાદિ સદુપયોગી ઉત્તમ પદાર્થોનો સદૈવનો લાભ મિથ્યા જીવ્હા સ્વાદાર્થે ખોવો, એ ધર્મ કે ન્યાય યુક્ત મનુષ્ય કર્મ ન કહેવાય. ઉપરાંત "यजमानस्य पशून् पाहि" એનો અર્થ:– યજમાનના પશુઓનું સંરક્ષણ કરવું, એવું પ્રત્યક્ષ પ્રમાણ વેદમાં જે અર્થે છે, તેજ અર્થે પશુને મારવું નહીં, એવો શાસ્ત્રાનુકુળ અર્થ કરવો યોગ્ય અને સયુક્તિક છે. તાત્પર્ય, પશુ શબ્દથી પશુ સંભાવીત દુગ્ધ ઘૃતાદિ શુદ્ધ નિર્દોષ પદાર્થોજ ગ્રાહ્ય છે; એમ અર્થ કરવો એજ વાસ્તવિક મનુષ્યપણું છે. વળી તેમ । वायव्यं श्वेत मालभेत । એનો સત્યાર્થ એવો છે કે તુષ રહિત સફેત ચોખાના લોટ કે ભાતથી વાયુ શુધ્ધ્યર્થે હવન કરવો, તે અર્થને ઉડાવીને તેની જગોએ એવો દુષ્ટ અર્થ સમજાવે છે કે ધોળા બકરાને દર્ભ રજ્જુથી મારીને તેના માંસની આહુતિ આપી, તેજ હોમાગ્નિપર સીજવીને ખાઇએ તો વાયુ લોકની પ્રાપ્તિ થાય. પણ તે દુષ્ટ એટલું સમજતા નથી કે એવા જડ દુષ્ટ તમોગુણી પદાર્થ ખાધાથી તો વાયુ રોગની પ્રાપ્તિ થવાનો સંભવ છે. વળી તે ઉપરાંત મીથ્યા કામોત્પત્તિને વધારનારા તે માંસ ભોજી ભટજીઓએ યજ્ઞકર્ત્તા યજમાનની પત્નીનું શીલ ભંગ કરીને પોતાની દુષ્ટ વાંચ્છના પુરી પાડવાને વેદોક્ત મંત્રના સત્યાર્થ વિરૂદ્ધ એવો તો અવાચ્ય અને અમંગળ અર્થ સમજાવે છે કે તે આ જગોએ હમારે હાથે લખી પ્રકટ કરવાને હમને સંકોચ અને લજ્જા પ્રાપ્ત થાય છે, તો પછી મનુષ્યની સમક્ષ તો તેનો ઉચ્ચારજ કેમ થઇ શકે? તોપણ બંધુ વર્ગની ખાત્રી કરવાને માટે સત્યાર્થ સહિત થોડા વેદ મંત્રને નીચે આપી, તેનો વિપરીત અર્થ રાક્ષસોએ કેવી રીતે ફેલાવ્યો છે, તે કાંઈક નમુનારૂપે દર્શાવું છું:–

॥ गणानां त्वा गणपतिं हवामहे प्रियाणां त्वा प्रियपतिं हवामहे निधिनां त्वा ।
। निधिपतिं हवामहे वसो मम ॥ आहमजानि गर्भधमा त्वमजासि गर्भधं ॥

એટલે અમને ઇષ્ટ, મિત્ર, મોક્ષાદિ સુખ આપીને અને આનંદ વૃત્તીમાં રાખીને અમારૂં રક્ષણ કરનારા એવા જે આપ ઉત્પન્ન માત્ર જડ ચૈતન્ય સમૂહના સમૂહપતિ, પ્રિયપતિ, અને નિધિપતિ સર્વ શક્તિમાન ઈશ્વરને ઉપાસ્ય જા-

શ્રીને પ્રેમ ભક્તિથી સ્તવન કરીએ છીએ. હે જગદીશ; આપ સ્વસામર્થ્યને બળે સર્વ સૃષ્ટિ રચનારા તત્વ અને દ્રવ્ય ઉત્પન્ન કરનારા હોવાથી આપ ગર્ભધમ્ કહેવાઓ છો. અને આપ અજન્મા છો. (હવે આ મંત્ર પર મહીધર નિંદ્ય ભાષ્યઃ–) अस्मिन्मंत्रे गणपति शब्दादश्वो वाजी ग्रहीतव्य इति । तद्यथा महिषी यजमानस्य पत्नी यज्ञशालायां पश्यतां सर्वेषामृत्विजामश्वसमीपे शेते शयाना सत्याह हे अश्व गर्भधं गर्भ धारकं रेतः अहं आ अजानि आकृष्य क्षिपामि त्वंच गर्भधं आ अजासि आकृष्य क्षिपसि એટલે યજમાનની સ્ત્રીને પુરોહિતની સમક્ષ અશ્વપાસે સુવાડીને તેના મુખથી કહેવડાવવું કે હે ગર્ભધારક! તારા વીર્યને આકર્ષીને હું + + + લઉં છું – તે તું મારી + + + સ્થાપન કર. એવો એ અર્થનો ભાવાર્થ લંપટપણાનો છે. તેથી લાજને મારે ટુંકમાં લખી જણાવ્યો છે.

॥ ता उभौ चतुरःपदःसंप्रसारयाव स्वर्गेलोके प्रोर्णुवाथां वृषावाजीरेतो धारेतो दधातु ॥

॥ यकासकौ शकुंतिका हलगिति वंचति । आहंति गभे पसो निगल्गलीति धारका ॥

એટલે રાજા અને પ્રજા બેઉએ મળીને ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારે પદની સિદ્ધિ અર્થે પુરૂપાર્થી થવું. રાજા અને પ્રજા એ બેઉએ સદ્ગુણી થઇને ઈશ્વરને જાણવો. જેણે કરીને ઉભય પક્ષે સુખાનંદ સ્થિતિ પણું પ્રાપ્ત થાય છે. જ્યાં રાજા એકલોજ સ્વતંત્ર રાજ્ય કરે છે ત્યાં પ્રજા નિર્બલ થઇને દુઃખી થાય છે. અને રાજા દ્રવ્ય લોભથી પ્રજાને સર્વ પ્રકારે લુટે છે. અને તેના પર જુલમ ગુજારે છે. માટે એકલાજ રાજાની સ્વતંત્ર સત્તાને પ્રજાએ માન્ય રાખવી નહી; પણ ધાર્મિક વિદ્વાન્ લોકોની સભા સ્થાપીને સર્વ રાજ્ય કારોબાર તેમને આધીન હોવો જોઇએ. આ મંત્રનો, ખોટા ભાષ્યમાં યજમાન પત્ની સાથે પુરોહિત હાસ્ય વિનોદપર ભાષણ અને ગમન કરે છે, એવો પ્રકાર દેખાય છે. તે એટલો અપ્રશસ્ત, અવાચ્ય, અને નિર્લજ્જપણાનો છે, કે– તે લખવામાં સરકારી પીનલકોડ કાયદાનો ભય લાગે છે. આવા ખોટા ભાષ્ય છાપેલા હોવાથી સરકારની પરવાનગીથી આ ગ્રંથમાં નિદાન તે લેવું, એવું મનમાં હતું; પરંતુ ગ્રંથ ચાર માણસની વચ્ચે વાંચવો અપ્રશસ્ત દેખાય માટે તે આ જગોએ લીધો નથી. ચિકિત્સા કરનારા શોધક પુરૂષોએ મહીધરકૃત ભાષ્ય જોવું. माताचतेपिताचतेऽग्रंवृक्षस्यरोहतः । प्रतिलामीतितेपितागभेमुष्टिमतᳲसयत् । એટલે હે મનુષ્ય પૃથ્વી અને વિદ્યા તારે માતૃસમાન, અને સૂર્ય અને વિદ્વાન્ તારે પિતા સમાન છે. ધન એ રાજ્ય શિરોમણી છે. વિદ્યા અને ધન એ બેઉ મળી મનુષ્યને શોભા આપે છે, અને રાજ્યમાં સુખ પ્રાપ્તિ કરી આપે છે. રાજા પોતાને બળે કરીને પ્રજાને લુટે છે. જ્યાં એકલો રાજા રાજ્ય ચલાવતો હોય ત્યાં તે પોતાના રાજ્યકારભારમાં પક્ષપાત કરીને પ્રજાને સુખ આપનારી સંપત્તિને લુટે છે. તે માટે એકલા રાજાનો સ્વીકાર કરવો નહીં. પણ તે અધ્યક્ષ સહિત સભાની આજ્ઞા માનવી. (એનાપર મહીધર નિંદ્ય ભાષ્ય) ब्रह्मामहिषीमाहमहिषि हये हये महिषि ते तव माता च पुनस्तव ते पिता यदावृक्षस्यकाष्ठमयस्य मंचकस्याग्रमपरिमाणं रोहतः तदाते पिता-

ગભે ભગે મુષ્ટિં મુષ્ટિતુલ્યં લિંગમતં સયત્તં સયતિ પ્રક્ષિપતિ એવં તવોત્પાત્તિઃ તવ ભોગેન સ્નિગ્ધામીતિવદન્ એવં તવોત્પાત્તિઃ આ ઉપરના મંત્રમાં "ગભ" નો "ભગ" એવો વર્ણ વિપર્યાસ કરીને કરેલા અત્યંત અવાચ્ય હાસ્ય વિનોદપર કરેલો અર્થ ગુજરાતી ભાષામાં ઉઘાડો લખવાને ઘણો સંકોચ અને લજ્જા લાગે છે. ચિકિત્સક શોધકે સંસ્કૃત જાણનારાપાસે તેનો અર્થ ખુલ્લો કરી સમજી લેવો. उत्सक्थ्या अवगुदं धेहि-समंजिं चारया वृषन् । यःस्त्रीणां जीव भोजनः ॥ એટલે અધ્યક્ષ સહિત વિદ્વાન લોકોની સભા હોવાથી આ સંસાર સંબંધી સર્વ લોકની મનકામના પૂર્ણ થાય છે. તેમાટે સભાએ એક સંમત્તીથી પ્રજાની અંદર જ્ઞાનની વૃદ્ધિ કરીને યથાન્યાય સુખ પ્રજાને આપવું : અને વ્યભિચારી, ઠગ, ચોર, કુમાર્ગદર્શક, એવા દોષી પુરૂષ અને સ્ત્રીઓને ઊંધે માથે લટકાવીને શિક્ષા કરવી. તેણે કરીને પ્રજાને સુખ થાય છે. એજ મંત્રનું મહીધર ભાષ્ય ઘણું લજ્જા ભરેલું લખવાને અયોગ્ય છે. તેની અંદર પુરોહિત અને યજમાનપત્નીની એમના ભોગકાળની સ્થિતિ અને તત્સંબંધે યજમાનની પુરોહિત પ્રત્યે અસભ્ય પ્રાર્થના, એવો પ્રકાર છે. તે અપ્રશસ્ત નિર્લજ્જપણાનો હોવાથી પીનલકોડના ભયથી લખી શકાતો નથી. સુજ્ઞ શોધકને તે ભાષ્ય જોયાથી સમજાશે.* આપ્રમાણે યજુર્વેદની કેવળ રાજનીતી ઉપર હોનારી 'ઋચા' મંત્ર યજ્ઞકર્ત્તા યજમાનપત્નિના ઉપભોગ વગેરે તરફ લગાડી મહીધર સરખા મદ્યમાંસ સેવન કરનાર જારકર્મી મ્લેં૦ કુ૦ ભટજીએ વેદના સત્ય અર્થ વિરૂદ્ધ ભાષ્યો રચી દુર્દશા કીધી તે વિષે ક્યાંસુધી લખીએ ! હવે વિષયી — વ્યભિચારી મહીધરે અર્થ સંબંધે યજુર્વેદની દુર્દશા કરી, તેજ પ્રમાણે સાયણે પણ બહુ માન્ય ઋગ્વેદની દુર્દશા કરી

---

* એવા ખોટા ભાષ્યપરથી યુરોપના કેટલાએક લોકે પોતાની ભાષામાં અજાણે વેદના તે ખોટા અર્થ લખેલા છે. અને તે ખોટા અર્થપરથી સાંપ્રત કાળમાં ઇંગ્રેજી ભણેળા કેટલાક અનાર્ય હિંદુ લોક વેદાર્થ જાણવાનો ફોકટ ડોળ ઘાલે છે. માટે આવા પોકલ ડોળ ઘાલનારાપર અને તે ખોટા અર્થપર કોઈ આર્ય બંધુએ વિશ્વાસ રાખવો નહીં. તેમજ વેદ ઇશ્વર પ્રણીત હોવાથી લોક તેપર વિશ્વાસ રાખીને તેમાં કહેલી ક્રિયા આચરવાને ઇચ્છે છે. તેવારે વેદપર વિશ્વાસ રાખનારા લોકોને તે વેદના સત્ય અર્થ વિરૂદ્ધ પશુ પ્રવૃત્તિને અનુસરનારા હિંસક યાજ્ઞિક લોકો તે અમંગળ કલ્પિત ખોટી ક્રિયા તરફ ભોળા લોકોના મન વાળીને ઠગબાજીથી મદ્ય માંસ સેવનનો, દક્ષિણા વગેરે પૈસા મેળવવાનો, અને યજ્ઞકર્ત્તા યજમાનની પત્નિ સાથે જાર કર્મ કરવાનો," પોતાનો દુષ્ટ હેતુ સાધે છે. ત્યારે હવે ઠકબાજીથી દ્રવ્ય સંપાદન કરવાનો, દગલબાજીથી બલાત્કારે સંભોગ કરવાનો, વેદનો ખોટો અર્થ કરીને તેનું અપમાન કરવાનો, બકરાને દર્ભ રજ્જુથી ગળુ રૂંધીને શ્વાસ અટકાવીને શસ્ત્ર ન લગાડતાં તેને ટળવળાવીને અને હાલ હવાલ કરીને મારવાનો, એવા પ્રકારના ગુન્હાની શિક્ષાને માટે પીનલકોડના કાયદા પ્રમાણે તે હિંસક યાજ્ઞિક પાત્ર થાય છે એવું જાણવું. હવે મનુષ્ય પશ્વાદિ પ્રાણી બળી

નાંખી છે. આ સાયણ સુમારે ૩૦૦ વર્ષપર કર્ણાટક પ્રાંતમાં તુંગભદ્રા નદીને કિનારે વિજય નગરના બુક્ક નામે રાજાનો દિવાન થઇ ગયો, તેણે પોતાના ભાઇ માધવ અને બીજા સંસ્કૃત જાણનારા અનેક ભાડુતીને બેસાડીને પોતાના નામથી ઋગ્વેદ ભાષ્ય રચાવ્યું, તેમાં તેણે તે સમયે જે પૌરાણિક મત પ્રચલિત હતો, તેને પુષ્ટિ આપવાને તે મતને અનુસરતા ઘણીક ઋચાના અર્થ ઠોકી દીધા છે, તે સર્વનું પરિસ્ફોટ ગ્રંથ વિસ્તાર ભયને લીધે આ જગોએ કરી શકાતું નથી. તથાપિ તે બાબે લોકોની વિશેષ ખાત્રી થવા માટે બે ત્રણ પ્રમાણ આપું છું. “अदो यद्दारु प्लवते सिंधोः पारे अपूरुषं। तदा रभस्व दुर्हणो तेन गच्छ परस्तरं” दारु એટલે दारुमयं, पुरुषोत्तमाख्यं देवता शरीरं અર્થાત્ પુરૂષોત્તમ નામનો હાડમાંસનો હાથપગવાળો એક દેવ, तरणीयं એટલે उत्कृष्टं वैष्णव लोकं અર્થાત્ વિષ્ણુ સાંપ્રદાયી લોકોનું ગામ, એવો અર્થ સાયણે કર્યો છે. પણ વાસ્તવિક તો दारु શબ્દનો અર્થ વૃક્ષ કાષ્ટ, અને તે કાષ્ટથી બનતી નૌકા “પ્રત્યક્ષ પદાર્થ,” એવો છે. તે સત્યાર્થને ઉડાવીને આ હાડમાંસી ચાર ભુજી વિષ્ણુ અને તેવીજ તેની સ્ત્રી લક્ષ્મી કલ્પીને તેનું વિષ્ણુલોક ઠોકીને પુરાણિક મત સિદ્ધ કરવાનો પ્રયત્ન કીધો. પણ તે ક્યાં હતું, અને હાલ છે કે નહીં, તે પરમેશ્વર જાણે; સાયણ વૈષ્ણવ મતનો હોવાથી તેણે તેમ પ્રયત્ન કર્યો; તે શિવ, વલ્લભ, ગણપતિ કે દેવી માર્ગનો હત, તો તે તેવો પ્રયત્ન કરતે; વળી इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदं આ ऋग् ભાગમાંના त्रेधा અને पदं એ બે શબ્દ પર, विष्णुस्त्रिविक्रमावतार धारीदं सर्वं जगदुद्दिश्य विचक्रमे त्रिभिः प्रकारैः स्वकीयं पादं प्रक्षिप्तवान् એટલે ઈશ્વરે ત્રિવિક્રમ નામક મનુષ્ય અવતાર લઇને ત્રણ પગલા-

---

આપવાના સંબંધમાં આચાર્ય, શાસ્ત્રી પંડિત મનાવનારા માંસ ખાદક, ધર્મભ્રષ્ટ લોક યજુર્વેદપર જે આક્ષેપ કાઢે છે, તેનું નિરસન પ્રસ્તુત વિષયને અનુસરીને જે મુખ્યેત્વે કરવાનું, તે પરસ્થ યુરોપીયન નિષ્પક્ષપાત વિદ્વાને કરેલું છે. તેજ આ જગોએ આપું છું; કે જેથી સામાન્ય લોકોની તેમજ ઇંગ્રેજી ભણેળા બી. એ. વગેરે પદવી ધારણ કરનારા કેટલાક હિંદુ ભાઇઓ વેદ ઉપર હિંસાનો આરોપ વગર સમજે આણેછે, તેમની વિશેષ ખાત્રી થાય અને ગ્રંથ વિસ્તાર પણ વિનાકારણ થાય નહીં. કોલબ્રુક અને મ્યૂર અનુક્રમે કહે છે:—

The *Ashva-medha* and *Purusha-medha*, celebrated in the manner directed by this (Yajus) Veda, are not really sacrifices of horses and men. In the first mentioned ceremony, six hundred and nine animals of various prescribed kinds domestic and wild, including birds, fish, and reptiles, are made fast, the tame ones to twenty-one posts, and the wild, in the intervals between the pillors; and, after certain prayers have been recited, the victims are let loose without injury. In the other a hundred & eighty five men of various specified tribes, characters & professions, are bound to eleven posts; and after the hymn concerning

માં આ જગતની સર્વે જમીન સમાવી દીધી. એવી પૌરાણિક કલ્પના સાથણે ઠોકી બેસાડી. એ ત્રિવિક્રમની દંત કથા એવી છે કે કોઈ અંબરીષ નામે રાજા મહા વિષ્ણુભક્ત વ્રતસ્થ હોવાથી ઇંદ્રદેવને મોટી ચિન્તા થઇ પડી કે રખેને આ કોઈ વેળા મારૂં ઇંદ્રપદ લઇ લે. તે માટે ઇંદ્રે તેનું વ્રતભંગ કરાવવા સારૂ કોઈ દુર્વાસ નામના પુરૂષને મોકલ્યો; તેણે તેને ઘેર જઈને જમવાના ધામા નાંખ્યા. પણ તે સ્નાન

---

the allegorical immolation of Naráyan has been recited, these human victims are liberated unhurt; and oblations of butter are made on the sacrificial fire." This mode of performing the *Ashva-medha* and *Purusha-medha*, as emblematic ceremonies, not as real sacrifices, is taught in this *Veda*: and the interpretation is fully confirmed by the rituals, & by commentators on the *Sanhita* & *Bráhman*; one of whom assigns as the reason, 'because the flesh of victims which have been actually sacrificed at a *Yajnya* must be eaten by the persons who offer the sacrifice: but a man can't be allowed, much less required, to eat human flesh. It may be hence inferred or conjectured at least, that human sacrifices were not authorised by the *Veda* itself; but were either then abrogated & an emblematic ceremony substituted in their place; or they must have been introduced in later times, on the authority of certain *Puráns* & *Tantras*, fabricated by persons, who, in this as in other matters, established many unjustifiable practices, on the foundation of emblems and allegories which they misunderstood.

Hence Mr. Colebroke concludes that human sacrifices were not authorized by the *Veda* itself; but were either then abrogated & an emblematic ceremony substituted in their places, or they were introduced, in later times by the authors of such works as the Káliká Purán, for instance, in which minute directions are given for the offering of a human victim to Káli, whom it is said his blood satisfies for a thousand years. That human offerings to the dark forms of Shiva & Durgá were sometimes perpetrated in later times. + + No such divinities, neither Shiva, or Durgá, much less any of their terrific forms, are even named in the Vedas & therefore these works could not be authority for their sanguinary worship. That the practice is enjoined on particular occasions by the Tantras & some of the Puráns is, no doubt, true; but these are works of a much later date, within the limits mostly of the Mohamedan Government within the period of which the works were compiled + + These practices, therefore, are of a very different character from those which there is reason to believe might have actually taken place though rarely and under special circumstances under the authority of the Veda, and which originated in a common feel-

કરીને જમવા આવ્યાની અગાઉ તે અંબરીષ રાજાએ વ્રત વેળા ટળતી જોઇને થોડું પાણી પીધું. તેથી દુર્વાસને ક્રોધ આવ્યો, અને તેણે તે રાજાને એવો શ્રાપ દિધો, કે મનુષ્ય પશ્વાદિ યોનીમાં તારા દશ અવતાર પૃથ્વિપર થશે. તે શ્રાપ તે પોતાનો ભક્ત જાણી વિષ્ણુએ પોતે સ્વીકારી લઇ તે તે દશ જન્મ પોતે લીધા. તેમાંનો મનુષ્યજન્મ તેણે એક બ્રાહ્મણને ત્યાં લીધો. અને ત્રિવિક્રમ નામ ધારણ કરીને ક-

---

ing and faith diffused through out the most civilized nations of the world–the nations of the East–in the remotest period of antiquity.

અર્થ:– યજુર્વેદ પ્રદર્શિત અશ્વમેધ અને પુરૂષ મેધ સંબંધી લખેલા ગ્રંથ વિધિમાંપણ પ્રત્યક્ષ ઘોડાનો કે મનુષ્યનો બળી આપવો, એવું બીલકુલ નથી. તેમાં દર્શાવેળા પ્રથમ વિધિમાં નિયોજીત અનેક જાતીના પક્ષી, મત્સ્ય, અને પેટે ચાલનારા બીજા જીવ વગેરે પલાય એવા અને જંગલી જીવ મલીને ૬૦૯ પ્રાણી હોવા જોઇએ; તેમાંથી પળાય એવા ૨૧ ને સ્થંભ સાથે અને જંગળીને તેમના વચગાળામાં બાંધી રાખવા અને પછી કેટલીક પ્રાર્થના કરીને તે પ્રાણીઓને દુઃખ દીધાવિના છોડી મુકવા; અને બીજા વિધિમાં નિયોજીત અનેક જાતી, સ્વભાવ, અને ધંધાના ૧૮૫ મનુષ્યોને ૧૧ સ્થંભ સાથે બાંધવા. અને પછી નારાયણ સૂક્તથી પ્રાર્થના કર્યા પછી તે સર્વને ઈજા દીધાવિના છોડી દેવા; અને તે પછી યજ્ઞમાં ઘૃતાહુતિ આપવાની છે. યજુર્વેદ સંબંધે અશ્વમેધ અને પુરૂષ મેધનો આવો આ વિધિ વિશેષ લાક્ષણીક સંકેતાર્થ દ્યોતક હોય, પણ તે પ્રત્યક્ષ બળી વિધાયકનો નથી, એવું પ્રયોગ વિધિ, તેમજ સહિંતા અને બ્રાહ્મણ ગ્રંથના ભાષ્ય ઉપરથી સિદ્ધ થાય છે. મનુષ્ય બળી ન આપવાના સંબંધમાં એક ભાષ્યકાર એવું કારણ દેખાડે છે, કે યજ્ઞકર્ત્તાએ યજ્ઞમાં પ્રત્યક્ષ મારેલા બળીનું માંસ ખાવું જોઇએ, એવું વિધાન છે; તથાપિ મનુષ્યે મનુષ્યનું માંસ ખાવાની છુટ તો તેમાં નાહજ હોવાની; એ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે ખુદ વેદની અંદર મનુષ્ય બળીનું વિધાન છેજ નહીં; પણ પછવાડેથી વેદ વિરૂદ્ધાચાર ફેલાવા લાગ્યો, અને તેણે તે લાક્ષણીક વિધિને બદલી નાંખી, કે અર્વાચીન કાળના પુરાણો અને તંત્ર પુસ્તકોપરથી તે વિધિ ઉત્પન્ન થયલો હોવો જોઇએ. એ પુરાણ અને તંત્ર ગ્રંથને કેટલાક લોકે વેદની અંદરનો લાક્ષણીક અને અલંકારીક અર્થ ન સમજીને ક્ષેપક વચનથી દૂષિત કરી, ક્રૂર અને અન્યાયના બીજા અનેક ક્રિયા કર્મ ચલાવ્યા છે; અને તેજ પ્રકાર અહીં પાડેલો છે. મનુષ્ય બળી સ્વતઃ વેદ નિર્દિષ્ટ નથી. પણ તે કોઈ કાળે ચાલતો હતો તો પછવાડેથી રદ કરીને તેની જગોએ લાક્ષણીક સંસ્કાર સ્થાપેલો એમ હોય; કાં તો, અર્વાચીન કાલીકા પુરાણ સરખા પુસ્તકો જેમાં કાલીકાને મનુષ્ય બલી આપવાનો સવિસ્તર વિધિ દર્શાવેલો છે, તેની અંદર તે બલીના રક્તથી એક હજાર વર્ષ લગી તે દેવી તૃપ્ત રહે છે, એવો ઉલ્લેખ કરેલો છે, એવા પુસ્તક કરનારાએ પ્રચારમાં આણેલો હોવો જોઇએ. તેપરથી શિવ અને દુર્ગાની ઉગ્ર મૂર્તિ પ્રીત્યર્થે

પટ કરી બળી રાજાની સર્વે જમીન હરણ કરી લીધી. અને તેને દિગંતરમાં હાંકી કાઢયો. આવા તે અસંભવ્ય પૌરાણિક ગપ્પાને ઉપલી વેદ ઋચા સાથે જોડી દઇને પોતાનો વાંછિત હેતુ પાર પાડવાનો પ્રયત્ન કીધો, તેને હાલના પૌરાણિક સ્વાર્થી શાસ્ત્રી પંડિત સશાસ્ત્ર મનાવે છે. પણ જરા એવો વિચાર કરતા નથી કે, પુરાણ આજકાલના રચાયલા; અને વેદ સૃષ્ટિની આરંભમાં મનુષ્ય ઉત્પત્તિની પૂર્વના ઈશ્વર પ્રણીત; એ બે વચ્ચે અસ્માન જમીન જેટલુ અંતર, તે બેનું સંમેલન કેમ ચાલી શકશે ? વલી એ ત્રિવિક્રમ વિષ્ણુ મનુષ્ય દેહધારી અનિત્ય હોવાથી મરી પણ ગયો, તેવા અનિત્ય વિશેષ વ્યક્તિનું વર્ણન વેદમાં ક્યાંથી આવ્યું !! તાત્પર્ય એજ કે આ પૌરાણિક દંતકથાનો મજકુર ઋચા સાથે કાંઈપણ સંબંધ નથી એ ઋચાનો યાસ્કમુનિકૃત સત્યાર્થ આવો છે; વિષ્ણુ એટલે (विश्लृव्याप्तौ) સર્વ વ્યાપકેશ્વર. તેણે ત્રેધા એટલે ત્રણ પ્રકારનું પદં એટલે પ્રાપ્ય બ્રહ્માંડ નિદધે એટલે નિર્મ્યું ; તે ત્રણ પ્રકાર આઃ–૧ એક પ્રકાશ રહિત મૂઃ અર્થાત પૃથિવી; ૨ બીજું મુવઃ અર્થાત અત્યંત સૂક્ષ્મ પરમાણુ અને પ્રકૃતિમય અંતરિક્ષ; (એની સમુદ્ર, અર્ણવ, એવી પણ સંજ્ઞા છે; કારણ કે તેમાં મેઘરૂપ ઉદક ભરેલું છે.) ૩ ત્રીજું સ્વઃ એટલે પ્રકાશમય સૂર્યાદિલોક; એ રીતે છે. વળિ હાલના પ્રસિદ્ધ પંડિત દયાનંદ સરસ્વતી સ્વામીએ કિધેળા ભાષ્યમાં પણ જે અર્થ કરેલો છે, તેપણ તેને મળતોજ છે. તે સત્યાર્થ છોડી આવો દુર્ઘટ અર્થ કેમ માન્ય થાય છે ?

હવે પ્રસ્તુત વિષયપર આવીને સાયણે મનુષ્ય, પશ્વાદિ પ્રાણીનો બળી આપવા સંબંધી વૈદિક ઋચાપર કેવો આક્ષેપ આણ્યો છે, તેનો વિચાર કરીયે; ઋગ્વેદના પ્રથમ મંડળમાં ૧૯૧ સૂક્તો છે. તેમાંના ૨૪ થી ૩૦ લગીના જે સાત સૂક્ત

આધુનિક કાળમાં મનુષ્ય બલી આપે છે. શિવ કે દુર્ગા એવા વિકાળ અક્રાંતીઆ સ્વરૂપના દેવતા સંબંધી ઉલ્લેખ વેદની અંદર છેજ નહી, એટલુંજ નહીં, પણ દેવતા સંબંધી ભયંકરપણાનો લવલેશ પણ તેમાં નથી. અને એટલા માટેજ વેદ ગ્રંથ માંસ રૂધિર પૂજાને માટે પ્રમાણભૂત થઇ શકતો નથી. તંત્ર ગ્રંથો અને કેટલાક પુરાણ પુસ્તકો ઉપરથી માંસ રૂધીર પૂજાનો પ્રઘાત કોઇ વિશેષ પ્રસંગે અમલમાં આણેલો હોય, એવું નિઃસંશય ખરૂં લાગે છે આ પુસ્તકો ઘણાજ અર્વાચીન કાળમાં એટલે બહુધા મુસલમાની રાજ્યમાં રચાયલા છે. તે ઉપરથી વેદાધારે કરીને ક્વચિત્ કે પ્રસંગોપાતે જે પ્રચાર થવો જોઇતો હતો તેનાથી તદન ભિન્ન સ્વરૂપનો આ મનુષ્ય બળી આપવાનો પરિપાઠ પડયો છે, અને તેવા પરિપાઠ ઉપરથી પ્રાચીન કાળથીજ દુનિઆના પૂર્વ ભાગના અતિ સુધરેલા રાષ્ટ્રમાંના સર્વ સાધારણ લોકોના મનનું વલણ અને વિશ્વાસ મૂળથી તેપર બેસી ગયો છે એવું માનવાને કારણ મળે છે." તાત્પર્ય–મનુષ્ય બળી આપવાનો પ્રચાર પુરાણ તંત્રાદિ આધુનિક પુસ્તકોપરથી પડેલો હોવાથી તે વેદ ઉપરથી પડેલો છે, એવી ભ્રાંતિ મૂલક અસત્ય કલ્પના અશોધક અવિચારી લોકોના મનમાં ચોંટી ગઇછે.

છે, તેનો " મંત્ર દ્રષ્ટા–મંત્રાર્થ દ્યોતક ઋષિ" શુનઃ શેપ નામે છે. તે ઉપરથી પૌરાણિક ગપ્પામાંનો કોઇ 'શુનઃ શેપ' નામનો પુરૂષ જેને બળી આપવા સારૂ કતલ કરવા કાઢેલો, તે કથા આ વૈદિક શુનઃ શેપ ઋષિના નામપર લાગુ પાડીને આ દુષ્ટ કર્મ વૈદિક ઠરાવવાનો પ્રયત્ન આ ખાદડ ઘાતકી પુરૂષે કિધો. તે આધાર લઈ તેની પંક્તિના મૂર્ખ દુષ્ટ લોકો સઘળા પોતાના એવા ગપાષ્ટકી, નિંદ્ય, દુષ્ટ ક્રિયા કર્મને ઋગ્વેદપર લાગુ પાડી પોતાનો તે હેતુ સિદ્ધ કરવા મંડયા છે. એ શુનઃ શેપની અસંભવિત ગપાષ્ટક દંત કથા એક બ્રાહ્મણમાં અને રામાયણાદિ પૌરાણિક પુસ્તકમાં મળી આવે છે. તે આવી રીતે છે:–પૂર્વે એક હરિશ્ચંદ્ર રાજાને સો સ્ત્રીઓ હોવા છતાં એક પણ સંતાનની પ્રાપ્તિ થતી નહતી. પછી નારદના કહેવા ઉપરથી તે જળ દેવ વરૂણ પાસે ગયો. અને કહ્યું કે મને એક પુત્ર આપો, હું તેજ પુત્રનું તમને પાછુ બલીદાન આપીશ. તે કહેવું તેણે માન્ય કરીને એક પુત્ર તેને આપ્યો. જેનું નામ " રોહિત " હતું. (આ જગોએ વિચાર કરવાનો છે કે, માંગનાર અને આપનાર તથા આવું ધર્મ દ્યોતક ગ્રંથમાં લખનાર કેવા બુદ્ધિમાન ગણવા) આ કરાર પ્રમાણે પછી તે દાતા વરૂણે તે પુત્ર જન્મ્યો કે તરત તેનો બળી માંગ્યો, ત્યારે પ્રથમ માંગણીએ દશ દિવસનો થયા પછી; બીજી માંગણીએ દાંત આવ્યા પછી; ત્રીજી માંગણીએ દાંત પડી બીજા નવા દાંત આવ્યા પછી; અને તે પછી આગળ ધનુર્ધારી અને મોટો પ્રૌઢ થયા પછી; એવા અનેક વાયદા ચુકવી વરૂણ રાજાને ઉડાવ્યા કર્યો, અને ઘણા વર્ષ કહાડી નાંખ્યા. પછી છોકરો પુખ્ત ઉમ્મરે જ્યારે આવ્યો, ત્યારે નાઈલાજ થઇને છેવટે તે સઘળો વૃત્તાન્ત છોકરાને જણાવ્યો; તેવારે તે છોકરો મરણ ભયથી આ રાક્ષસોને હાથથી બચવાને માટે ધનુષ્ય લઇને અરણ્યમાં નાસી ગયો. પછી વરૂણને જ્યારે આ બળી ન મળ્યો, અને ઠગાયો, એમ સ્પષ્ટ માલમ પડયું, ત્યારે તેણે તે રાજાનું પેટ ફુગાવી ગરભિણી સ્ત્રી જેવું ફુલાવ્યું; અને તેમાં ચુંક ચાલવા લાગી. તે સાંભળીને પુત્ર રોહિત અરણ્યમાંથી પાછો ગામમાં આવ્યો. પણ ઇંદ્રે તેને ઘણો લાંબો બોધ આપીને સમજાવ્યું, કે ફરતા રહેવાથી તારા સઘળા પાતકો માર્ગમાંજ નષ્ટ થઈ જશે, અને તું ભવિષ્યમાં ભાગ્યશાલી નિવડીશ. તે સાંભળી રોહિત પાછો અરણ્યમાં ભટકવા લાગ્યો. પણ એક વર્ષ પુરૂ થયા પછી પાછો ગામમાં આવ્યો; ત્યારે ફરીને ઇંદ્રે પાછો બોધ કરી પાછો અરણ્યમાં કાઢયો ; એ પ્રમાણે સાત વર્ષ લગી ઇંદ્રે રોહિતને અરણ્યમાં ભટકાવ્યો. અને એવી રીતે ભટકતાં ભટકતાં તે કંગાળ અવસ્થાએ પહોંચેલા રોહિતે એક અજીગર્ત (જંગલી પૌરાણિક ઋષિ) ને જોયો. તેને શુનઃપુચ્છ, શુનઃશેપ, અને શુનોલાંગૂલ એવા ત્રણ પુત્ર હતા. તે માંસખાદડના પૌરાણિક ઋષિ પાસે રોહિતે જઇને માંગણી કરી કે, ૧૦૦ ગાય લઇને વરૂણ રાજાને બળીદાન આપવાને તમારો એક પુત્ર વેચાતો આપશો ? તે સાંભળી તે માંસ ખાદડના પૌરાણિક મહર્ષિ એટલે પછી પુછવાનું શું ? એક મોટા છોકરાને પોતાને હિસાબે રાખ્યો અને સૌથી નાના છોકરાને તેની માના હિ-

સાબમાં આપી. વચલા બીનવારસીને પેટભર દુધને લોભે સો ગાય માટે રોહિતને વેચાતો આપ્યો. પછી રોહિત તેને લઇને પોતાને ગામ આવ્યે, અને તે છોકરો બળી માટે પોતાને બાપને સ્વાધિન કિધો. તે હરિશ્ચંદ્ર રાજા ખુશી થઇ તે છોકરાને વરૂણ પાસે લઈ ગયો. વરૂણે જાણ્યું કે આ તો ક્ષત્રી કરતા બ્રાહ્મણ બળી ખાવા મલ્યો, એ તો ઘણું ઉત્તમ, એમ કહી તેણે તે બળી કબુલ કર્યો. પણ પછી યજ્ઞ સમયે તે શુનઃ શેપને યજ્ઞ મંડપના ખાંભા સાથે રજ્જુથી કસકસાવી બાંધવાનું કૂર કર્મ કરનાર કોઇ તે જગોએ તૈયાર થયો નહીં, ત્યારે બીજી સો ગાય આપીને તે શુનઃ શેપના કસાઇ બાપ અજીગર્ત, જે માંસ ખાદડના પૌરાણિક મહર્ષિ, તેને પોતાના છોકરાને તે ખાંભા સાથે બાંધવાને લઇ આવ્યા. તેણે આવી પોતાના છોકકરાને બળી અર્થે કસકસાવી બાંધ્યો. પણ પછી તેને તલવારથી ઠાર મારવો તે કોણ મારે? પણ તે કામ કરવાને પણ તે પિતા અજીગર્ત મહારાજ ત્રીજીવાર સો ગાય લઈ હાથમાં નાગી તલવાર લઇ તરત તૈયાર થયા (આવા પૌરાણિક માંસ ખાદડના મહર્ષીને તૈયાર થવામાં વાર શી?) પછી જ્યારે શુનઃ શેપે જોયું કે, ખરેખર મને મારો બાપ વધ કરવા તૈયાર થયો છે, ત્યારે તેણે कस्य नूनं આ મંત્રે પ્રજાપતિ દેવની પ્રાર્થના કરી કે મારી વહારે ધાઓ. પ્રજાપતીએ આવીને અગ્નિને વહારે બોલાવવાને કહ્યું, તેવારે अग्निर्वयं એ બીજા મંત્રથી પ્રાર્થના કરી અગ્નિને બોળાવ્યો, તેણે આવીને સવિતાને વહારે બોલાવવાને કહ્યું. તે પ્રમાણે अभित्वा મંત્રે સવિતાને વહારે બોલાવ્યો. પછી સવિતાએ વરૂણને, વરૂણે અગ્નિને, અગ્નિએ વિશ્વેદેવને અને વિશ્વેદેવે ઇંદ્રને વહારે બોલાવવાને કહ્યું; પછી ઇંદ્રે આવીને તેને સોનાનો રથ આપ્યો, અને અશ્વીને વહારે બોલાવવાને કહ્યું; અશ્વીએ આવી, ઉષાને વહારે બોલાવે તો છોડું એમ કહ્યું; ત્યારે તેણે ઉષાને વહારે ચઢી આવવાને પ્રાર્થના કરી. પછી તેના રજ્જુ બંધન હળવે હળવે તુટવા લાગ્યા. અને પછી રોહિતના બાપનું પેટ ઓસરવા લાગ્યું. અને અંતે છેવટની ઋચા બોલતાંજ શુનઃશેપ અને તેનો યજમાન હરિશ્ચંદ્ર દુઃખથી મુક્ત થયા." હવે આ જગોએ વિચારવાનું એ છે કે આ પૌરાણિક દંતકથાનો અજીગર્ત જેવા દુષ્ટ મનુષ્યનો પુત્ર શુનઃ શેપે સહલું વૈદિક સાત સૂક્ત આવા ભયંકર સંકટ સમયે રચ્યા. અને તે સૃષ્ટિના આરંભમાં જે ઈશ્વર પ્રણીત વેદ પ્રકટ થયા તેમાં પછવાડેથી ઘુસી ગયા એ કેવી આશ્ચર્યની વાત! શું માધવી સાયણે ભાંગના લોટા ચઢાવી આ લેખ કર્યો હશે? તેના પર દૈવ યોગે આવો પ્રસંગ આવ્યો હોય, તો તેનાથી આવી છંદોબદ્ધ આટલી ૭૯ ઋચા રચાય એવું તેનામાં ભાન રહેત કે? અને જો સાયણ જેવા સત્તાધારીની ધીરજ ન રહે, તો આવા * અનાર્ય દુષ્ટ અજીગર્તના મૂર્ખ પુત્રને ધીરજ કેમ રહે? અને

*શોધક યુરોપીયનની સમજમાં પણ એમ આવી ચુકયું છે કે ગાયના લોભથી પોતાના પેટના છોકરાનું ગળું કાપવાને તત્પર થયલો દુષ્ટ અજીગર્ત જેને પુરાણવાલા હિંસક લોકોએ 'ઋષિ' ઠોકી બેસાડયો છે, તે મૂળ અનાર્ય એટલે સેમિટિક હતો:—

તે મૂર્ખને મોઢેથી આવી ઋચા કેમ ઉત્પન્ન થાય ? એટલો પણ વિચાર આવું લખતી વખતે સાયણને ન આવ્યો ? શું તેણે એમ ધાર્યું હશે કે આ મારો હેતુ કોઈ સમજશે નહીં ? હશે ! તે ગમે તેમ હોય પણ સદહુ સાત સૂક્તો શુનઃશેપને ખંભા સાથે બાંધીને જ્યારે ઠાર કારવાને કાઢ્યો, તેવે ભયંકર સંકટ સમયે પોતાનો પ્રાણ બચાવવાને રચ્યા, એવું જે સાયણ કહે છે, એ સાધારણ બુદ્ધિમાન પણ માને નહીં. અને તેવાં પ્રકારનો તેમાં અર્થ પણ નથી. પણ સમયાનુકુળ વેદ પ્રતિપાદીત વિષયને અનુસરીને તે સપ્ત સૂક્તસ્થ ૭૯ મંત્રો છે. તેમાંની પેહેલી અને બીજી ઋચાનો અર્થઃ—"कस्य कतमस्य अमृतानां देवस्य चारुनाम' એટલે સૃષ્ટિમાં જન્મમરણ અને ત્રિવિધ તાપજન્ય અજ્ઞાન જનમાં જ્ઞાન પ્રકાશિત કર્તા–સર્વોત્તમ ગુણદાયક, એવો ગુણ સંપન્ન કોણ ? "मनामहे" અમારે સમજવો ? તદ્વત્ कः नः मह्यै अदितये पुनः दात्' એટલે હમને આ વિસ્તીર્ણ પૃથિવીપર પુનર્જન્મ કોણ આપે છે ? કે જેણે કરીને 'पितरं मातरं च दृशेयं' અર્થાત્ હમને માતાપિતાદિને જોવાની આવસ્યક્તા થઇ પડે છે. આ પ્રથમ ઋચામાંના પ્રશ્નનો ઉત્તર બીજી ઋચામાં દર્શાવેલો છે. તે માત્ર પ્રથમ મંત્રમાંના कस्य બદલ 'अग्निः' અને को બદલ "सः" એ બે શબ્દની યોજના એ; જગત્કર્ત્તા 'કયે કયે' ગુણે કરીને કેવો સમજવો, તે માટે એ પ્રથમ ઋચામાંના પ્રશ્નનો अग्निः એ ઉત્તર છે. "અગ્નિઃ" શબ્દનો ધાત્વર્થઃ— अञ्चुगति पूजनयोः એની અંદર ધ્યાન ગમન, અને પ્રાપ્તિ એવા ત્રણ અર્થ તથા તે ઉપરાંત પૂજન; એ પ્રમાણે સર્વ વ્યાપક સર્વજ્ઞ, જ્ઞાન સ્વરૂપ, જાણવા અને પ્રાપ્ત કરવા યોગ્ય–એવો અનાદિ, અવિનાશી, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, જગત્ પ્રકાશક, ઇત્યાદિ ગુણે કરીને ઓળખવો. "सः" એવો જે પરમાત્મા, તે આ વિસ્તીર્ણ પૃથિવીપર પુનર્જન્મ આપે છે. તેણે કરીને હમને માતાપિતાદિ દૃષ્ટિ ગોચર થાય છે. અર્થાત્ પરસ્પર સંબંધ ઘડાય છે. એવો આ પ્રથમની બે ઋચાનો સ્પષ્ટ અર્થ છે. તેમાં શુનઃશેપનું કાંઈ નામ કે નિશાન પણ નથી. પણ મનસ્વી સાયણે આ ઋચાના અર્થના પ્રારંભમાં शुनःशेपो यूपे बद्धः कं देवमुपधावानीति विचिकित्सति" એવી એક ગાંઠની પંક્તિ ઘુસાડી શુનઃ શેપ નો સં-

So revolting, indeed, is the description given of Ajigarta's behaviour in the Bráhman, that we should rather recognize in him a specimen of the un-A'ryan population of India.

• એટલે બ્રાહ્મણ ગ્રંથની અંદરનું અજીગર્તનું વર્તન એટલું તો આંગને કંપારી છોડવે એવું છે કે, તે ઉપરથી હિંદુસ્થાનમાંના અનાર્ય લોકોનો તો તે એક નમુનોજ છે એમ કેહેવાને કાંઈ હરકત નથી. આર્ય લોકોની વૈદિક વર્ણાશ્રમ બાબેની પદ્ધતિની અંદર અનાર્ય દ્રાવિડાદિ લોકોને ઘુસી જવાનો લાગ મળેલો હોવો જોઇએ. અને તેથીજ બ્રાહ્મણાદિ પુસ્તકમાં તે અનાર્ય અજીગર્તને 'બ્રાહ્મણ' ગણી લેવામાં આવેલો દેખાય છે.

બંધ જોડી, આ પ્રમાણે મનોવાંછિત અર્થોત્પત્તિ કરી છે. કે ' ખંભા સાથે બાંધીને ઠાર મારવા કાઢેલો શુનઃશેપ, મારી વારે ચઢી આવવાને કયા દેવની પ્રાર્થના કરૂં એવો વિચાર કરે છે. આવી અસંબંધ બાલખેલ કલ્પના આ ઋચાને 'અધ્યાહારિત' કાં લાગુ પાડી દીધી ? અને તે કયા આધારે ? શું એ ઋચામાં શુનઃશેપ, યુપ, બદ્ધ, એમાંનો એકપણ શબ્દ છે ? શું કાંઇપણ ઠોકી દેવું ? વળી શબ્દશઃ અર્થ વિવેચનની અંદર મનામહે એ ધાતુનો કર્ત્તા ' वयं शुनः शेप नामकाः ' એટલે 'હમે પુષ્કળ શુનઃશેપ નામના આસામી' એવું પોતાની પદરનું 'અધ્યાહારિત' ક્યાંથી લાવીને ઘુસાડ્યું ! વળી को देवो मां पुनरपि पृथिव्यै दद्यायेनं पितरं मातरं च पश्येयं એટલે "કોણ દેવ મને પાછો આ જગતમાં આણશે ? કે જેણે કરીને હું મારા માબાપને જોઉં" એવો પદને છેવટે માબાપને જોવાની ઈચ્છા દરશાવનારો યુક્તિ શૂન્ય અસંભવ્ય અર્થ શા આધારે કરવો ? જે માબાપે માત્ર ધનને લોભે ગાય લઇને પોતાના પેટના છોકરાને ઠાર મારવાને સાટે વેચ્યો, અને વળી બાપ પોતે હાથમાં તલવાર લઈ પોતાના છોકરાને પોતાને હાથે ઠાર મારવા નિર્દય થઇ છોકરાની સામે આવી કસાઈરૂપે તત્પર થઈ ઉભો રહેલો એવા ક્રૂર પુત્રઘાતી, નિર્દય માબાપનું મ્હોં જોવું તો બાજુપર રહ્યું, પણ કાન વાટે તેનું નામ સરખું પણ સ્મરણ કરવું ગમે નહીં, એ પ્રત્યક્ષ અનુભવ સિદ્ધ છે. તો પછી આવી પ્રીતિ અને પ્રેમ શૂન્ય દર્શનેચ્છા શુનઃશેપને આવે દુર્ઘટ પ્રસંગે થવી, એ કદિપણ સંભવે કે ? કલ્પિત વાત કાં ન હોય; તોપણ તેમાં કાંઇપણ તર્ક હોવો જોઇએ છે; વળી તેમજ બીજી ઋચાના પ્રારંભમાં ' प्रजापतेः प्रकाशात् तं देवमग्निनिश्चित्वानया तुष्टाव ' એટલે-તે દેવ અગ્નિ છે, એવી પ્રજાપતિની ખાત્રી લઈને આ ઋચાથી તેને સંતુષ્ટ કર્યો, એવી પદરની હકિકત અધ્યાહારિત ત્યાં જોડેલી છે; અને તેમજ "अग्निना प्रेरितः सन् सवितारं' 'सविता प्रेरितः शुनशेपो वरुणं' वरुणेन प्रेरितः शुनः शेपोऽग्निं ' अग्निना प्रेरितः शुनः शेपः विश्वान्देवान्" એ પ્રમાણે અમુક ૨ દેવતાની અમુક ૨ ઋચાથી વહારે દોડી આવવાની શુનઃશેપે એકેકની સૂચનાપરથી બીજા બીજાની પ્રાર્થના કરી આવી મનસોક્ત કાલ્પનિક વાત તે તે ઋચાનો અર્થ કરતી વખતે તેને પ્રારંભે અધ્યાહારિત ઠોકી બેસાડેલી છે, તે શા માટે ? તે વિષે આજ પર્યંત કોઇએ પણ પુછ્યું છે ! કે વિચાર કર્યો છે ! ! એટલું ભલું કે સાયણે બાયબલ કે કુરાનની એકાદ વાત અહિંઆં અધ્યાહારિત ઠોકી ઘાલી નહીં ! ! નહિં તો તેને પણ કોણ પુછતે ?

હવે જેમાં શુનઃશેપ શબ્દ છે, એવી ૧૨ મી ૧૩ મી બે ઋચા તપાસીયેઃ– यमह्वद् गृभीतः सो अस्मान् राजा वरुणो मुमोक्तु" એનો સત્યાર્થ આવો છેઃ– शुनःशेपो (शुनो विज्ञानवत इव शेपो विद्या स्पर्शो यस्य सः । निरुक्त ३ । १८) એટલે—અનેક વિદ્યા ભૂષિત અત્યન્ત જ્ઞાનવંત પુરૂષ, यं–જેને, अह्वत् સ્તવે છે, અને જે गृभीतः– ઉપાસનાએ કરીને ગૃહીત, सः તે, वरुण–શ્રેષ્ઠ, राजा–પ્રકાશમાન, अस्मान्–હમને

ધર્મ શીલને, मुमोक्तु-પાપ અને દુઃખ થકી છોડવે છે. આવો યોગ્ય સરળ મહ-ર્ષિકૃત અર્થ છતાં સાયણે गृभीतः (यूपे बद्धः) ખંભા સાથે બાંધેલા, शुनः शेपः (एतन्नामको जनः) એ નામનો આસામી, अस्मान् (शुनः शेपान्) અનેક શુનઃ શેપને (હવે આ જગોએ યજ્ઞ તો ચાલતો હતો, એકજ શુનઃ શેપનો; તેની અંદર આ બીજા અસંખ્ય શુનઃશેપ ક્યાંથી અને કેવી રીતે આવી પડયા ?) આવો વિપરીતાર્થ કરેલો છે. તેજ પ્રમાણે બીજી ઋચા :—" शुनःशेपो ह्यह्वद् गृभीत स्त्रीष्वादित्यं द्रुपदेषु बद्धः अवैनं राजा वरुणःससृज्याद्विद्वाँ अदब्धो वि मुमोक्तु पाशान्" એનો સયુક્તિક સત્યાર્થ આ પ્રમાણે છે :— शुनः शेपः-પૂર્વોક્ત વિદ્વાન, त्रिषु-કર્મ, ઉપાસના, જ્ઞાન એ ત્રણેમાં, आदित्यं —અવિનાશી પરમાત્માને, अह्वत्-આવ્હાન કરે છે. અને તે પ્રમાણે હમારા गृभीतः-સ્વીકારેલાં ઉક્ત ત્રિકર્મ પ્રકાશ કરે છે. અને જે द्रुपदेषु-(द्रुणां वृक्षादीनां पदानि फलादि प्राप्ति निमित्तानि) એટલે-ક્રિયા કુશળતા સિધ્યર્થે વૃક્ષના કાષ્ઠથી નૌ-કાદિ પદાર્થ કરવામાં, बद्धः-નિમગ્ન, નિપુણ, એવા વિદ્વાન અમને ગ્રાહ્ય છે. અને અનેક ગુણયુક્ત પદાર્થ अदब्धः-પ્રશંસનીય, वरुणः-શ્રેષ્ઠ, राजा-પ્રકાશમાન, अव स-सृज्यात् પૃથક રચીને સિદ્ધ કરે છે, તે હમને પણ આવા ગુણયુક્ત કામમાં સં-યુક્ત કરો. હે ભગવન્ ! હમારા पाशान् અજ્ઞાન દ્રારિદ્રયરૂપી બંધનો, वि मुमोक्तु-વા-રંવાર છુટો. એવો આ યોગ્ય સરળ અર્થને ઉડાવીને સાયણે गृभीतः-(बद्ध) બાંધેલા, त्रिषु-ત્રણ, द्रुपदेषु-(यूपस्य पदेषु) અનેક ખંભા સાથે, शुनः शेपः-એ નામનો આ-સામી, आदित्यं-(वरुण) વરૂણ નામના આસામીને, पाशान्-(बन्ध रज्जु विशेषान्) રજ્જુ બંધનો,- એવો ભળતોજ અર્થ લગાડી દીધો છે.

હવે પૌરાણિક શુનઃશેપનો સંબંધ લગાડેલી એક છેવટની ઋચા (બાકી સર્વ ઋચાના અર્થમાં શુનઃશેપનો કાંઇ પણ સંબંધ સાયણે દર્શાવ્યો નથી.) લ-ઇને સાયણના વિપરીત અર્થોનું દિગ્દર્શન વિસ્તાર ભયને લીધે હવે ટુંકમાં આટપી લઉં છું :—" उदुत्तमं वरुण पाशमस्म दवाधमं वि मध्यमं श्रथाय। अथा वयमादित्य व्रते तवा नागसो आदितये स्याम" આ ૧૫મી ઋચામાં—हे वरुण-સ્વીકારવા યોગ્ય પરમેશ્વર, अस्मत्-હમારા લોકના; अधमं-मध्यमं-उत्तमं=અલ્પ-મધ્યમ-અત્યંત નિકૃષ્ટ એવા; पाशं-દુઃખબંધનો; व्यवश्रथाय નષ્ટ કરો. અને हे आदित्य-વિનાશ રહિત ઇશ્વર, तव व्रते-તારી સત્યાચરણી આજ્ઞામાં; अनागसः-નિરપરાધી થઈને, अदितये-અખંડ સુ-ખાર્થે, स्याम-હમે નિયત થઇએ." આપ્રમાણેના આવા સરળ સત્યાર્થને સાયણે હ-ડતાળ લગાવીને, उदुत्तमं (शिरसि बद्धं पाशं)-કપાળે બાંધેલી રજ્જુ, अधमं (पादे अ-वस्थितं पाशं)-પગે બાંધેલી રજ્જુ, मध्यमं (नाभिप्रदेश गतं पाशं)- નાભી પ્રદેશપર બાંધેલી રજ્જુ, आदित्य (वरुण) એ નામનો આસામી, वयं (शुनः शेपाः)- હમે અનેક શુનઃશેપ નામના આસામી, व्रते-કર્મમાં, એવો યુક્તિ અને તર્કશૂન્ય ખોટો અર્થ કરેલો છે. આપ્રમાણે પૌરાણિક કથાને વૈદિક ઋચા સાથે જોડી દઇને પોતાની વાં-

ચ્છના પૂર્ણ કરવાને માટે વૈદિક ઋચાના આવા વિપરીત *અર્થ ભોળાઓને ભૂલાવવાને કરેલા છે, તેનું આ ટુંકમાં દિગ્દર્શન થયું.

હવે સદરહુ સૂક્ત સાથે પૌરાણિક શુનઃશેપની કથા લાગુ પાડવામાં કેટલો અને કેવો અસંભવ વિરોધ આવે છે, એનો થોડો વિચાર કરીને આ સાયણ વિષયને આટપી લઉં છું: (૧) પ્રજાપતિના કહેવા પરથી શુનઃશેપે સૂ૦ ૨૪ ની ૨ ઋચા બોલીને એકવાર બ્હારે આવવાની અગ્નિની પ્રાર્થના કરી; પછી વળી ફરીને વરૂણના કહેવા પરથી ૨૬-૨૭ આ ઋચા બોલીને અગ્નિની પ્રાર્થના કરી, એમ વળી સાયણ કહે છે, તેનું પ્રયોજન શું ? આ બેઉ સમયની ઋચામાં પ્રાણ સંકટ નિવારણાર્થ કાંઇપણ ઉલ્લેખ નથી. અને ખુદ સાયણ પોતે પણ પોતાના અર્થમાં પ્રાણ-

---

* આ પૌરાણિક શુનઃશેપની કથાનો સદહુ વૈદિક સૂક્ત સાથે કાંઇ પણ સંબંધ નથી, એવું સત્સવકતા શોધક ઇંગ્લિશોએ પણ પોતાના લેખમાં સિદ્ધ કરેલું છેઃ—

The object of his prayers is not however, very decidedly pronounced, and in many respects they resemble those of any other worshipper soliciting food, wealth, cattle, and long life, and although liberation from bonds is asked for, yet the text itself intimates that these are only figurative, being the fetters of sin. Neither does it appear that any of the deities called upon to rescue him from any situation of personal peril, and the recompense of his praises is the gift of a golden chariot by Indra, a present rather incompatible with his position as an intended victim. Hence the late Dr. Rosen was led to infer that the Vedik Hymn bore no relation to the legend of the Rámáyan, and offered no indication of a human victim deprecating death.

The Hymns ascribed to Shunashep contain nothing which would lead to the be-lief that they have any connection with the legend in the Rámáyan and Ait. Brahman.

ભાવાર્થ—તેનો પ્રાર્થનાનો ઉદ્દેશ સ્પષ્ટ વિસ્તૃત ઉલ્લેખિત નથી. તથાપિ તે પ્રાર્થનાં, અન્ન, દ્રવ્ય, ઢોરો અને પૂર્ણાયુષ્ય, એમની પ્રાપ્તિ અર્થે જેમ બીજી પ્રાર્થના છે, તેજ પ્રમાણે એ પુષ્કળ અંશે દેખાય છે. અને અગર જો બંધમુક્ત હોવા માટે તે વિનતિ કરેલી છે, તો પણ ફકત મંત્રનાજ અર્થે ઉપરથી એવું સ્પષ્ટ થાય છે, કે એ પ્રાર્થના કેવળ લાક્ષણિક છે. બંધ શાનો ? તો' પાપનો; બીજું, એકાદ શારીરિક દુઃખાવસ્થાથી મુક્ત હોવા માટે તે દેવતાઓમાંના એક દેવતાને તે આરાધવાની હતી; પણ તેવું કાંઈ દેખાતું નથી. માત્ર તે સ્તુતિના ફળમાં ઇંદ્રે તેને સોનાનો રથ આપ્યો; તે સિવાય, હવે બળીની બીહીતીથી છુટકો થવા માટે પ્રાર્થના કરી કહીએ, તો સોનાનો રથ બક્ષિસ આપવો, એ યુક્તિ અને તર્કશૂન્ય છે. અને તે કારણઉપરથી માજી ડા. રોઝન સાહેબની ખાત્રી થઇ કે સદરહુ વૈદિક મંત્ર સાથે રામાયણમાંની આ કલ્પિત વાતનો કાંઇપણ સંબંધ નથી. અને તે મંત્ર ઉપરથી મનુષ્યને બળી યોજી હાર મારવો એવો બોધ કોઇ પણ પ્રકારે થતો નથી. (મૂર)

સંકટ દર્શાવતો નથી. (૨) પોતાના બળી લેવાના દુરાગ્રહને વરૂણ છોડતો નથી; માટે બ્હારે આવવા બીજા દેવોની શુનઃશેપે પ્રાર્થના કરી, તો પછી તેની અંદર ફરીને વળી તેજ વરૂણની વચમાં તેણે પ્રાર્થના કરી, એ કેવો બાળ ખેલ !! વારૂ, તે ઠીક. પણ તે પ્રાર્થના તરીકેની માનેલી ઋચામાં પ્રાણ બચાવવા સંબંધીનો કાંઇ પણ આશય છે, એમ કહીયે તો તેપણ નથી !! (૩) ખુદ સાયણના પૌરાણિક મત પ્રમાણે તો ગળુ કાપીને ઠાર મારેળા બળીને પુનઃ જીવંત કરવાની શક્તિ અને ચાલ પૂર્વેથી ચાલતી આવેલી કહે છે, તે જો સત્ય હોય, તો પછી શુનઃશેપ મુઆ પછી પાછો જીવંત થવાના નિશ્ચયાત્મક ભરોસાપર રહી, શાંત રહ્યો હોત; અથવા તેમજ હરિશ્ચંદ્રના પુત્ર રોહિતને માર્યો હોત, તો તેમાં પણ શી અડચણ હતી ? તે પણ ફરીને જીવંત થયો હોત. તેને સાત વર્ષ લગી નાસી જઈને ભટકવાની શી જરૂર હતી ? તથા હરિશ્ચંદ્રને વરૂણને વાયદા કરી ઉડાવવાની શી જરૂર હતી ? અને તેમ કરી પોતાનું પેટ ફુગાવી આટલા કલેશને પ્રાપ્ત થવું તેને કેમ ગમતે ? તથા ત્રણસો ગાયો મૂલમાં આપી આ બિચારા બ્રાહ્મણના છોકરા શુનઃશેપને વેચાતો લઇ પોતાના છોકરાના બદળામાં તેનો બળી આપી, આ બ્રહ્મ હત્યાનું કામ કરવાને કેમ તત્પર થતે ? ગો બ્રાહ્મણ પ્રતિપાલક હરિશ્ચંદ્ર જેવો ધર્માત્મા રાજા તે આવું બ્રહ્મ હત્યાનું કામ કરવા, અને વરૂણ જેવો દેવ તે આવું બ્રહ્મ રાક્ષસનું કામ કરવા અને આ નિરપરાધી બ્રાહ્મણના પુત્રનો ભક્ષ કરવા કેમ તત્પર થાત ? શું વરૂણને બીજું કાંઈ ખાવા જેવું મળતું ન હતું ? વળી આવી રીતે જો મરેળુ પુનઃ જીવંત થઈ શકતું હોય, તો મને મારીને પાછો જીવંત કર એવી પ્રાર્થના શુનઃશેપે વરૂણ આગળ કે બીજા દેવ આગળ કાં ન કરી હોત ? (૪) વળી વરૂણને શુનઃ શેપની પ્રાર્થના પરથી તેના પર દયા આવી હોત, તો તેને છોડી દેવાને પોતે મુખત્યાર હતો, અને તેથી બધી વાતનો છેડો આવી જાત, એમ હતું; તેમ છતાં તેને અગ્નિને શરણે મોકલવાની તેને શી ગરજ ? આટળા બધા અગ્નિ, ઇંદ્રાદિ અનેક આસામી પાસે ધકેળવાનો આ વ્યાપાર શું કરવાને હોવો જોયતો હતો ? આ સઘળી સાયણની બાલ ચેષ્ટા કે કાંઈ બીજું ? (૫) જ્યારે સાયણ એમ કહે છે, કે પોતાનો છુટકો થવા માટે એટલે તેનું ગળુ કાપી હિંસાયજ્ઞ ન કરવા માટે શુનઃશેપે આ ઋચા આવે પ્રસંગે રચી, ત્યારે પછી તે ઋચાની અંદર "सेमं नो अध्वरं यज" એટલે આ અમારો યજ્ઞ સંપાદન કરવો, અર્થાત્ મારો બળી આપી, મારા માંસનો પુરોડાશ તમો સર્વ દેવને મળવા દો, એવી તેની પ્રાર્થના કેમ હોય ? ખુદ સાયણપર જો એવો પ્રસંગ હોત, તો મને મારીને ખાઓ, એમ તેણે પોતે કહ્યું હોત કે ? (૬) સાયણના કહેવા પ્રમાણે પ્રાણ સંકટમાં આવી પડેલા વખતમાં આ ઋચા રચેલી હોય, તો તે ઋચામાં "एनांसि शिश्रथः"—એટલે પાપથી છોડવ, "अस्मासु रयिं स्थापय"—હમને દોલત આપ, "ईशानं भागं त्वामीमहे"—હે દેવા ! તમારી હમે ઐશ્વર્ય પ્રાપ્ત્યર્થ પ્રાર્થના કરીયે છીએ, "भग तवावसा मूर्द्धानं राय आ रभे"

–હે પરમાત્મન્ આપની રક્ષણાદિ કૃપા દૃષ્ટિએ હમને ઉત્તમ ધન પ્રાપ્ત થાય. "प्रचेता राजन् कृतानि एनांसि क्षयन् शिश्रथः"– હે જ્ઞાન સ્વરૂપ પ્રકાશમાન ઈશ્વર, અમારા અજ્ઞાન જન્ય પાપને જ્ઞાનદાનથી શિથિલ કરો. "आतू न इंद्र शंसय गोष्वश्वेषु शुभ्रिषु सहस्रेषु तुवीमघ"–(આ પ્રાર્થના ૨૯ માં સૂક્તમાં એક પછી એક ૭ ઋચાની અંત લગી એક સરખી અક્ષરશઃ છે.) હમને હજારો ઉત્તમ ગાય ઘોડા આપીને પ્રખ્યાત કરો. હવે આ સ્થળે વિચાર કરવો જોઇએ કે, આવો પ્રાણ સંકટમાં આવી પડેલો મનુષ્ય પ્રાણ બચાવવા સારૂ ગભરાટમાં પડેલો, તે આવા ભયંકર પ્રસંગે વિદ્યા, રોગ રહીત શરીર, ધન, ગાય, ઘોડા આદિ એષ આરામની માગણીની વિનવણી કરે કે ? (૭) વળી 'सनो हिरण्यरथं दंसवान् अदात्' એટલે ઇંદ્રની પ્રાર્થના કિધાની સાથ ઇંદ્રે તે ખંભા સાથે બાંધેલા શુનઃશેપને સોનાનો રથ આપ્યો, એમ સાયણ કહે છે. પણ ઠાર મારવાને જેને ખંભા સાથે કસકસાવી બાંધેલો, તેને એવે દુઃખ દાવાનલ પ્રસંગે સોનાના રથને શું કરવો ! વિચાર કરો કે, માગનારો આવે પ્રસંગે સોનાનો રથ શું કરવા માગે ? અને ઇંદ્ર જેવો દેવોનો રાજા તે આવી અયોગ્ય માગણીને કેમ સ્વીકારે ? શું તરસની પીડા સાંકરથી મટે કે ! સાબાસરે સાયણ, તમારી પ્રૌઢ બુદ્ધિને ! (૮) ૨૪–૧૨ આ ઋચાનો "જે વરૂણને શુનઃશેપે હાંક મારી, તે વરૂણ હમને મુક્ત કરો" એવો અર્થ સાયણે કર્યો છે, તે ઉપરથીજ તે ઋચા તે સમયે રચીને તે બોલ્યો એમ કેમ સંભવે ? તે કોઈ બીજા પુરૂષે કહી એમ સ્પષ્ટ જણાતું નથી કે ? (૯) વરૂણના હાથમાંથી પોતાનો પ્રાણ બચાવવાને માટે શુનઃશેપે પ્રજાપતિ, અગ્નિ, સવિતા, ફરીને અગ્નિ, વિશ્વેદેવ, ઇંદ્ર, સોમ, ફરીને ઇંદ્ર, અશ્વિનૌ, એવા એક પછી એક ૨૧ દેવની તેમાં ઇંદ્ર અને અગ્નિની બેવાર મધ્યસ્થી આવી છે; પરંતુ બિચારા શુનઃશેપનું કાંઈ વળ્યું નહીં. પણ છેવટે ઉષા દેવી મધ્યસ્થ પડી, તેવારે બીચારાનો છુટકો થયો, એમ છેવટે સાયણ કહે છે; ત્યારે એ ઉપરથી તો એમ દેખાય છે કે, ઉષા તરૂણ સ્ત્રી હોવાથી તેને પ્રત્યક્ષમાં જોઇને વરૂણ તેના મોહમાં પડી ભોળવાઈ ગયો હશે ! પણ ભાઈ ! સદહું ઋચામાં તેવા અર્થજ નહી. છતાં આ કલિયુગી રાજ્ય પ્રપંચી પંડિત સાયણાચાર્યે પોતાના પક્ષનું મહત્વ વધારવાને સારૂ તેવો મન વાંચ્છીત અર્થ ઠોકી ઘાલ્યો હશે, એમ તેની લખવાની શૈલી પરથી પ્રત્યક્ષ થાય છે. (૧૦) જ્યારે શુનઃશેપ જેવા ધર્મહીન અજ્ઞાન પુરૂષનો આ પૃથિવીપર યજ્ઞ થયો, અને તેમાં આકાશમાંના રહેનારા વરૂણ, ઇંદ્ર, રૂદ્રાદિ દેવ ઉંચે આકાશમાંથી આટલે દૂર શુનઃશેપ જેવાના બોલાવ્યાથી તાબડતોબ. એક પછી એક હારબંધ દોડતા આવી પહોંચ્યા, એમ જ્યારે સાયણ કહે છે, તો પછી સાયણ જેવા સુશિક્ષિત ધર્મશીલ પ્રસિદ્ધ, જે તેના બળી આપનારા ખરા ભક્ત, હાલના શાસ્ત્રી પંડિત, જે આ વાત ખરી મનાવવા માગે છે, તે તેવો યજ્ઞ કરીને તે દેવોને યજ્ઞ શાળામાં કાં બોલાવતા નથી. અને સાયણનું કહેવું સત્ય છે, તે જાહેરમાં કાં સિદ્ધ કરી બતાવતા નથી ? કે લોકોની ખાત્રી થાય !!

આજ પ્રમાણે પૌરાણિક પ્રપંચી અને પાખંડી નિંદ્ય મતને વેદાધાર દેખાડવાને માટે મહીધર તથા સાયણ સરખા શાક્ત હિંસક મતવાદી આ પ્રમાણે વૈદિક ઋચાનો પોતાના તે મતને અનુસરતોજ ખોટો અર્થ કરીને પણ મુગા બેઠા નથી, પણ (વેદની અક્ષરશઃ ગણતી પ્રસિદ્ધ હોવાથી તેમાં કાંઇ ઘુસાઘુસી કરવાનો કાંઈ ઈલાજ જ્યારે ચાલ્યો નહીં ત્યારે) બ્રાહ્મણ, આરણ્યકોપનિષદાદિ ઋષિકૃત માન્ય પુસ્તકો, જેની અંદર કેટલીક વૈદિક ઋચાના અર્થનું સ્પષ્ટિકરણ કરેલું, તે પુસ્તકમાં પોતાના પૌરાણિક કપટી મતનું માંહે ઘુસાવી દઇને તે પુસ્તકોને વેદમાં ગણવાનો પરિપાઠ પણ ધર્માત્મા ભોલા લોકોને ભ્રમાવવાને ઠોકી બેસાડયો, અને જે વેદ નિષિદ્ધ કરેલા ક્રિયાકર્મો, તે વેદ પ્રતિપાદિત છે, એવું અભણ ભોળા લોકોની સમજમાં ઉતારવાને પ્રયત્ન કર્યો. અને બિગાડેલા બ્રાહ્મણાદિ ગ્રંથોને વેદમાં ગણાવી પોતાના નિંદ્ય કર્મને વેદ નામથી આચરવા માંડયાં, અને લોકોને પણ તેવો બોધ ઉપર ઉપરથી વેદને નામે કરવા માંડયો. તેથી તે બ્રાહ્મણારણ્યકાદિ ઋષિ પ્રણીત ગ્રંથો તેની વેદ સંજ્ઞા નથી, અને તેમના ઋષિના નામથી રચેલા નવા બનાવટી ગ્રંથો તે ઋષિપ્રણીત પણ નથી, તે દર્શાવવાને આવશ્યકતા આવી પડી માટે તે વિષે કાંઇક સ્પષ્ટિકરણ કરવામાં આવે છે.

એટલે હે પાર્વતી! મદ્ય માંસ વગર મારી પૂજા કોઇએ કરવી નહીં. મૈથુન વિના મને સંતોષ થતો નથી. નગ્ન રજસ્વલા સ્ત્રીને મદ્ય માંસથી પૂજીને ભોગવવી; અને એવી રજસ્વલા સાથે ગમન કર્યા વગર, દારૂ પીધા વગર, અને માંસ ખાધા વગર જે કોઇ દેવીની પૂજા કરે છે, તેને પદેપદે દુઃખ પ્રાપ્ત થાય છે. આઠ પ્રકારનું મદ્ય માંસ અને અનેક પ્રકારનાં માછલાં દેવીને અર્પીને ખાનારો જે શાક્ત તેને મોક્ષ મળે છે. આ પ્રમાણે આંધ્ર, કાણ્વ, અને પેશવા એમના રાજ્ય બળે કરીને શ્રેષ્ઠ માનેલા દ્રાવિડાદિ મ્લેચ્છ કું૰ ભટજી બાવાએ પોતાના અનાચારને પુષ્ટિ મળવાને માટે આવા નિંદ્ય તંત્ર ગ્રંથો રચ્યા. કે જેણે કરીને તેનો ભોળા લોકોમાં ઉપહાસ ન થતાં મદ્ય માંસનું સેવન અને પરસ્ત્રીનું ગમન એ એક પૈસા વગર સાધ્ય થાય, અને તે ઉપરાંત ઘરના અન્નવસ્ત્રના ખરચ પુરતી દક્ષિણા પણ મળે.

સદરહુ નિંદ્ય બનાવટના પુસ્તકો પૈકી કાલિકા પુરાણ નામે જે પુસ્તક છે, તેમાં જે ૬૬ મો અધ્યાય છે, તે એવો ભયંકર છે કે, તેનું નામ સાંભળતાંજ જે ખરેખરા મનુષ્ય હશે, તેને તો કંપારો છુટયા વિના કે ચીતળી ચઢયા વિના કદિ રહેશે નહીં. એટલુંજ નહીં, પણ તે વળી ગળગળીત અને દુઃખ વિહ્વલ થયા શિવાય પણ રેહેશે નહીંજ. એ અધ્યાયનું એવું તે નામ કયું ? તો તે "રૂધિરાધ્યાય" એવું નામ છે. એટલે મનુષ્યાદિક પ્રાણીઓના કુ-હાડીથી ગળા કાપીને લોહીનો પૂર પ્રવાહ વેહેવડાવનારો અધ્યાય! એ અધ્યાય અને બીજા પુસ્તકોમાંનો સર્વ વિસ્તાર મૂળ સંસ્કૃતલ્લેખ સહિત આ જગોએ આપતાં બહુ લંબાણ થઇ જાય, એ ભયથી માત્ર પ્રાકૃત ભાષામાં થોડો ઉલ્લેખ કરૂં છું:-[તેમાં લોકોને રૂચી લગાડવા માટે પ્રારંભમાં કહેલું છે તે આઃ-] "પારલૌકિક સુખ અર્થાત્ મૃત્યુ પશ્ચાત્ સ્વર્ગમાં રંભાદિ દેવાંગનાનો ભોગ; અને ઐહિક સુખ અર્થાત્ આ દુનિઆમાં ધન, દોલત, વંશ વૃદ્ધિ, આદિ અનેક વિષયભોગ; એ સર્વ સુખનો વૈભવ જેને પૂર્ણપણે જોઇએ, તેણે કાળી, દુર્ગા, ભવાની, ચંડિકા, એવી દેવીઓને તૃપ્ત કરવી! અને તેપણ શાથી ? તો મનુષ્ય, મેઢા, બકરા, હરિણ, ડુક્કર, પાડા, બળદ, એવા એવા નિરપરાધી પ્રાણીઓનું તે

દેવી રાક્ષસી) સામે કુહાડાથી ગળુ કાપીને તેનું લોહી અને મસ્તક તે દેવી (રાક્ષસી) ને અર્પણ કર્યાથી ! તે તૃપ્ત થાય છે.

હવે એ તૃપ્તિનું કાળ માન શું ? તે હે પાર્વતી ! હું (શિવ) કહું છું તે સાંભળો "એક મનુષ્યના રક્ત અને મસ્તકથી ૧૦૦૦ વર્ષ; એકદમ ત્રણ મનુષ્યના રકત અને મસ્તકથી ૧૦૦૦૦ વર્ષ; પાડા બલદના મસ્તકથી ૧૦૦ વર્ષ; મેંઢાં બકરાં, હરિણ એ પ્રત્યેકના રક્ત અને મસ્તકથી ૧૨, ૧૨, વર્ષ; અને રાની પશુ તથા મર્ઘા વગેરેના રક્ત અને મસ્તકથી એકેક વર્ષ; એ કાળ પ્રમાણમાં દેવી તૃપ્ત થાય છે. [શામા તંત્રમાં પણ " मनुष्ये कोटि वर्षाणि तृप्तिं गच्छति देवता " એ પ્રમાણે મનુષ્ય બળી આપ્યાથી એક કોટી વર્ષ દેવી તૃપ્ત રહે છે એવું છે.] એ પણ એક પરસ્પર વિરોધની રાક્ષસી લીલા ! વળી એ પ્રમાણે અનેક પ્રકારના દારૂ (મધ) ઘટ અર્પણ કર્યાંથી પ્રત્યેક ઘટે ૧૨, ૧૨, વર્ષની તૃપ્તિ થાય છે, એવા લેખ છે. હવે એનું ફળ પૂર્વે દાખવેલું છે, તે સાંભળોઃ-બળી આપેલા મનુષ્યની અંદર સર્વે દેવતા આવી એકત્ર થાય છે. અને તે મનુષ્ય પાપી હશે, તોપણ તેને નિષ્પાપ કરે છે પછી તે મને (શિવને) પ્રિય થાય છે, અને હું તેને મારા ગણદેવતાનો નાયક બનાવું છું. અને યજમાનોને પણ તેજ ગતી પ્રાપ્ત થઇને આ લોકમાં અનેક પ્રકારના સુખભોગ અને સંતતિ સાધ્ય થાય છે. હવે બળી વિધિ કેવો, તે સાંભળોઃ બળી આપવાને દિવસે દેવીને કપાળે સિંદુર, કંઠે પુષ્પમાળા, અને રક્તવસ્ત્ર પરિધાન કરાવવા. અને તેજ પ્રમાણે બળી આપવા કાઢેલા મનુષ્યના સર્વે આંગે ચંદનના લીટા, અને કંઠે પુષ્પમાળા ઘાલીને તે દેવી (રાક્ષસી) ની સામે બેસાડવો. પછી ब्रह्मणे नमः એ મંત્રથી તેના તાળવા પર; आकाशाय नमः એ મંત્રથી કાન પર; चंद्राय नमः એ મંત્રથી કપાળ પર; विष्णवेनमः એ મંત્રથી બેઉ નેત્ર પર; इंद्राय नमः એ મંત્રથી ગાલો પર; मृत्यवे नमः એ મંત્રથી કંઠપર; એવી રીતે એકેક પુષ્પ નાંખીને પેહેલી તેની પૂજા કરવી. પછી "કાળીદુર્ગા," એમ ત્રણવાર ઉચ્ચાર કરીને "દેવી, વાજ્રસરી, લહ્ય, દન્દાયૈ નમઃ" એવું ભણીને હાથમાં કુહાડો લેવો, અને " ऱ्हं ऱ्हां ऱ्हीं काली दुर्गा " એવા ત્રણવાર ઘોષ કરીને તે બળીને આડો નાંખીને તે કુહાડાના ઘા તેના ગળાપર મારીને સુવર્ણના, રૂપાના કે તાંબાના ધાતુપાત્રમાં રક્ત ઝીલી લેવું, અને તેના ધડથી મસ્તક જુદું પાડી, તેમાં મિઠું મિશ્રણ કરવું. પછી તે લોહી તે દેવીના મુખ પર લગાડીને તે સઘળું લોહી અને મસ્તક દેવીની જમણી બાજુપર, અને મધકુંભ ડાબી બાજુ પર મુકી તે અર્પણ કરવાં; પછી બીજા પ્રાણીનાં મસ્તક અને લોહી ડાબી બાજુ પર, અને એકલા પાડાનું સામી બાજુપર મુકી અર્પણ કરવું. હવે આગળ એક વિશેષ વિધિ અને તેનું ફળ કહું છું. તે એ કે દેવીની સામે હાથમાં મનુષ્ય બળીનું મસ્તક અને પાડાનાં બે શિંગડાં વચ્ચે દિવો ધરીને જે કોઈ આખી રાત ઉભો રહેશે, તે ચિરંજીવી થઇને દુનિયામાં અનેક સુખને પાત્ર થશે, તથા મુઆ પછી મારા ગણદેવતામાં તે મુખ્ય થશે. પણ તેમાં માત્ર એટલુંજ વિઘ્ન છે, કે તે

શિર ઉડાવતી વખતે બળી જો હગ્યો કે મૂતર્યો, અથવા તે મસ્તક ઇશાન કે નૈઋત્ય બાજુએ જઇ પડયું, તો તે યજમાનના હકમાં ખરાબ !

આવા હિંસાદિ ક્રૂર કર્મ દર્શક દેવી ભાગવત, કાલિકા પુરાણ, દુર્ગા તંત્ર, ધર્મસિંધુ નિર્ણયસિંધુ, એવા નિંદ્ય પુસ્તકો અનાર્ય રાક્ષક લોકોએ રચીને તે પ્રમાણે નિંદ્ય કર્મ ચાલુ કર્યાં. તેમાંના કાલિકા, દુર્ગા આદિ દેવીના દેવલ આગળ મનુષ્ય મસ્તકના ઢગેઢગ કરનારા થગ, ખોંડ, અને તેમજ કન્હાડા, હાલમાં છે. પણ દયાળુ ઇંગ્રેજ સરકારના દીર્ઘ પ્રયત્ને કરી થગ અને ખોંડ લોકોનો તો બંદોબસ્ત થયો; પરંતુ દેવીના ઉગ્રભક્ત કન્હાડામાં, દશરાને દિવસે અપ્રત્યક્ષ વિષાદિ પ્રયોગે કરી મનુષ્ય બળી આપવાનો ચાલ હોવાથી ત્યાં આગળ સરકારનો ઈલાજ થાકયો. સરકારનો કાયદો પ્રસિદ્ધ હોવાથી આપણાથી તો મનુષ્ય બળી અપાતો નથી, એમ જ્યારે થયું, ત્યારે આ કન્હાડાઓએ ગુપ્ત વિષ પ્રયોગે કરી મનુષ્ય બળી આપવાનો વહિવટ રાખ્યો, એ સુપ્રસિદ્ધ છે; કારણ કે તે બાબે કોર્ટમાં મુકરદમા પણ ચાલીને તેમાં કન્હાડાઓને દેશ હદપાર વગેરેની શિક્ષા થયાના દાખલાઓ છે. તાત્પર્ય એ કે આવા આ નિંદ્ય પુસ્તકો આજકાલ 'ધર્મગ્રંથ" છે, એવો અનાડી ગાંડા લોકોને દૃઢ વિશ્વાસ થઇ બેસવાથી તે ધર્મ ગાંડાઇએ કરીને તે લોકો સરકારનો કાયદો ન ગણકારતા ચોરીથી મારીને મનુષ્ય બળી આપે છે જે દક્ષિણ પ્રાંતમાં આ નિંદ્ય ગ્રંથ રચાયા ત્યાં એટલે હાલ મદ્રાસ અને તેમજ નાગપુર પ્રાંતમાં વરસાદ સારો પડી ખેતરમાં ઉત્તમ પાક થાય, તેટલા માટે અને વૈતાલ સાધના થાય વગેરે અનેક ભિન્ન ભિન્ન નિમિત્તે નાના મોટા મનુષ્યનો બળી આપીને તેની મુંડી ખેતર વગેરેમાં દાટે છે. એ વાત સરકાર દરબારે પ્રસિદ્ધ છે. એ પ્રમાણે કન્હાડા ધન અને વંશની વૃદ્ધિ અર્થે અન્ન આદિમાં ગુપ્ત વિષ પ્રયોગ કરીને તે અન્ન મનુષ્ય ન મળે તો કુત્રાને ખવડાવી તેને મારવાનો પ્રયત્ન કરે છે. તે કારણને લીધે તેના હાથનું પાણી સરખું લેવાને લોકો લાજે છે, અને એજ કારણ ઉપરથીજ "કસાઇનો વિશ્વાસ ધરવો પણ કન્હાડાનો ધરવો નહી." એવી કહેવત પડી ગઇ છે. અને એ શિવાય ધર્મ ગાંડાઇથી ઇંગ્રેજી રાજ્યમાં અને બીજા ખંડીઆ દેશી સંસ્થાનોમાં ગુપ્તપણે મનુષ્ય બળી અપાતો હશેજ, એવું સહજ અનુમાન કરી શકાય. સારાંશ, કે આવે પ્રકારે ધર્મ ગાંડાઇથી મનુષ્ય બળી આપવામાં આવે છે, અને એવી ધર્મ ગાંડાઇનું મૂળ કારણ સદરહુ કાલિકા પુરાણાદિ નિંદ્ય પુસ્તકો છે, તો એવા મનુષ્ય, પશ્વાદિ હિંસા સૂચક 'ખુની' પુસ્તકોનો ઇંગ્રેજ જેવી દયાળુ અને દૂરદષ્ટિ સરકારે અવશ્યમેવ નાશ કરવો યોગ્ય છે. અને તેમજ એવા ખુની પુસ્તકો છાપીને પ્રસિદ્ધ કરવાનો પ્રતિબંધ કરવો, એ પણ ન્યાય છે. અસભ્યતા અને અનીતિ વર્ધક પુસ્તકો કોઈ પાસે પ્રસિદ્ધ કે ગુપ્ત હોવા ન જોઇએ, એવી જે મનાઇ છે, તેના કરતાં મનુષ્યાદિ બલી આપવો કે આપ્યાથી અમુક દુઃખ ટળીને અમુક અમુક સુખ પ્રાપ્ત થાય છે, એવા પ્રકારના મનુષ્યાદિ હિંસા ઉત્તેજક પુસ્તકો પણ કોઇની પાસે પ્રસિદ્ધ કે ગુપ્ત હોવા ન જોઇએ. તે

બાબે દયાળુ, ન્યાયી, અને નિષ્પક્ષપાતી સરકાર તરફથી હજુર દરજ્જે મનાઇ થવી જોઇએ છે. આવા ધર્મ નામે મનાયલા પુસ્તકો પરથી દર વર્ષે કોઇ ને કોઈ પણ જગોએ મનુષ્ય બળી અપાય છે. થોડા દિવસ પર ધર્મ નિમિત્તે થયલા કમકમાટ ભરેલા ખુનનો ઉલ્લેખ મુંબઈ સમાચાર પત્રમાં આવ્યો હતો. તે આ પ્રમાણેઃ— "કાળીકામાતાને એક બ્રાહ્મણ છોકરાનો ભોગ આપવાનો અતિશય કમકમાટ ઉપજાવનારો એક બનાવ બનારસ (કાશી) શેહેરની પડોસમાં આવેલા એક ગામમાં બનવાની ખબર અલ્હાબાદનું એક પત્ર આપે છે. તપાસ ઉપરથી એવું માલમ પડયું છે કે, એ ગામના બ્રાહ્મણોએ ત્યાંના લોકોની ધર્મ સંબંધી લાગણી એટલી તો હદબાહેર ઉસ્કેરી મુકી હતી કે, તેઓએ ત્યાં રેહેતાં એક બ્રાહ્મણ કુટુંબને સમજાવીને પોતાની મધેના એકનો ભોગ મહાકાળી દેવીને આપવા કબુલ કરાવ્યું હતું. એ કામ માટે સોળ વર્ષની વયનો એક ખુબ સુરત છોકરો પસંદ કરવામાં આવ્યો હતો, અને એ દેવીના મંદીર આગળ તેને લઈ જવામાં આવ્યો હતો. અહીં તેનો ભોગ આપવાની ભયંકર ક્રીયા જોવાને તમાશગીરોનું મોટું ટોળું ભેગું મળ્યું હતું. રાબેતા પ્રમાણે દેવીની આરાધના કરીને ગામના વડા બ્રાહ્મણે તે છોકરાનું ગળું કાપ્યું હતું, અને તેનું ગરમ લોહી દેવીની મૂર્તિ ઉપર છાંટયું હતું. હેવાનિયત ભરેલાં આ કાગમાં ભાગ લેનારા મુખ્ય શખ્સોને કેદ પકડવામાં આવ્યા છે, અને વાયવ્ય પ્રાંતની સરકારે એ બાબતના સંબંધમાં ખાસ તપાસ ચલાવવાને ફરમાવ્યું છે. આ બનાવે આખા બનારસ જીલ્લામાં ગભરાટ ફેલાવ્યો છે." તાત્પર્ય એ છે કે,— "મનુષ્યો, પશ્વાદિ પ્રાણીનો બળી આપવાથી આ લોકમાં ધન, દારા, અને પુત્રની અને પરલોકમાં ઈશ્વરની પ્રાપ્તિ થાયછે." એવા એવા એટલે અતિ નિંદ્ય ક્રૂર હિંસા કર્મ તરફ ભોળા લોકોના મનનું વલણ થાય તેવા ભયંકર વચનો જે જે સંસ્કૃત કે પ્રાકૃત પુસ્તકોમાં હોય, તે તે પુસ્તકો જાહેરમાં આણવાને બક્ષીસ છપાવી પ્રસિદ્ધ કરવાથી તેવા સઘળા પુસ્તકો સરકારના હાથમાં આવશે. અને તે સઘળાનો નાશ કરવાથી પ્રજાના હકમાં લાભ થશે. માટે જેમ સતી થવાનો ભયંકર ચાલ બંધ કરીને કોમળાંગી બિચારી અબલાના જીવ દયાળુ ઇંગ્રેજ સરકારે બચાવ્યા, અને તે જીવિતદાનના પુણ્યથી ઇંગ્રેજી રાજ્યની આબાદાની અને ચડતી થઈ, તેમ આ મનુષ્યાદિ નિરપરાધી પ્રાણીઓના ઘાત સૂચક, એવા હિંસક હિંદુઓના નિંદ્ય અને નિર્દય પુસ્તકો સોધી સોધીને હમારી કૃપાળુ ઇંગ્રેજ સરકાર જો બાળી નાંખશે, તો તેથી તે પુસ્તકાધારે મનુષ્યાદિ પ્રાણી પર નાહક ગુજરતો કહર બંધ થશે. એવા પુસ્તકોના ફેલાવાથી કેવા દુષ્ટાચાર, દુષ્ટ વિચાર અને દુષ્ટ કૃત્યો આર્ય લોકોમાં થવા માંડ્યાં છે, તેનો આબેહુબ ચીતાર નીચે દર્શાવેલાં કસાઇ પંચાયતનનાં ચિત્ર અને તેનાં આપેલાં સંક્ષિપ્ત વર્ણનપરથી વાંચક વર્ગના ધ્યાનમાં સહજ આવશે. અને એવા મનુષ્ય અને ઇતર નિરપરાધી તથા પરોપકારી પ્રાણીપર જે સૃષ્ટિક્રમના ન્યાય વિરૂદ્ધ કહર અને જુલમ ચાલી રહ્યા છે, તે અઘટીત કૃત્યોને અટકાવવા, એ પણ માયાળુ ઇંગ્લિશ સરકારનું કર્તવ્ય છે. અને તેપર સરકારને લક્ષ આપવું અવશ્ય ઘટે છે.

નંબર ૧—**હિંદુ યજ્ઞકસાઈ.** મિથ્યા બ્રાહ્મણ કેહેવડાવનારા કેટલાક હિંદુલોકો મદ્યમાંસ અને પુષ્કળ દક્ષિણા મેળવવામાટે રાજરજવાડા, જહાગીર ઈનામદાર, શેઠસાહુકાર, વગેરે ભોળા ધનાઢ્યો પાસે જઈને તેમને ધર્મનિમિત્તે ખોટું સમજાવી, સ્વર્ગ અને પુણ્યપ્રાપ્તિનો લોભ દેખાડી, હજારો રૂપીઆ ઠગીને એકત્ર કરે છે; અને ખુલ્લી જમીનપર મોટી ધામધુમથી કસાઈશાળાનો ભવ્ય મંડપ ઉભો કરીને ત્યાં માંસ શિજવવાના મોટા ચુલા યજ્ઞકુંડાકારે ઘાલીને અને જાડો થાંભલો ઉભો ગાડીને બલદ બકરાદિ મારી ખાવા આણેલા પશુઓને તેની સાથે કચકચાવીને તાણી બાંધે છે; તથા સોમરસ નિમિત્તે ચહા કાશી પ્રમાણે પંચપાત્ર પંચપાત્ર દારૂ, મંત્ર ગોખીગોખીને વારંવાર ઘટાઘટ પીતા જાય છે. અને પડતા ઝડતા પરસ્વાધીન થયલા આમતેમ ગરદન ખેંચી તાણીને અને હલાવીને તોતડા શબ્દોચ્ચારથી પુનઃ પુનઃ મંત્ર ગોખે છે, તેમાં શુધ્દિ ન હોવાથી અક્ષરો ચુકે છે, ત્યારે શુધ્દિવાળાઓ તેનાપર લાલ થયલા ડોળાથી ઘુરકે છે; અને વધ કરવા આણેલા બલદ બકરા વગેરે પશુના માંસની ખરી લેહેજત રક્તસ્ત્રાવથી જતી રહે, તે ન જાય, એવી સમજથી તે પશુને જમીનપર આડોતેડો નાંખીને અને મધ્યસ્તંભ સાથે સાત દોરીથી આડોતેડો કચડી બાંધીને તથા તેના મ્હોંમાં લોટ કે સતુ ભરીને અને તે મ્હોંને બાંધીને તથા વળી દર્ભ રજ્જુથી ગળાપર ઘટ ફાંસો દઇને પછી તેના અંડાપર કે આંચણપર લાત મુક્કા જોરથી મારી મારીને સામવેદના તાલસુરોથી પોતાની ચોટલી ગરદન હલાવી શકાય એટલી હલાવી હલાવીને તે પશુ તદન મરીને કેવળ થંડોગાર થઈ જાય, ત્યાં લગી દારૂની ધુમમાં ગાનતાન કરે છે, અને તે મારેલા પશુના ભિન્નભિન્ન અવયવના માંસના નમુનામાં ઘી, ગળ્યો, તિખો, ખારો, ખાટો, એવો મસાલો તથા મલબારી ખોપરાનું ખમણ વગેરે પદાર્થો નાંખીને તેને જુદા જુદા ચુલાપર શિજવે છે; અને પશુનું કેશવાળું ચામડું ખવાઇ ન શકે માટે તે સાથે શિજવેલા માંસનો એક સોપારી જેટલો કટકો મેળવીને **ॐ अग्नये स्वाहा फट्** એવો બડબડાટ કરીને તે કુંડાકાર ચુલામાં મોટી ઉદારતા દાખવીને નાંખે છે, અને બાકીનું બધું શિજવેલું મસાલેદાર ચમચમાટ ભરેલું માંસ **ब्राह्मणे स्वाहा** એવો બડબડાટ કરી કરીને અને પેટપર હાથ ફેરવી ફેરવીને બ્રહ્મરાક્ષસો સારી પેઠે ગટ કરી જાય છે; અને પોતાના પેટને કબરસ્થાન બનાવે છે. અને ભોળા ગૃહસ્થોપાસેથી મળેલા બાજીના પૈસાની વાટણી કરી લઇને અને શેવટે દારૂ પીને શેષમાં વધેલા માંસને પવિત્ર માની મનાવીને અન્ય નીચ જાતને ન આપતાં પોતાના ઘરના બૈરાંછોકરાને માટે પુરોડાશ (પ્રસાદ) તરીકે માંહોમાંહે ભાગ પાડી વેહેંચી લે છે; એવા એ યજ્ઞ નિમિત્તે નિર્દય કર્મ કરનારા હિંદુ હરામખોરોને **યજ્ઞ કસાઈ** એવી પદવી પ્રાપ્ત થાય છે.

નંબર ૨—**હિંદુ સભ્ય કસાઈ.**—કેટલાક મહાદુષ્ટ હિંદુલોક દશરાને દિવસે દેવ કાર્ય માનીને સવારના બકરાં કુકડાંને મારીને તેનું માંસ શિજવી ખાય છે. અને


हिंदु कसाई पंचायतन.

नं.१



हिंदु कसाई पंचायतन.

नंबर ३



સંધ્યાકાળે ઇસ્તરીના અને ઝરી પટકા આદિ કપડા પહેરીને, સુવર્ણ મોતીના અલંકાર ધારણ કરીને, પાઘડીમાં ધાન્ય જવારા ખોસીને, અને ફુલ અત્તર આદિ ખુશબોદાર પદાર્થ ધારણ કરીને, સર્વે લોક ગામ બહાર ફરવાને નીકળે છે. અને સંસ્થાનીક દેશી રાજ્યમાં તો કેટલેક ઠેકાણે નિરપરાધી પરોપકારી પાડાને લાલી શિંધુર આદિના ચટમપટાથી તેને શૃંગારીને પછી તેને ભાલા આદિ શસ્ત્રથી ભોંકી ભોંકીને અને છેદી છેદીને કાવરો બાવરો કરીને મારે છે. અને સારા સારા વાજીંત્રોના નાદથી નાચતાં કુદતાં અને દાંડીઆ પટાથી રમતાં રમતાં મોટા આનંદથી ચાલે છે. અને તે બિચારા જાનવરના લોહીનાં ઝરાનાં ટીપાં રસ્તાપર ઠેકઠેકાણે પાડીને પળાશના ખીલેલા ઝાડ પ્રમાણે રકત બંબાલ (લાલચોળ) કરીને તેને ખેંચી ખેંચીને લઇ જાય છે. અને તે દયાપાત્ર પ્રાણીને અત્યંત ઘાયલ કરી કાવરોબાવરો બાબરો કરીને રીબાવી રીબાવીને પજવે છે. જે વેળાએ તે બિચારાના ડોળામાંથી દુઃખાશ્રુનો પ્રવાહ ટળવળાટ ભરેલો ચાલે છે. અને તે અનાથ આકાશ જમીન અને ચારે દિશા તરફ દીનવાણીથી પોકારતો જુએ છે કે, આ દુષ્ટ ઘાતકી અને છળીપાપીઓના હાથમાંથી મને છોડવવાને કોઈ દયાળુ મારો ધણી થઈ આવે છે? અને અંતે થાકીને કોઈ તેનું રક્ષણ કરવા આવતું નથી, એવું જોઇને તે તદન નિરાશ અને અશકત થઈ મૂર્છાગત થાય છે. અને પછી તરતજ ગામના સીમાડાપર તે નિરપરાધી મુગાપ્રાણીનું ગળું ક્રૂર હિંસક મનુષ્ય મોટા ચડચડીત છુરાથી વૃક્ષની ડાળી પ્રમાણે છાંટીને તેને રેંશી નાંખે છે. અને તેના લોહીનો ટીળો પોતપોતાને કપાળે કરીને આ અઘોર દુષ્ટ કૃત્યમાં આનંદ અને વિજય માને છે. માટે એવા આચરણના હિંદુ **સભ્યકસાઈ** સંજ્ઞાને પાત્ર ઠરે છે.

નંબર ૩–**હોલીઆ કસાઈ**. ફાગણ શુદ પુર્ણીમાંપર પૌરાણીક હુલકા રાક્ષસીના તેહેવારના નામથી અસભ્ય બંડ મચાવીને હલકા નીચ બુધ્દિના લોકો હોલે દીલ બની પોતાના મ્હોંપર ગુલાલ અને દુર્ગંધ ચીકલ લગાડીને અસભ્યતાથી કુદી નાચી બુમો મારેછે. અને સભ્ય કુટુંબોનાં ઘર આગળ જઈ ગુહેંદ્રિઓનો અવાચ્ય શબ્દ બોલીને અને બુમરાણ મચાવી ત્રાસ આપેછે; તથા ઉંચી લાકડીના છેડાપર મરઘીને ધ્વજાની માફક ઉંધી ટાંગીને તે લાકડીને, લાકડાં છાણાંથી ખડકેલી ભઠ્ઠી એટલે હોળીની વચમાં ઉભી દાટે છે. અને પછી તે હોળી સળગાવીને તેની બળતી જ્વાલામાં દુષ્ટ નિર્દય લોક નિરપરાધી મુગાં બકરાં કુકડાંને તેના પગ બાંધીને જીવતાંને જીવતાં ફેંકે છે. અને તે સળગાવેલી હોલીની ઝાળમાં ચેલાં ફેંકેલાં અનાથ બકરાં મરઘાં તફડી તફડીને અને ગુલાટો ખાઈ ખાઇને બેંબેં, મેંમેં એવા હૃદયદ્રાવક ઉચ્ચાર કરી પેલા દુષ્ટ અઘોર હોલીઆને શ્રાપ દઇ પોતાનો જીવ છાંડે છે; અને તે વખતે તે હોલીઆ આ આત્માના ટળવળાટ ભરેલા શ્રાપને આશીર્વચન જેવા ગણી ઘણો મોટો આનંદ માનતા હોય, એવી રીતે બે બે હાથની તાળી પાડી હસતાં હસતાં વળી બુમો પણ મારે છે. માટે તે હિંદુ **ખરેખરા હોલીઆ કસાઇ** ઉપમાને લાયક ઠરે છે.

નંબર ૪–કન્યા વિટંબન કસાઇ:–આ કસાઇ બે પ્રકારના છે. એક મિથ્યા કુળાભિમાની, અને બીજા કન્યાવિક્રયી; પેહેલા કસાઇ સામા હજારો રૂપીઆ આપીને, અને બીજા કસાઇ હજારો રૂપીઆ ખાવા લઇને બુઢા હાડપીંજર વરને કન્યા પરણાવે છે. અને તેને મહા દુ:ખસાગરમાં પોતાના સ્વાર્થ અર્થે બુરાડે છે. એવા મહા દુ:ખ પ્રદર્શીત વિવાહના લગ્ન મંડપમાં બનતો દેખાવ નંબર ચોથામાંના ચિત્રમાં આપેલો છે, તે જોઇ ધર્માત્માના હૃદયમાં કરૂણા અને આંગ પર કમકમાટ છૂટયા વિના રહેશે નહી. મજકુર ચિત્રમાં મંડપની વચ્ચે માહેરામાં હાડપીંજર બુઢા મુડદાલ કાકાને વરરાજા બનાવી પૂર્વાભિમુખે માચી પર બેસાડયા છે. અને તેના ધ્રુજતા હાથને સ્થીર રાખવાને તેના પક્ષના માણસે તેનો હાથ પકડી રાખ્યો છે. તેની બીજી સામી બાજુએ કન્યાના દુષ્ટ મામાએ બિચારી દુર્ભાગ્ય અબળા કન્યાને ઉંચકી લાવી બાજઠપર પશ્ચિમાભિમુખે બેસાડી છે અને પોતે તેના ગળાનું મંગળસૂત્ર પકડી તેની પછવાડે બેઠો છે. અધમ ધનલોભી ભટજી દલાલો ધન પ્રાપ્તિને માટે આવા અધમ કુસંસ્કાર કરાવવાને આ કજોડ વર કન્યાની વચગાળામાં બેઉ પડખા પર બેસી અને અંત:પટ આડો ધરી મોટા રાગથી મિથ્યા શ્લોકો ભણી પાપી પેટ અર્થે "સાવધાન સાવધાન" એવા ઘાતક ઉચ્ચારણો કરી રહ્યા છે. વળી તે ત્રાસદાયક અદ્ભૂત દેખાવ (ફારસ જોવાને પ્રેક્ષકો મંડપમાં અને બહાર એકત્ર થયા છે. પછી જ્યારે હસ્ત મેળાપનો સમય થયો, કે અંત:પટ દૂર કરી બ્રહ્મરાક્ષસ ભટજી ગોર પેલી નાજુક કુમારીકા બાળાનો કોમળ હાથ પકડી પેલા હાડપીંજર "વર કાકાના" ધ્રૂજતા હાથમાં આપવા જાય છે. તેવીજ ચીહાડી ખાઇને તે નાજુક કન્યા બૂમ મારી ધભરાયલી ધ્રૂજતી કાંપતી નાસવા માંગે છે, અને ગદગદ કંઠે કલ્પાંત કરતી કહે છે કે, મને આવા બદશીકલ કદ્રૂપા બુઢાકાકા સાથે પરણાવી મારો ભવ ન બાળો ન બાળો. તેમ છતાં પણ પેલો દુષ્ટ ટકેચ્છુ ભટજી દૈત્યની માફક તેના કુમળા હાથને બળજોરીથી આગળ ખેંચે છે, દુષ્ટ મામો પછવાડેથી ધક્કો મારે છે, તેનો પાપી બાપ માહેરા પાસે દોડી આવી ધમકાવે છે, અને તેની કુભાર્જા મા પાસે આવી સમજાવે છે, અને ફોસલાવે છે. પરંતુ તે દયાપાત્ર કોમળાંગી કન્યા તે સર્વના ત્રાસથી ભયભીત થઇ કલ્પાંત કરતી મૂર્છા ખાઈ પડે છે. અને એ ખેંચતાણમાં મામાના હાથમાંથી પેલું મંગળસૂત્ર તુટીને જમીન ઉપર પડે છે. તથા આ કજોડાનો ફારસ જોવાને એકત્ર થયલા સ્ત્રી પુરૂષો આ કન્યાનો ટળવળાટ જોઇ ત્રાહે ત્રાહે કરે છે, અને તેના માબાપ વગેરેને ફીટકાર કરે છે. પણ તે દુષ્ટ માબાપને તેની કાંઇ અસર થતી નથી. અને અંતે તે પીશાચ લગ્ન બળજોરીથી થાય છે, તેની કાંઇ દાદ *રાજ્યકર્ત્તા પણ લેતા નથી, અને આંખાડા કાન કરે છે. એ મોટી શોકની વાત છે. આવા લગ્ન થયા પછી પેલા હાડપીંજર બુઢા કાકા થોડી મુદતમાં ચિતાગ્નિ તાપવાને મસાણમાં પધારે છે. અને પછી તે કોમળાંગી અનાથ બાળાનાપર તરત બીજો મોટો ગજબ નંબર ૫ ના ચિત્રમાં

દર્શાવ્યા પ્રમાણે આવી પડે છે. તે એ કે પેલું હાડપીંજર મસાંણે પહોંચ્યું કે પછવાડેથી બેઉ પક્ષની આગેવાન ખોડકીઓ અને બીજી સધવા સ્ત્રીઓ એકઠી થઇ પેલી અનાથ વિધવા થયલી કોમલાંગી બાળાને ચારે ગમથી ઘેરી લે છે. અને પછી સઘળી ખોડકીઓ, પેલો રાક્ષસ કુળગોર, અને પૈસા લોભી હજામ, એવા સર્વે કસાઇઓ એકઠા થઇ, તે બીચારીના દાઝયા પર ડામ જેવા હાલહવાલ કરી, તે દયાપાત્ર બાળાની વિશેષ દુર્દશા કરે છે, અને કાળાપાણી જેવી અઘોર શિક્ષા કરી તે નાજુક અબળીનો આખો ભવ બાળે છે. પરંતુ આવી કોમળાંગી બાળા પર આવા ઉપરાચાપરી પ્રત્યક્ષ દુષ્ટ બનાવો જાહેર રીતે માયાળુ ઇંગ્રેજ સરકારના રાજ્યમાં ગુજરે છે, તે છતાં પણ તે માયાળુ સરકાર પોતાના ન્યાયી અદલ રાજ્યમાં તેની કાંઇ દાદ લેતી નથી, એ મોટી અફસોસની તાજુબ વાત છે. શું ? સરકાર સતીની માફક આ ઘાતકી કર્મ થતાં અટકાવવાને પણ તેવો કાયદો બાંધવાને શક્તિમાન નથી ? જ્યારે આવા કજોડાના લગ્નને આખી પ્રજા પણ એક મુખે ધિક્કારે છે, તો પછી સરકારને એ વિષે કાયદાસર વયનો અમુક પ્રબંધ બાંધી આપવાને શી અડચણ છે ? કુંવારા સાથે કુંવારી કન્યા અને વિધુર સાથે વિધવા સ્ત્રીના લગ્ન થાય, એવો અને કન્યા કરતાં વરની વય ઓછામાં ઓછી પાંચ વર્ષ અધિક અને વધારેમાં વધારે દુપટ પ્રમાણની હોય, તોજ વિવાહ કાયદાસર ગણાય એવો પ્રબંધ દરેક કોમને કરી આપવાને સરકારને શી અડચણ છે ? અને કોઈ આપત કાળને માટે કાંઇ છુટ મુકવાની અગત્ય જણાય, તો તેવે પ્રસંગે તેવી છુટ મુકવાને તે કોમને તેવો અધિકાર આપ્યો હોય, તો કોઈપણ તેવા કાયદાથી નારાજપણુ થશે નહીં. માટે આ બાબતપર માયાળુ સરકારે ધ્યાન આપવું ઘટે છે.

નંબર ૫–**રાક્ષસી હજામ ભટ કસાઈ**:–આ વિધવા સંતાપક રાક્ષસો બિચારી અબળા બાળાના આંગપર હોય તે મૌલ્યવાન વસ્ત્રાલંકાર અને ઉપરથી વિશેષ દક્ષિણા મેળવવાને માટે નફટાઇથી તેના પતિમરણોત્તર તેના હાલહવાલ કરી અત્યંત દુર્દશા કરે છે. પતિમરણથી દુઃખિત થયલી તે વિધવા બાળાને ધર્મવિષયમાં પુણ્ય અને સ્વર્ગ પ્રાપ્તિનું ફળ દર્શાવી તેના પતિના પ્રેત સહિત જીવતી બાળી નાંખતા હતા, અને તે જગોપર દેવલ જેવી દેવડી બાંધીને તેને સતી દેવી બનાવી, તેની માનતા મનાવી અને બાધા રખાવી, લોકને ધૂતી ખાતા હતા. એ અઘોર અમાનુષ કૃત્ય સને ૧૮૩૦ના સાલમાં દયાળુ લાર્ડ બેંટિંગની ભલામણ ઉપરથી ઇંગ્રેજ સરકારે બંધ કર્યાથી બળાત્કારે હજારો અબળાનું નિરર્થક નિકંદન થતું તો અટક્યું. પણ તેથી રાક્ષસી ભટે પોતાને થતું નુકસાન જોઇને કાયદા આગળ તો જીવતી સતી બાળવાને નાઈલાજ થયા જાણી, તેમણે હજામ સાથે ભાગીઉ કરી નવી કલ્પના ધર્મ વિષયમાં ઉભી કરી. તે એ કે, કોઇપણ બાળા વિધવા થઇ કે તેનું શિરમુંડન કરાવી, તેને એક ખુણામાં બેસાડી, આપણો લાભ ખેંચી લેવો, અને દુષ્ટ હેતુ સિદ્ધ કરવો. તે પ્રમાણે પતિમરણોત્તર મહાદુઃખને પ્રાપ્ત થયલી તથા અત્યંત ગભરાટથી

મૂર્છાક્રાંત પામેલી અબળા બાળાપર બલાત્કારે હાલહવાલ કરવાનું, સતી બાળવાનું અઘોર કૃત્ય કરતાં પણ વિશેષ ભયંકર કૃત્ય તેઓએ ભોળા ગૃહમાં ઘુસાવ્યું. બિચારી સતી તો એકદમ ભૌતિક અગ્નિમાં ભસ્મી ભૂત થઇ થોડા દુઃખથી છૂટતી. પણ આ કૃત્ય તો, તે દુખીયારી વિધવા બાળા વર્ષોના વર્ષો લગી એટલે જીવે ત્યાં સુધી શારીરિક, માનસિક, અને આત્મિક, દુઃખાગ્નિમાં સદૈવ બળી બળીને રીબાયા કરે, એવું દુષ્ટોએ ઘટાવી દીધું. જ્યારે કોઇ દુર્ભાગ્ય બાળાનો દૈવયોગે પતિ વિયોગ થાય છે અને તે મહા સંતાપમાં પડી કલ્પાંત કરે છે, તે સમયે તેના કુટુંબની ઉભય પક્ષની સ્ત્રીઓ એકત્ર થઇ, તેને ધીરજ અને દિલાસો આપવાને બદલે ગીદડ જેવી સાસૂ તથા મા બેન સુદ્ધા બોડકી સ્ત્રીઓ વંત્રીની માફક તે બિચારીને ઘેરી લે છે; અને દાઝયાપર ડામ જેવા હાલ બેહાલ કરી પજવે છે. કોઇ તેનો ચૂડો ફોડવાને હાથ ખેંચી તાણે છે, તો કોઈ તેના ગળામાંથી મંગલસૂત્ર ખેંચી ખેંચીને તોડે છે; કોઇ કપાલનું કુંકુ ભુસે છે, તો કોઈ તેના શરીરપરના દર દાગીના ખેંચ તાણ કરીને કાઢવા મંડે છે. પછી કેટલાક ગરદન ખેંચી ધક્કા મુક્કી કરી હજામ પાસે ખેંચીને લઈ જાય છે, અને તે દુઃખી અબલાના કલેશ કલ્પાંતમાં ઉમેરો કરે છે. એટલામાં બ્રહ્મરાક્ષસ ભટજી હજામને કહે છે કે, કાતરથી ઝટ કેશ કાપ, અને અસ્તરો ફેરવી મુંડી નાંખ, બીહે છે શું ? હમે આટલા બધા ઉભા છઈએ; જલદી કર, હમે જમવાને ખોટી થઇએ છીએ. હું હવે સંકલ્પ કરૂંછું એમ બોલીને "नरकोत्तारणार्थाय केशान्वपाम्यहं" એવો સંકલ્પ ઉચ્ચારતાંજ તે હજામ ઝડપ કરીને ડાબે હાથે તે બીચારી ગભરાયલી અબલાના કેશ જોરથી પકડી લે છે. એટલામાં જો તે ધીટ મનની હોય છે તો પોતાની આ થતી દુર્દશા જોઇને તે હજામપર લત્તા પ્રહાર કરવા મંડી જાય છે,અને તેને દબાવી રાખવાને પછી કસાઇ ભટ અને પેલી વંત્રી બોડકીઓ વચમાં આવે છે,તેને પણ તે લાત મુક્કીઓ મારીને તે ગભરાટથી વીફરી ગયલી અબલા તેમના હાથમાંથી છુટીને નાસી પણ જાય છે; અને લાગ મલે છે તો કુવામાં પડતું પણ નાંખે છે. એટલામાં જો તેની પછવાડે લાગેલી જીવતી ડાકણ જેવી પેલી વિધવાઓના અને પેલા પીશાચ ભટના હાથમાં તે પાછી આવી જાય છે, તો તે અભાગિણીને પકડી બાંધીને અને દપટાવીને પેલા હજામ રાક્ષસ પાસે પાછી લાવી બેસાડે છે. તે વખતની તે બિચારીના દીનવાણીની સ્થિતિ જોઇને જો તે હજામ વખતે કાંઇ દયાલુ હોય છે, તો તેનું અંતઃકરણ તેના કલ્પાંતથી ભરાઇ આવે છે, અને બળ્યા એ પૈસા, એ નરક સાધનના પૈસા, અને એ અબલાનો શ્રાપ અને નિશ્વાસો ન જોઇએ,એમ બોલીને પોતાની ધોપટી લઈ ત્યાંથી ભાગી જાય છે. ત્યારે પેલા એકત્ર થયલાં નિર્દય લોકો ક્રોધે ભરાઇને પાષાણ હૃદયી બિજા હજામને પુષ્કળ પૈસા આપવાના કબુલ કરી, તેને લઇ આવે છે, અને તે આવીને પ્રથમ સુંદર લાંબાલાંબા કેશને તજવીજથી કાપી લઇને ગંગાવન તરીકે વેચી, તેના સારા પૈસા ઉત્પન્ન કરવાને પેલા ભટની ભાગીદારીથી ચોરી છુપાવીને લઇ જવાની ગોઠ-

વણુ રાખે છે; અને પછી અસ્તરો લઇને તે બિચારીનું માથું નાળીએરના ડોચા જેવું બોડકું કરી, જીવતી ડાકણુ જેવી બનાવે છે. આથી તેનો વિદ્રુપ ચેહેરો થવાથી તેના નાનાં નાનાં બાલકો હોય છે, તો તે તેને ઓળખી શકતા નથી; અને કાવરા બાવરા થઇ મારી મા ક્યાં ગઈ ? એમ કહી ટળવળે છે, અને કહે છે કે આ તો મારી મા નહીં, એમ કહી રડે છે. અને તેની પાસે ન જતાં દૂર ભાગે છે. એ બોડકું કરવાનો હેતુ એ છે કે તે સ્ત્રી કદ્રુપી થાય, તો તેને અને બીજા કોઈને કામ વાંસના થાય નહીં; પણુ એમ માનવું વાસ્તવીક નથી. કારણુ કે વિષય પ્રવર્તક પરમાણુનુંજ જે આખું શરીર બનેલું છે, તો તેની સાથે વળગેલા આ કામ વાંચ્છના ઉત્પન્ન કરનાર નિર્જીવ કેશને માત્ર છેદન કર્યાથી આખા કામોત્પન્ન જોશનો અવરોધ કેમ થાય ? જો એમ થતું હોય તો નદી નાળામાં કે ગટર તથા કચરાની પેટીમાં અને કુવા વગેરેમાં નાંખી દીધેલાં હજારો બાલકો (સરકારી ગણુત્રીથી દર વર્ષે ૧૨૩૧૫ બાલહત્યા) તથા પંઢરપૂર વગેરે જગોએ અનાથ બાલ ગૃહો જે સ્થાપીત થયલા છે, તેમાં જે બાલકો દૃષ્ટિએ પડે છે, તે કદાપિ પડતે નહીં; માટે કહેવાની મતલબ એ છે કે, એવું માનવું તેના કરતાં ન્યાય દૃષ્ટિથી જોશો તો માલમ પડશે કે, સતી તો, યવન કસાઇને હાથે જેમ એકદમ પશુ મારી નાંખવામાં આવે છે, તેમ અગ્નિ ઝાળથી મારી નાંખવામાં આવતી હતી, તે કાંઈ પણુ આ કરતાં સારૂં હતું; પણુ આ બાલ વિધવા સ્ત્રી વર્ષોના વર્ષ લગી રાત દિવસ કામ વાંસના રૂપી અગ્નિમાં બળી જળીને અને બીજી સધવા સ્ત્રીના શૃંગારને જોઇ જોઇને અને હિજરાઇને મરણુ પર્યંત બહાર મ્હોં ન દેખાડતાં અંધારા ખુણામાં રાત દહાડો પડી રહે છે, દહાડામાં એક વેળા જમે છે, અને તે વળી પુરતું પેટ ભરીને નહીં, તથા ખુલ્લી જમીનપર સુઇ રહેવું પડે છે, એવા દુઃખદાયક હાલ હવાલમાં તે બિચારીને જન્મ લગી રીબાઇને અને ટળવળીને મરવું પડે છે. અને તેમાંથી બાલહત્યા સ્ત્રીહત્યા થતી નજરે પડે છે. માટે આવા થતાં મહા પાપને, સતીના કાયદાની માફક કાયદો કરી અટકાવવાને દયાળુ ઇંગ્લીશ સરકાર ધ્યાનપર લે, તોજ આ હજામ ભટ કસાઇનો આ દ્રવ્યપ્રાપ્તીનો દુષ્ટ ધંધો બંધ પડે. આજ પ્રમાણે નિરપરાધી પશુ દેહ પર ગુજરતું ઘાતકીપણું બંદ કરવું જોઇએ, અને તે વિષે સરકારને કાંઇ નવો કાયદો કરવો પડે એમ નથી. માત્ર સન ૧૮૪૯ના આગષ્ટમાં જનાવરપર ગુજરતું ઘાતકીપણું અટકાવવા વિષે ઇંગ્લંડમાં થયલો કાયદો જેનો અમલ મુંબઇ, મદ્રાસ, અને કલકત્તા, એ માત્ર ત્રણુ મુખ્ય શેહેરમાં જે હાલ થાય છે, તેનો હવેથી હિંદુસ્થાનના તમામ બ્રિટિશ રાજ્ય અને ખંડિઆ સંસ્થાનિક રાજ્યોમાં અમલ કરવાનો ઠરાવ સરકાર કરે તો તે બસ થશે.

આવી રીતે આ અધમ દુષ્ટ કસાઇઓ ભોળા રાજા રજવાડામાં કે ભોળા ગૃહસ્થોના ઘરમાં ઘુસી છળથી તેમને મોટા મોટા લોભ બતાવી છળે છે. પણુ તે ભોળા અભણુ અજ્ઞાન મોજીલા રાજાઓ કે ગૃહસ્થો લોભાંધ થઇને કાંઇ વિચાર કરતા નથી, કે આવા દુષ્ટ છળીઓના કહેવાપરથી દેવ દેવીને ગરીબ નિરપરાધી અને

પરોપકારી પ્રાણીઓના ભોગ ઘણા આપ્યા, તો પણ રાજ્યાધિકારમાં એક પણ પાયરી ઊંચે ચડ્યા નથી, પણ પાયરીમાં અને સત્તામાં નીચે પડતા જઈએ છીએ; તેમા તે દેવ દેવી આટલો ભોગ લીધા છતાં કૃતઘ્ન અને નગુરાં થઈ રક્ષણ કરતાં નથી. અને ગાદીના વારસ સરખાની પણ રક્ષા કરતાં નથી. જો એમ રક્ષા અને ફળપ્રાપ્તિ થતી હોય, તો તેમના પૂર્વજો અને તેમના વહાલા પુત્રોને કોઇ મરવા દેત જ નહી. તથા વળી દેવ દેવીઓને નાના પ્રકારના અસંખ્ય ભોગ આપી તેમની એવી સહાયતાથી રાજાઓ સ્વતંત્ર કાં ન થઇ જાય ? રાજાઓએ તો વિચાર કરવો જોઇએ કે જે જાગીર અને વૈભવ ભોગવીએ છઇએ, તે પોતાના પુરૂષાર્થથી પ્રાપ્ત થયલા નથી; પણ જે પૂર્વજો પોતાના પરાક્રમથી રળી આપી ગયા છે, તે આ માયાળુ ઇંગ્રેજ સરકારની માનસીક દયા અને કૃપાદૃષ્ટિથીજ માત્ર ભોગવીએ છીએ, હમારા ભોળા સૌભાગ્ય રાજા મહારાજાઓ ! તમારા જ્ઞાન-ચક્ષુઓ ખોલીને અને ધર્માત્મા વિદ્વાનોનો સંસર્ગ કરીને સત્યાસત્યનો વિચાર કરો. આ પૃથ્વીપર માયાળુ ઇંગ્રેજ સરકારનું મોટું રાજ્ય છે, અને બીજા પણ મોટા રાજ્યો છે. તેમણે ક્યા દેવ દેવીને ભોગ આપી તે રાજ્ય મેળવ્યું ? કે હતું તેનું એવી રીતે રક્ષણ કરી રાખ્યું ? તેનો વિચાર કરો. જો એવી રીતે દેવ દેવીને નાના પ્રકારના ભોગ આપી રાજ્યનું રક્ષણ થતું હતું, તો તમે અને તમારા વડવાઓ પરદેશીઓને અને પરરાજ્યને આ દેશમાં ઘુસવા દેતજ નહી. વળી વિચાર કરો કે શું તમારા દેવ દેવીઓ લાંચીઆ અને ભીખારી છે ? કે તમારી આવી દુષ્ટ લાંચો લઇ, આવા અધર્મ ક્રૂર કર્મ કરનારા પક્ષપાતીઓ છે ? અને એવા હોય તો તે દેવ દેવી કહેવાય ? કે રાક્ષસ રાક્ષસી કહેવાય ! અને જ્યારે તમે પ્રજાને ન્યાય આપનારા અને તેનું રક્ષણ કરનારા જે રાજા આવી લાંચ રૂસવત આપીને પોતાનું કામ દેવ દેવી પાસે કરાવી લેવાની આવી કુચેષ્ટા પ્રજાને કરી બતાવે, તો પછી તે પ્રજા પાસે તમો અને તમારૂં રાજમંડળ લાંચ રૂસવત લઇ ગેરઇનસાફ આપતા હો, તો તેમાં શું શક અને નવાઇ જેવું ગણાય ? તેનો પણ વિચાર કરવો જોઇએ. અને સત્તાને બળે મદાંધ થઇ આવા દુષ્ટ કર્મ કરતાં સર્વ શક્તિમાન પરમેશ્વરના ન્યાયથી બીહીવું જોઇએ. આવા અઘટીત દુષ્ટકર્મો કરવાથી તમારૂં પોતાનું આયુષ્ય અને પોતાના સુખ શાંતીના વૈભવનો ઉલટો નાશ થવાનો સંભવ સૃષ્ટિક્રમના ન્યાયથી અને સત્યધર્મ શાસ્ત્રોને આધારે જણાય છે. અને રાજ* અંતે આવા કર્મો કર્યાથી નર્ક પ્રાપ્તિનો સંભવ રહે છે. તેનો ન્યાય બુદ્ધિથી મિથ્યા અભિમાન છોડી કાંઇ વિચાર કરો. અને સત્યાસત્યનો વિવેક કરવાને સત્ય શાસ્ત્રો શિખો, અને આવા દુષ્ટ છળી તાંત્રીકો અને પૌરાણીકોના બનાવટી ગ્રંથોનો તેની સાથે મુકાબલો કરી જુઓ, અને પછી તેના ભોપાળા ઉઘાડા કરી, તેમના તે દુષ્ટ ગ્રંથોનો જડ મૂળથી નાશ કરો, અને તેમને હાથે ફસાતી ગરીબડી પ્રજાનું રક્ષણ કરો. એ તમારૂં રાજ્ય કર્તવ્ય છે. તે મનપર લો. અને જ્ઞાની

થઇ કાંઇ પુરૂષાર્થ કરો, અને બાયલી અબળા બુદ્ધિ છોડી દો. તથા તમારો ગૌ-બ્રાહ્મણ અને પ્રજા પાલન ક્ષાત્રધર્મને આદરો. અને તેનો પ્રકાશ કરી પ્રજાનો વિશ્વાસ તમારાપર બેસાડો. એવી હમારી નિષ્પક્ષપાતી પ્રાર્થના રાજ્યશ્રી અર્થે છે.

રાજાએ ગ્રામ્ય તથા જંગલી દુષ્ટ પ્રાણીનો નિઃપાત કરીને સુષ્ટ પ્રાણીનું રક્ષણ કરવું એ બાબે યજુર્વેદમાં (૧૩।૪૭–૫૧) રાજનીતિપર પાંચ મંત્ર આવ્યા છે. તે આ :–

" इमं मा हि ९ सी द्विपादं पशु ९ सहस्राक्षो मेधाय चीयमानः । मयुं पशुं मेध मग्ने जुषस्व तेन चिन्वानस्तन्वो निषीद । मयुं ते शुगृच्छतु यं द्विष्मस्तं ते शुगृच्छतु "* *

" अजो ह्यग्ने रजनिष्ट शोकात्सो अपश्यज्जनितारमग्रे । तेन देवा देवतामग्र मायंस्तेन रोहमायन्नुप मेध्यासः। शरभ मारण्य मनुते दिशामि तेन चिन्वानस्तन्वो निषीद शरभन्ते० "

અર્થઃ—કોઇ પણ રાજા કે અન્ય પુરૂષે સર્વ પર ઉપકાર કરનારા પશુને કદિ મારવું નહીં. પણ તેનુ ઉત્તમ પ્રકારે સંરક્ષણ કરીને તેમના પાસેથી ફાયદો કાઢી લઇને સર્વ મનુષ્યને તેનો વાજબી રીતે લાભ મળે અને તેઓ આનંદ ભોગવે, એમ કરવું. જે જંગલી ક્રૂર પશુથી મનુષ્યનું, ગ્રામ્ય પશુનું, અને ખેતી વાડીનું નુકસાન થતું હોય, કે હાની થતી હોય, તેવા પશુને રાજ પુરૂષે બંધનમાં નાખવાં; કે નહી ચાલતાના મારવાં. ઘોડાદિ લઈ એક ખરીના ઉપયોગી ગ્રામ્ય પશુને મારવાથી જગતની હાની, અને ન મારવાથી જગત સર્વનું હિત થાય છે, માટે તેમનું સદૈવ પાલણ પોષણ કરી તેમનાથી લાભ લેવો. અને હાનીકારક ઉપદ્રવી પશુ હોય, તેનેજ માત્ર હનન કરવા. જે બેલાદિક પશુના પ્રભાવથી ખેતીવાડીનું, અને ભાર બોજો વેહેવાનું કામ ચાલે છે તથા ગાય આદિ નારીજાતીના પશુથી દૂધ, ઘી, વગેરે ઉત્તમ મિષ્ટ પુષ્ટ આરોગ્યવર્ધક પદાર્થો અનેક પ્રકારે ઉત્પન્ન થાય છે, અને તેણે કરીને પ્રજાનું રક્ષણ થાય છે, એવા તે પરોપકારી અને નિરપરાધી ગાય બેલ જેવા પ્રાણીઓને હે રાજા ! તું કદી પણ મારતો નહીં. પણ જે કોઇ એ ઉપકારી પશુને મારે, તેને રાજાએ દંડ કરવો. જંગલમાંનાં નીલ ગાય આદિ પ્રાણી જે પ્રજાને હાની કરનારાં છે, તેને મારવા યોગ્ય છે. પણ બકરાં તથા ઘેટાં જેવાના બાળ સદૈવ કામમાં આવે છે, અને સ્વાભાવિક રીતે મુઆ પછી તેનું ચામડું સુખાર્થે આપોઆપ મળી આવે છે, તથા ઉંટ જેવા પશુ ભારબોજો વિકટ રેતીના રણમાંથી લઈ જઇ મનુષ્યની સુખદાઈ સેવા કરે છે, એવા સુખ-દાયક પ્રાણીને જે દુષ્ટ જન મારવા ઇચ્છે છે, તે લોકોને દુઃખ આપનારો થઈ પડે છે, એમ સમજીને તેને શિક્ષાને પાત્ર ગણવો. વળી તેમ મોર વગેરે પક્ષીઓ જે નિરપરાધી છે, તેનું રક્ષણ કરવું અને તેનાથી જે લાભ મળી શકે, તે લેવો અને એવા પશુ પક્ષીને મારનારનું તરત તાડન કરવું. માત્ર ખેતીવાડી વગેરેનો નાશ કરનાર જે જંગલી પશુ હોય, તેનો રાજાએ પ્રજાજન સંરક્ષણાર્થે નિઃપાત કરવો. રાજા મહારાજાઓ અને તમામ આર્ય પ્રજાએ એકત્ર થઇ વિચાર કરવાનો એ છે કે આવી વેદાજ્ઞા સ્પષ્ટ પ્રસિદ્ધ છતાં કેટલાક હિંસક અસૂર લોકો પોતાને હાથે

આંધ્રાદિ દ્રાવિડસ્થ અને કન્હાડા ચિતપાવનાદિ નવીન બ્રાહ્મણ બની પોતાની મૂળની હિંસક વૃત્તિ કાયમ રાખવાને માટે હિંસા કર્મ વેદ વિહિત છે, એવું લોકોનાં મનમાં ઠસાવવાને સારૂ તત્ સંબંધે બહારનો ઢોંગ ફેલાવીને સ્વહેતુ સિદ્ધ કરવાને રાજ-સત્તા બળે ખોટા નવીન ગ્રંથો, જેવા કે આપસ્તંભ નામના ખોટા વેદ અને બ્રાહ્મણ; ખોટા ઉપનિષત્, ખોટા તંત્રો વગેરે અનેક પુસ્તકો તેઓએ રચ્યાં તથા વળી તે ઉપરાંત મન્વાદિ માન્ય વેદ વિહિત સ્મૃતિઓમાં અને બીજા આર્ષ ગ્રંથોમાં પણ પોતાની મતલબના ક્ષેપક વચનો ઘુસાડીને તે ગ્રંથો પણ બગાડયા. તથા વળી વેદ સંહિતાના કેટલાક મંત્રોના હિંસાસુચક અને વ્યભિચાર પ્રવર્તક ખોટા અર્થ કરી બનાવટી ખોટા ભાષ્યો પણ કર્યા. તે સઘળા બનાવટી કપટ ભરેલા ગ્રંથો પર અને જ્યાં ત્યાં ઘુસાવેલા ક્ષેપક વચનોપર વિશ્વાસ અને આસ્થા ન રાખતાં સત્ય આર્ષ ગ્રંથોનું અવલોકન અને અધ્યયન કરી, આ ખોટાણું જાહેરમાં ઉઘાડું કરવું. અને તે બનાવટી ગ્રંથોનો, તે ક્ષેપક વચનોનો, અને તેના કર્તા રાક્ષસોનો પ્રસિદ્ધ રીતે તિરસ્કાર કરી તેમનો અનાદર કરવો. અને હાલમાં તેવા દુષ્ટ ગ્રંથને માનનારા અને મનાવનારાને પણ તેવાજ તુચ્છ ગણી, કોઈ પણ ધાર્મિક કાર્યમાં તેમને દાખલ કરવા નહીં. એવો પ્રબંધ થવો જોઇએ, તોજ ઈશ્વર પ્રણીત સનાતન વેદોક્ત આર્ય ધર્મની પુનઃ શુદ્ધિ થશે. તથાસ્તુ.

હવે પાછલા પાના ૭૧ પર પાણીના વેહેતા ઝરાના જળમાં જીવ જંતું હોતા નથી તે વિષે પ્રતિપાદન થઈ ચુકેલું છે, તેના સંબંધનું ચિત્ર આપવાની તે જગોએ સગવડતા ન મળવાથી તે આપવાનું રહી ગયું હતું, તે આ જગોએ આપવામાં આવ્યું છે. તેની અંદર નં૦ ૧ લામાં પહાડી પ્રદેશનો શુદ્ધોદક ઝરો; નં૦ ૨-૩ જામાં, શુદ્ધ વેહેતું પાણી; નં૦ ૪ માં તળાવમાં એકત્ર થયેલું વહેતું, સૂર્ય કિરણથી પ્રતિબિંબિત થયલું, વપરાતું ખુલ્લું શુદ્ધ જળ; નં૦ ૫ માં ખાણી વહી આવીને ખાડા, ખંદકામાં ભરાઈ રહેલું, સેવાળ અને લીલો તરીથી ભરેલું, સૂર્ય કીરણ ન પડે એવું છાયડા નીચે રહેલું અને વપરાસ વગરનું જીવ જન્તુ અને કચરા કીચડવાળું ગંધાતું પાણી; નં૦ ૬ ઠામાં ઉંચા આસન પર મુકેલું સંયુક્ત સૂક્ષ્મ દર્શક યંત્ર; નં૦ ૭ માં ગંધાતા ખાબોચીઆનું પાણી ભરેલું ગ્લાસ; નં૦ ૮ મામાં મ્યાજીક લેન્ટર્નનો દીવો, યંત્રમાં ફોટોગ્રાફીક પ્લેટ, તેની ઉપર મજકુર દિવાને પ્રકાશે કરીને સૂક્ષ્મ દર્શક યંત્રમાં પેલા ગ્લાસમાંના ગંદા પાણીની અંદરના ઝીણા કચરા અને જીવ જંતુનું પરાવર્તન થઈને તેના પ્રતિબિંબનું જે ઉઠવું, તેનો આકાર અ આદિ વર્ણાનુક્રમે દર્શાવેલો છે. તે પૈકી કેટલાકની વનસ્પતિ જેવી આકૃતિ અને કેટલાકની જીવજંતુ જેવી આકૃતિનો ભાસ થાય છે. પણ નં૦ ૪ થાના શુદ્ધ જળમાં તેવા પ્રકારનો કિંચીત પણ ભાસ થતો નથી. તાત્પર્ય એ કે ઉપર દર્શાવેલા શુદ્ધ જળમાં જીવ-જંતુ હોતા નથી. પણ કેવળ ગંધાતા ગંદા પાણીમાંજ જીવજંતુ અને કુજાત વનસ્પતિનો ભાગ હોય છે, તે વિષે મિ. સ્લાક, હાગ, મિસીસ વાર્ડ વગેરે યુરોપિયન તત્વશાસ્ત્ર શોધકોએ સિદ્ધ કરેલું છે, તેનો ચિતાર પાછળ પ્રદર્શિત કરેલો છે.


प हा डी प्र दे श

અહિંસા ધર્મપ્રકાશ.

પૂર્વાર્ધ

વિચાર દર્શન.

—:o:—

આ ભૂગોલ ઉપર ઉત્પન્ન માત્ર સૃષ્ટપદાર્થમાં સ્થાવર અને જંગમ એવા બે ભેદ સ્પષ્ટ દેખાય છે. સ્થાવર એટલે વૃક્ષ. તૃણ, ધાન્ય, વેલ, કંદ ઇત્યાદિ વનસ્પતિ; અને જંગમ એટલે મનુષ્ય, પશુ, પક્ષી, મત્સ્ય, અને ક્રિમિકીટક ઇત્યાદિ પ્રાણી, એ બન્નેની ઉત્પત્તિ અને સ્થિતિ ભિન્ન ભિન્ન છે. વૃક્ષાદિક વનસ્પતિ શુદ્ધ પૃથ્વીદત્ત હોવા છતાં તેને કામ ક્રોધાદિક વિકાર, તેમજ ચલન વલન અને તે શિવાય શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, એ વિષય સમજવાની શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિંદ્રિય, જીવ્હેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, અને સ્પર્શેન્દ્રિય એવી જ્ઞાનેન્દ્રિયો અને તજ્જન્ય સુખ દુઃખાવસ્થાનો અભાવ હોવાને લીધે તેને શસ્ત્ર વગેરેથી છેદન કર્યું, તો તેને દુઃખનો અનુભવ થતો નથી. માટે તેમનું છેદન કર્યાથી દોષ થતો નથી. પરંતુ મનુષ્યાદિ પ્રાણીની ઉત્પત્તિ શુક્રશોણિત જન્ય અને તેનું શરીર બહુધા રક્ત, મેંદુ, સ્વેદ, લાળ, કફ, પિત્ત, મલ, મૂત્ર. એવા પદાર્થોથી ભરેલું છતાં, તે પ્રાણી જ્ઞાનેન્દ્રિયોએ અને તજ્જન્ય સુખ દુઃખાવસ્થાએ કરીને યુક્ત હોવાથી એવા પ્રાણીઓને શસ્ત્ર વગેરેથી છેદન અથવા શ્વાસ અવરોધન કરીને પ્રાણ હરણ એટલે હિંસા કર્યાથી તેઓને દુઃખનો અનુભવ થાય છે તેટલામાટે એવા જ્ઞાનેન્દ્રિયાદિકોએ કરીને યુક્ત હુવા પ્રાણીઓને ઠાર માર્યાથી દોષ થાય છે, અને એ દોષનેજ હિંસાદોષ કહે છે, એમ જાણવું.

હિંસા આ શબ્દ હિંસ્ (પ્રાણ લેવો) એ ધાતુ ઉપરથી ઉત્પન્ન થયો છે. ત્યારે પ્રાણીમાત્રને ઠાર મારવા, એ હિંસા, અને તદ્વ્યતિરિકત એટલે પ્રાણઘાત ન કરવો એ અહિંસા કહેવાય અને એ અહિંસા એજ માનવને મુખ્ય ધર્મ છે; કારણ, આપણી પેઠેજ ઇતર પ્રાણીઓને દુઃખ થાય છે, માટે વિના અપરાધ તેને દુઃખ દેવું નહીં. આપણને જેવો પ્રાણ 'પ્રીય', તેવોજ બીજાને; તેમાટે બીજાનો પ્રાણ લેવો નહી. અને આવો આ અમૂલ્ય પ્રિયકર પ્રાણ લીધા શિવાય અને પ્રાણીને તેવે સમયે દુઃખ દીધા શિવાય માંસ મળતું નથી, અને વલી તેપણ માંસ શુક્રશોણિત જન્ય છતાં, લાળ, સ્વેદ, મલ, મૂત્ર, કફ, પિત્ત, આદિથી યુક્ત જાણે મૂર્તિમંત દુર્ગંધી પુત્રીકાજ; તેટલા માટે એવું શુક્રશોણિત જન્ય ગંદુ ગંધાતું માંસ મનુષ્યોએ ખાવું નહીં, એવી વિચાર કરવાની શકિત મનુષ્યોને આપી છે. પરંતુ તે વિચાર શક્તિને મુસ્કે તાટ બાં-

ધીને તેને રસાતળે મોકલીને કેટલાએક ક્રૂર, વિચાર શૂન્ય નરાધમ, કેવળ માનવ ધર્મ છોડીને શુદ્ધ પશુત્વ પ્રવૃત્તિને અનુસરીને નિરપરાધી પ્રાણીની હિંસા કરે છે; ધિક્, ધિક્, જીવવું એવા નિંદ્ય હિંસકોનું!! અરે! અરે! જે પ્રાણી અનેક દુઃખો ભોગવી ભોગવીને અને સંકટો વેઠી વેઠીને સ્વશરીર સંભાળે છે, તેવા પ્રાણીનો એક ક્ષણમાં નાશ કરીને તેનું તે શરીર વ્યાઘ્ર, ગૃધ્રાદિકવત્ ભક્ષણ કરવું, એ વિચાર યુક્ત માનવને કેટલું દૂષણીય વારૂ! અરે! સર્વમાં અમૂલ્ય અને પ્રિયકર જે પ્રાણ, તે એકાદા ક્ષુલ્લક પદાર્થ પ્રમાણે નહીં જેવો કરવો, એ કેવડો વારૂ અન્યાય! અરે! જે વસ્તુ એક વેળા ગઈ છતાં પુનઃ જન્માંતે પણ મળવાની આશાજ નથી, એવી વસ્તુનો નાશ કરવો, એ કેટલો અવિચાર! પ્રાણ એ વસ્તુ શું છે, તે સમજતા ન છતાં અને અમે તે કોઇને આપ્યો પણ નથી, અને આપી પણ શકતા નથી; ત્યારે જે પ્રાણ અમે આપી ન શકનારા અને ન સમજનારા તે પ્રાણને નહી જેવા કરવા, એ કેટલો વારૂ જુલમ! અરે! જે પશ્વાદિકોએ કાંઇ અપરાધ કર્યો ન છતાં ઉલટો આપણને નફો કરેલો હોય છે, એવા નિરપરાધી અને પરોપકારી પશ્વાદિકોનું ગળું કાપવું, એ કેટલું નિંદ્ય અને કૃતઘ્નતાનું કૃત્ય! અરે! જે પ્રાણી મુખ, મુદ્રા, પુછડું અને પગ, એનાથી પોતાનાં દુઃખનું ચીન્હ દેખાડીને, અને બોં બોં, મેં મેં, બેં બેં, ચેં ચેં, ચીં ચીં, કેં કેં, કયાં કયાં, એવા એવા અનેક પ્રકારના દુઃખદાયક બરાડા નાંખીને જણાવેછે, કે "હે મનુષ્ય રે! મને માર નહીં; રે! મેં કાંઇ તારો અપરાધ કરેલો નથી; ધાન્ય ફૂલ ફળાદિ શુદ્ધ પૃથ્વીદત્ત ચોખ્ખા પદાર્થ ઈશ્વરે તારા જીવનઅર્થે સરજીત કરેલા છે, તેને છોડી ખાલીપીલી મને નહીં માર, અરે! નહીં માર; અરે! નહીં માર; અરે! નહીં માર રે નહીં માર! હું તારે શરણે છું." એવી એવી રીતે પોતાની ભાષાએ કરીને અત્યંત આર્જવ અને કલકલાટ કરતા પશ્વાદિકના શરીર ઉપર તીક્ષ્ણ શસ્ત્રધારા ચલાવવી, એ કેટલું અઘોર અને નીચ કર્મ! હરે! હરે! કેવડો આ અન્યાય! કેટલું એ અઘોર કૃત્ય! આવા અઘોર કૃત્ય કરનારની ઈશ્વર કોણ જાણે કેવી ગતિ કરશે, તે કહી શકાતું નથી. તથાપિ એવું અનુમાન કરવામાં આવે છે કે, જેમ રાજા પોતાની પ્રજાપર દેખરેખ રાખીને ખુની મનુષ્યને દેહાંત શિક્ષા કરે છે. તેજ પ્રમાણે સર્વ પ્રાણીપર સમદૃષ્ટિ રાખનારા જે જગન્નિયંતા પરમાત્મા તે પશ્વાદિકનું ખુન એટલે પ્રાણઘાત કરનારને શિક્ષા કરશેજ કરશે. એમાં કાંઇ શક નથી.

મનુષ્યને આત્મજ્ઞાન અને વિચાર શક્તિ હોવાને લીધે "સર્વ પ્રાણીમાત્રને દુઃખનો અનુભવ છે," તે સારી રીતે જાણે છે; તેમ વ્યાઘ્રાદિ પશુને કે ગીધાદિ પક્ષીને તે વિષે સમજ નથી. વ્યાઘ્રાદિ ક્રૂર પશુપક્ષી જે વારે પ્રાણીઓને મારે છે, તે પ્રાણીઓ પોતાના પ્રાણ બચાવવા સારૂ પુષ્કળ પ્રયત્ન કરે છે; મો-

ઢેથી આરડીને ફડફડાટ, તળગળાટ, અને વળવળાટ કરે છે; તથા મુખ, પુચ્છ અને પગની નીશાનીથી આર્તસ્વરે કરીને આર્જવ કરે છે; તે તે વ્યાઘ્રાદિકોને સમજાતું નથી; પરંતુ મનુષ્યને દયા અને વિચારશક્તિ હોવાથી, તે પ્રાણીઓની મુખમુદ્રાદિકના ચીન્હો વડે કરેલી આર્જવ, તેઓ સમજે છે, અને દયાયુક્ત વિચારશક્તિને યોગે તેના મનમાં તે પ્રાણી વિષે કળકળાટ અને દ્રવ ઉત્પન્ન થાય છે; પણ તેમ વ્યાઘ્રાદિકને થતું નથી. એ ઉપરથી એવું સિદ્ધ થાય છે, કે મનુષ્યને પ્રાણી વિષે કળવળાટ આવીને તે તેને વિના અપરાધ મારે નહીં, તેટલાજ સારૂ તેનામાં ઈશ્વરે દયા અને વિચારશક્તિ આપેલી છે. તાત્પર્ય—મનુષ્યોએ વ્યાઘ્રવત્ નિર્દય થઇને પ્રાણીને મારી ખાવું નહીંજ, એવું તેનામાં જ્ઞાન દયાદિ ગુણ હોવાથી સ્પષ્ટ થાય છે; તેટલામાટે મનુષ્યોએ પોતાના જ્ઞાન, દયાનો યોગ્ય ઉપયોગ કરવો, અને ત્યારેજ ઈશ્વરે તેને જ્ઞાન, દયાદિ જે ગુણ આપેલા છે, તેનુ સાર્થક થશે. અન્યથા થવાનું નથી. પણ જેમ એકાદા ન્યાયાધીશને અન્યાયના કામો કરવાથી પ્રજાનો રક્ષક રાજા તેના ન્યાયના ઓહ્દા ઉપરથી દૂર કરે છે, તેમજ ઉત્પન્ન માત્ર સૃષ્ટ પદાર્થોનો રાજા જે જગન્નિયંતા પરમેશ્વર, તે તેને જ્ઞાન, દયાદિ ગુણથી દૂર કરીને અર્થાત્‌જ વ્યાઘ્રાદિ યોનીમાં ઘાલશેજ.

હવે પ્રાણીમાત્રે તો પરસ્પરને મારીને ખાવુંજ, એવો ઈશ્વરી નિયમ છે, એમ જો કહીયે, તો તે નિયમ કોઇએ પણ તોડવો ન જોઇએ; અને જો તોડ્યો, તો તે તોડનાર મનુષ્ય ગુન્હેગાર ઠરે, એ ખુલ્લું છે. તો હવે એકાદો વાઘ કે સિંહ મનુષ્યને મારવા આવ્યો, તો તે બીહીને શા સારૂ નાસે છે? અથવા તે વ્યાઘ્રાદિકને અનેક શસ્ત્રોના સાધનથી મારવાને કાં ઉદ્યુક્ત થાય છે? અને તેમ કરીને ગુન્હેગાર કાં ઠરે છે? જે પ્રમાણે ઈશ્વરે મનુષ્યોને પ્રાણી મારી ખાવાને ફરમાવેલું છે, એવું કેટલાક દુષ્ટ માણસો કહે છે, તેમજ વ્યાઘ્રાદિકને પણ મનુષ્ય મારી ખાવા, એવું ઈશ્વરેજ ફરમાવેલું છે; અને તે પ્રમાણે તે વ્યાઘ્રાદિક પોતાનું કૃત્ય બજાવે છે; તે વારે તે વ્યાઘ્રાદિકને મારવો એ યોગ્ય નથી, એવું કેહેવું, તે મનુષ્ય કબુલ કરશે કે? ના; કારણ તે વ્યાઘ્રાદિક ક્રૂર અને હિંસક છે, માટે તેને મારવાજ જોઇએ; તો હવે એજ ન્યાયે કરીને જેમ વ્યાઘ્રાદિ પ્રાણી ઘાતકી છે, માટે તેને મારવા, એ યોગ્ય છે, તેમજ જો મનુષ્ય પ્રાણી—પ્રાણ ઘાતક, હિંસક, અને ક્રૂર છે; તો તેને પણ વ્યાઘ્રાદિક પ્રમાણે મારવા યોગ્ય હોવા જોઇએ. પણ હરે! હરે!! જ્ઞાન, દયા અને વિચારયુક્ત માનવની સ્થિતિ આવી વ્યાઘ્રવત્ વધ્ય અને નિર્દય હોવી જોઇએ કે?

આવા હિંસક પશુવત્ મનુષ્ય, વ્યાઘ્રાદિકથી પણ ક્રૂર અને નીચ જાણવા. વ્યાઘ્રાદિકો પ્રાણીઓનું ગળું ફોડીને તેને એકદમ મારે છે; પણ આ દુષ્ટ હિંસક માણસ, જેમ સુતાર લાકડા લોખંડમાં ખીલા ઠોકે છે, તે પ્રમાણે મનમાં

દયાનો લેશ પણ ન લાવતાં, ગાય બળદના અંગપર તીક્ષણ શસ્ત્રધાર ચલાવે છે, અને વસ્ત્રમાં સોય ટાંચ્યા પ્રમાણે બકરા કુકડાના શરીરમાં છુરી ભોંકે છે, અને તેમાંથી અશુદ્ધ ધારાનો પ્રવાહ કાઢે છે, તથા બટાટા પ્રમાણે કપોત અને કુકડાઓને તથા શીપમાં વસનારા પ્રાણીઓને જીવતાં બાફે છે તથા જળથી માછલાઓને જળ બહાર કાઢી, તેનો શ્વાસ રૂંધી મારે છે. હરે! હરે!! એવે પ્રસંગે તે બિચારાઓ કેટલો તળમળાટ; કેટલી હાય, હાય; કેટલો તડફડાટ; અને કેટલો તળવળાટ કરીને કેટલી વેદના ભોગવતા હશે! એનો યત્કિંચિત્ અનુભવ પોતાના આંગપર શસ્ત્રપ્રહાર કરીને કે શ્વાસ રૂંધન કરીને જોવો જોઇએ. બિચારા અર્ધી ઘડી લગી ફડફડીને અને તળમળીને આખરે પ્રાણ છોડે છે! હર ! હર !! કેટલો અનાથ ઉપર જુલમ અને કહાર થાય છે. વારૂ ! અરે ! અરે !! તે વેળાની તે બિચારાની હૃદય છેદક તળમળાટ, ફડફડાટ અને તેનું આરડવું, સાત્વિક મનુષ્યોથી તો કાનવાટે સાંભળી શકાતું કે ડોળેથી જોઇ શકાતું નથી; અને કદાચિત્ દૃષ્ટિએ પડયુંજ તો કાળજામાં ધડકાટ, ડોળા વાટે અશ્રુપાત, અને આંગપર કંપારો આવ્યા વિના રેહેનારજ નહીં, એવો મનુષ્યપણાનો સ્વભાવજ છે. તો તે સ્વભાવ તેને છોડીને વ્યાઘ્રવત્ વધ્ય અને વ્યાઘ્રથી પણ ક્રૂર અને નીચ એવો તેને શુદ્ધ પશુ બનાવીને ગયો. તે કયાં! કેટલા એક પ્રાણીઓનો પ્રાણ જલદી છુટતો નથી; કારણ કે તેની ત્વચા ઘણીજ બળકટ હોય છે. તથાપિ હિંસક મનુષ્ય તેને કાગળ પ્રમાણે ચુરો કરી નાંખીને તેના રક્ત માંસે પોતાનું પેટ ભરે છે. હરી ! હરી ! તે જેવારે ડુક્કરને મારે છે, તેવારે તે ડુક્કરનું મ્હોં બંધ કરીને આંગળી જેટલો જાડો લોખંડનો એક શલીઓ લઇ તે ડુક્કરના અધોદ્વારમાં ખોસીને છેક તેની ગરદન લગી ભોંકી ઘાલે છે. તે પછી તે ડુક્કર અર્ધિ ઘડીએ તળમળીને અને ફડફડીને તથા કાં, કીં, કું. એવા હૃદયવિદારક આર્તસ્વર કાઢીને બિચારો પ્રાણ છોડે છે. એ લોખંડી ગજને છેડાપર અણી હોય છે, અને ડુક્કરનું ચામડું ઘણું જાડું હોવાને લીધે છુરીથી ઝટ તુટતું નથી. અને હાથને ઘણો શ્રમ પડે છે, માટે તે લોખંડી ગજ કોઇ કોઇવાર અગ્નિમાં તપાવીને પણ ભોંકે છે. તે સમયે તે બીચારાના આંગમાંથી એકદમ રક્તધારા છુટે છે. અને ચારે બાજુની જમીનપર અને પેલા નરાધમ હિંસક પુરૂષપર તે રક્ત પડીને તે અઘોરી મનુષ્ય કેવળ કાળસમાન ભાસે છે. હરે ! હરે ! ! કેવી એ ક્રૂરતા ! કેટલાક પાષાણ હૃદયી હિંસક મનુષ્ય પેહલવેહેલા તે ડુક્કરનું મ્હોં અને ચારે પગ એકઠા બાંધીને તેને ઉલટો દેવતાના નીખારાપર મુકે છે, અથવા ઉંધો ટાંગીને નીચે આગ સળગાવે છે; એવી રીતે તે ડુક્કરને ચારેગમથી બાળે છે. હવે તે સમયે તે બીચારો પ્રાણી કેટલો તળમળતો હશે, તેનું અનુમાન પણ થઇ શકતું નથી. વળી આગળ તે ડુક્કરના બાલ બળી ગયા પછી તે જલદી મરે, તેટલા સારૂ, ઉપર

લખ્યા પ્રમાણે લોખંડી ગજ તેના અધોદ્વારમાં ખોશી દેહ ગરદન સુધી ભોંકી દે છે. શિવ ! શિવ !! બીચારાનું શરીર બળે છે. ડોળા બળીને ફુટે છે, અધોદ્વાર વગેરેમાંથી રક્તધારા છુટે છે, અને આંતરડા બહાર આવી પડે છે. તે વખતે તે પ્રાણી દીનવાણીથી ક્રીં, કેં, બાં, બેં, એવા એવા હૃદય છેદક આર્તસ્વરથી આરડે છે. એ તેનું દીનવાણીનું આરડવું, રસ્તે જનારાને કાને પડ્યાથી તેઓ દયાએ કરી અશ્રુપાત કરે છે, અને પોતાના આત્મા આવી રીતે કળવલ્યાથી તે પાષાણ હૃદયી ઘાતકીને "તારૂં" સત્યનાશ થાઓ" એવો શ્રાપ દે છે. એજ પ્રમાણે નિષ્ઠુર, ઢોંગી અને ક્રૂર હિંસક મનુષ્ય ગાય, ઢોર, મેંઢા, બકરા, અને કુકડા, કપોત ઇત્યાદિ એવા કેવળ ઉપયોગી, નિરપરાધી અને નિરૂપદ્રવી પ્રાણીને વૃક્ષની માફક સપાસપ કાપી નાખે છે. કેટલાક લોક હલાલ એટલે પ્રાણીના ગળાપર શસ્ત્રને મોટો જખમ કરીને મારે છે અથવા કેટલાક તો દર્ભ રજ્જુથી સર્વ અંગ બાંધીને, તેનો શ્વાસ રૂંધી, તેના અંડકોશ ઉપર મુષ્ટીપ્રહાર કરીને મારે છે. તે પ્રસંગે તે બીચારાની દુર્દશામાં શી કસર ! પ્રથમ તો તડફડાટ, ફડફડાટ, વળવળાટ, અને તળમળાટ ચાલે છે અને પછી કેં, આં, એં, બેં, એવા એવા હૃદયચ્છેદક આર્તસ્વરથી એકજ દુઃખકારક ચીસ પાડે છે; તથા અંતે તે બીચારો હાલ હવાલથી પોતાનો અમૂલ્ય પ્રાણ છોડે છે. રામ ! રામ !! હરે ! હરે !! બિચારા પશ્વાદિકપર આવો જુલમ ગુજર્યાથી તેના બદલામાં ઈશ્વર તો તે બિચારાનું કલ્યાણ કરશેજ; પરંતુ આવા જુલમી મનુષ્યને તો યથા ન્યાય ભયંકર અને ક્રૂર એવી યોગ્ય શિક્ષા ભોગવાવ્યા શિવાય કદાપિ રેહેનારજ નથી.* આવો આ હિંસક મનુષ્ય વ્યાઘ્રકરતાં ક્રૂર છતાં વલી મોટો

---

* કેટલાક ક્રૂર લોકો દશેરાને દિવસે બીચારા બકરાના હજારો શીર ઉડાવી નાંખે છે. પ્રથમ રાજાએ અમુક, રાજપુત્રે અમુક, પ્રધાને અમુક, અને સરદાર વગેરે લોકોએ અમુક એ પ્રમાણે એકીજ વખતે અને એકજ સ્થળે હજારો દૈન્યવાણીવાળા પ્રાણીઓને ચાર ઘડીમાં મારી નાંખવામાં આવે છે. ક્રૂર વ્યાઘ્ર સુદ્ધાં પણ હજારો પશુને એકીજ વખતે અને એકજ સ્થળે મારવાને દયા ખાય છે; પણ આ માનવ હૃદયમાં દયાનો લેશ પણ નહીં. ત્યારે એવા માનવને "વ્યાઘ્ર કરતાં પણ ક્રૂર, નીચ" એવી ઉપમા શિવાય બીજી ઉપમા આપવા જેવી યોગ્ય આ જગતમાં નથીજ. કેટલાક દુષ્ટ લોકો, બીચારા બકરાને જમીનપર પછડાઇ પછડાઇને મરે એવી રીતે હાથી ઘોડાને પગે બાંધીને, તે હાથી ઘોડાને ખૂબ દોડાવે છે; તેથી પથ્થર, કાંટા અને ઉંચ નીચ જમીનપર તે દૈન્યવાણો પશુનું આંગ અફળાઇ કુટાઇને કેવળ રક્ત બંબાળ થાય છે. અને પ્રાણ જાઉં જાઉં કરતા છતાં જતો નથી. તેમજ વળી કેટલાક અઘોરી લોક હોલીને દીવસે મોટો અગ્નિ પ્રદીપ્ત કરીને, તેમાં બકરા, કુકડા જેવા પ્રાણીને જીવતા ફેંકી દે છે, તે સમયે તે કેટલો કોળાહળ, કેટલો કલકળાટ, અને કેટલો તળવળાટ કરતા હશે વારૂ ? કોઇ કોઇ પાડાને

કૃતઘ્ન છે. ગાય, ભેંસ, અને મેંઢા પાસેથી મનુષ્યને દુધ મળે છે; બલદ, ઉંટ, ઘોડા, અને પાડા, એવા પશુ હોળે જોડવાના, ગાડી ખેંચવાના, કે બોજો વેહેવાના, ઉપયોગમાં આવે છે; બકરા, મેંઢા, વગેરે પ્રાણી પાસેથી ગરમ વસ્ત્ર મનુષ્યને પ્રાપ્ત થાય છે; પાણીમાં માછલાં હોવાથી જળ સ્વચ્છ મળે છે; પક્ષીના મધુર સ્વરથી મન તલ્લીન થઇને સુખ પ્રાપ્તી થાય છે, અને ડુક્કર, કુકડા એવા પશુ, પક્ષી દુર્ગંધીનો નાશ કરે છે. અને તેણે કરીને હવા સ્વચ્છ થઇને સુખ પ્રાપ્ત થાય છે; શિવાય આ સર્વ પશુ, પક્ષી અને માછલાં વગેરે નિરૂપદ્રવી પ્રાણી પાસેથી વનસ્પતિ સારૂ ખાતર મળે છે. એવો એમનુષ્ય ઉપર તે પશ્વાદિકનો મહદ્ ઉપકાર થાય છે, તેવો વ્યાઘ્રાદિક પશૂપર કે ગીધ આદિ પક્ષીપર કે મગરાદિ જલચરપર થતો નથી.

ત્યારે એવો તેનો ઉપકાર યાદ રાખીને તે પશ્વાદિકોપર પ્રત્યુપકાર કરવો જોઇએ, તે એક કોરે મુકીને હિંસક મનુષ્ય તેને મારી ખાય છે. તેમાં તે મનુષ્યપર એક હત્યાનો અને બીજો કૃતઘ્નતાનો એવા બે દોષ સ્પષ્ટ લાગુ પડે છે. પશ્વાદિક મારી ખાવામાં વ્યાઘ્રની તો માત્ર ક્રૂરતાજ દીઠામાં આવે છે. કારણ કે વ્યાઘ્રને તે પશ્વાદિક પાસેથી દુધ, ઘી વગેરેનો કાંઇ ઉપયોગ થતો નથી. એ ઉપરથી હિંસક મનુષ્ય વાઘ કરતાં પણ વધારે દુષ્ટ અને ક્રૂર ગણાઇને તે ઉપરાંત કૃતઘ્ન ઠરે છે, તે ન્યાયે કરીને સિદ્ધ થાય છે

એવો એ વ્યાઘ્રાદિકથી પણ વિશેષ ક્રૂર નિર્દય થયલો હિંસક મનુષ્ય કૃતઘ્ન થઇને સર્વભૂત દ્વેષી એટલે ભૂચર, જળચર, ગગનચર, એવા સર્વ પ્રાણીનો સરખો દ્વેષી બને છે. જુઓ, વ્યાઘ્ર તો માત્ર ભૂમિપરનાજ પશુને માત્ર મારી ખાઇને માત્ર પશુ દ્વેષી થાય છે. અને મગરમચ્છ જળમાંના માછળાજ ગળી જઈનેમાત્ર મચ્છદ્વેષી ઠરે છે. પણ આ હિંસક મનુષ્ય તો ભૂમીપરના પશુ, પાણીમાંના માછલા, આકાશમાંના પક્ષી અને શીપ માંહેના કાલવાદિ કીટક વગેરે સર્વને મારીને ખાય છે; માટે તે પશુ, પક્ષી, અને માછલાં, આ સર્વનો દ્વેષી ઠરે છે. હર! હર!! મનુષ્ય થઇને તેણે વ્યાઘ્ર કરતાં પણ ક્રૂર અને વળી

દારૂ વગેરે કેફી પદાર્થ પાઇને મદોન્મત્ત કરી, મેદાનમાં છુટો મુકીને દાતરડા, તલવાર, ભાલા આદિ શસ્ત્રોથી તેની પછવાડે લાગીને તેનું શરીર વૃક્ષની માફક સપાસપ કાપી નાંખે છે. કોઇ ગરદન પર મારે છે, કોઇ પેટમાં ભોંકે છે, કોઇ ટોકું, કોઇ કમર ફોડે છે, અને કોઇ પગ તોડે છે. એવી રીતે હાલહવાલથી તે પ્રાણી પ્રાણ છોડે છે. હર! હર!! એ કેવો જુલમ અને કેવી ક્રૂરતા વારૂ ? એવા જુલુમથી પીડિત થયલો પ્રાણી "હે દેવ! હે દેવ!! અમને આ દુષ્ટ મનુષ્ય વિના કારણ અને વિના અપરાધ મારે છે," એવી તળવળાટરૂપ ફરીયાદ દેવ પાસે કરે છે, અને દેવ તેની તે ફરીયાદ સાંભળીને આવા તે જુલમી મનુષ્યને યથાન્યાય શાસન કરશે. તેમાં શો સંદેહ ?

કૃતઘ્ન, તથા સર્વભૂત દ્વેષી થવું જોઇએ કે? ધિક્ ધિક્ જીવવું, એવું માનવ નામ ધરાવવામાં!

વળી આ હિંસક મનુષ્ય વ્યાઘ્રાદિક કરતાં ક્રૂર ઠરીને માત્ર કૃતઘ્ન અને સર્વભૂત દ્વેષી ઠરે છે, એટલુંજ નહીં, પણ તે વ્યાઘ્રાદિક કરતાં નીચ અને વિશ્વાસઘાતી તથા અન્યાયી પણ ઠરે છે. જુઓ કે વ્યાઘ્રાદિક પણ જે નાહાના બચ્ચાને ખવડાવી પીવડાવીને અને ઉછેરીને નાહાનાથી મોટું કરે છે, તેને તે કદિ ખાતો નથી, પણ હિંસક મનુષ્ય તો ગાય, બકરા, બટક, અને કુકડા વગેરે પ્રાણીને પોતાના બચ્ચા પ્રમાણે પાળીને જે સ્વહસ્તે તેને ખાવાપીવાનું આપી નાનાથી મોટા કરે છે, તેજ સ્વહસ્તે તેના ગળાપર શસ્ત્ર મુકીને તેનો વધ કરી મારી ખાય છે. હર! હર!! હર!!! આવી રીતે ખાવા પીવાનું આપીને પાળેલા પશુ પક્ષી તે આપણા બચ્ચાંજ, તે આપણા બચ્ચાંને મારીને ખાવા, એ મનુષ્યપણાને કેટલું નીચત્વ લગાડનારૂં! વળી વ્યાઘ્રાદિક તો મનુષ્યની સામા થઇને મારે છે, પણ આ દુષ્ટ હિંસક તો શ્વાપદાદિકને કપટ અને વિશ્વાસઘાત કરીને મારે છે. તે એવી રીતે કે—ધાન્ય વગેરે કાંઇ ખાવાનો પદાર્થ રાનની અંદર મુકીને પોતે તેથી નજદીકમાં છુપાઇ બેસે છે; પછી ક્ષુધાથી પીડિત અને વ્યાકુળ થયલો એવો કોઇ શ્વાપદાદિક, આસપાસ કોઇ દુષ્ટ હિંસક પ્રાણી નથી એવું જોઇને નિર્ભયપણે તે પદાર્થ ખાવા માંડે છે; તેટલામાં પેલો નીચ, કપટી, સંતાઈ બેઠેલો વિશ્વાસઘાતકી, ક્રૂર, હિંસક મનુષ્ય એકદમ બાહેર પડી, બંદુક વગેરે સાધનથી તે નિર્ભયપણે વિશ્વાસપર રહેલા શ્વાપદાદિકની જીંદગીનો નાશ કરે છે. હર! હર!! કેવડો વિશ્વાસઘાતી હિંસક મનુષ્ય આ! ગાય, બેલ, એ પશુ મનુષ્યને વિનાઅપરાધ મારતા નથી, અને કદાચ દુઃખ આપ્યાથી મારવાને પ્રવૃત્ત થયેજ, તોપણ તેને ઠાર મારીને ખાતો નથી. પણ દુષ્ટ હિંસક મનુષ્ય, પોતાનો માનવી દેહ છતાં બીચારા ગાય, ઢોર, બકરા, મેંઢા, અને કુકડા, એવા નિરૂપદ્રવી અને નિરપરાધી પશુ પક્ષીને મારી ખાય છે, એ કેવડો અન્યાય! વ્યાઘ્ર મનુષ્ય વગેરેને મારે છે, તે વારે મનુષ્યે વાઘને મારવો, એ ન્યાય કેહેવાય. પણ ગરીબ રાંક બીચારા ગાય, બકરા, જે મનુષ્યને મારી ખાતા કે ઇજા કરતા નથી, એટલુંજ નહીં, પણ ઉલટા તેમના પર દુધ, ઉન, વગેરેનો ઉપકાર કરે છે, ત્યારે એવા ઉપકારી અને નિરપરાધી પશુને, પોતે મનુષ્ય હોઇ મારી ખાવા, એ કેવડો અન્યાય અને નીચપણું વારૂ!

એ પ્રમાણે જોતાં જ્ઞાન, દયાદિ ગુણયુક્ત એવા જે મનુષ્યો તે વ્યાઘ્રાદિ પશ્વાદિક કરતાં ક્રૂર, વલી કૃતઘ્ન, સર્વ ભૂતદ્વેષી, નીચ, વિશ્વાસઘાતકી અને અન્યાઇ એટલે જાણે મહાકાળ પ્રમાણે અથવા તેથી પણ નીચ, એવા બનીને તેઓએ બીચારા પશ્વાદિક ઊપર જુલમ અને કહાર માંડયો છે! હર! હર!!

અનાથ દૈન્યવાણીય પ્રાણીઓ, તમો મનુષ્યોને ઉપયોગી પડતાં છતાં તે દુષ્ટ કૃતઘ્ન તમને મારે છે! બીચારા મત્સ્યો (માછલાઓ), તમે, મનુષ્યનું જીવન જે જળ, તેમાં રહીને તે સ્વચ્છ રાખો છો;—આ તમારો ઉપકાર છતાં તે સંભારી દુષ્ટ મનુષ્યો તમને પાણી બહાર કાઢીને શ્વાસ રૂંધી મારે છે! અનાથ મેંઢાંઓ, તમે પણ મનુષ્યોને પીવા સારૂ દુધ, અને વસ્ત્ર સારૂ નરમ હુંફાળું ઉન આપો છો. એટલું છતાં અનુપકારી હિંસકમનુષ્ય તમારા ગળા ઉપર તીક્ષણ શસ્ત્રધારા ચલાવે છે! અરે! તમે ગાય ભેંશો, તમારા દુધમાંથી તો દહીં, ઘી, માવો, શીકંડ, બાસુદી, બરફી, પેંડા વગેરે અમૃત તુલ્ય અનેક પદાર્થો બનીને તે મનુષ્યોના ખાધામાં આવે છે. એવો જે તમારો અત્યંત ઉપકાર તેનું સ્મરણ રાખીને આભાર માનવો જોઈએ, તે એક કોરે મુકીને કૃતઘ્ન ઘાતકી મનુષ્ય તમારા અમુલ્ય શરીરમાં તીક્ષણ શસ્ત્ર ઘોંચે છે! ઘોડા, બળદ વગેરે પશુઓ, તમે મનુષ્યના મેહેનતના કામકાજ કરનારાઓ, એટલે ખેતર ખેડનારા, ગાડી ખેંચનારા, અને ભાર વહેનારા. એવા મહાશ્રમના કામ તમારા થકા થાય છે. અને જે ધાન્ય મનુષ્ય ખાય છે, તે તમારા શ્રમનું ફળ. એવું છતાં પણ જે ગરદન ઉપર હળ વગેરેનો ભાર તાણીને મનુષ્યોને ધાન્ય વગેરેનો વૈભવ સાધ્ય કરી આપો છો, તેજ ગરદન ઉપર તે કૃતઘ્ન ક્રૂર મનુષ્ય શસ્ત્ર મુકીને અશુદ્ધ ધારાનો પ્રવાહ કાઢે છે, અને તમારી જીવીત આશા ભંગ કરે છે. હરે! હરે! ગરીબપર કેટલો જુલમ આ! આવા આ ગાય, ઢોર અને મેંઢા વગેરે પશુથી તો મનુષ્યને કાંઇજ ઉપદ્રવ થતો ન છતાં ઉલટું તેના દુધ, ઘી આદિ ઊત્તમ રસે કરીને મનુષ્યોનું ઘણું ખરૂં પોષણ થાય છે, અને વળી તે મુઆ પછી તેના બાલ, ચામડા, શીંગડા અને હાડકાં વગેરે બીજા બહુ પદાર્થ તેને દુઃખ દીધા શીવાય સાધ્ય થઈને ઘણા ઉપયોગી પડે છે; ત્યારે એવા પરોપકારી અને નિરપરાધી પ્રાણી જે, માત્ર ઘાસ કુંચા ખાઇને ઉત્તમ રસ અને ઉપયોગી પદાર્થ પુરા પાડે છે, અને મનુષ્યની અનેક રીતે અમુલ્ય સેવા બજાવે છે. તે પ્રાણીને વગર કારણે અને વગર જરૂરીઆતે મારી ખાવા; એ તો મોટો જુલમ અને અન્યાય કેહેવાય. મનુષ્યને ઈશ્વરે વિચાર શક્તિ આપેલી છે, તે વિચાર શક્તિને યોગે એ વાતનો વિચાર કરવો જોઇએ. જુઓ, કે મનુષ્ય જેમ સ્વતંત્ર તેમજ બીજો પ્રાણી; જેમ મનુષ્ય સ્વતંત્રતાથી પોતાની ઉપજીવીકા ચલાવે છે, તેમજ પશુપક્ષી પણ ચલાવે છે; મનુષ્ય પ્રમાણેજ પશ્વાદિક પણ પોતાના બચ્ચાં ઉપર પ્રીતિ રાખીને જીવિત આશા ધરાવે છે, જેમ મનુષ્યને તેમજ પશ્વાદિકને પણ મરવું, પ્રીય લાગતું નથી; પણ તેપણ મરવાને થરકાંપ બીહે છે. મનુષ્ય પ્રમાણેજ મારવા કાઢેલું પશુપક્ષી પણ પોતાને પ્રાણ બચાવવા માટે ઘણીજ કાકલૂત વાણીથી આં, એં, ઓં, બોં, બેં, બેં ચાં, ચીં, કાં, કીં, એવા એવા મોઢેથી ઉચ્ચાર અને દુઃખના ચીન્હો કરે છે, કે

અરે અરે ! તું મનુષ્ય ! અમને મારતો નહીં; તારો કે તારા બાપનો હમે કાંઇ અપરાધ કર્યો નથી; હમે તો તારે શરણે છઇએ" એ પ્રમાણે મુખ, મુદ્રા, નાક પુચ્છ, અને પાય ઇત્યાદિને યોગે કરીને ચીન્હો દેખાડી, અત્યંત આર્જવ કરે છે. તથાપિ તે પ્રાણીઓએ, પોતાના આત્મયોગે મોટી જ્ઞાન શક્તિ ચલાવીને કીધેલા જે આટલા આટલા પ્રયત્નો, તે મનુષ્ય લક્ષમાં આણતા નથી અને તે બીચારાનો પ્રાણ લે છે, ત્યારે એવો મનુષ્ય સારો પોશાક કરીને તારણ સારૂ આર્જવનો જે ઢોંગ કરે છે, તે ઢોંગ ઉપરથી ઈશ્વર તેને કેવી રીતે તારશે વારૂ ?

આપણી મા, સ્ત્રી, અને બચ્ચાં પ્રમાણે ગાય, ઢોર, અને મેઢાં એવા જે પ્રાણી, તે જીવીત આશા યુક્ત હોવા છતાં આપણાપર દુધ, ઉન, વિગેરેનો ઉપકાર કરે છે. ત્યારે એવા ઉપયોગી પડનારા પશુનું ગળું કાપતી વખતે પોતાના બચ્ચાં સરખી તેની આર્તસ્વરની કકળાટ ભરેલી વાણી સાંભલીને હિંસક મનુષ્યના હૃદયને દયાનો ઝરો કેમ વારૂ છુટતો નથી ? તેમજ એવા ગાય ઢોર જેવા પશુને જે હાથે ખાવાપીવાનું આપીને તેમનું પાલન કરે છે, તેજ હાથે પોતાના પેટનાં બચ્ચાં જેવા પાળેલાં પશુના શિરપર શસ્ત્ર ચલાવવાને તે દુષ્ટોના હાથ કેમ આગળ સરે છે વારૂ ? વળી તેમજ પશ્વાદિકના શરીરમાં તલવાર, દાતરડું, ભાલો અને છરી વગેરે કાંઇ ભોકીને તે બીચારાનો તળમળાટ, ફડફડાટ, અને વળવળાટ, તે નરાધમના ડોળા વાટે કેમ જોઇ શકાય છે, તથા વળી કાન વાટે કેમ સાંભલી શકાય છે !

જે પ્રમાણે મનુષ્ય સ્વતંત્ર છે, તેજ પ્રમાણે મનરંજક અને મધુર ધ્વની કરનારા પક્ષી આકાશરૂપી મંડપમાં સ્વતંત્ર છે. તે ઊંચે આકાશની અંદર અને એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ ઉપર ઉડીને આનંદથી સુસ્વર ગાયન કરે છે, તેણે કરીને દુઃખી મનુષ્ય હશે, તેનું પણ મનરંજન થઇને તેને સુખ પ્રાપ્ત થાય છે. કોઇ મનુષ્યના બચ્ચાને કે કોઇ સગા સંબંધીને કોઇએ માર્યો, એટલે તે મનુષ્ય જેમ દુઃખરૂપી અર્ણવમાં આવી પડે છે, તેમજ આ પક્ષીની અવસ્થા થાય છે. તે વિષે હળીઆળ નામે ગામમાં પ્રત્યક્ષ જોએલી એવી એક વાત રા. રા. આત્મારામ બાપુજી દલવીએ એક પ્રસિદ્ધ વ્યાખ્યાનમાં કહી હતી. તે એવી કે, પક્ષીનું એક મિથુન—જોડું એક વૃક્ષ પર આનંદથી બેસીને ગાયન કરતું હતું. તેના પર એક દુષ્ટ પારધીએ આવીને બંદુકના છરા માર્યા. જેમાંનો એક છરો નરને લાગ્યાથી તે નર બીચારો ભૂમીપર પડયો; અને માદી બીચારી બચી, તે જીવ લઇને નાઠી, તે કેટલેક અંતરે એક બીજા ઊંચા ઝાડ ઉપર બેસીને સાં પોતાનો નર મરણ પામ્યો તે જોઈ, એક સરખી બે પોહોર લગી મોટા કલ્પાંતથી કેં, કેં, ચૂં,

ચૂં, એવા હૃદય છેદક આર્તસ્વરથી આરડવા લાગી. એ પ્રમાણે પોતાના મૃત્યુ પામેલા પ્રિય નર તરફ જોઇ જોઇને તે સમયે તે જે હૃદય છેદક વિલાપ કરતી હતી તે સાંભળીને, અને પોતાના નર તરફ તાકી રાખેલી તેની એક સરખી દૃષ્ટી જોઇને ખરા મનુષ્યના ડોળા વાટે અશ્રુપાત, અને આંગ ઉપરના રોમ ઉભા થયા વિના કદી રેહેનારજ નહીં. ત્યાં તે વખતે કેટલાક સહૃદય વિચારી લોક જે હતા, તેઓ ઢળઢળાટ રડીને કેહેવા લાગ્યા કે આ પારધી કાંઇ મનુષ્ય નથી, પણ જગતના ક્ષય અર્થે ઉત્પન્ન થયલા તાવ, તરીઆ અને ઉધરેશાદિ અદૃષ્ય જે રોગ, તથા વાઘ, સર્પાદિપ્રાણ લેનારા જે દૃશ્ય પશુઓ છે, તે માંહેનોજ ખરેખરો આ એક દુષ્ટ પારધી જાણવો. હર ! હર !! તે બીચારી માદી તે પછી એક સરખી ૧૫, ૨૦ દિવસ સુધી જે જગાએ પોતાનો નર મૃત્યુ પામ્યો, તે જગાએ આવીને ચેં, ચેં, કેં, કેં, એવા આર્ત, દીર્ઘ, અને હૃદય છેદક સ્વર કાઢીને તળવળાટ કરતી હતી, અને ત્યાં કોઇ મનુષ્ય આવ્યો તો તે વૃક્ષપર બેસી એક સરખાં સંધ્યાકાળ પર્યંત માનવ હૃદયને દયાનો ઝરો છુટે એવા હૃદય છેદક આર્તસ્વરથી અત્યંત વિલાપ અને આક્રંદ કરતી હતી. હર ! હર ! ! એવા આપણા સગા જેવા હોનારા સ્વતંત્ર નિરૂપદ્રવી સુખદાયક પક્ષીને બંદુકથી મારીને તેના સગાઓને દુઃખના અર્ણવમાં નાંખવાથી માનવી મન કેવું નિષ્ઠુર અને વિચારશૂન્ય ઠરે ? ભૂચર—મનુષ્ય, જે ભૂમિપર સ્વતંત્ર ઉત્પન્ન થયલું, તે જેમ પાણીમાં પડયું, એટલે શ્વાસ રૂંધાયાથી પ્રાણ છોડે છે, તેમજ જળચર મત્સ્ય, જે જળમાં ઉત્પન્ન થયલું, તેને પાણી બહાર કાઢયું, કે તરત તેનો શ્વાસ રૂંધાઇને તે મરે છે. ત્યારે એવા આપણા જેવાજ હોનારા મત્સ્યને ફાંસાથી જળ બહાર કાઢીને તેનો પ્રાણરૂંધી, તરફડાવીને અને વળવળાવીને મારવાનું જે અઘોરી કૃત્ય, તે તેને હાથે કેમ વારૂ બને છે ? અસ્તુ. એવા પશુપક્ષીને મારી ખાનારાના ક્રૂર અઘોરી જુલમી કૃત્યનો દયાળુ માનવ તો ધિઃકાર કરે છે, એ નિર્વિવાદ અને ચક્ષુર્વૈસત્યં છે. ત્યારે વળી જે સર્વ શક્તિમાન્ જગન્નાથે તે બીચારા માનવને, દયા આપી છે, એવો તે જે દયાસાગર પરમેશ્વર, તે આવા નીશાચરી અઘોરી કૃત્યનો કેટલો કંટાળો કરતો હશે ? તેનો મનુષ્યોએ વિચાર કરવો. એટલે સમજાશે કે હિંસા કર્મ બદલ ઈશ્વર ક્ષોભાયમાન થઇને હિંસક મનુષ્યને શાસન કરશેજ કરશે.

પ્રસિદ્ધ આત્મારામ બાપૂ દળવી, એણે એક વખતે આર્ય સમાજમાં “અહિંસા” એ વિષયપર ભાષણ કર્યું હતું, તેમાં તેણે કશાઇખાના વિષે એક વાત કહી હતી, કે પૂર્વે મુંબઇમાંના કસાઇ વાડો માંડવીપર આગગાડીના રસ્તા પાસે રાહદારી માર્ગ પર હતો. ત્યાં એક શીપાઇ પેહેરેદાર હતો, તે એક દીવસે સદરહુ દલવી આગળ કેહેવા લાગ્યો, કે “ જળો આ ચાકરી.”

રૂપીઆ (૧૫) નો પગાર તો મળે છે ખરો, પણ જો પેટ પૂરતો ૭, કે ૮, રૂપીઆનો પગાર બીજી કોઇ જગાએ મળી આવે, તો તેટલામાં હું જવાને ઘણો ખુશી છું. કારણ કે અહિંઆં શેંકડો ગાય બકરા મારતી વખતે દુઃખદાયક આર્તસ્વરથી નીકળતી જે હૃદય છેદક, રોમોદ્દભવક, તેમની કાકલૂતવાણી, તથા પ્રાણાંતની તેમની બેં. બેં. મ્યા. મ્યા. એવા પ્રકારની જે આરડાઆર્ડ, તે સાંભળી મને થરથર કંપારો છુટે છે, અને દેહનું ભાન સરખું પણ રેહેતું નથી. તથા કાળજું ધડકે છે. હું અગરજો માંસાહારી હતો, તોપણ અહીંઆં આવ્યો, તે દીવસથી માંસ જોવાથી તો શું પણ "માંસ" એ અક્ષર કાનવાટે સાંભળ્યાથી હૃદય ગદગદીત થાય છે અને દેહને કંપારો છુટે છે. દાદાસાહેબ, આ ખાટકીનું નિંધ કર્મ ઈશ્વરને પણ ગમતું જણાય વારૂ ! જુઓ કે આ ખાટકી બકરાં મારનારા ચાર કે પાંચ મહીના લગીજ આ અઘોર કર્મ માત્ર કરી શકે છે. પછી તેના આંગળાં કોહી જાય છે; ડોળા ફુટે છે; બેહેરા, ઘેલા, લંગડા, લુલા, એવા થાય છે. ગાય, બલ મારનારા તો મહીનાભર પણ ટકતા નથી. ગહા રોગ ગ્રસ્ત થઇને નાશ પામે છે. એ ખાટકી સુદ્ધાં પણ, ખાટકી કર્મ એ નિંધ અઘોર છે, એવું માને છે. તેઓ પણ "પેટકે બાસ્તે કરતા" એવું કહીને દયાર્દ્ર (દયાના ભરેલા) અને સાશ્રુ (આંશુ ભરેલા) થાય છે. કેટલાક ખાટકીના હૃદય તો એટલે સુધી દયાથી પીગલી જાય છે, કે તેઓ તે અઘોર કર્મ છોડીને એકદમ ફકીર બને છે, અને માંસ આહાર છોડીને કેવળ પરમાર્થ લક્ષમાં લઇને કરેલાં અઘોર કર્મ વિષે પશ્ચાત્તાપ કરીને ઈશ્વરપાસે તેની ક્ષમા માગે છે. અસ્તુ. એજ પ્રમાણે અહીંઆંનું અહીંઆંજ હિંસાકર્મનું ફળ મળે છે. તથા વળી પછવાડેથી પરલોકમાં જે મળશે, તે તો જુદુંજ.

આટલે લગી તો સુખદુઃખને સંબંધે માત્ર પ્રાણુ સંબંધી વિચાર ચાલ્યો; હવે આગળ માંસ સંબંધી વિચાર કરીએ. માંસ એ શુક્રશોણિત જન્ય એટલે સ્ત્રી પુરૂષના રેત વીર્ય મીશ્રણથી થયલું છતાં કાંઇ ઝાડે લાગેલું છે, એમ નથી. પણ પ્રથમજ પ્રાણીને બંધન કરીને પછી તેનું નિષ્ઠુરતાથી શિરચ્છેદ કર્યાથીજ તે પ્રાપ્ત થાય છે* અને એજ કારણને લીધેજ તે વેચનાર વગેરેના કસાઇ, ખાટકી એવા ઘાતકી ક્રૂર નામ પડેલાં છે. જ્યારે એવું ક્રૂરતાજન્ય રેતોદ્ભવ માંસ—લાળ, કષ્મલ, વિષ્ટા, મેદ્દ, કફ, પિત્ત, એવા દુર્ગંધ પદાર્થથી ભરેલું—કેવળ નર્કની બરોબરીનો વિષ્ટા કુપ એવો આ ગંદો ગંધાતો

---

* એ માટેજ મનુષ્યે માંસ ખાવું નહીં, એવું પ્રસિદ્ધ માનવશાસ્ત્ર કર્ત્તા મનુ પણ કેહે છેઃ समुत्पत्तिं च मांसस्य वधबंधौ च देहिनां । प्रसमीक्ष्य निवर्तेत सर्व मांसस्य भक्षणात् આ વચનનું વિશેષ સ્પષ્ટીકરણ આગળ આપેલું છે.

અમંગળ પદાર્થ હમણાના પ્રતિષ્ઠિત અને વિદ્વાન કહેવડાવનારા લોક ગળકાયનમા કરે છે, ત્યારે પછી તેઓએ. તારતરી અને ચીનાઈ વગેરે લોકો જેઓ વિષ્ટા જતન કરીને તેમાં મોટા થયલા કીડા—(શેંટા) ખાય છે, તેમને શા માટે હસવું જોઇએ વારૂં ? જુઓ કે માંસ કહ્યું એટલેજ તેમાં સર્વ દોષ છે, તો પછી તે બકરાંનું કે મરઘીનું હો, કે ઉંદર ધુસનું હો ! ન્યાયની રીતીએ જોતાં તો એક અથવા અનેક પ્રકારના માંસ ખાનારાઓ સર્વે એકસરખાંજ અમંગળ અને દોષીજ ઠરે છે. કુત્રો કાળો હો કે ધોળો હો. તથાપિ અપવિત્રપણાવિષે બન્ને જેમ સમાનજ છે, તેમજ માંસનો પ્રકાર છે.

હિંસક મનુષ્યનું રસોઈખાનું અત્યંત ભયંકર છતાં દુર્ગંધીથી ભરેલું હોય છે. કોઈ જગોએ તાજા લોહીનાં ટીપાં; કોઈ જગોએ લોહીનાં ગંઠાઇ ગયલાં ચાકાં; કોઈ જગોએ મરનાર પ્રાણીનું પ્રાણ જતી વખતનું દુ:ખભરેલું અને હૃદયછેદક એવું આરડવું; કોઈ જગોએ મારેલાં પ્રાણીનાં મ્હોં, પગ, પેટ, કોથળી, કપાળ એવા એવા ભિન્ન શરીરના વેરણ ખેરણ અને છિન્નવિછિન્ન ભાગો જમિનપર પડેલા કે ઉંચે ટાંગેલા; કોઈ જગોએ એવા મુખ, પાદાદિ અવયવોના ખંડવિખંડ કટકા પડેલા; અને કોઇ જગોએ જોઈએ તો હાડકાં, ચામડાં નાંખેલા; એવો દુર્ગંધયુક્ત ભયંકર અને ત્રાસદાયક દેખાવ હોય છે. રામ ! રામ !! એવો દેખાવ એ હિંસક મનુષ્યોથી કેમ જોવાનો હશે વારૂ ? અરે તેવો દેખાવ જોઇને તેમને પોતાનાં કે પોતાનાં બચ્ચાનાં શરીરમાંનાં લોહી, માંસ કે હાડકાંનું તે પ્રસંગે સ્મરણ થઈ, તેમનું અંતઃકરણ ધડકીને કંટાળતું કેમ નથી વારૂં ? દુર્ગંધ, વિષ્ટા, પૂ, લાળ, કફ, પિત્ત, એવા નર્કવત્ પદાર્થોએ પણ યુક્ત, એવું જે સ્ત્રી પુરૂષ રેતજન્ય માંસ, તે ગળકાયનમા કરવાને તેમનું મન કેમ થાય છે ! ડુક્કર જેમ નર્કમાં લોટીને આનંદ માને છે, તેમ તે પણ આનંદ માને છે કે શું ? શિવ ! શિવ ! ! કેટલું ગોજા ગંદાપણું આ ! ! !—રસોઈ વખતે અને બીજે વખતે પણ માછલાં આદિનો દેખાવ અતિ વિદ્રૂપ દેખાયા છતાં અત્યંત દુર્ગંધીથી ભરેલો હોય છે. કાલવાદિ શીપમાંહેના પ્રાણી તો લીંટના લચકા જેવા દેખાય છે. કોલંબાદિ સુંગટ માછલી તે જેમ ઘેડાની ટોપલીમાં નર્કકીટક સળવળે છે, તેમજ તે અસંખ્ય સૂક્ષ્મ જીવ વેચનારના ટોપલામાં દેખાય છે. વળી એકાદા માણસને અંગે કાંઈ દરદ થઈને માંસ સડી જાય છે, તેમાંથી અથવા બગલનો રોગ થાય છે તેમાંથી જે રસી વહે છે, અને તેની જેમ દુર્ગંધી આવે છે, તેજ પ્રમાણે માંસનો વાસ આવે છે. તથા વળી તેજ પ્રમાણે સુકવેલા અને મીઠામાં આથેલાં માછલાં પણ, જાણે સડેલા ઉંદર ધુસ, એ પ્રમાણે દેખાઇને તેમાંથી પણ તેવીજ દુર્ગંધ નીકળે છે. એનો પુરો અનુભવ જેને જોયતો હોય, તેણે મછીબજારમાં જઇ જોવું. અને ત્યાં જવાનું કહ્યું એટલે જેને નર્કનીજ ભેટ લેવી હોય, તેણેજ ત્યાં જવું જોઇએ—કારણ કે જ્યાં ત્યાં જોઇએ તો ગંધાઇ ઉઠેલાં લોહીનાં ચાકાં, ચામડાં,

આંતરડાં, મળ મૂત્ર, અને મુખ પાદાદિ અવયવના ખંડવિખંડ તુકડા, એવા અતિ દુર્ગંધયુક્ત ભયંકર પદાર્થ અનેક માખીઓથી ભરેલા ત્યાં દેખાય છે. શિવ ! શિવ ! !! કેટલા રે એ મલીન અને ગંદા ગોઝા માંસહારી લોક !

હવે હિંસા કર્મ બદલ હિંસક મનુષ્યની થયલી મનોવૃત્તિ, અને તે સંબંધી જે ન્યાય, તે વિષે વિચાર કરીયે—

पतंति यस्यां मृतजंतवोऽनले, स्मशानभूमिं कथयन्ति तां जनाः । पक्त्वामृतान्प्राणभृतो हुताशने, कुतः स्वगेहं नयथ स्मशानतां ॥ व्याख्या " जेथें मढीं जाळिती लोक सारे, स्मशानभूमि ह्मणती तया रे। तसे तुह्मी स्वगृह कां करीतां, मत्स्यादि प्रेता उदरीं भरीतां " मृता यत्र निधीयंते, कबरस्थानमित्यदः । वदंति स्वोदरे न्यस्यतान् देहं मा तथा कृथाः ॥ व्याख्या " जिसमे मुरदे गाडत वोही, कबरस्थान कहावे । तुमभी कबर भये तब्र उनकी जिनका मांस खवावे "

ભાવાર્થઃ-જે જમિનમાં મૃતપ્રાણી એટલે મુડદું દાટે છે, તે જમિનને કબરસ્થાન કહે છે, અને જે ઠેકાણે અગ્નિસંસ્કાર કરી પ્રેત બાળવામાં આવે છે, તે ઠેકાણાની સ્મશાન સંજ્ઞા છે. તે ઉપરથી જે ઘરમાં હિંસક મનુષ્ય પશુ, પક્ષી, માછલાં વગેરેના પ્રેત એટલે તેના શબને બાળે છે, શિજવે છે, કે શેકે છે, એવું જે તેનું સ્વયંપાક ઘર તે પણ સ્મશાનભૂમિજ છે, એવું ન્યાયથી સિદ્ધ થાય છે; પણ કેવળ સ્મશાન ભૂમિ, એ પણ નામ એકલું શોભતું નથી. કારણ કે, આપોઆપ મુએલા પ્રાણીને બાળવાની જે ભૂમિ, તેનીજ માત્ર "સ્મશાન" એ સંજ્ઞા છે. પરંતુ આ તો તેથી વિશેષ છે, તે એ કે દુષ્ટ હિંસક માંસ આહારી મનુષ્યો, પોતાને માટે પશ્વાદિકને મુદ્દામ મારીને ઘરમાં બાળે છે, સિજવે છે, અને ખાય છેઃ—તેટલા માટે તેઓની કૃતિ ઉપરથી તેમના ઘરને "અઘોર કર્મી સ્મશાન" એ નામ યથાસ્થિત શોભે છે. અને તેજ પ્રમાણે જે પશ્વાદિકનું માંસ તે હિંસક ખાય છે, તે પશ્વાદિકનું કબરસ્થાન કે ઘોર, તેજ ખાનારો માણસ ઠરે છે. પરંતુ એવા આ માંસ આહારી મનુષ્યને માત્ર કબર સંજ્ઞા આપવી ઠીક પડતી નથી, કારણ કે એ મનુષ્ય મુદ્દામ પ્રાણીને મારીને તેની તે લોથ પોતાના પેટમાં મુકે છે. તે માટે તે મનુષ્યની કૃતી ઉપરથી તે મનુષ્યને "અઘોર કર્મી ઘોર" એજ નામ ઠીક શોભે છે. છિઃ આવી રીતે પોતાની યોગ્યતા નિર્જીવ કબર કરતાં પણ નીચ કરી લેવી, એ મનુષ્યપણાને કેટલું લજ્જા પમાડનારૂં છે !

માનવનો સ્વભાવ શુદ્ધ નિર્મળ એવો છતાં, તે માનવ એવી દુર્ગંધી ધાણુ (વિટાળનો ગોળો–વીર્ય રેતજન્ય માંસ) ખાઇ શકે છે પણ કેમ ! જુઓ, જુઓ, જે કુકડા કે બટકો સહજ વૃત્તિએ શ્લેષ્મા, શોણિત, પૂ, લીંટના લચકા, અથવા

ગંધાતા અને મુએલાં પ્રાણીઓનું માંસ ભક્ષણ કરે છે, તે જોઇને, તથા જે વસ્તુ પ્રાણીઓ ખાય. તે વસ્તુની અસર (અંદરનો પ્રકૃતિગુણ) તે પ્રાણીના પેટમાં જાય છે, એવું સમજતાં છતાં તે માંસભક્ષક મનુષ્યનું મન, તે કુકડા બટક ખાતી વખતે. તેમની તે વિષ્ટા, પૂ, વગેરે ઘાણુ વસ્તુ ખાવાની આદત તરફ જોઇને કેમ વારૂ સકંપિત થઇને કંટાળતું નથી ! તેમજ સમુદ્રમાંના જળચર એટલે મત્સ્ય, એ સર્વે પૃથ્વિપરની દુર્ગંધીનો અને પાણીમાં પડેલા મનુષ્યાદિ પ્રાણીનો ભક્ષ કરે છે. ત્યારે એવાં તે માછલાં ખાતી વખતે,તે માછલાંની દુર્ગંધી અને તે માછલાં મનુષ્યનું ભક્ષણ કરે છે. તે તરફ ખાનારનું અંતઃકરણ જઇને તેને કેમ વારૂ કંટાળો આવતો નથી !

એવા આ માંસાહારી મનુષ્ય, કુકડાં ગીધડાં પ્રમાણે સ્ત્રીપુરૂષ વીર્ય રૈતજન્ય માંસ લાળ, શ્લેષ્મળ, મેંદુ, મજ્જા, કફ, પિત્ત, એવા દુર્ગંધ નર્કતુલ્ય પદાર્થેથી યુક્ત, જાણે મૂર્તિમંત વિટાળનો ગોળાજ, તેને, એવું ગંદવાડથી ભરેલું છતાં, ડોળાથી જોઇને અને નાકેથી સુંગીને, જીવ્હા સ્વાદ માટે ખાઇને જીવંત નર્કવાસ ભોગવેછે ! છિઃ થુઃ

આ હિંસક મનુષ્ય પ્રમાણે તેનું ઘર પણ મોટું ગંદકીવાળું અને ભયાનક હોય છે. ચામડાંનાં વહાણુ વગેરે પદાર્થ કરવાની જગોએ, તો કેવળ શુષ્ક ચામડુંજ દેખાય છે, પરંતુ હિંસક મનુષ્યના ઘરમાં જોઇએ તો બિચારા પશ્વાદિકની ડોકી એક કોરે; પગ, પેટ, તંગડી, એક બાજુએ; ધડ વળી એક કોરે; એવી રીતે સર્વ અવયવ છિન્ન વિચ્છિન્ન પડેલા હોય છે; શરીર ફાડીને માત્ર તરતની કાઢેલી લોહી ભરેલી ચામડી, રક્તબંબાળ માંસ, રક્ત ભરેલાં હાડકાં, અને જે જોયાની સાથે દયાળૂ માણુસના આંગપર ધ્રુજારો આવ્યાવિના રેહેજ નહીં, એવાં જમિનપર પઢેલા લોહીનાં ગંઠાઇ ગયલાં ચાકાંને ચાકાં; ઇત્યાદિકથી તે ઘર ભરાઇને તેમાંથી વમનોદ્ભવક ઘાણુ છુટે છે, અને તેમજ વળવળાટ કરીને પ્રાણુ છોડનારા પશુ પક્ષીની હ્રદયછેદક કાકળૂત વાણી આર્ત સ્વરથી વ્યાપ્ત થઇને તે ઘર જાણે રાક્ષસની ભયપ્રદ ગુફાજ હોય, એવું થઇ પડે છે. હર ! હર !! મનુષ્યપણાને કેટલું એ દુષણીય કેહેવાય વારૂં ! ગાય ઢોર એવા પ્રાણી ગરીબ નિરૂપદ્રવી હોવા છતાં વળી તેમના થકી દુધ અને ઉન વગેરે ઉત્પન્ન થઇને તેનો મનુષ્યમાં જેમ મોટો ઉપયોગ થાય છે. તેવો ઉંદર ઘુસ તરફથી કાંઇ થતો નથી; પણુ ઉલટી તેના થકી પીડા, ત્રાસ, અને ખરાબી થાય છે, એ ઉપરથી ગાય, ઢોર ખાનારા કરતાં, ઉંદર ઘુસ ખાનારા લોક કાંઇ અંશે સારા કેહેવાશે, કેમ કે તે ઉપયોગી અને નિરૂપદ્રવી પ્રાણી મારી ખાતાં નથી.

કીડી-કિમિકીટક એવા ક્ષુલ્લક પ્રાણી અગર જો આપણુને વાસ્તવિક ઉપયોગી પડતા નથી, તોપણુ તેઓને મારવાને આપણે દયા ખાઇયે છીએ. તો પછી જે પ્રાણી આપણુને ઉપયોગી પડે છે, એવા જે ગાય, ઢોર, મેંઢાં, માછલાં,

તેઓને મારતાં આપણને કેટલી દયા આવવી જોઇએ! કીડી વગેરે નિરૂપયોગી પ્રાણીના મારનારાઓને આપણે જ્યારે તુચ્છ માનીએ છીએ, ત્યારે ગાય ઢોર એવાં ઉપયોગી પ્રાણીઓના મારનારાઓને કેટલાં તુચ્છ અને નિંદ્ય નિર્દય માનવા જોઇએ વારૂ!

અશક્ત મનુષ્ય જે વારે સશક્ત મનુષ્યને પીડા કરે છે, તેવારે તે અશક્ત મનુષ્ય જો કદાચ બીજાની મદદે પોતાની પીડાનું નિવારણ કરી શકે છે, તોપણ તે જુલમી મનુષ્યને આપણે તુચ્છ માનીને તે પીડિત મનુષ્ય વિષે કળકળાટ કરીએ છીએ. એ અનુભવ સિદ્ધ છે. ત્યારે જેને પોતાનું દુઃખ બીજાને કહીને નિવારણ કરવાનું સાધન નથી, તેવાં મુગાં ગાય, બકરાં વગેરે પ્રાણીને મારનારાને કેટલા તુચ્છ અને નિંદ્ય આપણે માનવા વારૂ? અને તે અનાથ પશ્વાદિકની આપણને કેટલી કળવળ હળવળ લાગવી જોઇએ વારૂ!

જુઓ, કે એકાદ મનુષ્ય શિકારના ઉદ્દેશે અરણ્યમાં જઇને શ્વાપદને શિકાર કરતાં વાઘ વગેરેને હાથે કદાચ મરણ પામ્યો, તેવે પ્રસંગે તે વાઘનું ક્રૂરત્વ લક્ષમાં આવીને તે મનુષ્ય વિષે કોઇના મનમાં કળવળ આવશે કે? નહીંજ નહીં, કદી નહીં. કારણ કે તે પોતાનું હિંસા કર્મનું ફળ ભોગવે છે, એવું લોકોને લાગે છે. પરંતુ જો તેજ મનુષ્ય શિકારી ન હોતાં પંથે જનારો હોય, અને એવાને વાઘે માર્યો, તો તો તે વિષે કોઇને પણ કળવળાટ લાગ્યા વિના કદી રેહેશે નહીં. એ ઉપરથી લોકોના મનમાં હિંસક મનુષ્ય વિષે કેટલી નિષ્ઠુરતા, કેટલી દ્વેષબુદ્ધિ, અને કેટલી નિર્દયતા ઉત્પન્ન થાય છે, એ પર્યાયાએ પણ સ્પષ્ટ થાય છે.

ઘોડા, ગાય, બકરાં, એવાં પશુ જેમ અહિંસક છે, તેજ પ્રમાણે મનુષ્ય એ પણ અહિંસક પ્રાણી છે, માટેજ માંસઆહારી જે વાઘ, તેના સરખો તે મનુષ્ય કૃતીએ કરેલા શસ્ત્ર શિવાય પ્રાણીને મારીને કેવળ કાચુંજ માંસ ખાઈ શકતો નથી; અને વનસ્પતીના મિશ્રણવિના કે સવઇ પક્વા વિના અપકત્વ માંસ ખાવાનો તેને કંટાળો હોય છે. એ ઉપરથી હવે જુઓ, કે ગાય વગેરે વિચાર શૂન્ય પશુ સૃષ્ટિક્રમ પ્રમાણે પોતાનો અહિંસા ધર્મ પાળે છે; પરંતુ મનુષ્ય, એ પ્રાણી દયા અને વિચારથી ભરેલો છતાં; અને સ્વભાવતઃ તેની શરીર રચનાના નિયમ ઉપરથી અહિંસક ઠરતાં છતાં; તથા અભિન માર્ગે પોતાનો ખોરાક મળી આવતો અને તે મેળવવાને શક્તિમાન્ છતાં;—તેઓએ હિંસક બનવું, એ તેના મનુષ્યપણાને કેટલું નીચત્વ વારૂ! આવા આ હિંસક મનુષ્ય ગાય વગેરે પશુ પ્રમાણે પશુ થશે, ત્યારેજ દૈન્યવાણી અનાથ પ્રાણીપર તેને મારી ખાવાનો જે તેણે જુલમ અને કહાર માંડેલો છે, તે બંદ થશે, અને ગાય બકરાં વગેરે સહસ્ત્રાવધી જીવ બિચારાં સુખોપભોગે આ જગતમાં પોતાનું કાળક્રમણ કરશે.

॥ कंटेनापि हि विद्धस्य, महति वेदना भवेत् ।
। चक्र कुंतासि यष्ट्याद्यै, र्मार्यमाणस्य किं पुनः ॥

અર્થ—આપણા શરીરને કોઇ યત્કિંચિત્ કાંટો લગાડે, તો મહદ્વેદના થઇને તે કાંટો લગાડનાર આપણો દ્વેષી થાય છે, તો પછી મારવાં કાઢેલાં પશ્વાદિકના શરીરમાં જેવારે એકાદો દુષ્ટ ક્રૂર મનુષ્ય ભાલો, તલવાર, છુરી, કે લાકડું ભોંકે છે, તેવારે તે પશ્વાદિકને કેટલી વેદના થશે અને તે દુષ્ટ હિંસક મનુષ્ય તે પશ્વાદિકનો કેટલો દ્વેષી ઠરશે ?

॥ वैरिणोपि हि मुच्यंते , प्राणांते तृणभक्षणात् ।
। तृणाहाराः सदै वै ते , हन्यंते पशवः कथं ॥

અર્થ— યુદ્ધને ઠેકાણે એકાદાને ઠાર મારવાને કોઈ મનુષ્ય પ્રવૃત્ત થયો હોય, અને જો તેજ ઠાર મારવાને તત્પર થયલો મનુષ્ય અંતે પરાજય પામે, અને તે પરાજય અંતે પોતાના પ્રાણ રક્ષણ સારૂ એક ક્ષણભર દાંતમાં તરણું પકડીને સામા માણસને શરણે જાય, તો તેને અભયવચન આપીને તેના પ્રાણનું સંરક્ષણ સામા માણસને હાથે કરવામાં આવે છે, તો પછી સર્વકાળ તૃણ ભક્ષણ કરનારાજ જે પશુ, તેને વગર અપરાધે અને વગર કારણે ઠાર મારવો, એવું અત્યંત નિર્દય કર્મ કરવાને તે દુષ્ટ હિંસક મનુષ્યનો હાથ કેમ આગળ સરે છે વારૂ !

॥ अनिष्टं सर्व भूतानां, मरणं सर्वदा किल ।
। मृत्युकाले हि भूतानां, सद्यो जायति वेपथुः ॥

અર્થ— મરણ જે છે; તે હોવા દેવું, એવું એકપણ પ્રાણીને, ઠીક લાગતું નથી. કારણ કે મરણ કાળ પ્રાપ્ત થતાંજ પ્રાણીને તાત્કાળ કંપ છુટે છે. એ નિર્વિવાદ અને ચક્ષુર્વૈસત્યં તથા અનુભવશીર છે. ત્યારે એવા પ્રાણીના પ્રાણાન્તના કંપારાનો વિચાર, હિંસક મનુષ્યને ન થતાં તે કેવળ શૂન્ય બનીને કેવળ પશુત્વ પ્રવૃત્તીને કેમ અનુસરે છે !

વ્યાઘ્રાદિક હિંસક પશુ બીજા પશુને ખાય છે; ગીધાદિ હિંસક પક્ષી બીજા પક્ષીને ખાય છે; અને મગરાદિ જળચર બીજા જળચરને ભક્ષે છે; એ નિયમ ઉપરથી મનુષ્યનું હિંસકપણું સિદ્ધ કરાગે, તો મનુષ્યોએ મનુષ્ય ખાવા, એવો ન્યાય થઇને તે મનુષ્ય, વ્યાઘ્ર, ગીધાદિ સરખા નિર્દય, અને નિર્લજ્જ—એવા નગ્ન ફરીને મળ, મૂત્ર, મૈથુનાદિ પ્રકાર કોઇપણ જગોએ ઉઘાડી રીતે કરવાને, નિઃશંક, એવા પશુતુલ્ય ઠરે.

શ્વાસવાન્ જીવ અર્થાત્ પ્રાણીનો શ્વાસ બંધ થયો, એટલે તેના શરી-રને પ્રેત સંજ્ઞા લાગે છે; અને એવા એ પ્રેતો અપવિત્ર એટલે અમંગળ

ગણાયછે. કારણ "यस्मिन्नवउत्क्रान्त इदं शरीरं पापिष्टतरमिव दृश्यते सवः श्रेष्ठः" એ શ્રુત્યુક્તી પ્રમાણે શરીરમાંનો પવિત્ર જીવાત્મા નિકળી ગયા પછી તે શરીર અપવિત્ર થાય છે; માટેજ વેદોક્તધર્મી લોક, પ્રેતનો સ્પર્શ થયો કે નજરે જોયુ તો તરત સ્નાન કરે છે. એવા એ પ્રેતો અમંગળ, અપવિત્ર, અશુદ્ધ અને અસ્પર્શ્ય છતાં, બ્રાહ્મણાદિ વર્ણમાં ગણાવતાં કાંઇક લોક, પ્રેત એટલે લોથને નાહી ધોઇ અબોટીઆ સહિત શિજવીને અબોટીઆ સહિત ખાય છે. આ કેટલુ મૂર્ખપણું ત્યારે ! કે અસ્પર્શ્ય આવા વિટાળના ગોળાને સ્પર્શ્ય—પાક માનવું ! અને તે વળી ગળ કાયનમાં કરી જવું !

અપવિત્ર ભ્રષ્ટ લોથને ભક્ષ કરવાની ક્રૂર અને ગંદી લલુતા.

આ અશુદ્ધ અમંગળ મુડદાની શુદ્ધતાના સંબંધમાં મોટું હસવાલાયક આચરણ હિંદુ હિંસકોનું દીઠામાં આવે છે. હિંદુલોકોમાં પવિત્ર મનાયલા શ્વેતાંબરી બ્રાહ્મણાદિકોને ઘેર કોળી લોક માછલી વેચવા જાય છે, ત્યાં ધોએલા વસ્ત્ર પેહેરેલી પવિત્ર થયલી સ્ત્રીઓ હોય છે, તે બાઇ તે કોળી પાસેથી પોતાના એક વાસણમાં તેને અડકાવીના માછલી વેચાતી લે છે, અને પછી તેજ પવિત્ર વસ્ત્ર સહિત તેને કાપીને અને સીજવીને ખાય છે. એવી તેમની રીત હોય છે. કોઇ વેળા એવું બને છે કે, તે મછલીપર સુતરનો કટકો કાંઇ વળગી રહેલો રહી જાય છે. અને તેવી સુતર વળગેલી માછલી તે કોળી તેના વાસણમાં મુકી દે છે. અને તે બાઇ તેને ઊંચકી લીધા પછી તે સુતરને જોએ છે. એટલે કોળીના સુતરને અડકાયું એમ કહી તે બાઇ માથા બોળ નાંહે છે. અને પોતાને શુદ્ધ થઇ ગણે છે. એક વેળા એવા બનાવતો એવી ઝટાપટી થઇ કે ઉપર લખ્યા પ્રમાણે એક એવી પાક બનેલી સ્ત્રીની દૃષ્ટિ પોતાના હાથમાં તે માછલી લીધા પછી તેના પર વળગી રહેલા સુતરપર પડી. એવી તરતજ તે માછલી તે કોળીના કપાળમાં મારી અને તેને હજારો ગાળો દીધી. અને તે મોટથી બારડવા લાગી કે મુઆ ભ્રષ્ટે મને અભડાવી, અને મારા ધોયલા પવિત્ર વસ્ત્રને ભ્રષ્ટ કર્યું. મરવા દો મુઆને, એમ કહી પછી તે બાઇએ સ્નાન કરીને બીજું ધોયલું પવિત્રવસ્ત્ર પેહેરીને તેજ કોળી પાસેથી તેજ માછલી ઉપરનું વળગેલું સુતર કઢાવીને પાછી પોતાના વાસણમાં લીધી. હવે જુઓ આ કેવો ચમત્કાર ! કે આવું આ અમંગળ મુડદું તે પેટમાં ઘાલવા માટે શુદ્ધ અને પવિત્ર; અને આ કપાસથી ઉત્પન્ન થયલું જે સુતર તે અશુદ્ધ અને અપવિત્ર અને તેથી તેનું શરીર અભડાઇ ગયું. આ કેવો પવિત્ર વિચાર ! !

તેમજ બીજું એક આશ્ચર્ય—સદહું ધોયલા વસ્ત્ર વાળી પવિત્રબાઈ અને તેનો ધણી મુસલમાન અને કીરીસ્તાનના હાથના ગીડામાં આયેલાં આંબા વગેરે પદાર્થનાં આથણાં અને કાચરીઓ લેવામાં અને સ્પર્શ કરવામાં દોષ

માને છે. પરંતુ તેજ મુસલમાન અને કિરિસ્તાનના હાથની ગીઠામાં ચાંથેલી માછલી કે માંસને શુદ્ધ પવિત્ર. અને નિર્દોષ માનીને તેને માત્ર સ્પર્શ કરે છે એટલુંજ નહીં, પણ તેને સીજવીને પેટમાં ઘાલે છે. એ કેવી પવિત્રાઈના સંબંધમાં અક્કલની ખુબી !

મનુષ્યના ગળમૂત્ર વગેરેની ગંદકીથી નિત્ય ભરાનારૂં કીચડવાળું નાળું, ખાડી, કે નદી, તેની અંદર એક પ્રકારની એક વેંત લંબાઈની માછલી ઉત્પન્ન થાય છે. જેને "પાલુ" કરીને તેના ભક્ષકો કહે છે. એ પાલુ માછલી કીનારાપર આવીને મનુષ્ય વિષ્ટા આદિ ગંદા પદાર્થનું પ્રત્યક્ષ ભક્ષણ કરે છે. અને તેથી કરીને માંસાહારી મનુષ્યને તે માછલી કાપતાં તેના પેટમાંથી મનુષ્ય વિષ્ટાના લોચા મળે છે. તેવારે તે વિષ્ટા ધોઈને તે ખાય છે. છીઃ માછલીની અંદર પ્રત્યક્ષ વિષ્ટા જોયા છતાં તે ધોઈને ખાવામાં આ ગંસ્ય ભક્ષકનું મન કેમ વારૂ કંટાળીને તેની ખણુસ કે સુગ આણતું નથી. તે પ્રમાણે મુંબઈ સરખા ભર વસ્તીના બંદરની અંદર મનુષ્ય વિષ્ટા પુષ્કળ ધકેલી મુકવાથી તે જગોએ ખુમલા એ નામની એક પ્રકારની સળવળીત માછલી ઉત્પન્ન થાય છે. એવી તે વિષ્ટાજન્ય માછલી ભક્ષણ કરવામાં તે ભક્ષકનું મન કંટાળીને સકંપીત થઈને તેને ઉનટી કેમ થતી નથી ?

માછલીનું કેટલુંપણ કંટાળવા જેવું સ્વરૂપ નજર આગળ મુક્યું હોય તોપણ કેટલાક હરડતા ભક્ષકો એવું પણ કહેનારા છે, કે ચાહે એટલો કંટાળો લાવે, તોપણ આપણે માછલી ખાવાનો સ્વાદ છોડવો નહીં. તેવારે એવા ગંદા નાપાક મનુષ્યનું મન વળાવવામાં તો હમે નાઈલાજ થઈએ છીએ. પરંતુ કોણ જાણે ઈશ્વરને હમારી તરફની દયા આવી કે શું ? કે તેવા આજકાલ માછલીની અંદર વિષકારક કીટક (કીડા) ઉત્પન્ન થવા લાગ્યા. અને તેણે કરીને નિદાન માંસભક્ષકો પ્રાણુલાગની બીકોનીથી મલબારપ્રાંત વગેરે જગોએ માછલી ખાવાની હવે બંધ કરવા લાગ્યા છે. ઠીક, કોઈના પણ કુહાડાથી વહાણું વાઓ. કોઈપણ રીતે હિંસાકર્મ મનુષ્ય થકું છુટે. એ હમારી ઈચ્છા છે. હવે આ ઈચ્છા સિદ્ધિ થવા માટે ઈશ્વરે માનવોને જે દયા અને અન્ન પાચક શક્તિ આપેલી છે, તે દયા શક્તિને અનુસરીને મારા માનવ બંધુઓને થોડી વિનતિ કરીને આ સૃષ્ટિજન્ય શાસ્ત્રાધાર પુરો કરૂં છું.

જનાવરોને ઠાર મારવા માટે જે નિર્દયતા લાગે છે. તે આણવા માટે અભ્યાસ રાખવો જોઈએ. ભળતાજ કોઈ એક મનુષ્યને કહ્યું કે અમુક એક જનાવરના ગળાપર તીક્ષ્ણ શસ્ત્ર મુકીને તેનું ગળું કાપ; તો તેનાથી તે નિષ્ઠુર કર્મ કરાવવાનું નહીં. પણ નહાનપણથી જેની મનોવૃત્તીને જનાવરોના ગળા કાપવાનો અભ્યાસ પડયો હશે, તેનેજ હાથેથી તે નિષ્ઠુર કર્મ

થશે, અને તેપણ દ્રવ્ય લોભેજ કસાઇખાનામાં જે ખાટકી હોય છે. તેના મનને બાલપણથીજ જનાવરોને મારવાની ક્રૂરતાનો સંસ્કાર થયલો હોય છે. તેવા કેટલાક ખાટકીઓને પણ કોઇ કોઇ વેળા દયાનો ઝરો ફુટે છે. પરંતુ પેટ ભરવાને બીજું સાધન ન હોવાને લીધે તે નાઇલાજ થાય છે. અને એવે પ્રસંગે કેટલાક ખાટકી પોતાની જાતભાત ધંધો છોડીને ફકીર બનીને ભીખ માંગી શુદ્ધ અન્ને પેટ ભરે છે. તાત્પર્ય— મનુષ્યના સ્વાભાવિક દયા ધર્મ વિરૂદ્ધ જનાવરને મારી ખાવા માટે અભ્યાસથી નિર્દયતા આણવી પડે છે. એ ચક્ષુર્વ સત્યં છે. તે માટે મનુષ્યોએ હિંસા કર્મ કરવું, સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ છે.

માંસ પ્રાપ્ત થવા માટે જનાવરોને કોઇપણ પ્રકારે ઓછું વતું દુઃખ દેવાની જરૂર પડે છે. તે માટે એવું દુઃખ આપવાથી પ્રાપ્ત થનારૂં માંસ, તે મનુષ્યોનું અન્ન નથી. કસાઈખાનામાં દરરોજ અઘોર કર્મ દુષ્ટ જન આચરે છે, તેની તરફ સદય અંતઃકરણના સાર્વજનિક હિતકર્તા લોક પોતાનું મન કેમ વારૂં વાળતા નથી? તેમણે ધુમાર્ળને શા માટે બેસવું? નિરૂપદ્રવી અનાથ પશૂપર આવું ક્રૂરત્વ કરવું, એ માંસાહારનું પ્રત્યક્ષ ફળ કહેવાય. વાડાના મેદાનમાંથી કસાઇખાનામાં લઇ જતાં રસ્તાની અંદર આ હતભાગ્ય જનાવરની દયાપાત્ર હૃદયભેદક જે આડાં આડે અને દુઃખ ભરીત આર્ત સ્વર તે કાન વાટે સાંભળો; ભય અને દુઃખથી કાવરા બાવરા થઇ ગયલા તેમના ડોળા તરફ જુઓ; તેની દેહાન્ત સમયની આખરીની ખેંચતાણને પણ જુઓ; અને વધ સ્થાનપર ખેંચી લઇ જતાં ગભરાયલા બલદોનું ભયંકર કાકલુત વાણીનું બરાડવું સાંભળો; અને પછી કહો કે જનાવરોનું શિરચ્છેદ કરવું, એથી સદયતાનો, ધર્મનો અને ન્યાયી સત્ય મનોવૃત્તિનો ભંગ થાય છે કે નહીં?

માંસભક્ષક જનાવરના સ્વાભાવિક આહાર વિરૂધ મનુષ્યનો આહાર છે. તે મનુષ્યના દાંતના બાંધા પરથી સ્પષ્ટ જણાય છે. માંસભક્ષક જનાવરના દાંત તીક્ષ્ણ અણીદાર હોઇને તેમાંના કેટલાક તો ઘણા મોટા આકારના બળવાન્ હોય છે. તેણે કરીને અને પંજાની મદદથી તેમને આવશ્યક માંસના ફાડોને તુકડા કરતા આવડે છે. હવે મનુષ્યને આવા પ્રકારનું ઇંદ્રિય સાધન હોતું જણાતું નથી. મનુષ્યને તીક્ષ્ણ નખનો પંજો નથી. શિવાયે તેના દાંત માંસભક્ષક જનાવરના દાંતથી ઘણા ભિન્ન હોય છે. જે દાંતને કેનાઇન એટલે રાક્ષસી કહે છે તે તેની પાસેના દાઢના દાંત કરતાં ઘણા ભિન્ન નથીજ અને એ દાંત એવા પ્રકારના અને આકૃતિના કરેલા છે કે તેણે કરીને હમેશના ઉપયોગીમાંના વનસ્પતિના પદાર્થ ફેડાને તેને કોઠામાં પાચન કરવા લાયક ચાવીને ખાતા આવડે.

લાળ અને થુંકની કોથળી જે માનવી શરીરમાં છે. તે માત્ર વનસ્પતિ આહારને માટેજ યોજેલી છે. કારણ કે તેમાંથી પુષ્કળ થુંક બહાર નીકળે છે માંસભક્ષક જનાવરના વ્યવહારમાં આ મહત્વની થુંકનું આવડું મોટું પ્રમાણ આવશ્યક નથી. માટેજ માંસહારી જનાવરની થુંકની કોથળી ઘણી નાની હોય છે. અને તેમાંથી જે થુંક નીકળે છે તે ઘણીજ કમતી હોય છે. મનુષ્ય અને જનાવરો એમાં આ બાબતનો જે ભેદ છે. તે ઉપરથી પ્રત્યેકને માટે ભિન્ન ભિન્ન પ્રકારનું અન્ન યોજેલું છે, તે સ્પષ્ટ દેખાઇ આવે છે. અન્ન પાચક શક્તિની જે શારીરિક રચના શરીરમાં છે. તે ઉપરથી જેમ અન્નભેદ સ્પષ્ટ થાય છે. તેમજ અન્ય શારીરિક રચના ઉપરથી સ્પષ્ટ થતો નથી.

એટલે સુધી સૃષ્ટિજન્ય શાસ્ત્ર એટલે ઈશ્વરે મનુષ્યોને જ્ઞાન, દયાદિ વિચારશક્તિ આપેલી છે, તે ઉપરથી હિંસાકર્મના નિંદ્ય અને અયોગ્યપણા બદલ વિચાર થયો. તથાપિ "હિંસાકર્મ વેદશાસ્ત્ર વિહિત છે" એવું માની લઇને વેદશાસ્ત્રનું ખોટું અપમાન કરી, વેદશાસ્ત્રાધ્યયનનું ઢોળ ઘાલનારા માંસના લાલચુ અને દ્રવ્યમદાંધ એવા વિચાર શૂન્ય લોક કુલધર્મ અને યજ્ઞને નિમિત્તે દૈન્યવાણી પશ્વાદિકના ગળાપર તીક્ષ્ણ શસ્ત્રધારા ચલાવીને અશુદ્ધ ધારાનો પ્રવાહ કાઢી, કિંવા દર્ભરજ્જુથી તે પશ્વાદિકનું ગળુ દાબી અને શ્વાસ રૂંધીને તેના અંડપર મુષ્ટિપ્રહાર કરીને ટળવળાવી ઠાર મારે છે, અને એવા આ મારેલા પશ્વાદિકના શુક્રશોણિત જન્ય છિન્નવિચ્છિન્ન મુખ, પાદાદિ અવયવોથી પોતાના પેટને બાળીને નરકે જવાની તૈયારી કરે છે માટે એવા અઘોરી. વિચાર શૂન્ય, પાષાણ હૃદયી લોક, ખોટા શાસ્ત્રાધાર સમજીને હવેથી નરકે જતાં બંધ પડે, તેટલા માટે વેદાદિમાન્ય ગ્રંથમાંનાં કાંઇક વચનો અહીં લખુંછું.

॥ मा नस्तोके तनये मा न आयौ मा नो गोषु मा नो अश्वेषु रीरिषः।
वीरान्मा नो रुद्र भामितो वधीर्हविष्मंतः सदमित्त्वा हवामहे ॥

અર્થઃ—હે રુદ્ર! હમે હવિષ્મંત લોકો સદૈવ એવી પ્રાર્થના કરીએ છીએ કે હમારા પુત્ર, પૌત્રાદિનો; હમારી આયુનો; હમારા ગવાશ્વાદિ પ્રાણીઓનો; હમારા વીરોનો ક્રોધ ભરીત થઈ વધ ન કરો.

॥ माता रुद्राणां दुहिता वसूनां स्वसादित्यानाममृतस्य नाभिः।
प्र नु वोचं चिकितुषे जनाय मा गामनागामदितिं वधिष्ट ॥ (ऋग्वेद)

અર્થઃ—રૂદ્રોની માતા, વસુઓની તનયા, આદિત્યોની ભગિની, અમૃતની નિધિ એવી નિરૂપદ્રવી સમૃદ્ધિમાન ગાયનો વધ ન કર, એવો ચેતવંત મનુષ્ય પ્રતે ઉપદેશ છે.

॥ असुर्या नाम ते लोका अंधेन तमसावृताः ।
। तांस्ते प्रेत्यापिगच्छंति येके चात्महनोजनाः ॥
॥ यस्तु सर्वाणि भूतान्यात्मन्नेवानु पश्यंति ॥
। सर्वं भूतेषु चात्मानं ततो न विचिकित्सति ॥
॥ यस्मिन्सर्वाणि भूतान्यात्मैवा भूं द्विजानतः ।
। तत्र को मोहः कः शोकः एकत्वमनु पश्यतः ॥ (यजुर्वेद)

અર્થ—જે મનુષ્ય શ્વાસવાન્ જીવને એટલે મનુષ્ય, પશ્વાદિ પ્રાણીને હાર મારે છે, તે અધોગતી એટલે જે યોનીમાં—અર્થાત્—લોકમાં જ્ઞાન નહીં, એવી જે અંધારાથી અર્થાત્ અજ્ઞાનથી વ્યાપિત પશ્વાદિ યોની તે તેને પ્રાપ્ત થાય છે. એટલે બીજે જન્મે વ્યાઘ્રાદિ હિંસક પશુ, ગૃધ્રાદિ હિંસક પક્ષી, કે મગરાદિ હિંસક જળચર, એવી તે યોનીમાં તેને જન્મ લેવો પડે છે. આપણા પ્રમાણેજ બીજા પશુપક્ષાદિ પ્રાણી માત્ર શુક્ર શોણિતજન્ય હોઇને તેને પણ આપણી પેઠેજ સુખ દુઃખાવસ્થા છે, માટેજ તેને આપણાથી ભિન્ન માનીને મારીખાવા નહીં, એવા આ આત્મવત્ એટલે આપણા પ્રાણ સરખા હોનારા પશ્વાદિ પ્રાણીને ભિન્ન માનીને કોઇ મારી ખાય છે, કે કોઇ અન્ય પ્રકારે વિના અપરાધ ઇજા આપે છે, તે નિરંતર જગતમાં દુઃખ અને ક્લેશ ભોગવે છે.

"अग्नीषोमीयं पशुमालभेत्" એ યજ્ઞ વિધાયક ગ્રંથમાંના યજ્ઞોપયોગી હવનાર્હ પશુ (સ્પષ્ટ પદાર્થ) કયા ? એ વિષયનો બ્રાહ્મણ ગ્રંથમાં વિચાર કરીને મુખ્ય હોમ કરવાનો અને ભક્ષણ કરવાનો જે મેધ્ય અર્થાત્ પવિત્ર પશુ, તે દેવસાલીનાજ ભાતકણ અને તેની અંદરના ચોખા છે. અને પશુથી યજ્ઞ કરવો, એનો અર્થજ તે ભાતના ચોખા કરીને તેનો લોટ અથવા ભાત કરવો, અને તે ભાતથી કે લોટથી યજન કરવું. તથા તેમાંનો શેષ રહે, તેનું ભક્ષણ કરવું. પણ મનુષ્ય, પશ્વાદિ ચર પશુ (જે સ્પષ્ટ પદાર્થ) તે અમેધ્ય અર્થાત્ અપવિત્ર ગણાય છે, તેટલા માટે તેને કદી ખાવા નહીં, અને જેને ખાવા નહીં, તેનો હોમ પણ કરવો નહીં, અર્થાત્ અમેધ્ય પશુ જે મનુષ્ય, પશ્વાદિ ચર પ્રાણી તેને કદી ખાવા નહીં, એવું ઠરાવેલું છે. તે નીચે ઋગ્વેદ ઐતરેય બ્રાહ્મણ, દ્વિતીય પંચિકા, ખંડ. ૮. એ ઉપરથી સ્પષ્ટ સમજાશેઃ—

॥ पुरुषंवैदेवा ऽ पशुमालभंत ** त एवउत्क्रांतमेधा अमेध्या ऽ पशवस्त

स्मादेतेषांनाश्नीयात्तमस्यामन्वगच्छन्त्सोनुगतोव्रीहिरभवत्तद्यत्पशौ पुरोळाशमनुनिर्वपंति समेधेन न॥ पशुनेष्टमसत्केवलेन न=पशुनेष्टमस-दिति-समेधेनहास्यपशुनेष्टंभवतिकेवलेनहास्यपशुनेष्टं भवतियएवं वेद ॥

અર્થ—મનુષ્યાદિ ચર પ્રાણી અમેધ્ય અર્થાત્ અપવિત્ર હોવાથી પૂર્વે દેવોએ યજ્ઞ કર્યા, તેમાં તેને છોડી દીધા હતા. અને હવિર્ભાગયુક્ત મેધ્ય પશુ જે દેવસાળીના ભાતકણ, તેના ચોખા 'પુરોડાશાર્થે' લીધા. તેટલા માટે મનુષ્ય, પશ્વાદિ પ્રાણી એ અપવિત્ર, તેને ખાવા નહીં; અર્થાત્ તેના માંસથી હોમ યજ્ઞ કરીને તેનો શેષ ભાગ ભક્ષણ કરવોજ નહી. પણ હવિર્ભાગયુક્ત પશુ જે દેવસાળીના ભાતકણ તેના હવનથીજ આપણે હોમ કરવો. અને જે પુરૂષ હવિર્ભાગયુક્ત ભાતકણથીજ યજન કરવું, એવું જાણી તેજ પ્રમાણે કરે છે, તેનોજ યાગ પૂર્ણ થાય છે.

હવનાર્હ શુદ્ધ પશુ જે સાલીના ભાતકણ, તેના ભિન્ન ભિન્ન ભાગને રોમ, અસ્થિ એવા નામ આપેલા છે, તેનો પુરાવો નીચે પ્રમાણે:—

॥ सवाएषपशुरेवालभ्यतेयत्पुरोळास्तस्य यानिकिंशारूणितानिरोमाणि येतुषाःसात्वग्येफलीकरणास्तदसृग्यात्पिष्टं किक्नसास्तन्मांसं यत्किंचित्कंसारंतदस्थिसर्वेषांवा एष पशूनांमेधेन यजतेय=पुरोळाशेन यजते तस्मादाहु=पुरोळाशसत्रंलोक्यमिति**९॥ ऋ. ऐ. ब्रा.

અર્થ—"પશુથી યજ્ઞ કરવો, એનો અર્થજ ભાતકણોનો હોમ કરવો, એમ છે. એ ભાતકણની ઉપર કૂંસ, તે રોમ; તુષ એટલે જાડું છાલું, તે ત્વચા; બારીક છાલ, તે રક્ત; શફેદ ઉજળા ચોખા વાટીને કરેલો સૂક્ષ્મ-કણયુક્ત પિષ્ટપિંડ, તે માંસ; અને જે કણી, તે અસ્થિ ગણાય છે. એવો મેધ્ય ભાતકણનો હોમ કરીને યજન કરવું કે જેવું, તેણે કરીને આરોગ્યાદિ સુખ પ્રાપ્તિ થાય છે." એ પ્રમાણે મનુષ્ય, પશ્વાદિ પ્રાણીની હિંસા ન કરતાં, હવનાર્હ પશુ જે દેવસાલીના ભાતકણ, તેનોજ હોમ યજ્ઞ કરવો, એટલે તેના ચોખા કરીને તેનો લોટ કરવો, અથવા ભાત કરવો, અને તે ભાતથી કે લોટથી યજન કરવો, એવી વેદાજ્ઞા સ્પષ્ટ છતાં તેને લત્તાપ્રહાર કરીને आत्मसंभाविता स्तब्धा धन मान मदान्विताः । यजंते नाम यज्ञैस्ते दंभेना विधि-पूर्वकं ॥ એટલે પોતાને મોટા માનનારા, ગર્વિષ્ટ, ધનઉન્મત્ત, એવા લોકો દંભે કરીને નામનો માત્ર યજ્ઞ કરે છે; વિધિપૂર્વક કાંઇ કરતાં નથી. તે વારે यःशास्त्रविधि मुत्सृज्यवर्तते कामकारतः। न स सिद्धि मवाप्नोति न सुखं न परांगतिं ॥ એ પ્રમાણે શાસ્ત્રવિધિ છોડીને "मनःपूतं समाचरेत्" એ ન્યાયથી યથેચ્છ

ચાલીને હિંસાદિ નીચ કર્મ કરનારા અધોગતી એટલે પશ્વાદિ યોનીમાં જાયે છે, એવું શ્રીકૃષ્ણે ગીતાના ૧૬ માં અધ્યાયમાં કહેલું છે. તેટલા માટે એવા નર્કગામી હિંસક યાજ્ઞિકોની છાયા સુદ્ધાં પણ કોઇએ લેવી નહીં.

મનુષ્ય, પશ્વાદિ પ્રાણી અમેધ્ય એટલે અપવિત્ર છે. તેને સ્પર્શ કરીને છોડી દેવું. અને ત્રણ વર્ષનું જુનું સાલીનું ભાત, જે મેધ્ય હવનાર્હ પશુ, તેના ભાતથી કે લોટથી યજન કરવું, એવો હવન વિધિ સ્પષ્ટ કરીને, એવા એ હવનવિધિથી પૂર્વે કોણે કોણે યજ્ઞ કર્યા, અને તે વખતે પુરોહિત કોણ કોણ હતા, એ વિષે ऋ. ऐ. ब्रा. पं. ८ खं २१–२२. એમાં ઉલ્લેખ કરેલો છેઃ–

"एतेन ह वा ऐंद्रेण महाभिषेकेण"तुरः कावषेयो जनमेजयं पारिक्षित मभिषिषे च. तस्मादु जनमेजयः पारिक्षितः समंतं सर्वतः पृथिवीं जयन् परीयायाश्वेनच मेध्येनेजे; आसं दीवति धान्यादं रुक्मिणं हरितस्त्रजं, अश्वं बबंध सारंगं देवेभ्यो जनमेजयादयः "––" च्यवनो भार्गवः शार्यातं मानवमभिषिषेच. तस्मादु शार्यातो मानवः समंतं० "––" सोमशुष्मा वाजरत्नायनः शतानीकं सात्राजितः समंतं० "––" पर्वत नारदा वांबाष्टय्य माभिषिषेचतुस्तस्माद्वांबाष्टय्यः समंतं० "––" कश्यपो विश्व कर्माणं भौवन मभिपिषेच. तस्मादु विश्वकर्मा भौवनः समंतं० "––" वसिष्ठः सुदासं पैजवन माभिषिषेच तस्मादु सुदाः पैजवनः समंतं० "––" संवर्ता आंगिरसो मरुत्तमाविक्षित माभिषिषेच. तस्मादु मरुत्त आविक्षितः समंतं० "––" दीर्घतमामामतेयो भरतं दौष्यंति माभिषिषेच. तस्मादु भरतो दौष्यंतिः समंतं०

અર્થ—"તુર, ચ્યવન અને ભાર્ગવ, સોમશુષ્મા, પર્વત અને નારદ, કશ્યપ, વસિષ્ઠ, સંવર્ત અને અંગીરસ, તથા દીર્ઘતમા, એવા સદ્ધર્મી મહર્ષીઓએ, જનમેજય, શાર્યાત, સત્રાજીત, આંબાષ્ટય, વિશ્વકર્મા, પૈજવન, મરૂત્ત અને દુષ્યંતાનો પુત્ર ભરત, એવા સાર્વભૌમ રાજાઓને અનુક્રમે યજ્ઞાભિષેક કર્યો હતો. પછી જનમેજયાદિ એ રાજાઓએ સર્વે પૃથ્વી જીતીને ધાન્ય ભક્ષક સુવર્ણાલંકૃત સુશોભિત ઘોડો પોતાના સિંહાસન આગળ બાંધીને સ્પર્શ વિગેરે કરી છોડી દીધો, અને મેધ્ય પશુ જે સાળીના ભાતકણ, તેના ચોખાના લોટથી અને ભાતથી યજન કર્યુ હતું. આવિક્ષિતનો છોકરો મરૂત્ત, જેણે તેમની ઇચ્છાઓ પૂર્ણ કરી, તેમને ઘેર તે મરૂત્ત અન્ન પીરસનાર હતો." એજ પ્રમાણે યજુર્વેદ બ્રાહ્મણમાં હવનાર્હ મેધ્ય પશુ (સૃષ્ટ પદાર્થ) એટલે દેવસાળીનું ભાત અને જવ એવું ઠેરવીને, મનુષ્ય પશ્વાદિ ચર પ્રાણી અમેધ્ય એટલે તેના શુક્રશોણિત જન્ય એવા અપવિત્ર શરીર હોવાને લીધે તે મનુષ્યોએ ખાવાજ નહીં, એવો સ્પષ્ટ વિધિ કહેલો છેઃ—

॥ स यं पुरुषमालभंत. स किं पुरुषोऽभवद्यावश्वं च गां च तौ गौरश्वग-वयश्चाभवतां यावमालभंत। सउष्ट्रोऽभवद्यमज मालभंत स शरभोऽभवत्तस्मा देतेषां पशूनां नाशितव्यमपक्रांतमेधाहैते पशवः। सर्वेषां वा एष पशूनां मे-धोयद् व्रीहियवौ ॥

અર્થ—મનુષ્ય, ઘોડા, બલદ, મેંઢા, ઉંટ, બકરા, અને શરભ ઇત્યાદિ પ્રાણીઓના શરીરો શુક્રશોણિતજન્ય હોઇને પ્રાણાંતે અપવિત્ર હોય છે. એવા કારણને લીધે મનુષ્યોએ તે ખાવાજ નહીં. સૃષ્ટ પદાર્થમાંના સાળીનું ભાત અને જવ એ શુદ્ધ ધાન્ય હવનાર્હ છે, તે યજ્ઞાંતે ખાવા.

॥ अहिंसा सत्यास्तेय ब्रह्मचर्या परिग्रहा यमाः ॥ (योग सूत्र३०)

અર્થ—સદા સર્વદા હિંસા કે માંસ ભક્ષણ ન કરવું. સત્ય બોલવું. ચોરી ન કરવી. મનમાં દુષ્ટ વૃત્તિ ન ધરવી. શરીર સ્વચ્છ રાખવું, અને સર્વે ઇંદ્રિયોને ન્યાયથી ધાકમાં રાખવી. એ સર્વે સદ્ધર્મના લક્ષણ જાણવા. અને એજ સદ્ધર્મ મનુષ્યોને યોગ્ય છે.

॥ दुष्टं हिंसायाम् । तस्यसमभिव्याहरतो दोषः ॥ (वैशेषिक सूत्र७।८)

અર્થ—હિંસા કે માંસ ભક્ષણ કરનારા મનુષ્ય દુષ્ટ જાણવા. અને એવા હિંસક સાથે એક પંક્તિ ભોજન, એક પંક્તિ શયન, કે એક પંક્તિ વેદાધ્યયન કરવાથી મહદ્દોષ ઉત્પન્ન થાય છે.

મન્વાદિક પ્રાચીન શાસ્ત્રકર્તા ઋષીઓએ પોતાની સ્મૃતિમાં હિંસા કર્મનો નિષેધ કર્યો છે. તે નીચે પ્રમાણેઃ— (મનુ)

अदत्तानामुपादानं हिंसाचैवा विधानतः। परदारोपसेवाच शारीरंत्रिविधंस्मृतं.

અર્થ—'હે મનુષ્ય, હિંસા કે માંસ ભક્ષણ કરવું, આજ્ઞા શિવાયે બીજાની વસ્તુ લેવી, અને પરસ્ત્રી ભોગવવી, એ ત્રણ શારીરના અધર્મ છે, તે તું કદી આચરતો નહીં'. બ્રાહ્મણાદિ ચારે વર્ણને સાધારણ લાગુ એવા જે ધર્મ તેમાંનો અહિંસા આ પેહેલો ધર્મ છેઃ— (મનુ, યાજ્ઞવલ્કિ, વ્યાસ)

॥ अहिंसासत्यमस्तेयंशौचामिंद्रियनिग्रहः। एतंसामासिकंधर्मंचातु-र्वर्ण्येब्रवीन्मनुः ॥ (मनु) अहिंसासत्यमस्तेयंशौचमिंद्रियनिग्रहः। दानंदमो-दयाक्षांतिः सर्वेषांधर्मसाधनं॥ (याज्ञवल्की) अहिंसासत्यमस्तेयमकामक्रो-धलोभता। भूतप्रियहितेहाचधर्मोयंसार्ववर्णकः ॥ (व्यास)

અર્થ—(એકનાથ સ્વામીની ટીકા ॥ "અહિંસાદિ સત્ય લક્ષણ। હા સર્વાંચા ધર્મ જાણ। સર્વાશ્રમ સર્વ વર્ણ। ત્યાંસીં મુખ્યત્વેં જાણ હા॥ એટલે હિંસા

કે માંસ ભક્ષણ ન કરવું, સત્ય બોલવું, કામાદિ રીપુ જીતવો, અને શુચિર્ભૂત રહેવું એ ધર્મ ચારે વર્ણને સામાન્ય છે." (મનુ)

योयस्यमांसमश्नातिसतन्मांसादउच्यते, मत्स्यादःसर्वमांसादस्तस्मान्मत्स्यान्विवर्जयेत् । योहिंसकानिभूतानिहिनस्त्यात्मसुखेच्छया, स जीवंश्चमृतश्चैवनक्वचित् सुखमेधते । योबंधनवधक्लेशान्प्राणिनान्नचिकीर्षति, स सर्वस्यहितप्रेप्सुःसुखमत्यंतमश्नुते । नाकृत्वाप्राणिनां हिंसांमांसमुत्पद्यतेक्वचित्, नचप्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसंविवर्जयेत् ।

અર્થ—જે જેનું માંસ ખાય છે, તે તેનો ભક્ષક, એમ કહેવાય છે, એટલે બકરાંનું માંસ ખાનારાને "બોકડખાઉ," અને મચ્છ ખાનારાને "મચ્છીખાઉ" કહેવાય છે. માછલાં ખાનારાઓએ તો સર્વ પ્રકારનું માંસ ખાધા પ્રમાણે છે. તેટલા માટે કોઇએ માછલા ખાવા નહીંજ. જે પુરૂષ, પોતાને ઐહિક કિંવા પારલૌકીક સુખ થાય, એવી ઇચ્છાએ ગાય, બકરા, કે કુકડા ઇત્યાદિ નિરૂપદ્રવી પ્રાણીઓને મારી ખાય છે, તે પુરૂષ જીવંતપણામાં કે મુઆ પછી મુદ્દલજ સુખ પામતો નથી. પરંતુ જે પુરૂષ, પ્રાણીનો વધ કિંવા તેને કોઈ પણ પ્રકારની ઇજા કરતો નથી, તે પુરૂષ સર્વનો હિતકર્તા, અત્યંત સુખ ભોગવે છે. પ્રાણીઓનો વધ કર્યા શિવાય માંસ ઉત્પન્ન થતું નથી, અને તે પ્રાણીને વધ કર્યે, તો સ્વર્ગ પ્રાપ્તિ થતી નથી, તેટલા માટે માંસનો ત્યાગ કરવોજ કરવો; અર્થાત્ માંસ કદી ખાવુંજ નહીંજ. કારણ જુઓ—(મનુ)

समुत्पत्तिंचमांसस्यवधबंधौचदेहिनां, प्रसमीक्ष्यनिवर्तेतसर्वमांसस्यभक्षणात् ।
मांसभक्षयितामुत्रयस्यमांसमिहाद्म्यहं, एवंमांसस्यमांसत्वंप्रवदन्तिमनीषिणः।

અર્થ—માંસની ઉત્પત્તિ શુક્રશોણિતથી અર્થાત્ સ્ત્રીપુરૂષ વીર્ય રેતના મિશ્રણથી થયલી છે—એવું એ માંસ અતિ ઘાણવાળું અમંગળ છતાં ઝાડને લાગેલું છે. એમ કાંઈ નથી; પણ તે, પ્રથમ પ્રાણીને બાંધીને, પછી તેનું શિરચ્છેદ કર્યાથી પ્રાપ્ત થાય છે. વળી જેનું માંસ આપણે ખાઇયે, તેજ આપણું માંસ જન્માંતરે ખાય છે*—એવો આ માંસનો પરિણામ માંસજ, એવું તત્વજ્ઞાની પંડિત જનોનું કહેવું છે. હિંસાકર્મનું વિશેષ સ્પષ્ટીકરણ મનુ કરે છે:—

यक्षरक्षः पिशाचान्नंमद्यमांसंसुरासवं, तद्ब्राह्मणेननात्तव्यंदेवानामश्नताहविः।
अनुमंताविशसितानिहंताक्रयविक्रयीसंस्कर्ताचोपहर्ताचखादकश्चेतिघातकाः

* માંસ શબ્દનો વિગ્રહ એવો છે, કે માં = મને, સ = તે, એટલે જેનું માંસ હું ખાઉં છું, તે જન્મ જન્માંતર અન્યરૂપ ધારણ કરી મને મારી ખાશે.

અર્થ— મદ્ય, માંસ, એ યક્ષ, રાક્ષસાદિનું ખાણું છે, તે કાંઇ દેવ માનવનું નથી તેટલામાટે બ્રાહ્મણાદિકોએ યજ્ઞયાગાદિ કોઇપણ કર્મમાં દેવને માંસનો હવિર્ભાગ આપવો નહીં. અને પોતે પણ કદી ખાવું નહીં. માંસ ખાનારાને, બીજાને અનુમોદન આપનારાને, કાપનારાને, મારનારાને, વેચનારાને, વેચાતું લેનારાને, લઇ જનારાને, રાંધનારાને, વગેરે સર્વને માથે હિંસાદોષ બેસે છે. (અત્રિ)

अभोज्यान्नंतुभुक्तान्नंस्त्रीशूद्रोच्छिष्टमेववा, जग्ध्वामांसमभक्षंचसप्तरात्रंयवान्पिबेत्। क्रियाहीनश्चमूर्खश्चसर्वधर्मविवर्जितः निर्दयःसर्वभूतेषुविप्रश्चांडालउच्यते।

અર્થઃ—માંસ તથા સ્ત્રી કે શૂદ્રનું ઉચ્છિષ્ટ કોઇએ ભક્ષણ કરવું નહીં. કદાચિત્ કર્યું તો સાત દિવસ જવની કાંજી ખાઈને રહેવું. ક્રિયાહીન, ધર્મહીન, અને મૂર્ખ, તથા પ્રાણીમાત્રપર નિર્દય એવો વિપ્ર, એ ચાંડાળ એટલે અતિશૂદ્ર જાણવો. (વ્યાસ)

शतेषुजायतेशूरःसहस्रेषुचपंडितः । लक्षेषु जायतेवक्तादाताभवतिवानवा ।
नरणेनिर्जितेशूरोविद्ययाचनपंडितः । नवक्तावाक्यदक्षेणनदातादानकृद्भवेत् ।
इंद्रियाणांजयेच्छूरोधर्मंचरतिपंडितः । सत्यवादीभवेद्वक्तादाताभूतहितेरतः ।

અર્થઃ—શેંકડે એક શૂર, હજારે એક વક્તા, અને દાતા તો વિરળોજ, રણમાં જય પામનાર શૂર નહીં, ભણેલો એ પંડિત નહીં, ભાષણ કરે તે વક્તા નહીં. આપનાર એ દાતા નહીં, પણ ઇંદ્રિય વિજયી તેજ શૂર, સદ્ધર્મે વર્તનાર તેજ પંડિત, સત્યભાષિત તેજ વક્તા, તથા જેનાં મનમાં સર્વદા દયા રહે છે, તેજ દાતા જાણવો.

यथैवात्मापरस्तद्वद्द्रष्टव्यःसुखमिच्छता, सुखदुःखानितुल्यानियथात्मनितथापरे । अनृतंपरदारांश्चतथाभक्ष्यस्यभक्षणं, अगम्यागमनापेयपानंस्तेयंचहिंसनं। अश्रौतकर्माचरणंमैत्रधर्मबहिःकृतं, नचैतानिविकर्माणितानिसर्वाणिवर्जयेत् ।

અર્થ— જેવી આપણને સુખની ઇચ્છા, તેવીજ બીજા પશ્વાદિ પ્રાણીઓને પણ સુખેચ્છા છે; આપણા સરખુંજ બીજા પશ્વાદિકોને સુખ દુઃખ થાય છે. તેટલા માટે નિરપરાધી પશ્વાદિકને દુઃખ દેવું નહીં, કે મારી ખાવું નહીં. અસત્ય ભાષણ, પરસ્ત્રી ગમન, મદ્યમાંસ સેવન, નીચ સ્ત્રી સાથે વિવાદ, ચોરી, પ્રાણઘાત, વેદ વિરૂદ્ધ કર્માચરણ અને સુહૃદ્ભેદ, એ સર્વ અનુચિત કર્મોનો ત્યાગ કરવો. (યાજ્ઞ०)

अहिंसासत्यमस्तेयंशौचमिंद्रियनिग्रहः, दानंदमोदयाक्षांतिःसर्वेषांधर्मसाधनं ।
वसेत्सनरकेघोरेदिनानिपशुरोमभिः, संमितानिदुराचारोयोहंत्यहिंसकान्पशून् ।
सर्वान्कामानवाप्नोतिहयमेधफलंतथा, गृहेपिनिवसन्विप्रोमुनिर्मांसविवर्जनात् ।

અર્થ— હિંસા કે માંસ ભક્ષણ ન કરવું. એ મનુષ્યનો પેહેલો શ્રેષ્ઠ ધર્મ છે. તે માટે જે પુરૂષ, નિરપરાધી ગરીબ પશુઓને મારે છે, ને તે મારેલા પશુને જેટલા કેશ હોય છે. તેટલા દિવસ નરક ભોગવતો રેહે છે, જે મનુષ્ય હિંસા કર્મ કરતો નથી, તેણે કદાચ બીજું કોઇપણ પુણ્યનું કૃત્ય કર્યું નથી, તોપણુ તેના અહિંસકપણાને લીધે તેની મનકામના પરિપૂર્ણથઇને તેને અશ્વમેધનું ફળ મળે છે.

विक्रयंमद्यमांसानाममक्षस्यचमक्षणं, अगम्यागामिताचौर्यंशूद्रेस्यु.पातहेतवः । एकोष्टशतमश्वेनयजेतपशुनाद्विजः । नान्यास्तुमांसमश्नातिस्वर्गप्राप्तिस्तयोसमा । प्राणदानंचयोदद्यात्सर्वेषामपिदेहिनां,सयातिपरमंस्थानंयत्रेदेवचतुर्भुजः ।

અર્થ—માંસ આ જે અભક્ષ્ય પદાર્થ, તે વેચવો કે ખાવો. પરસ્ત્રી ગમન કે ચોરી કરવી, એ કર્મ થકી મનુષ્ય પતીત થાય છે. ૧૦૮ અશ્વમેધનું પુણ્ય માંસ ન ખાનારાને મળીને સ્વર્ગ પ્રાપ્તિ થાય છે. હિંસાકર્મ ન કરનારા પુરૂષને ઉત્તમ શ્રેષ્ઠ વિષ્ણુ લોક પ્રાપ્ત થાય છે. (પરાશર, યમ)

सर्वैषामेवमांसानांमहान्दोषस्तुभक्षणे , निवर्तने महत्पुण्यमित्याहसप्रजापतिः। रागार्तोभ्यर्थितोवापियोमांसंनात्त्यलोलुपः,फलंप्राप्नोत्ययत्नेनसोश्वमेधफलंतथा

અર્થ—કોઇપણ પ્રાણીનું માંસ ખાવું, તો તેમાં દોષજ છે. હિંસા કે માંસ ભક્ષણ ન કર્યાથી મોટી પુણ્ય પ્રાપ્તિ થાય છે, એવું સૃષ્ટિ કર્તા બ્રહ્મદેવે કહેલું છે. કોઇ લોભથી, લાલચથી, કે પ્રીતિથી હિંસા કે માંસ ભક્ષણ કરતો નથી તેને યત્ન ન કરતાં છતાં પણ અશ્વમેધ ફળ પ્રાપ્ત થાય છે.

એજ પ્રમાણે હિંસા કે માંસ ભક્ષણ કરવું નહીં, એ વિષે આપણા મન્વાદિ શાસ્ત્રમાં પણ લખેલું છે. તેનું, વેદોક્ત ધર્મી લોક હો ! તમે ઉત્તમ પ્રકારે અવલોકન કરો. હવે પુરાણો માંહેના કાંઇક વચનો આપું છું:—(ભાગવત)

द्विषंतःपरकायेषुस्वात्मानंहरिमीश्वरं,मृतकेसानुबन्धेस्मिन्बद्धास्नेहाःपतंत्यधः अहिंसासत्यमस्तेयमकामक्रोधलोभता, भूतप्रियहितेहाचधर्मोयंसार्ववर्णकः ।

અર્થ—" સર્વ પ્રાણીના અંતર્યામી શ્રીહરી હોવાને લીધે પ્રાણીનો મારનારો શ્રી હરીનો દ્વેષી બને છે. અને એવા પ્રાણ ઘાતકી પુરૂષ સહકુટુંબ નરકમાં ખુડે છે. માટેજ ચારે વર્ણે હિંસા કર્મ કરવું નહીં એવો પ્રથમ ધર્મ કહેલો છે." પ્રાચીન કાળમાં બર્હી રાજા યજ્ઞમાં પશુ હિંસા કરતો હતો, તેને અને ધર્મ રાજાને કોઇ કાળે નારદે ઉપદેશ કર્યો હતો, તે નીચે પ્રમાણેઃ—(ભાગવત)

भोभोप्रजापतेराजन्पशून्पश्यत्वयाध्वरे,संज्ञापितान्जीवसंघान्निर्घृणेनसहस्रशः। एतेत्वांसंप्रतीक्षंतेस्मरंतोवैशसंतव, संपरेतमयःकूटै श्छिदंत्युत्थितमन्यवः ।

द्रव्ययज्ञैर्यक्ष्यमाणंदृष्ट्वाभूतानिबिभ्यति, एषमाकरुणोहन्यादतज्ज्ञोह्यसुतृप्ध्रुवं।

અર્થ— હે રાજા, તેં ક્રૂર બનીને યજ્ઞને નિમિત્તે જે સહસ્ત્રાવધી પશુને બળી આપ્યા, અર્થાત્ મારયા, તે તરફ અવલોકન કર; એ સર્વે પશુ તારા હિંસા કર્મના બદલામાં ક્રોધાયમાન થઈને તને મુઆ પછી પોલાદની સીકથી ટોચીટોચીને મારવા સારૂ તારી પરલોકમાં વાટ જોઇ રહ્યા છે! હે ધર્મ, હિંસા યજ્ઞ કરનારા મનુષ્યને જોઈને પ્રાણી જે છે, તે થરથર કાંપીને બીહે છે; કારણ કે એ યાજ્ઞિક- મૂર્ખ, ક્રૂર, અને પર પ્રાણઘાત કરી તૃપ્તિ પામનારો, એવો હોવાથી મારો નિશ્ચયે વધ કરશે, એવું પ્રત્યેક પ્રાણીને લાગે છે.

મહાન્ શુક યોગીંદ્ર જેને તારક વિચાર આપ્યો. એવો જે પ્રસિદ્ધ જનક રાજા, તેને ચમસ ઋષીએ વેદોક્ત પશુ યજ્ઞવિધિ કહેલો હતો, તે નીચે પ્રમાણે.—

यद्घ्राणभक्षोविहितःसुरायास्तथापशोरालभनंनहिंसा ॥ येत्वनेवंविदोसंतः स्तब्धाःसदभिमानिनः । पशून्द्रुह्यंतिविस्त्रब्धान्प्रेत्यखादंतितेचतान् ॥

અર્થ— યજ્ઞમાં સુરાનો એટલે સોમવલી રસનો વાસ માત્ર લેવો. અને મનુષ્ય, પશ્વાદિ પ્રાણીને જેમ હાલમાં વસ્તુ છોડે છે, તેમજ છોડવા અર્થાત્ મારવા નહીં એવો યજ્ઞ વિધિ જે જાણતો ન હોય, તે મૂર્ખ, અને સત્પુરૂષનું વ્યર્થ અભિમાન ધરાવનારા લોક, પશુને યજ્ઞ નિમિત્તે મારે છે; પણ એવા ઘાતકીને, મુઆ પછી એટલે પુનર્જન્મમાં, તે મારેલાં પશુ તેના બદલામાં તેને સામા મારી ખાય છે.

सत्यंशौचमहिंसाचअनसूयातथाक्षमा,आनृशंस्यमकार्पण्यंसंतोषश्चाष्टमोगुणः। अष्टावात्मगुणायेहितेषामादौदयाद्विज,असूर्यानामतेलोकायान्गच्छन्त्यात्मघा-

तकाः । અર્થ—" અહિંસા, સત્યતા, શુદ્ધતા, નિર્મત્સરતા, ક્ષમા, ભુત દયા, દાતૃત્વ. અને સંતોષ, એ આઠ ગુણ ચારે વર્ણમાં સાધારણ હોવા જોઇયેજ. અને એ અષ્ટ ગુણ ઉપરાંત પ્રાણીનો ઘાત ન કરતાં તેના પર દયા ધારેણ રેહેવું એ મુખ્ય ગુણ છે. પ્રાણ ઘાતકીને સૂર્ય અર્થાત્ જ્ઞાન નહીં એવી પશ્વાદિ યોનીમાં જન્મ લેવો પડે છે;" કોઈક કાળે ઇંદ્ર, પક્ષીરૂપ ધારણ કરીને સુકૃષ ઋષી પાસે જઇને તેનું સત્વ જોવા અર્થે નરમાંસ માગવા લાગ્યો. તેવારે તે ઋષીએ પોતાના પુત્રને પોતાનું માંસ અતિથીને આપવા સારૂ કહ્યું. તે ઉપરથી તે પુત્ર, પિતાને કેહે છે, તે નીચે પ્રમાણે:—(માર્કંડેય)

कथंपरशरीरस्यहेतोर्देहंस्वकंबुधः, विनाशयेद्घातयेद्वायथाह्यात्मातथासुतः। पितृदेवमनुष्याणांयान्युक्तानिऋणानिवै, तान्यपाकुरुतेपुत्रोनशरीरःप्रदःसुतः। तस्मान्नैतत्करिष्यामोनोचीर्णयत्पुरातनैः, जीवन्भद्राण्यवाप्नोतिजीवन्पुण्यंकरो-

तिचामृतस्यदेहनाशश्चधर्मोप्युपरतिस्तथाआत्मानंसर्वतोरक्ष्यमाहुर्धर्मविदोजनः

અર્થ—" વિચારવાન્ પુરૂષ બીજા સારૂ પોતાના દેહનો કેમ વારૂ નાશ કરશે ! આપના જેવોજ આપનો જે પુત્ર છે, તે સ્વર્ગ આપનાર નથી પણ પિતર, દેવ, અને મનુષ્ય, એઓનું ઋણ આપનારો છે. તેટલા માટે એ હિંસા કર્મ હું કરનારો નથી. અને એવું પૂર્વે કેઇએ કર્યું પણ નથી. જીવતં રહીનેજ પુણ્ય મેળવી પોતાનું કલ્યાણ કરી તેનાં આનંદે છે. મુઆ એટલે તે દેહનાશ થયો અર્થાત પછી તે ધર્મ થાઉંએજ રહ્યોજ. તાત્પર્ય–પ્રાણ જે છે. તે સર્વે પ્રકારે રક્ષવો, એવું ધર્મ વેત્તા પંડિત જનો કહેછે." પૂર્વે સ્વાયંભુ મન્વંતરમાં ત્રેતાયુગને પ્રારંભે ઇંદ્ર રાજાએ યજ્ઞ આરંભ્યો. એ યજ્ઞમાં મહાન્ મહર્ષિ આવ્યા હતા. તે સર્વ ઋષીઓ, આહ્વાને પ્રેષોચ્ચાર કર્યો તે સમયે, આર્તસ્વરથી આરડનારા પશુના સમુદાયને જોઇને, દયાળુ થઇ તે કાળે ઇંદ્રને કહે છેઃ––(મત્સ્ય)

अधर्मोबलवानेषहिंसाधर्मेप्सयातव , नवःपशुविधिस्त्विष्टस्तवयज्ञेसुरोत्तम ।
अधर्मोधर्मघातायप्रारब्धःपशुभिस्त्वया. नायंधर्मोह्यधर्मोयंनाहिंसाधर्मउच्यते ।
आगमेनभवान्धर्मप्रकारोतुयदीच्छति , विधिदृष्टेनयज्ञेनधर्मेणाव्यसनेनतु ।
यज्ञबीजैःसुरश्रेष्ठात्रिवर्गपरिमोषितैः , एषयज्ञोमहानिंद्रस्वयंभुविहितःपुरा ।

અર્થ—' હે ઇંદ્ર રાજા, આ તારા યજ્ઞમાં ધર્મને ઉદ્દેશે આ જે પશુની હિંસા ચાલેલી છે, એ મોટો અધર્મજ છે. માટે તારા યજ્ઞમાં પશુ મારવાનો આ વિધિ અમને ઇષ્ટ નથી. કારણ કે. હે ઇંદ્ર, તેં ધર્મ નાશાર્થે પશુ મારીને અધર્મ આરંભેલો છે, એ કાંઇ ધર્મ નથી, પણ અધર્મ છે. કેમકે શાસ્ત્રમાં હિંસાને ધર્મ કહેલો નથી. તે માટે જો તું ધર્મ કરવાને ઇચ્છે છે, તો વેદોક્ત વિધિએ ધર્માચરણ કર. હે ઇંદ્ર, જે ધર્મમાં પર પીડા એટલે પ્રાણીને દુઃખ નહીં, એવા વેદોક્ત યજ્ઞ વિધિએ ધર્મ, અર્થ અને કામ, એ ત્રણ વર્ગના સાધનને અર્થ આવા યજ્ઞોપયોગી ધાન્ય બીજથી હોમ યજ્ઞ કર. કારણ કે એજ યજ્ઞવિધિ વેદ નારાયણે લગાડી આપ્યો છે. એ પ્રમાણે તે ઋષીઓએ ઇંદ્રને ઉપદેશ કર્યો. તે ઉપરથી ઇંદ્રે સાશંકિત થઇને 'ઉપરી ચરવસુ" રાજાને વેદોક્ત યજ્ઞવિધિ વિષે પુછ્યું. તેવારે તે રાજા વેદશાસ્ત્રનું અવલોકન કરીને એવું બોલ્યોઃ—

यथोपनीतैर्यष्टव्यमितिहोवाचपार्थिवः । यष्टव्यंपशुभिर्मेध्यैरथमूलफलैरपि ।

અર્થ—' યજ્ઞોપવીત થયલા પુરૂષે હોમ યજ્ઞ કરવો. અને તે હોમ યજ્ઞ શુદ્ધ પશુ એટલે ધાન્ય બીજ અને ફળ મૂળથીજ કરવો." તેમજ વળી પૂર્વે હરિશ્ચંદ્ર રાજાએ રાજસૂય યજ્ઞ કર્યો તેમાં તેણે " શુનઃશેપ " નામે બ્રાહ્મણનો છોકરો, જે યજ્ઞ વધાર્થે આણેલો હતો. તેને જોઇને વિશ્વામિત્રાદિ ઋષીઓના

તેઓએ તે હરિશ્ચંદ્રની ઘણીજ નિર્ભત્સના કરી; અને યજ્ઞમાં હિંસા ન કરવા વિષે પુષ્કળ ઉપદેશ કર્યો. તેમાંનો થોડોક નીચે લખું છું. (દેવી પુ૦)

क्रतुस्तेभविता पूर्णो रोगनाशश्च सर्वथा, दयासमं नास्ति पुण्यं पापं हिंसासमं नहि ।
रागिणां रोचनार्थाय नोदते यं विचारय, आत्मदेहस्य रक्षार्थं परदेहनिकृंतनं ।
सर्वेंद्रियोपशांत्या च तुष्यत्याश जगत्पतिः, आत्मवत्सर्वभूतेषु चिंतनीयं नृपोत्तम ।
जीवितव्यं प्रियं नूनं सर्वेषां सर्वदा किल, त्वमिच्छसि सुखं कर्तुं देहे हत्वा त्वमुं द्विजं ।
कथं नेच्छेदसौ देहं रक्षितुं स्वसुखास्पदं, पूर्वजन्मकृतं वैरं नानेन सह ते नृप ।
येनामुं हंतुकामस्त्वं द्विजपुत्रं निरागसं, योयं हंति विना वैरं स्वकामः सततं पुनः ।
हंतारं हंति तं प्राप्य जननं जननांतरे, जनकोस्य सुदुष्टात्मा येनासौ ते समर्पितः ।

અર્થ—હે રાજા, તું આ છોકરાનો વધ કરતો નહીં. એટલેજ તારો યજ્ઞ પૂર્ણ થઇને રોગ નહીં સરખો થશે; કારણકે દયા સરખું પુણ્ય નથી. અને હિંસા સરખું પાપ નથી. સ્વદેહ રક્ષણાર્થે પરદેહ હવની તારે પ્રેમથી અને મનોભાવથી પ્રેરણા કરવી જોઇયે છે? એ વિષે વિચાર કર. ઇંદ્રિય દમનથી ઈશ્વર સંતુષ્ટ થાય છે. હે નૃપવર્ય, તારે આત્મવત્ સર્વ પ્રાણી જાણવા. કારણ કે પ્રાણ જે છે, તે સર્વને સર્વ કાળે સરખોજ પ્રિય છે. તું આ દ્વિજ બાળકને મારીને સ્વદેહને સુખ કરવું. એમ ઇચ્છે છે, ત્યારે એ દ્વિજ બાળક, પોતાના સ્વકીય સુખાસ્પદ દેહનું રક્ષણ કરવાની ઇચ્છા કેમ વારૂં ધરશે નહીં? આ નિરપરાધિ દ્વિજપુત્રનો વધ કરવાને તું ઉદ્યુક્ત એટલે તત્પર થયો છે, પણ તે બિચારાએ પૂર્વ જન્મે કાંઇ તારી સાથે વૈર કરેલું નથી. અને વૈર ન છતાં પોતાની કામના પૂર્ણ કરવા માટે, જે જેને મારે છે, તેને હાથે તે જન્મ જન્માંતરે બદલામાં ઉલટો માર્યો જાય છે. જે બાપે તે છોકરાને યજ્ઞવધાર્થે અર્પણ કર્યો, તે બાપ અત્યંત દુષ્ટ જાણવો.(વિષ્ણુ)

नताडयति नो हंति प्राणिनोन्यांश्च देहिनः, यो मनुष्यो मनुष्येंद्र तोष्यते तेन केशवः ।
स्वर्गार्थं यदि वांछा वो निर्वाणार्थमथासुराः, तदलं पशुघातादिदुष्टं धर्मं निबोधत ।
नैतद्युक्तिसहं वाक्यं हिंसा धर्माय नेष्यते, हवींष्यनलदग्धानि फलायेत्यर्भकोद्गितं ।
निहतस्य पशोर्यज्ञे स्वर्गप्राप्तिर्यदीष्यते, स्वपिता यजमानेन किंतु तस्मान्न हन्यते ।

અર્થ—જે પુરૂષ પ્રાણીમાત્રનો વધ કિંવા તેને અન્યપ્રકારે પીડા કરતો નથી, તે પુરૂષ ઈશ્વરને ગમે છે. અરે હો! અસુર મ્લેચ્છ, મોક્ષ મેળવવાની જો તમારી ઇચ્છા છે, તો પ્રાણીની હિંસા કરવી, એ અધર્મ છે, એવું સમજીને યજ્ઞ, યાગાદિમાં પશુવધ કરવાનું છોડી દો પ્રાણઘાત કરવો, એ ઘણુંજ નિંદ્યકર્મ છે. કારણ કે હિંસા એ ધર્મને ઇષ્ટ નથી, એટલે પ્રાણીવધ એ અધર્મ છે; ધર્મ નહીંજ.

માંસ અગ્નિમાં ઘાલીને બાળ્યાથી ઇષ્ટ ફળ પ્રાપ્તિ થાય છે, એવું કહેવું એ ના-
હાના બચ્ચાના બરબડાટ જેવું છે. યજ્ઞમાં મારેલા પશુને જો સ્વર્ગ મળે છે,
તો પછી યજ્ઞકર્તા યજમાને પોતાના બાપને સ્વર્ગ પ્રાપ્તિ થવા માટે તેને યજ્ઞમાં
મારવો કે નહીં ?" ખરૂંજ છે કે. યજ્ઞમાં મારેલો પશુ યજમાન સહિત સ્વર્ગે
જાય છે, એવું જો છે; તો તેમજ પોતાના માબાપને યજ્ઞમાં અવશ્યે મારવા
જોઈયે. એટલે બાપ બેટા ઉભયતા બન્નો સ્વર્ગે જશે. વા ! પિતૃ હત્યા વડાય
તે ફોકટ જાય, અને ઉપરથી ઉલટી સ્વર્ગ પ્રાપ્તિ થાય છે ! કેવડું મોટું સ્વર્ગ
પ્રાપ્ત્યર્થે સુલભ સાધન એ બેટા હિંસક યાજ્ઞીકનું ! શ્રીકૃષ્ણ અર્જુનને કહે છેઃ—

अहिंसासत्यमक्रोधस्त्यागःशांतिरपैशुनं. दयाभूतेष्वलोलुत्वंमार्दवं-ह्रीरचापलं।
दैवीसंपद्विमोक्षायनिबंधायासुरीमता,उच्छिष्टमपिचामेध्यंभोजनंतामसप्रियं ।

અર્થ—"હિંસા કે માંસ ભક્ષણ ન કરવું, સત્ય બોલવું, પ્રાણી માત્ર પર
દયા અને ક્ષમા રાખવી. એવા દૈવી સંપત્તિયુક્ત લક્ષણો હોય છે. અને એવા
લક્ષણ યુક્તોને મોક્ષ પ્રાપ્ત થાય છે. પરંતુ તેથી વિરૂદ્ધ લક્ષણયુક્ત એટલે હિં-
સાદિ નીચ કર્મ કરનારાને નરક પ્રાપ્ત થાય છે. માંસ એ વ્યાઘ્રાદિ તામસ ક્રૂર
પ્રાણીનું ખાનું છે; મનુષ્યનું નથી." ભીષ્મ ધર્મ રાજાને કહે છેઃ—(ભારત)

अहिंसकानिभूतानिदंडेनविनिहंतियः । आत्मनःसुखमन्विच्छन्नप्रेत्यनससुखी-
भवेत् । पुत्रमांसोपमंजानन्खादतेयोविचक्षणः । मांसमोहसमायुक्तःपुरुषः
सोधमःस्मृतः । पितृमातृसमायोगेपुत्रत्वंजायतेयथा । हिंसांकृत्वावशःपापो-
भूयिष्ठंजायतेतथा । प्राणिहिंसाप्रवृत्ताश्चतेवैनिरयगामिनः । स्वमांसंपरमांसेन-
योवर्धयितुमिच्छति । नारदःप्राहधर्मात्मानियतंसोवसीदति । येभक्षयंति
मांसानिभूतानांजीवितैषिणां । भक्ष्यंतेतेपिभूतैस्तैरितिमेनास्तिसंशयः ।
स्वमांसंपरमांसेनयोवर्धयितुमिच्छति। नास्तिक्षुद्रतरस्तस्मात्सनृशंसतरोनरः।
निरयंयातिहिंसात्मायातिस्वर्गमहिंसकः। यातनांनिरयेरौद्रांसकृच्छ्रांलभतेनरः।

અર્થ— જે પુરૂષ પોતાને સુખ થાય. એવા હેતુથી ગાય, બકરો, હરણ,
એવાં નિરૂપદ્રવી પ્રાણીને મારે છે, તે પુરૂષને મુઆ પછી નિરંતર દુઃખ ભોગ-
વવું પડે છે. પશ્વાદિકનું માંસ પોતાના પેટના બચ્ચાના માંસ સરખું માંસ છે,
એવું જાણ્યા છતાં પણ જે મનુષ્ય તે માંસ ખાય છે, તે અધમ જાણવો. મા
બાપના સમાગમે કરીને જેવો પુત્ર થાય છે, તેવોજ ઘણું કરીને હિંસા કર્મ કરનારો
થાય છે. એટલે જે પ્રાણીને માર્યો કે ખાધો હશે, તેજ પ્રાણીને હાથે જન્માંતરે તે
માર્યો અથવા ખાધો જાય છે. પ્રાણ ઘાતકી પુરૂષને ખરેખર નરકકુંડ પ્રાપ્ત
થાય છે. જે કોઇ બીજાનું માંસ ખાઈને પોતાનું માંસ વધારવા ઇચ્છે છે, તે

નિઃસંશય દુઃખ ભોગવે છે; એવું નારદ ઋષી કહે છે. જીવિત આશા ધરનારા પ્રાણીને મારી ખાનારા મનુષ્યને તે મરનાર પ્રાણી ઉલટ બદલામાં મારી ખાય છે, તેમાં કોઇ પણ સંશય નથી; પોતાના માંસની વૃદ્ધિ બીજાના માંસથી કરવાને જે ઈચ્છા કરે છે. તેના સરખો નીચ, ક્રૂર, બીજો કોઇજ નથી. હિંસક પુરૂષને, નરકમાં જઈ, ત્યાં અત્યંત ભયંકર દુઃખ ભરેલી વેદના ભોગવવી પડે છે!

એ પ્રમાણે ભીષ્મે ધર્મ રાજાને હિંસા કે માંસ ભક્ષણ કરવાની અયોગ્યતા વિષે નિરૂપણ કરીને ફરીથી, પ્રાણી વધ ત્રણ પ્રકારે થાય છે, તે વિષે કહેલું છેઃ—

यदिचेत्खादकोनस्यान्नतदाघातकोभवेत् । घातकःखादकार्थायतद्घातयति वैनरः । अभक्ष्यमेतदितिवैइतिहिंसानिवर्तते । खादकार्थमतोहिंसामृगादीनां प्रवर्तते । यस्माद्ग्रसतिवैवायुर्हिंसकानांमहाद्युते । तस्माद्विवर्जयेन्मांसंयइच्छेद्भूतिमात्मनः । इदंतुखलुकौंतेयश्रुतमासीत् पुरामया । मार्कंडेयस्यवदतो येदोषामांसभक्षणे । योहिखादतिमांसानिप्राणिनांजीवितैषिणां । हतानां-वामृतानांवायथाहंतातथैवसः । धनेनक्रयकोहंतिखादकश्चोपभोगतः । घातकोववबंधाभ्यामित्येषत्रिविधोवधः ।

અર્થ.—"માંસ ભક્ષક કોઇ ન હશે, તો પ્રાણી મારનારો પણ કોઇ થનાર નથી. કેમ કે માંસ ખાનારા લોકોને માટે ઘાતકી મનુષ્યો પ્રાણીઓનો ઘાત કરે છે; તે માટે માંસ કોઇએ ખાવુંજ નહીં, એટલે પછી અર્થાતજ હિંસા કર્મ આપોઆપ છુટશે. માંસ ભક્ષક લોકોને માટેજ હરણાદિ નિરૂપદ્રવ પ્રાણીની હિંસા થાય છે. અને એથીજ માંસ ભક્ષકોનું આયુષ્ય ખરેખર ક્ષીણ થતું જાય છે. માટે જે પુરૂષને ઐશ્વર્ય ભોગવવાની ઇચ્છા હોય, તેણે માંસ વર્જ કરવું. હે ધર્મ! માંસ ભક્ષણમાં મહાદોષ છે. એ. મેં પૂર્વે માર્કંડેય ઋષીને મુખેથી સાંભળેલું છે. પ્રાણ ઘાતકીઓને જેવો દોષ લાગે છે, તેવોજ જીવીત આશાયુક્ત એવાં મારેલા કે મુએલા પ્રાણીનું માંસ ખાનારાને પણ દોષ લાગે છે. વેચાતું લેનારને ધનને યોગે, ખાનારાને ઉપભોગને યોગે, અને ઘાતકીને વધ બંધનને યોગે, એવી ત્રણ પ્રકારે હિંસા થાયછે," વલી આગળ ભીષ્મ ધર્મને કહેછેઃ—

आत्मौपम्येनमंतव्यंबुद्धिमद्भिःकृतात्मभिः, मृत्युतोभयमस्तीतिविदुषांभूतिमिच्छतां । किंपुनर्हन्यमानानांतरसाजीवितार्थिनां, अरोगाणामपापानांपापैर्मांसोपजीविभिः । तस्माद्विद्धिमहाराजमांसस्यपरिवर्जनं, धर्मस्यायतनंश्रेष्ठंस्वर्गस्यचसुखस्यच । नहिमांसंतृणात्काष्ठादुपलाद्वापिजायते, हत्वाजंतुंततो मांसंतस्माद्दोषस्तुभक्षणे । नात्मनोस्तिप्रियतरःपृथिवीमनुसृत्यह, तस्मात्प्राणिषु

सर्वेषुदयावानात्मवद्भवेत् । नहिप्राणात्प्रियतरंलोकेकिंचनविद्यते, तस्माद्दयां नरःकुर्याद्यथात्मनितथापरे । (महाभारत, अनुशासन पर्व)

અર્થ—મનુષ્યને પશ્વાદિક કરતાં વિશેષ બુદ્ધિ અને વિચાર હોવાથી તેમણે પોતાનો તેવોજ બીજા પશ્વાદિકનો પ્રાણુ જાણવો જોઇએ. જ્ઞાતા વૈરાગી છતાં ઐશ્વર્યની ઇચ્છા કરે છે, અને એવાને સુદ્ધાં મૃત્યુનો ભય હોય છે—તો પછી નિરોગી, નિષ્પાપી, અને જીવિતપણાની ઇચ્છા કરનારા એવા, માંસ ભોજકોએ મારવા કાઢેલા પશ્વાદિક પ્રાણી, તેને મૃત્યુ ભય હશે, તેમાં શું આશ્ચર્ય? ધર્મ, સ્વર્ગ, અને સુખ, એ ત્રિવર્ગની પ્રાપ્તિ હોવાનું મુખ્ય સાધન "માંસ વર્જન" એજ છે! માટે હે રાજા, માંસ કોઇએજ ખાવું નહીં. માંસ જે છે તે કાંઇ ઘાસને, લાકડાને, કે દગડાને લાગેલું હોતું નથી—કે તે સેહેજ પ્રાપ્ત થાય: પણ બિચારા પ્રાણીને ક્રૂરપણે હનન કરવાથી પ્રાપ્ત થાય છે, એ માટે માંસ ખાવામાં દોષ છે! આ પૃથ્વીના પડ પર કયાં પણ જોઇયે, પરંતુ પ્રાણ સરખી પ્રિય વસ્તુ બીજી કોઇજ નથી—માટે મનુષ્યોએ સર્વ પ્રાણી માત્રને આત્મવત્ ગણીને તેઓના પર દયા રાખવી. આ લોકમાં પ્રાણ કરતાં અન્ય કાંઇજ પ્રીય નથી. તેટલા માટે મનુષ્યોએ પશ્વાદિક પર દયા રાખવીજ." એ પ્રમાણે આગળ ધર્મ રાજાએ ભીષ્મને વેદોક્ત પશુ યજ્ઞ વિધિ વિષે પુછવાથી ભીષ્મે સાધક બાધક પ્રમાણો આપીને સર્વની એક વાક્યતા કરીને અહિંસા આજ શ્રેષ્ઠ ધર્મ છે, એવું સિદ્ધ કરેલું છે. તે સર્વ વિસ્તાર ભયને લીધે આ જગોએ લખાતું નથી. તથાપિ થોડુંક લખું છું. યજ્ઞયાગાદિ કોઈપણ વેદોક્ત કાર્યમાં "હિંસા કર્મ કરવું નહીં" એવિષે સહસ્ત્રાવધી દાખલા આપીને છેવટે ભીષ્મ ધર્મરાજાને કહેછે:

श्रूयतेहिपुराकल्पेनृणांव्रीहिमयःपशुः, येनायजंतयज्वानःपुण्यलोकपरायणः ।
अहिंसापरमोधर्मस्तथाहिंसापरोदमः, अहिंसापरमंदानमहिंसापरमोतपः ।
अहिंसापरमोयज्ञस्तथाहिंसापरंफलं, अहिंसापरमंमित्रमहिंसापरमंसुखं ।
सर्वयज्ञेषुवादानंसर्वतीर्थेषुवाप्लुतं, सर्वदानफलंवापिनैतत्तुल्यमहिंसया ।
अहिंस्यतपोक्षय्यमहिंस्रोयजतेसदा, अहिंस्रःसर्वभूतानांयथामातायथापिता ।
एतत्फलमहिंसायाभूयश्चकुरुपुंगव, नहिशक्यागुणावक्तुमपिवर्षशतैरपि ।

અર્થ-હે ધર્મ, દેવસાળીનું ભાત એજ શુદ્ધ હવનાર્હ પશુ છે. તેના ચોખા કરીને તે ચોખાના લોટ કે ભાતથી હોમ યજ્ઞ કરવો, એવું અનાદિ છતાં પરંપરાથી ચાલી આવેલી જે સંહિતા એટલે વેદ શ્રુતિ, તે ઉપરથી સ્પષ્ટ થાય છે; અને તેટલા માટેજ પુણ્યલોક પ્રતે જવાની ઇચ્છા કરનારા લોક તે શુદ્ધ પશુના એટલે દેવસાળીના ભાતના હોમથી પૂર્વે યજ્ઞ કરતાં થયા.

"ધર્મ મધ્યે અહિંસા એ શ્રેષ્ઠ ધર્મ છે; ઇંદ્રિય નિગ્રહમાં અહિંસા એ શ્રેષ્ઠ ઇંદ્રિય નિગ્રહ જાણવો; પ્રાણ દાન સરખું તો બીજું ઉત્તમ દાનજ નથી, તપમાં શ્રેષ્ઠ તપ અહિંસા છે. અહિંસા એજ શ્રેષ્ઠ યજ્ઞ જાણવો; ફળમાં જે ઉત્તમ ફળ તે અહિંસાથી પ્રાપ્ત થાય છે; તેમજ ખરૂં મિત્રત્વ અને ખરૂં સુખ એ બન્ને પણ અહિંસાથીજ મળે છે; પ્રત્યેક યજ્ઞમાંનાં દાન, પ્રત્યેક તીર્થનાં સ્નાન અને તે શિવાય સર્વ પ્રકારનાં બીજાં દાન, એ સર્વ કરતાં એકલી અહિંસા એ વિશેષ શ્રેયકારક છે. અહિંસક પુરૂષ સદૈવનોજ તપસ્વી અને યાજ્ઞિક છે અને તે સર્વ પ્રાણી માત્રના પીતા જાણવો; કારણ કે તે સર્વ પ્રકારે તેનું સંરક્ષણ કરે છે, એવું એ અહિંસાનું ફળ હોય છે. અને વળી એ શિવાય અહિંસા થકી હોનારા બીજા બહુ ફળ છે, તે સર્વનું વર્ણન કરવાને શેંકડો વર્ષ પણ પુરા થનાર નથી" અગસ્ત્ય નામા મહર્ષિ, બીજા ઋષીઓને કેહે છેઃ—

यदिद्वादशवर्षाणिनवर्षिष्यातिवासवः, स्पर्शयज्ञंकरिष्यामिविधिरेषसनातनः। बीजयज्ञोमयायंवैबहुवर्षसमाचितः, सुरामश्यान्मधुमांसमासवंकृशरौदनं। धूर्तैःप्रवर्तितंह्येतन्नैतद्वेदेषुकल्पितं, मानान्मोहाच्चलोभाच्चलौल्यमेतत्प्रकल्पितं।
(महाभारत अनुशासन पर्व.)

અર્થ—ઋષી લોક હો, પર્જન્ય વૃષ્ટિ અને દેહ આરોગ્યતા વગેરે સુખ પ્રાપ્તિ સારૂં યજ્ઞમાં ધાન્યાદિ વનસ્પતિને યોગે મોટા હોમ કરવા, તથા મનુષ્ય પશ્વાદિ પ્રાણી, એ આપણા જેવા અમેધ્ય એટલે શુક્રશોણિત જન્ય હોઇને સુખદુઃખ અનુભવે છે, માટે તેમને મારી ખાવા નહીં, એવો લોકોને બોધ થાય માટે રાજ્ય પ્રાપ્તિ વગેરેના સંબંધમાં કરેલા યજ્ઞમાં યોજેલા તે મનુષ્યાદિ પ્રાણીને સર્વ લોક સમક્ષ સ્પર્શ કરીને છોડી દેવા—એવું અનાદિ હોઇને પરંપરાથી ચાલ્યો આવેલો એ વેદોક્ત પશુયજ્ઞવિધિ છે. અને એજ યજ્ઞવિધિએ આજ બહુ વર્ષ થયાં હું યજ્ઞ કરતો આવ્યો છું.* "લોભી, લાલચુ, એવા ધૂર્ત ભ્રષ્ટ લોકોએ યજ્ઞ વગેરેના નિમિત્તથી મદ્ય માંસ સેવનની પ્રવૃતિ ખોટી ચાલેલી છે. વેદમાં, તો યજ્ઞયાગાદિ કોઈ પણ કર્મમાં મદ્યમાંસનો ઉપયોગ કરવો નહીં, એવું સ્પષ્ટ કહેલું છે" એવો અનેક પ્રકારે મહાભારતાદિ ઇતિહાસમાં નિંદ્ય હિંસા કર્મનો નિષેધ કરેલો છે, તે સર્વ આ જગોએ ગ્રંથ વિસ્તારના ભયને લીધે લખવું ફાવતું નથી. તથાપિ ઉપર જે પ્રમાણો આપેલાં છે, તે ઉપરથી કોઇની કોઇ રીતે પણ ખાત્રી થશે, કે હિંસા કર્મ ઘણુંજ નિંદ્ય, અને વેદ નિષિદ્ધ છે.

---

* મનુષ્ય, પશ્વાદિ પ્રાણીઓની હિંસા ન કરતાં દેવસાળીનું ભાત જે શુદ્ધ, હવનાર્હ પશુ, તેના લોટ વગેરેથી હોમ યજ્ઞ પૂર્વે હરિશ્ચંદ્ર, દુષ્યંત, દિલિપ, નહુષ એવા શેંકડો સાર્વભૌમ રાજાએ કરેલાછે, એવું મહાભારત અનુ-પર્વમાં લખેલું છે.

મહારાષ્ટ્રી ભાષાભિજ્ઞ સાધુ કવિવરે યજ્ઞયાગમાં ધર્મ બહાને દુષ્ટ લોકો હિંસા કર્મ કરે છે, તેનું સારી પેઠે ખંડન કર્યું છે, તેમાંથી કાંઈક:—

मुखबांधुनीमेंढामारा, ह्मणतीसोमयागकरा । भजनचाललें उफराटें, कोण जाणेखरेंखोटें । (तुकाराम) मारितीपशूंच्यादावणी, आचारसांडिलाब्राह्मणीं (सि० बोध) टिळाटोपीवराशिळापडोतत्याबिळांतकरिशिजपा, दर्भमुष्टीच्यागर्भींधरुनियांनिर्भयपशुच्यावपा, जाळिसीतिळातांदुळातुपा, नसार्थक लटक्यासाऱ्यागप्पा (राम जोशी)

અર્થ—દુષ્ટ હિંસક લોક ધર્મને બહાને યજ્ઞમાં બકરા, મૃગાદિ પશુને શ્વાસનો અવરોધ કરીને તેને ઠાર મારવાનું અત્યંત ક્રૂર નિંદ્ય કૃત્ય કરે છે. તેને તેવા અઘોર કર્મ અધોગતીજ પ્રાપ્ત થવાની, એ અઘોરી હિંસક નામધારી યાજ્ઞિક દર્ભ રજ્જુથી પશુનું ગળુ રૂંધીને તેને મારી તેની ચામડી, તલ તથા ઘી સહિત હોમમાં બાળવાનું અને માંસ ભક્ષણ કરવાનું અઘોર કર્મ એક તરફ કરે છે, અને બીજી તરફ ગૌમુખીમાં હાથ ઘાલીને અને દંડ કમંડળ ધારણ કરીને દેવ દેવ કરી બેસેછે. ત્યારે એવા ઢોંગી અઘોરી માણસના આંગનો વાયરો કોઈએ લેવો નહીં.

" आवडीखावयामांसा , अथवास्वर्गाचियाआशा, जेकरितीपशुहिंसा, तयापुरुषाअधःपतन । निष्कामकर्मीपशुहिंसा, करीतरींतोनिष्कामकैसा, तेथेंनिगमाचानेमऐसा, मुख्यअहिंसासर्वधर्मी । यागकरूनिसूत्रामणीं, प्रवर्तावेंसुरापानीं, हेवेदाज्ञाजोसत्यमानी, तोस्वधर्माचरणींनागवला । जेकर्मीमद्यपानघडे, तोस्वधर्मह्मणतांजीभझडे, लालुप्ष्येंभुललेबापुडे, वेदविषयाकडे वाढिती । वेदींचाअर्थवादासरिसा, मनींबांधोनिभोगाशा, यज्ञमिसेंपशुहिंसा, भोगलिप्साकरूंधांवती । वेदेंबोलिलेंआलभन, त्यानावह्मणतीपशुहनन, हें सकाममानितीनिधान, निष्कामाहननकदांनघडे । निष्कामासीयागयज्ञ, स्वधर्मार्थकरावेयज्ञ, तेथेंपशूचेंआलभन, सर्वथाहननकरूंनये । पशूचेंकरूं नयेहनन, देवतोद्देशें अंगस्पर्शन, यानांवबोलिजेआलभन, हेंयज्ञाचरणनिष्काम। हरिश्चंद्राच्यायागीं, शुनःशेफपशुप्रसंगीं, तेणेंघावघालोनेदितांअंगीं, वेदोक्त प्रयोगींयज्ञसिद्धिकेली। वेदोक्तमंत्रभागार्थ, देवकरवीकरोनीसमस्त, आपणज्ञालानिर्मुक्त, हावेदार्थब्राह्मणी । यापरीपशुघात, यज्ञींनलगेनिश्चित, तोहरिश्चंद्रयागार्थ,पशुघातनिवारी । यागकारितांचूडामणी, पुरोडाशघ्यावाघ्राणीं, परी

प्रवर्त्तेविंसुरापानीं, हेंवेदविधानींअसेना । एवंजेयेंपशुहनन, तेंकर्मसदोषपूर्ण, यालागींतेथेंअधःपतन, बोलिजेजाणयाज्ञिकांसी" ।

અર્થ–માંસ ખાવાની લલુતાએ કે સ્વર્ગ પ્રાપ્તિને હેતુએ જે કોઈ પશ્વાદિ પ્રાણીઓને ઠાર મારે છે, તે અધોગતી એટલે નરકે જાય છે. ફળની ઈચ્છા છોડી પશુ હિંસા કરી, તો તે હિંસા નિષ્ફલ કેમ થઈ શકે ? હિંસાનું ફળ હિંસાજ અર્થાત્ જે જેને મારીને ખાય છે, તે મરનાર પ્રાણી. તે મારી ખાનારને જન્માન્તરે બદલામાં સામો મારી ખાય છે. સર્વ પ્રકારના ધર્મમાં હિંસા કે માંસ ભક્ષણ ન કરવું. એજ શ્રેષ્ઠ ધર્મ છે. એવું વેદે પ્રતિપાદન કરેલું છે. યજ્ઞ યાગાદીમાં મદ્ય પ્રાશન કરવું, એવી વેદાજ્ઞા છે, એવું જે માને છે, અને કહે છે. તેને ધર્મ ભ્રષ્ટ જાણવો. મદ્ય પ્રાશન કરવું, આ સ્વધર્મ છે, એવું કહેનારની જીભ ખરી પડો. માંસના લાલચી ભ્રષ્ટ લોકો જીભની લલુતાએ વેદનિષિદ્ધ અને વેદ વિરૂદ્ધ કર્મ આચરે છે. અને મનમાં અનેક ખોટી કલ્પના ઉઠાવીને વેદના ભળભળતાજ અર્થ સમજાવીને ભ્રષ્ટ દુર્જન યજ્ઞને નામે અને મિસે પશુ હિંસા કરે છે. એવાઓનો ધીઃકાર થાઓ. પશુનું આલભન એટલે તે પશુંનો સ્પર્શ કરીને છોડી દેવો, એવું વેદે સ્પષ્ટ કહેલું છતાં ભ્રષ્ટ દ્રવ્ય મદાંધજન તે "આલભન" શબ્દનો અર્થ "હનન" કરે છે. અને એ હનન "સકામ" છે, એવી એક કલ્પના ઉઠાવે છે. કર્મ કોઈપણ હેતુથી કર્યું, તથાપિ ધર્મ કર્યો એટલે ત્યાં પશુ હિંસા સર્વથા કરવી નહીં. પશુનું હનન ન કરતાં તેને દેવતાના ઉદ્દેશથી સ્પર્શ કરીને છોડી દેવો એજ અર્થ તે "આલભન" શબ્દનો છે. યજ્ઞમાં પશુ હિંસા મૂળમાંજ નથી; અને તેજ પ્રમાણે પૂર્વે હરિશ્ચંદ્રાદિ રાજાઓએ પશુ ઘાત શિવાયે શેંકડો મોટમોટા યજ્ઞો કરેલા છે. તાત્પર્ય જે કર્મમાં હિંસા થાય છે, તે કર્મ પૂર્ણ સદોષ થાય છે, તે માટે એવા સદોષ હિંસા કર્મ કરીને એવા યાજ્ઞિક લોકોને નરકવાસ ભોગવવો પડે છે.

" अहिंसाब्रहुतांपरी, बोलिलीअसेअवधारी, आपुलालियामतान्तरीं, निरूपिली । परीतेऐशीदेखा, खांडूनियाशाखा, मगतयाचियाबुडुखा, कूपकीजे । कांबाहुतोडुनिपचविजे, मगभुकेचीपीडाराखिजे, नानादेऊळमोडुनी कीजे, पौळीदेवा । नागवूनीवेल्हारें, गवादिघातलीं । मस्तकपांघुरविलें, तंवतळवटींउघडेंपडलें, घरमोडोनीकेलें, मांडवपुढें । नानापांघुरणे, जाळुनिजैसेंतापणे । नातरीबैलविकूनीगोठा, पुसलावोनीबांधिजेगाठा, इयाकारणकींचेष्टा, काइहंसों । एवंहिंसाचीकरूनिअहिंसा, निपजतीहायज्ञऐसा, पैंपूर्वमीमांसा, निर्णयकेला । जेंअवृष्टीचेनीउपद्रवें, गादलेंविश्वआघवें, ह्म

णोनीपर्जन्येष्टिकरावे, नानायाग। तंवतियेइष्टेचियाबुर्डी, पशुहिंसातंवरोकडी, मगअहिंसेचीथडी, कैंचीदिसे। पेरिजेनुसधीहिंसा, तेथउगवेलकाय अहिंसा, परीनवलबापाथींवसा, यायाज्ञिकांचा"

અર્થ–કેટલાક નરાધમ માણસો પોતે પ્રત્યક્ષ હિંસા કરીને તે કિધેલી હિંસા તે હિંસા નહીં. પણ અહિંસા છે, એવી ઉલટ અને અયોગ્ય કલ્પના ઉઠાવે છે. પણ એ કલ્પના કેવી છે? તે જુઓ. જેમ કે એકાદ ઝાડની પ્રફુલ્લીત તૈયાર શાખાઓ હોય તેને કાપી નાંખવી, અને પછી નવી શાખા ઉત્પન્ન કરવા માટે તેના મૂળમાં ખાડો કરી તેમાં ખાતર પાણી નાંખવા જેવી; અથવા તો હાથ તોડી બાળીને ભૂખની પીડા ભોગવવા જેવી; અથવા મોટા દેવાલયો તોડીને નાની મરૂડી બાંધવા જેવી; કે લોકોને ઠગી કે સંતાપીને તેનો નીસાસો લઈને અન્નછત્ર (સદાવ્રત) માંડવા જેવી; અથવા ઓડકે માથે કોઇને ઘેર ન જવાય તેટલા માટે ધોતીઉં કાઢી માથે બાંધવું; અથવા ઘર ભાગીને મંડપ ઘાલવો; અથવા થંડી દુર કરવાને આંગ વસ્ત્ર બાળી તાપવું; અથવા કોહોડ કે તએલો બનાવવાને બલદ વેચવો, તેના જેવી છે. ત્યારે એવી મૂર્ખ ચેષ્ટાને હસવું કે રડવું? હશે, તે ગમે તેમ હોય. પણ આ પ્રમાણે યજ્ઞ યાગમાં જે હિંસા કરી, તે તો હિંસાજ નહી. એમ તેઓ માને મનાવે છે. પરંતુ પર્જન્ય ન પડવાથી જગતમાં મનુષ્ય, પશ્વાદિ પ્રાણીઓને અત્યંત કલેશ ભોગવવો પડે છે, તેટલા સારૂ નામ ધારી હિંસક યાજ્ઞિકે યજ્ઞ યાગનો આરંભ કરી તેમાં મનુષ્ય, પશ્વાદિ પ્રાણીનો વધ કરે છે. એવી એ પ્રત્યક્ષ હિંસા છતાં, અહિંસા કેમ સિદ્ધ થાય? પ્રાણીના જીવીત સંરક્ષણાર્થે યજ્ઞયાગાદી કૃત્ય કરવાના, અને વળી તેવાજ કૃત્યમાંજ તે પ્રાણીઓને મારી નાંખવા એ કેવી વિલક્ષણતા! આપણે ઘઊં વાવીએ તેમાંથી જેમ ઘઊં ઉગે છે, તેમજ હિંસા બીજ રોપ્યાથી હિંસાજ ફળ તેમાંથી પ્રાપ્ત થવાનું. પણ અહિંસા ફળ તો સંપાદન થાયજ નહીં. આવા નામધારી યાજ્ઞિકોનું તો આ અદ્દભૂતજ ધૈર્ય છે.

" नेणोनियाशुद्धवेदानिधानातें, अतिगर्वाचोनिउद्धतें, आपणयामानुनीज्ञातें, यज्ञामिषेंपशुघातकरितीं। ऐशियेपशुतेंघातकरिती, त्यायाज्ञिकांचेदेहान्तीं, मारिलेपशुमारूंयेती, झळकतकातीघेऊनियां। एवंनिमालियायाज्ञिकांसी, भक्षिलेपशुभक्षितीत्यासी, जैसेंसेविलेंविषप्राणियासी, ग्रासीप्राणासीसमूळ"

અર્થ–વેદોક્ત શુદ્ધ વિધિ ન સમજીને કેવળ જ્ઞાનના અહંપણાથી જે નામ ધારી યાજ્ઞિક, યજ્ઞને નામે પશ્વાદિ પ્રાણી મારીને ખાય છે તે હિંસક યાજ્ઞિકને મુઆ પછી, તે મારેલું પ્રાણી તે, તેને ઉલટ બદલામાં તીક્ષણ શસ્ત્રે મારીને ખાય છે.

કેવી રીતે? તો જે પ્રમાણે એકાદ માણસે વિષ ખાધું, એટલે તે વીષ તે ખાનારાનું શરીર ખાઇને તેનો નાશ કરે છે, તે પ્રમાણે.*

યજ્ઞાદિકને અર્થે જે જીવની હિંસા કરવી. તે યોગ્ય નથી. કેમકે હિંસાનું જે પરિણામ, તે પુણ્ય હોયજ નહીં; કિંતુ તે પાપ હોય છે. એવો નિયમ છે. જે શાસ્ત્રમાં પશુ હોમવાનું કહ્યું છે, તે શાસ્ત્રજ નહીં, પણ કુશાસ્ત્ર છે. અને તેની જે રચના કરનારા, તે મનુષ્ય નહીં, પણ મનુષ્યરૂપે રાક્ષસ છે. એમ નિશ્ચય જાણવું. જે પાપને પુણ્ય માને, તેના કરતાં બીજો પાપી કોણ ! યજ્ઞમાં હોમાયલો જીવ જો સ્વર્ગમાં જતો હોય, તો યજ્ઞ કરનારા તથા કરાવનારા પોતે હોમાઇને કેમ સ્વર્ગે જતા નથી ? પોતે એમ કરતા નથી, તેથીજ જણાય છે કે, એ કલ્પિતજ વચન છે. યાજ્ઞિક લોકો હોમાદિકને અર્થે જીવ ઘાત કરી, તેનો બલીદાન દીધાથી પોતાને ભક્ત સમજે છે, પણ એવું ભકતનું લક્ષણ હોયજ નહીં. દેવભકતનું અંતઃકરણ હોય છે, તેમાં મલીન વાસના ઉત્પન્ન થાયજ નહીં. જો મલીન વાસના વાળાને ભકત કહીયે, તો પછી અભકત કોને કહીશું ? માટે એવું હિંસારૂપ કૃત્ય કરનારને ભકત માનવો નહીં; અભકત માનવો. અને તે નિશ્ચયે નરકગામી છે, એમાં તૃણ માત્ર પણ સંશય આણવો નહીં. (રત્નાકર)

હવે વેદોકત ધર્મી આર્ય લોકો પ્રમાણે, ખ્રિસ્તી, યાહુદી, પારસી, અને મુસલમાન લોકોની અહિંસકતા સંબંધી થયલી સ્થિતિ અને તેનો વિચાર આ જગોએ લઇએ. ખ્રિસ્તી લોકોનું ધર્મ પુસ્તક જે બાયબલ, તેમાં આવું છેઃ—

"And God said, Behold, I have given you every herb bearing seed which is upon the face of all the Earth, and every tree, in the which is the fruit of a tree, yielding seed; to you it shall be for meat."

(Genesis.)

---

*એ પ્રમાણે અનેક મહાજ્ઞાની સાધુસંતોએ હિંસાકર્મની અયોગ્યતા વિષે નિરૂપણ કરેલું છે, તે સર્વેના મતો આ જગોએ લેતાં ગ્રંથ વિસ્તાર થાય; તેટલા માટે તેટલા બધા દોહોળાવામાં નહીં પડતાં, માત્ર એકનાથ અને જ્ઞાનદેવ નામે જે મોટા સાધુ થઇ ગયા છે, તેઓએ, યજ્ઞને નિમિત્તે ભ્રષ્ટ લોક જે હિંસા કરે છે, તે હિંસાનું ખંડન કરેલું છે, તેમાંથી થોડુંક લખેલું છે.

પ્રવૃત્તિ એટલે કર્મ માર્ગ. તેમાં "ગળુ રૂંધીને બકરો મારી ખાવામાં દોષ ન હોતાં ઉલટી સ્વર્ગ પ્રાપ્તિ થાય છે." એવો મ્લેં૦ કુ૦ ભટ્ટાઓએ મીમાંસાના સંબંધે ખોટો નિર્ણય કરી મુકેલો છે, તેનું એકનાથ સ્વામી ખંડન કરે છેઃ "યજ્ઞ યાગાદિમાં પર્જન્ય વૃષ્ટીને માટે ગળું રૂંધીને બકરો મારી ખાવો, તો તેમાં દોષ નથી." એવું મ્લેં૦ કુ૦ ભટુજીઓએ મીમાંસાને સંબંધે જે ખોટો નિર્ણય કરી મુકેલો છે, તેનું મહાન ભગવદ્ભકત જ્ઞાન દેવ ખંડન કરે છેઃ

અર્થ—અને પરમેશ્વરે કહ્યું કે, હે મનુષ્યો ! જુઓ !! આ પૃથ્વીપરનું સર્વ ધાન્ય, ભાજીપાલો, અને ફળાદિ વનસ્પતિ, એ સર્વ તમારા નિર્વાહ અર્થે મેં ઉત્પન્ન કરેલું છે, તે તમો પોતાના ભોજનાર્થે વાપરો.” એ ઉપરથી સ્પષ્ટ જણાય છે, કે મનુષ્યોને માત્ર ધાન્યાદિ વનસ્પતિની પરવાનગી આપેલી છે. અને તે માટેજ ઈશ્વરે. “Thou shalt not kill” એટલે—“હે! મનુષ્ય, તું હત્યા કરીશ નહી” અર્થાત્ “મનુષ્ય પશ્વાદિ પ્રાણીને વિનાઅપરાધ ઠાર મારતો નહી” એવી મુખ્ય પેહેલી આજ્ઞા મનુષ્યોને આપી મુકેલી છે. માટે હવે એ આજ્ઞા તોડીને કોઈ દુષ્ટ, નિર્દય થઈને, પ્રાણીને ઠાર મારશે કે અન્ય દુઃખ દેશે તો,

“He shall have judgment without mercy that hath showed no mercy.”

એટલે—“પ્રાણીને ઠાર મારનાર ક્રૂર નિર્દય મનુષ્યને ક્રૂર ભયંકર શિક્ષા ભોગવવી પડશે.” તે માટે પ્રાણીમાત્ર વિષે સદય (દયાવાન) હોવું.

“Blessed are the merciful for they shall obtain mercy.”

અર્થ—“પ્રાણીમાત્રપર સદય અંતઃકરણ રાખનારાને ધન્ય છે; અને તેના પરજ ઈશ્વર દયા રાખે છે.” તાત્પર્ય– દૈન્યવાણીવાળા મનુષ્ય પશુપક્ષ્યાદિ પ્રાણીને વિના અપરાધ કોઈએ મારવા નહી.

એ પ્રમાણે અહિંસા સંબંધી ખ્રિસ્તી અને યાહુદી લોકના ગ્રંથમાં વચનો છે; તેઓને લત્તા પ્રહાર કરીને બહુએક જીભ્હાસ્વાદી ખ્રિસ્તી અને યાહુદી લોકની પેઠે નામધારી વેદોક્તધર્મી કેટલાએક આર્ય લોકો પણ હિંસા અથવા માંસ ભક્ષણ કરે છે, એ મોટું તેમને દૂષણ છે. હવે માંસ ખાવાને કાંઈ બીજો વિશેષ આધાર હશે, એવું કોઇ કેહેશે, તો તે એકજ ગ્રંથમાં પરસ્પરથી વિરૂદ્ધ એવો વિષય કેમ હોય ? અને કદચિત હશે, તો તે મન્વાદી સ્મૃતીમાંના ક્ષેપકો પ્રમાણે નિર્દય માંસ લાલચી લોકોએ ઘુસાડી દીધેલું હોવું જોઇએજ. કારણ કે ઉપલા વચન ઉપરથી “ખાવા સારૂ વિશેષ આધાર હશે” એ કહેવું સર્વથૈવ ખોટું ઠરે છે. માટેજ ઇંગ્લંડ વગેરે દેશમાં બાયબલ ખ્રિશ્ચિયન, મેનિકિયન્સ અને વ્હેજીટેરિયનસેકટ એવી ખ્રિસ્તી મંડલીઓ પોતાના ધર્મનો હેતુ પરીપૂર્ણ સમજીને હિંસા કે માંસ ભક્ષણ કદિ કરતાજ નથી. અને તેઓએ, પશ્વાદિ પ્રાણીઓને મારી ખાવાની અયોગ્યતા વિષે સારી પેઠેજ નિરૂપણ કરેલું છે. જેમાંનું થોડુંક લખું છું:—

“The Manicheans a sect of Christians religiously abstain from all kinds of animal food. M. Felix, who wrote an elegant dialogue, in defence of the Christian religion, represents Octavius the principal speaker as saying—“We Christians dread the thoughts of murder, and cannot

bear to look on a carcass and we so abhor human blood that we abstain from that of beasts." *F* †

અર્થ—મેનિકિયન્સ નામે એક ખ્રિસ્તી મંડલી છે. તે પોતાના ધર્મનો હેતુ પૂર્ણ પણે સમજીને કોઇ પણ પ્રાણીનું માંસ ખાતા નથી. ફેલીક્સ, એણે સંવાદરૂપ ગ્રંથ કરેલો છે. તેમાં આકટેવ્હિયસ, આ મુખ્ય ભાષણકર્તા માનીને, તે એવું લખે છે કે "અમે ખ્રિસ્તી લોક, મનુષ્ય, પશ્વાદિ પ્રાણીના ખુનનો વિચાર મનમાં આણવાને થરકાંપ બીહે છીએ. અને કોઇપણ પ્રાણીના સબ ઉપર અમારાથી દૃષ્ટિ ઘલાતી નથી. મનુષ્યને ઠાર મારવાનો જેટલો મોટો તિરસ્કાર અમને છે, તેટલોજ મોટો તિરસ્કાર પશ્વાદિકને મારવાનો પણ છે." એવો આ ધર્મનો પ્રતિબંધ છતાં ઘણાએક ખ્રિસ્તી કેહેવાડનારાઓ, સબ ઉપર માત્ર દૃષ્ટિ ઘાલે છે, એટલુંજ નહીં, પણ તે સબ કાપીને શિજવે છે, અથવા ભાજે છે, તથા તેને મીઠું મરચું લગાવીને પોતાના મોઢાં વાટે પેટમાં ચાંપે છે? જીવ્હાસ્વાદ આગળ શાનો ધર્મ અને શાની વાત!!

"Clement of Alexandria says of St. Mathew, that he abstained from the eating of flesh; and that his diet was fruits, roots, and herbs. Descartes, at his table in imitation of the good natured Plutarch,—always preferred fruits and vegetables to the bleeding flesh of animals." *F.*

અર્થ—ક્લેમંટ નામે આલેગ્ઝાંડ્રિઆમાંનો એક ગૃહસ્થ, સેંટ મેથ્યુ વિષે એવું કહે છે કે. તે માંસ ખાતો નહતો. ફળફળાદિ, કંદમૂળ, અને ભાજીપાલા વગેરે વનસ્પતીપર તે પોતાની ઉપજીવિકા કરતો હતો. સદ્‌ગુણી સુશીલ પ્લુટાર્ક પ્રમાણે તે માંસ ખાતો નહતો તે હમેશા રક્ત ભરેલા માંસને ધિઃકારીને સદા ફળફળાદિ અને શાકભાજીપર પોતાની ઉપજીવિકા ચલાવતો હતો.

"Diogenes observed, that—"We might as well eat the flesh of men as the flesh of other animals."—And Cicero remarked, that "Man was destined to a better occupation than that of pursuing and cutting the throats of dumb creatures." *F.*

અર્થ—ડાયોજીનસ એવું કહે છે કે, મનુષ્ય જે પશ્વાદિ પ્રાણીનું માંસ ખાય છે, તે મનુષ્યનું માંસ ખાવા લાગ્યા, તો તેમાં તેને શી અડચણ છે? સિસરો કહે છે, "મનુષ્યોને જે ઈશ્વરે નિર્માણ કરેલા છે, તે કાંઇ ગરીબ બિચારા પશ્વાદિ મુગા પ્રાણીના ગળા કાપીને તેના છિન્ન વિચ્છિન્ન અવયવથી પોતાના

---

† Explanation of the abbreviations of the names of the authors, and the title of the books, quoted:—*F*=Fruits and Farinacea. *R*=Rahe Parsa. *G*=Goldsmith's Works. *C*=Cowper. *H*=Household Words. *A*=Ainue Akburree. *Gu*=The Guardian. *P*=Pennock's Experimental English Reader. *M*=The Microscope, by the Honorable Mrs. West.

પેટ ભરવા સારૂ કરેલાં નથી; પણ બીજા કાંઇ સારા સારા કામો કરવા સારૂ કરેલાં છે." પૂર્વે રોમન લોકમાં અહિંસક છતાં મોટા શૂર, હુશીઆર, અને બુદ્ધિમાન્, એવા પુષ્કળ પુરૂષ થઇ ગયા, તેમાં જે પિથાગોરસ અને પ્લુટાર્ક નામે મોટા તત્વજ્ઞાની થયા, તેમનો મૂઢ લોકો પ્રતે એવો ઉપદેશ છે:—

"Desist O mortals ! to violate living bodies for your infamous dishes. There are crops, there are fruits bending the branches by their weight, and swelling grapes, on the Vines, there are sweet herbs, there are those which you may soften and make palatable by fire, nor is milk wanting to you, nor honey redolent of Thyme, and the bounteous earth causes sweet aliments to spring up richly, and affords feasts without slaughter and without blood. With flesh the beasts appease their hunger, yet indeed not all, for horses and flocks and cattle feed on grass. But the savage and untameable Armenian tigers, angry lions, and bears with wolves, delight in bloody feasts. Oh what a wickedness ! to entomb in our flesh the flesh of others, to fatten a greedy body with other bodies, to support life by the death of other animals, and that, amidst so much riches which the best of Mothers the Earth produces, nothing should delight thee but to tear sad wounds with cruel teeth and to restore the rites of the Cyclops (Rakhshus or Devs) and to be unable, unless by injuring others, to appease the hunger of thy voracious and illmannered belly. But that primitive age which we call the golden rejoiced in the produce of trees, and in herbs, which the ground produces nor did it pollute its mouth with blood. Then birds traversed the air with safe wing, the hare roamed fearlessly through the fields; nor did its credulity suspend the fish on the fatal hook. All were without guile and without fear and full of peace. At length some mischievous innovator (I know not who) desirous of new food, commenced to fill a greedy belly with animal dishes, and opened the way to wickedness. First I imagine the blood—stained sword was warmed in the gore of wild beasts. That was allowable. I admit that without injury to our piety we may give to death such animals as seek our lives. But these, although they may be devoted to death, should not be devoured in feasts."-- * * * * What an evil habit does he contract, and how he prepares himself to shed human blood, who cuts the throat of the innocent calf, and unmoved lends his ears to its moanings, or who can slaughter the kid uttering its childlike cries, or can nourish himself with the fowl which he has fed with his own hands. How is this less than a great crime." *R.*

અર્થ—અરે ? હે નાશવંત મનુષ્ય, તું પોતાના ખાણા સારૂ કોઇપણ પ્રાણીનો વધ કરતો નહીં. કારણ કે ઇશ્વરે તારે સારૂ ધાન્ય અને ફળ ઉત્પન્ન

કરેલાં છે; તે પોતાના ભારથી ઝાડની ડાળીઓને તારી તરફ નમાવે છે; કે જેણે કરીને તું ગંભીરતાથી તેનો સ્વાદ લેશે. દ્રાક્ષવેળપર ભરેલી લુમો; અને મધુર મધુર શાકભાજીઓ; જેમાંની કેટલીક અગ્નિયોગે કરીને નરમ અને સ્વાદિષ્ટ થાય છે; તે સર્વે તારા પેટ સારૂ કરેલું છે; તે શિવાય દુધ અને વનસ્પતિ જન્ય મધ, તેનો પણ કાંઇ ટોટો રાખ્યો નથી; તેમજ પૃથ્વીમાંથી તારે સારૂ મિષ્ટ ભોજ્ય પદાર્થ પુષ્કળ ઉત્પન્ન થાય છે. સર્વને કોઇપણ પ્રાણીને કાપ્યા અથવા રક્તસ્ત્રાવ કર્યા શિવાય યથેચ્છ મળે છે, એવું છતાં તું પશ્વાદિકને શા માટે કાપે છે? પશુ પોતાનું પેટ માંસથી ભરે છે, તથાપિ સર્વેજ પશુ તેમ કરતા નથી. ઘોડા, બકરા, ગાય, બેલ, એવા કેટલાએક પશુ ફક્ત ચારાપરજ રેહે છે પરંતુ જંગલી ન પળાય એવા વાઘ, સિંહ, રીંછ, અને વરૂ, એવા ક્રૂર, ક્રોધિષ્ટ, ઘાતકી. પશુ માત્ર રક્તસ્ત્રાવથી સંતુષ્ટ થાય છે; પોતાના ખાવરા અને લાલચુ ઉદરમાં કબરસ્થાનવત્ બીજા પ્રાણીનું માંસ ભરીને શરીર પુષ્ટ કરવું; અને બીજા પ્રાણીનો નાશ કરીને પોતાના આયુષ્યને પુષ્ટિ આપીને અને આપણી માતુશ્રી જેવી આ જે પૃથ્વી આપણું પાલણ કરીને આપણને ઉત્તમ પદાર્થ પુરા પાડે છે તેની તે અમુલ્ય ઉત્પત્તિ ઉપર સંતુષ્ટ ન રેહેવું; તથા પોતાના રક્ત ભરેલા હાથે અને દાંતે બીચારાં પશ્વાદિકનું માંસ ખાવું, અને તેમાં આનંદ માનવો તથા રાક્ષસ પ્રવૃત્તિને અનુસરવું; અને પોતાના ક્રૂર પાપી પેટની ભુખ હોલવવા અર્થે બીજા પ્રાણીનો ઘાત કર્યા વગર ઉદરપૂર્તી ન કરાય; એ કેટલું નીચ અને ધિક્કારવા જોગ અસંત ઘાતકીપણું છે વારૂ! જુઓ પૂર્વે, જેને આપણે સત્યયુગ કહીયે છીએ, તે કાળના લોક ભાજીપાલો, અને ફળફળાદિ એવા પૃથ્વીદત્ત સુદ્ધ પદાર્થ ખાતા હતા; અને કોઈપણ પ્રાણીના માંસથી પોતાનું મુખ અપવિત્ર કરતા નહતા; તથા વળી તે કાળના સર્વ જાતીના પક્ષી આકાશ મંડપમાં નિર્ભયપણે ફરતા હતા, સર્વ ચતુષ્પદપ્રાણી નિષ્કાળજીથી અરણ્યમાં યથેચ્છ ચરતા હતા, અને સર્વે માછલાં ગળના ફાંસામાં સપડાવાની ભિતિવિના નદીના પ્રવાહમાં ફરતા હતા; એવી રીતે સર્વે જીવજંતુ નિર્ભયપણે સુખશાંતીમાં રેહેતા હતા. પણ છેવટે કોણજાણે કયા દુષ્ટ જનાવરના માંસથી પેટ ભરવાની નવી ચાલ કાઢીને આ અઘોર કર્મની પ્રવૃત્તિ કરી? પણ મને એમ લાગે છે કે વ્યાઘ્રાદિ ક્રૂર પ્રાણી બીજા ભલા પ્રાણીને પીડા આપનારા જોઇને તે પીડા દુર કરવા માટે તેવા તેવા ક્રૂર પ્રાણીને મારવાનો પ્રથમે જે પ્રારંભ થયલો, તે પ્રારંભ ઉપરથી આ ચાલ પડયો હોવો જોઇયે. એકાદું જનાવર, આપણો જીવ લેવાના હેતુથી આપણાપર ધસી આવ્યું, તો તેનું માંસ ખાવાની ઇચ્છા ન રાખતાં તેને મારી નાખવું, એ યોગ્ય છે. પરંતુ તેને માર્યા પછી તેનું માંસ કદી ખાવું નહીં, એટલે કે તેમ થવાથી હિંસા દોષ લાગતો નથી. કારણ કે તેના અપરાધના સાટામાં તેને શિક્ષા થાય છેઃ પરંતુ નિરપરાધી

ગરીબ વછેરાનું જુલમથી ગળું કાપવું; અને તે વેળાએ તેણે પીડિત થઇને દીન વદનથી કરેલી જે આર્જવ, તે નિર્દયપણે સાંભળવી; અથવા આપણા નાના બચ્ચા પ્રમાણે આરડનારા ગરીબ બકરાના બચ્ચાનું શિરચ્છેદ કરવું; અથવા જે કુકડા બટકને આપણે હાથે દાણો પાણી આપેલો હોય. તેવાના માંસથી પેટ ભરવું; એ કેટલું અઘોર કર્મ ! ધિઃકાર હોજો, એવા એ નિંદ્ય દુષિત આહાર કરનારને ! એવા અઘોર કર્મી લોક મનુષ્ય ઉપર પણ તીક્ષ્ણ શસ્ત્ર ધારા ચલાવીને તેનું ખુન કરવામાં પણ વિલંબ કરનાર નથી."

"Plutarch remarks"—"How could man bear to see an impotent and defenceless creature slaughtered, skinned, and cut up for food ? How could he endure the sight of the convulsed limbs and muscles ? How bear the smell arising from the dissection ? Whence came it that he was not disgusted, and struck with horror, when he came to handle the bleeding flesh and clear away, the clotted blood and humours from the wounds ! We should, therefore, rather wonder at those who first indulged themselves in this horrible repast than at such as have humanely abstained from it."

અર્થ—પોતાનું પ્રાણરક્ષણ ન કરી શકનારા, અનાથ, નિર્બળ, અને શસ્ત્રહીન એવા દૈન વાણી પ્રાણીઓને કાપેલા, તેની ચામડી કાઢેલી, વળી તેના ખાવા માટે બારીક કટકા કરેલા, એ સઘળો પ્રકાર મનુષ્ય કેવી રીતે જોઇ શકે છે ! અને તેમના આગળેલા પાદાદિ અવયવો અને સ્નાયુઓ તરફ તેનાથી કેમ નજર થાય છે, તથા પ્રાણીઓને કાપતી વખતે જે દુર્ગંધની ઘ્રાણ છુટે છે, તે કેવી રીતે ખમી શકે છે ! અને જેવારે લોહી ગળતું માંસ તે હાથમાં લે છે, અને તે પરથી જામી ગયલાં લોહીનાં ચાઠાં તથા જખમમાંથી વેહેતી રસી લુછી કાઢે છે, તે વેળાએ તેમને ધારની લાગીને અને મનને કંટાળો આવીને કંપારી છુટતી નથી તથા તેનું કાળજું પણ ધડધડતું નથી એ કેવી કઠોરતા ! દયાળુપણાથી સદ્ધર્મી પુરૂષ તો માંસનો ધિઃકાર કરે છે; એ કાંઇ આશ્ચર્યની વાત નથી; પણ માંસ ખાવાનું આ અઘોર કર્મ જેણે પ્રથમ ચાલુ કર્યું હશે, તેના સંબંધમાં મોટુ આશ્ચર્ય લાગે છે.

"No Flocks that range the meadow free, To slaughter, I condemn
Taught by that power that pities me I learn to pity them.
But from the mountain's grassy side A guiltless feast I bring
A scrip with herbs and fruit supplied And Water from the spring." G.

અર્થઃ—ચરણની જગોમાં સ્વતંત્રપણે ચરનારા ઢોરોના ટોળામાંથી એકજ પશુને દૂષિત કરી ઠાર મારવું, એ યોગ્ય નથી. સર્વ શક્તિમાન ઈશ્વર જે મારા પર દયા રાખે છે, તે ઉપરથી હું બીચારા પશૂપર દયા કરવા શિખ્યો છું. ડુંગરા પાસેની લીલોતરીથી ભરેલી જગાપરથી નિર્દોષ અન્ન, ભાજીપાલો

અને ફળફળાદિ, તથા ઝરાગાંનું પાણી, તેનાપરજ મારૂં પેટ ભરી લઉંછું. આ કેહેવું એક પ્રખ્યાત ઇંગ્લીશ કવિ ગોલ્ડસ્મિથ નામે પુરૂષનું છે. અને તે કવિવર ઇશ્વરનો ભય મનમાં રાખીને પ્રાણીને મારી ખાતો ન હતો. તેમનો ઘડો બીજા ઇંગ્રેજોએ તથા ઇંગ્રેજી વર્તન કરનારા માથા ફરેલ હિંદુઓએ કાં ન લેવો જોઈએ? એ કવિ ગોલ્ડ સ્મિથે પશુને મારી ખાવાની અયોગ્યતા વિષે સારૂંજ નિરૂપણ કરેલું છે, તેમાં તે એક ઠેકાણે આગ કહે છેઃ—

"Man was born to live with innocence and simplicity, but he has *deviated from nature; he was born to share the* bounties of heaven, but he has monopolized them : he was born to govern the brute creation, but he is become their tyrant. If an epicure now shall happen to surfeit on his last night's feast, twenty animals the next day are to undergo the most exquisite tortures, in order to provoke his appetite to another guilty meal. Hail, O ye simple honest Brahmans of the East, ye inoffensive friends of all that were born to happiness as well as you : you never sought a short-lived pleasure from the miseries of other creatures. You never studied the tormenting arts of ingenious refinement; you never surfeited upon a guilty meal. How much more purified and refined are all your sensations than ours; you distinguish every element with the utmost precision; a stream untasted before is new luxury, a change of air is a new banquet, too refined for western imaginations to conceive." *G.*

અર્થ—મનુષ્ય પ્રાણીને જે ઉત્પન્ન કરેલાં છે, તેમણે બીજા પ્રાણીઓને ઉપદ્રવ ન કરતાં સૌમ્યપણે રહેવું, એ તેમનો સ્વાભાવિક ધર્મ છે, પરંતુ તે ધર્મ તેમણે છોડી દીધો છે; "સ્વર્ગ સંબંધી સુખનો થોડો ભાગ લેવો, તેને બદલે તે સઘળુંજ સુખ પોતે જાણે લેઇ બેઠા. પશ્વાદિ પ્રાણી સાથે યોગ્ય રીતીએ વર્તવું છોડીને તેમનાપર જુલૂમ ગુજારવા લાગ્યા; હવે એકાદો પેટ ભરૂ અકરાંતીઓ માણસ ઓકારી આવે ત્યાંલગી એકે દીવસે માંસ ખાય છે. તેવારે બીજે દીવસે તે સદોષ માંસ આહારે કરીને પોતાની ક્ષુધા ચેતવવા માટે બીજા વીશ જનાવરને તે નરાધમ અત્યંત વેદના કરીને ઠાર મારે છે. હે પૂર્વસ્થ શુદ્ધ, નિર્મળ અને પ્રમાણીક બ્રાહ્મણ લોકો! તમારો જયજયકાર થાઓ! તમારી માફક સુખોપભોગ લેવા માટે જે પ્રાણીઓ ઉત્પન્ન થયલા છે, તેમને તમે લોકો ઉપદ્રવ કરતા નથી. એવા ક્ષણીક સુખના હેતુને વશ થઇ બીજા પશ્વાદિ પ્રાણીઓને દુઃખ દેવાનું તમે ઇચ્છતા નથી, યુક્તિથી નવા નવા શોધ ઉઠાવીને પ્રાણીઓને તીવ્ર વેદના આપવાની કળા તમે શિખ્યા નહીં. સદોષ આહારથી (માંસથી) તમે પોતાનું પેટ ભરતા નથી, તેથી અમારા મ્લેછ લોકોના જ્ઞાન કરતાં તમારૂં જ્ઞાન કેટલું નિર્મળ અને શુદ્ધ છે. સૂક્ષ્મ રીતીએ તમે લોકો પ્રત્યેક તત્વનું સ્પષ્ટિ કરણ કરોછો. વળી પેહેલા સ્વાદ

ન લીધેલો એવો વેહેનો ઝરો તેજ તમારૂં નવું મિષ્ટાન્ન અને હવાનો ફેરફાર એજ તમારી મીજબાની છે. એ સર્વ પ્રકાર પશ્ચિમના મ્લેચ્છ લોકોને વિચાર કરવા યોગ્ય છે. એજ પ્રમાણે તે વળી આગળ કહેછે:—

If we come to the Bible we shall find unquestionable Proof that flesh was not the food of man in his best state. * * And equally there can be no doubt that the first permission to eat, and the first instruction in reference to food, had no reference whatever to flesh.* The passage (Gen. i. 29) is 'And God said, Behold I have given you every herb bearing seed which is upon the face of all the earth and every tree in the which is the fruit of a tree yielding seed, to you it shall be for meat." SO man was placed in a garden, and of every tree of that garden, except of one or of two man might freely eat. Fruit and grain thus were man's first diet; They were food for which he was formed to the use and assimilation of which his teeth, the muscles of his jaws, the secretion of saliva, and the entire digestive apparatus was made and adapted, marking him as wholly different from the flesh-eating creatures.

અર્થ—આહાર સંબંધમાં બાઇબલમાં જોઇએ તો નિરસંશય દાખલો મળી આવે છે કે માનવીની ઉત્તમ સ્થિતિમાં માંસ એ તેમનો ભક્ષ નથીજ આહાર સંબંધે પ્રથમનો ઉપદેશ અને ભક્ષ સંબંધી પ્રથમની આજ્ઞા એ ઉપરથી માંસ એ મનુષ્યનો ભક્ષ નથી. એ નિર્વિવાદ છે. ધાન્ય ફળપાનથી તું ઉપજીવિકા કર એવી મનુષ્યોને ઉપદેશની આજ્ઞા તે બાઇબલની અંદર છે. અને તે પ્રમાણે મનુષ્યોને પ્રારંભે ધાન્ય ફળ પાન પૂરીત બાગમાં પરમેશ્વરે મુક્યા તથા તેણે તેમાંથી એક બે વૃક્ષને છોડીને તમામ વૃક્ષનો ખાવામાં નિઃશંક ઉપયોગ કરવો, એવો નિયમ ઇશ્વરી આજ્ઞાથી થઇને તે આજ્ઞા પ્રમાણે ધાન્ય ફળ પાન એજ મનુષ્યોનો મૂળ આહાર કર્યો. અને એજ વનસ્પતી આહારને લાયક પડનારો મનુષ્ય દેહ રચેલો છે. તેના દાંત, જડબાની સ્નાયુ, થુંક અને લાળનું પૃથક્કરણ તથા પૂર્ણ પાચક સાહિત્ય એ સર્વ વનસ્પતી આહારને સાનુકુળ કરેલાં છે. અને તેજ કારણ માટે મનુષ્ય એ માંસાહારી પ્રાણી કરતાં કેવળ ભિન્ન છે, એ સ્પષ્ટ છે. થામસ ચાલમર લખે છે:—

MAN is the direct agent of a wide and continual distress to the lower animals; and the question is, "Can any method be devised for its alleviation?" On this subject that scriptural image is strikingly realized : " the whole [inferior] creation groaning and travailing together in pain " because of him. It signifies naught to the substantive amount of the suffering, whether it be prompted by the hardness of his heart, or only permitted through the heedlessness of his mind. In either way it holds true, not only that the arch-devourer Man stands preeminent over the

fiercest children of the wilderness as an animal of prey, but that for his lordly and luxurious appetite, as well as for his service or merest curiosity and amusement, Nature must be ransacked throughout all her elements. Rather than forego the veriest gratifications of vanity, he will wring them from the anguish of wretched and ill-fated creatures; and whether for the indulgence of his barbaric sensuality or his barbaric splendour, he can stalk paramount over the sufferings of that prostrate creation which has been placed beneath his feet.

These sufferings are really felt. The beasts of the field are not so many automata without sensation, so constructed as to assume all the natural expressions of it. Nature hath not practised this universal deception upon our species. These poor animals just look, and tremble, and give forth the very indications of suffering that we do. Theirs is the distinct cry of pain. Theirs is the unequivocal physiognomy of pain. They put on the same aspect of terror on the demonstrations of a menaced blow. They exhibit the same distortions of agony after the infliction of it. The bruise, or the burn, or the fracture, or the deep incision, or the fierce encounter with one of equal or of superior strength, affects them similarly to ourselves. Their blood circulates as ours. They have pulsations in various parts of the body as we have. They sicken, and they grow feeble with age, and finally, they die, just as we do.

They possess the same feelings; and what exposes them to like sufferings from another quarter, they possess the same instincts with our own species. The lioness robbed of her whelps causes the wilderness to ring aloud with the proclamation of her wrongs; or the birds whose little household has been stolen fills and saddens all the grove with melodies of deepest pathos. All this is palpable even to the general and unlearned eye; and when the physiologist lays open the recesses of their system, by means of that scalpel under whose operation they just shrink and are convulsed as any living subject of our own species, there stands forth to view the same sentient apparatus, and furnished with the same conductors for the transmission of feeling from every minutest pore upon the surface.

Theirs is unmixed and unmitigated pain, the agonies of martyrdom without the alleviation of the hopes and the sentiments whereof men are capable. When they lay them down to die, their only fellowship is with suffering; for in the prison-house of their beset and bounded faculties, no relief can be afforded by communion with other interests or other things. The attention does not lighten their distress, as it does that of man, by carrying off his spirit from that existing pungency and pressure which might else be overwhelming. There is but room in their mysterious

economy for one inmate; and that is, the absorbing sense of their own single and concentrated anguish. And so on that bed of torment whereon the wounded animal lingers and expires, there is an unexplored depth and intensity of suffering which the poor dumb animal itself cannot tell, and against which it can offer no remonstrance—an untold and unknown amount of wretchedness of which no articulate voice gives utterance.

અર્થ—દુર્બળ અને નિરૂપદ્રવી પશુ પક્ષી આદિકોને અપાર અને સતત દુઃખ દેનાર મનુષ્યવિના બીજો કોઇપણ પ્રાણી નથી. અને તે દુઃખ કમી કરવાને એકાદા ઉપાયની યોજના કરવામાં આવશે કે? એ સંબંધે "મનુષ્ય પ્રાણીથી સર્વ દુર્બળ પશ્વાદિકોને અસંખ્ય અને દુઃસહ વેદના ભોગવવી પડે છે" એવું જે બાઈબલમાં કહેલું છે, તે આબેહુબ દૃષ્ટોત્પત્તિમાં આવે છે. એ પશ્વાદિકોની વેદના મનુષ્યની ક્રૂરતાથી કહો કે દુર્લક્ષથી કહો. પણ કોઇ પણ પ્રકારે કેટલી પણ તે તેમને ભોગવવી પડે છે. એ ખરૂં. એ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે અત્યંત ભયંકર માંસ ભક્ષક પ્રાણીઓને મનુષ્યોએ ક્રૂરતામાં પછવાડે નાખેલાં છે, એટલુંજ નહીં, પણ કેવળ મોજ અને મોજ મઝાની વાસના તૃપ્ત કરવા સારૂ અથવા પોતાના ઉપયોગ માટે કે કેવળ ચેનબાજી અને ગમત માટે કહો, પરંતુ મનુષ્ય–પૃથ્વી, જળ આદિ પંચતત્વમાંથી કોઈપણ તત્વમાં રહેનારા પ્રાણીઓના ફુરચા ઉડાવીને સૃષ્ટિને ઉજડ કરે છે. આ હતભાગી અને દીન પશ્વાદિકના દુઃખ તરફ દુર્લક્ષ કરીને તે પોતાની નીચ મોટાઇ કે ક્રૂર વાસના તૃપ્ત હોવા સારૂ પોતાને શરણ આવેલા તે હતભાગી પશુપક્ષી આદિકોને કેટલી પણ વેદના સોસવી પડે તેની તે પરવા કરતો નથી.

એ વેદનાએ કરીને ખરેખર તેને દુઃખ થાય છે. પશ્વાદિ પ્રાણીઓ કાંઇ તેમને સુખદુઃખ ન લાગે એવા કેવળ નિરજીવ વરાળયંત્ર નથી. તેમને દુઃખ થાય છે ત્યારે તેમનું દુઃખ તેમની મુખમુદ્રા પરથી સહજ દેખાઇ આવે છે. તેમના દુઃખ વિષે અમારી મનુષ્ય જાતી તદન અજ્ઞાન થઇ નથી એવું સૃષ્ટિ નિયમ ઉપરથી સ્પષ્ટ દેખાઇ આવે છે. દુઃખ થયાથી અમારી જેવી સ્થિતિ થાય છે, તેજ પ્રમાણે તેમની પણ થઇને તે થરથર કાંપે છે. દુઃખી દેખાય છે. આવા દુઃખ પ્રસંગે તેમનું આરડવું તેમના હમેશના શબ્દ કરતાં ભિન્ન હોય છે, તેમની મુખમુદ્રા કેવળ દુઃખ સૂચક હોય છે. તેમને મારવાની તૈયારી લોક કરેછે. ત્યારે તેમની મુખમુદ્રા પ્રાણસંકટે કરીને તરતજ ફરી જાય છે. આંગપર ઘા પડયા પછી આપણી પેઠેજ તેઓ તલવલાટ કરવા લાગેછે, શરીર છુંદવું, બાળવું, ફોડવું, આંગમાં શસ્ત્ર ઘોંચવા કે બરોબરીના અથવા અધિક બલવાન પ્રાણીઓથી ઉત્પન્ન થનારી ભીતિ કે ભયંકર સંગ્રામ, ઇત્યાદિ વ્યથાથી અમો માનવજાતી પ્રમાણેજ તે જનાવરની પણ સ્થિતિ થાય છે. અમારી પેઠેજ તેમના રકતનું અભિસરણ થાય છે. અમારી પેઠેજ તેમના શરીરના નિરનિરાળા ભાગમાં નાડીઓ ચાલે છે. તે હમારી માફકજ

આવજારી પડે છે. વ્રડપણમાં આશક્ત પણ થાય છે, અને આખરે મરે પણ છે.

હમારી પ્રમાણેજ તેમને સુખદુઃખનો અનુભવ થાય છે. એકાએક એકાદું સંકટ પ્રાપ્ત થયું, તો હમારી માફકજ તેની લાચાર સ્થિતિ થાય છે. પોતાના વહાલાં બચ્ચાંને કોઇ ચોરી જાય છે. ત્યારે ક્રૂર સિંહણ પોતાના પર મોટો જુલમ અને અન્યાય ગુજર્યો, એવું સમજીને આખું તે અરણ્ય ગજાવી મુકે છે. તેજ પ્રમાણે પક્ષીના બચ્ચાં કોઇ ચોરી જાય છે. ત્યારે તે પણ હૃદય પીંગળે એવા અને અત્યંત દુઃખ સૂચક આર્ત સ્વરથી ઝાડી અને જંગલમાં કગવગાટ કરી મુકે છે. આ દેખાવ અમણુ સાધારણુ લોક સુધાંને પણ અસહ્ય લાગે છે. વળી જેવારે શરીર રચનાના જ્ઞાતાદિક્રાનેક શસ્ત્ર સાધનથી શરીરની અંદરની સૂક્ષ્મ રચનાખુલ્લી કરેછે. તેવારે હમારીજ માફક તેમનું શરીર આચકે છે અને અવયવની દયામણી હિલચાલ ને ખેંચતાણ થાય છે, અને આપણી માફકજ તેમને તેમનો મનોવિકાર જાણવાના સાધનો હોયછે, એમ સ્પષ્ટ થાય છે. મરણ ટળવાનું નથી, એવી ખાત્રીના જીવ બચવાની નિરાશ સ્થિતિમાં પડીને મરણ વિષે બેપરવાઇ છતાં પણ પ્રાપ્ત થનારા દુઃખ અને યાતના હમારા સરખાજ તેમની અંદર સાક્ષાત એક સરખાજ દેખાઇ આવે છે. તેમને જે વારે મારવા માંડે છે, તે વારે તેમને હોનારી જે વેદના, તેજ તેના સોબતીઓ પણ જાણવી. અને એવે પ્રસંગે તે યાતના કમી કરવા સારૂ આપણી પ્રમાણે તેમને પણ કોઇપણ પ્રકારનું ભાન રહેતું નથી. બીજી બાબત તરફ લક્ષ લાગવાથી એવી સ્થિતિમાં પશુ કરતાં મનુષ્યની યાતના ઉલટી કમી હોય છે, અર્થાત્ પશુની યાતના ઘણીજ હોય છે. તેમના જીવ કરતાં વિશેષ તેમને કોઇપણ પ્રકારની વાત પ્રિય હોતી નથી. તાત્પર્ય એ કે મનુષ્ય કરતાં પણ પશુને મરવાની વેદના અત્યંત હોવા છતાં ઉચ્ચારણ કરી કેહેવાને કે તેના પ્રતિકાર અર્થે વિનવવાને તે બિચારા મુગા પ્રાણીને મુખે વાચા નથી. અને એવા ભયંકર દુઃખનું વર્ણન કરનાર સમર્થ એક પણ માણસ કદિપણ મળવાનો નહીં.

"Some persons seem so tender, and so full of pity, that one would take them for the harmless friends of the whole creation; the protectors of the meanest insect or reptile that was privileged with existence.—And yet—would you believe it?—I have seen the very men, who have thus boasted of their tenderness, at the same time devouring the flesh of six different animals tossed up in a fricassee. Strange contrariety of conduct: they pity, and they eat the objects of their compassion! The lion roars with terror over its captive; the tiger sends forth its hideous shriek to intimidate its prey; no creature shows any fondness for its short-lived prisoner, except a man and a cat." *G.*

અર્થ—કેટલાંક પુરૂષ એટલાતો કોમળ અંતઃકરણના દેખાય છે કે કોઇને તેને વિષે એમ લાગે કે તે પરપીડા ન કરનારા એવા સર્વપ્રાણીઓના મિત્ર છે. અને,

મનુષ્ય પ્રમાણે જીવિત્વનો ઉપભોગ લેવાને જેને સ્વતંત્રતા છે, એવા અતિ હળકા કૃમી કીટકનું રક્ષણ કરનારા એવા તે છે. અને એમ છતાં એવા કોમળ અંતઃકરણનો ડોળ ઘાલનારા પુરૂષ જે ઠેકાણે અને જે વખતે એવો ડોલ ઘાલે છે, તે ઠેકાણે અને તે વેળાએ જુદાં જુદાં છ જનાવરોનું માંસ કઢઈમાં તળીને ચટ ખાઈ જતાં મેં પ્રત્યક્ષ જોયલાં છે, તો તે કોઈને ખરૂં લાગશે કે ? એવી રીતે એ પોકલ ડોગ ઘાલનાર પુરૂષ જે પ્રાણીને વિષે પોતાનું માયાળુંપણું દરશાવે છે, તેજ તે માયાળુપણું દર્શાવેલાજ પ્રાણીને મારીને ચટ ખાઈ જાયછે, તેના આચરણ વિષે કેવડી વિલક્ષણીક વિરૂદ્ધતા છે ? સિંહ એ ભયંકર રીતે હલ્લો કરીને પ્રાણીને મારી ખાયછે. અને વાઘ એ દારૂણ કીકીઆરી કરીને પ્રાણીને બીવડાવી મારી ખાય છે. પણ મનુષ્ય અને બીલાડાં એ માત્ર બે પ્રાણીઓ એવાંછે કે તે ક્ષણિક જનાવરને મારીને ખાવા સારૂ તેમનાપર ઉપરથી લાડ અને પ્રેમ દરશાવી પછી છેતરીને મારી ખાય છે.

આ ગોલ્ડસ્મિથ જેવા અહિંસક દયાળુ સદ્ધર્મી પુરૂષો ઇંગ્લીશ વગેરે લોકોમાં પુષ્કળ થઇ ગયા, અને હાલ પણ તેવા છે. તેઓએ પણ ગોલ્ડસ્મીથ પ્રમાણે હિંસાકર્મ ઘણુંજ નિંદ્ય અને ખરાબ છે, એવો પોતાના ઉપદેશમાં લોકોને ઉદ્‌ગાર જણાવેલો છે. તે નીચે પ્રમાણેઃ—કવિ કાપર કહે છે કે—

"I would not rank that man among my friends,
Though graced with polished manners and good Sense,
Who heedlessly would set his foot upon a worm.
They are all the meanest thing that lives,
As free to live and to enjoy that life,
As He who made them first was free to give,
Who in his sovereign mercy made them all." *C.*

અર્થ—એકાદ મનુષ્ય સભ્ય ચાલનો અને બુદ્ધિમાન્ હોવા છતાં પણ જો તે ક્રિમિકીટક જીવજંતુને પગે છુંદીને ઠાર મારે છે, તો તેવા મનુષ્યને હું મારો મિત્ર કહેનાર નહીં. આ જગતને વિષે સર્વ પ્રાણી માત્ર ઈશ્વરની નજર આગળ તો ક્ષુલ્લક છે; અને એવા ક્રિમિકીટકોથી તે માનવપર્યંત સર્વ પ્રાણીને દયાળુ જગન્નિયંતાએ ઉત્પન્ન કરીને તેમને આયુષ્ય ક્રમણ કરીને રહેવા માટે એકસરખી સ્વતંત્રતા આપેલી છે.

" How will man, that sanguinary tyrant, be able to excuse himself from the charge of those innumerable cruelties he inflicts on the unoffendling subjects committed to his care, formed for his benefit, and placed under his authority by their common Father? whose mercy is over all his works, and who expects that his authority should be exercised, not only with tenderness and mercy, but in conformity to the

laws of justice and gratitude. But to what horrid deviations from these benevloent intentions are we daily witnesses ! No small part of mankind derive their chief amusements from the death and sufferings of inferior animals ; a much greater, consider them only as engines of wood of iron, useful in their several occupations." The cartman drives his horse, and the carpenter his nail, by repeated blows ; and so long as these produce the desired effect, and they both go, they neither reflect nor care whether either of them have any sense of feeling. The butcher knocks down the stately ox, with no more compassion than the black smith hammers a horse-shoe ; and plunges his knife into the throat of the innocent lamb, with as little reluctance as the talior sticks his needle into the collar of a coat. * * These, with innumerable other acts of cruelty, injustice, and ingratitude, are every day committed, not only with impunity but with out censure, and even without observation; but we may be assured, that thoy cannot finally pass away unnoticed and unretaliated." *P.*

અર્થ—પરમેશ્વરે ગાય ઢોર મેંઢાં બકરાં એવાં બિચારાં ગરીબ અને નિરૂપદ્રવી પશુ પ્રાણી ઉત્પન્ન કરીને અમારા લાભમાટે અમારે સ્વાધીન કરેલાં છે. તો પછી એવાં પશુને પુષ્કળ પ્રકારના જુલમથી દુઃખ આપે છે અને ઠાર મારે છે, એવો જે ઘાતકી માંસાહારી મનુષ્ય, તે જગન્નિયંતા પરમેશ્વર પાસેથી કેઈ રીતે પોતાનો છુટકો કરી લઇ શકશે ? જગન્નિયંતા પરમેશ્વર સર્વ ઉત્પન્ન માત્રને મમતાળુપણાથી ચહાય છે, અને એવી ઇચ્છા રાખે છે, કે હમો મનુષ્યોએ પશ્વાદિકો સાથે મોટી મમતા અને દયાથી વર્તવું. અરે માત્ર એટલુંજ નહીં, પણ તે પશ્વાદિક પાસેથી દુધ તથા ઉન વગેરેનો જે લાભ મળે છે, તેને માટે તે પશ્વાદિકનો ન્યાયથી આભાર માનવો. પરંતુ આવા આ ઈશ્વરના સારા ઉદાર ન્યાયી હેતુને લત્તા પ્રહાર કરીને તે હેતુ વિરૂદ્ધ મોટા ભયંકરપણાથી વર્તે છે—પુષ્કળ લોક બિચારા દૈનવાણી જનાવરોને દુઃખ દેવામાં અને તેને ઠાર મારવામાં મોટો આનંદ માને છે. તેમજ કેટલાક લોક તે જનાવરોને લાકડાનાં કે લોખંડનાં યંત્ર પ્રમાણે પોતાના કામમાં વાપરે છે. સુતાર ખીલા ઠોકીને બેસાડે છે અને ગાડીવાન પોતાના ઘોડાને ઠોકીને દોડાવે છે, અને કંઇ પણ ઇચ્છીત સ્થળે તે પહોંચે ત્યાંસુધી તે ખીલાને અને ઘોડાને આ પ્રમાણે ધમકાવીને ઠોકયા જોય છે. પરંતુ તે ખીલા અને ઘોડાને દુઃખ થતું હશે કે નહીં, તેને વિષે તેમના મનમાં કાંઇ વિચાર ન લેતાં કેવળ તે નિષ્કાળજી અને બે પરવા રહે છે. જેમ લુહાર ઘોડાની નાળને હથોડાથી ઘડે છે, તેમજ કસાઇ દયા છોડીને મોટા ભવ્ય બલદને નીચે નાંખી દે છે. અને પછી જે પ્રમાણે દરજી કપડા શિવતી વેળા મનમાં તેનું દુઃખ ન ધરતાં તેમાં

સોય ભોંકે છે. તે પ્રમાણે ખાટકી મનમાં જરા પણ દયા ન લાવતાં બીચારાં મેંઢાં બકરાંના ગળાંમાં છરી ભોંકે છે. આવા પ્રકારના જુલમના નિર્દય કૃત્ય અને તે સિવાય બીજા અનેક નિર્દયતાના, અન્યાયના અને કૃતઘ્નતાના એવા નીચ અઘોર કર્મ કરવાથી આપણુને દોષ લાગીને શિક્ષા થવાનીજ, એવું તે અઘોર કર્મીના ધ્યાનમાં આવ્યા સિવાય રહેતું નથી, એવું અમારા જોવામાં આવેછે. તાત્પર્ય-આપણે એવી પક્કી ખાત્રી રાખવી જોઇએ કે આખરે તે અઘોર કર્મને બદલે આપેણુને યથા ન્યાય શિક્ષા ભોગવ્યા સિવાય કદિપણુ છુટકો નથી.

"Remember, that when we destroy life of any kind, we destroy some thing we did not give, cannot restore, do not understand—which has many principles and elements exactly like our own—which demands of us, when we take it without provocation or need of selfpreservation, that we should not cast aside our common human feelings." *H.*

અર્થઃ—સર્વ મનુષ્ય માત્રને એટલુંજ કેહેવાનું છે કે જે વારે હમે એકાદા પ્રાણીનો નાશ કરીએ છીએ તેવારે તે પ્રાણીનો પ્રાણ કે જે પ્રાણુવિષે હમને પુરતું જ્ઞાન નથી, અને જે પ્રાણુ આપણુાથી અપાતો નથી, અથવા જે પ્રાણીને સંજીવન કરવાની આપણામાં શક્તિ નથી. અને તેવો જે પ્રાણુ તે શી વસ્તુ છે. તે આપણુને સમજાતું નથી. તથા મનુષ્યના પ્રાણુ પ્રમાણે જે પ્રાણુને જ્ઞાનેંદ્રિય છે. તેવા પ્રાણુનો હમે નાશ કરીએ છીએ. એવું હમારે સમજવું જોઇએ. પણ જો આપણુને એકાદ પ્રાણી મારવાને પ્રવૃત્ત થયું હોય, તો તેવે પ્રસંગે સ્વ પ્રાણુ રક્ષણ માટે તે પ્રાણીને મારવું ઘટે છે. પરંતુ તેવા યોગ્ય કારણ વિના જો હમે પ્રાણીને માર્યું, તો પછી પરમેશ્વરે હમને આપેલી જે પ્રીતિ અને માયા તેને મુસ્કેટાટ બાંધી હમે તેને રસાતલમાં ઘાલી. એવું કલંક હમારી માનસીક ભુતદયાને લાગશે.

"I cannot think it extravagant to imagine that mankind are no less, in proportion, accountable for the ill use of their dominion over creatures of the lower rank of beings, than for the exercise of tyranny over their own species. The more entirely the inferior creation is submitted to our power the more answerabe we should seem for our mismanagement of it, and the rather, as the very condition of naturs rendere these creatures incapable of receiving any recompense in another life for their ill treatment in this." *Gu.*

અર્થઃ—આપણા ભાઇબંધ મનુષ્ય જાતી પર કોઇએ જુલમ કર્યો, તો તે જુલમગારને જગન્નિયંતા પરમેશ્વર આગળ જેમ જવાબ આપવો પડશે. તેમજ દૈન્ય વાણી પશુ આદિને કોઇએ દુઃખ દીધું, કે તેને ઠાર માર્યું, તો તે અપરાધ બદલે તે જુલમી માણુસને ઈશ્વર આગળ જવાબ આપવો પડશે,

તેમાં કાંઈ પણ સંશય નથી. દૈન્ય વાણી જનાવરો પર અમારૂં સ્વામિત્વ જેમ જેમ દ્રઢ થતું જાય છે. તેમ તેમ તે જનાવરોપર હમે જુલમ કરવા કે દુઃખ દેવા લાગ્યા છીએ, તો તેના બદલામાં દોષી અને ગુન્હેગાર ઠરીને ઈશ્વરઆગળ હમારે વિશેષ જવાબ આપવો પડશે. કારણકે આ સૃષ્ટીમાં ચાલતી આવેલી સ્થીતિ ઉપરથી એવું સમજાય છે કે જે યોનીમાં તે જનાવરનો જન્મ છે, તે યોની તેણે છોડયા છતાં પૂર્વજન્મના અનુભવેલા દુઃખનેબદલે સુખનો ભોગ તેને મળતો નથી.

"But if our sports are destructive, our gluttony is more so and in a more inhuman manner. Lobsters roasted alive, pigs whipped to death, fowls sewed up, are testimonies of our outrageous luxury." *Gu.*

અર્થઃ—કેટલાક ક્રૂર નરાધમ પોતાનું મનરંજન થવા માટે શિકાર કરીને બીચારા દૈન્યવાણી જનાવરને ઠાર મારે છે, તે વાત હાલ તરત એક બાજુ રહેવા દો. પરંતુ પોતાના ખાવરાપણાને અને જીભના ચટાકાને લીધે કેટલી નિર્દય અને ક્રૂરપણાથી હિંસા થાય છે, તે જુઓ—- એંકડ જાતના નાના જનાવરોને જીવતાં ને જીવતાં બાફે છે! તેમજ ડુકરને ચાબુકે ચાબુકે મારીને તેનો પ્રાણ લે છે! અને જીવંત મરઘીના પીછા ઉખેડીને મારે છે! એ સર્વ કૃત્યપરથી એવું સિદ્ધ થાય છે, કે પોતાના ખાણામાં જે મોજ મઝા માને છે, તે તદન નિર્દયતા અને જુલમથીજ ભરેલી છે.

"In France vegetable diet prevails to a very great extent. M. Dupin informs us that two thirds of the French people, to this day, are wholly deprived of animal food; and live on chesnuts, or maize, or potatoes.—The peasantry of Norway, Sweden, Russia, Denmark, Poland Germany, Turkey, Greece, Switzerland, Spain, Portugal, and of almost every other country in Europe, subsist principally, and most of them entirely on vegetable food." *F.*

અર્થઃ—ફ્રાન્સ દેશમાં માત્ર વનસ્પતીનોજ આહાર ઘણે ખરે ઠેકાણે ચાલુ છે. એમ ડયુપિનના લખાણ ઉપરથી એવું સમજાય છે કે આજ પર્યંત ત્રીજે ભાગથી વધારે ફ્રેંચ લોક માંસ આહાર કરતા નથી. પણ બાજરી, જુઆર, બટાટા, એવી એવી વનસ્પતી પર પોતાનું પેટ ભરે છે. નૉર્વે, સ્વીડન, રશિઆ, ડેન્માર્ક, પોલન્ડ, જર્મની, ટર્કી, ગ્રીસ, સ્વીઝર્લંડ, સ્પેન, પોર્તુગાલ, વગેરે યુરોપ ખંડના બીજા કેટલાક દેશોમાં ઘણું કરીને સર્વ ખેડુત લોકો માત્ર વનસ્પતી એટલે ભાજીપાલો, ધાન્ય અને ફળ ફળાદિ પર પોતાનો ગુજારો રાખે છે. હવે, કેવળ વનસ્પતીપર રહેનારા બળવાન, શૂર અને નિરોગી હોયછે, તેવિષે થોડા દાખલાઃ—

"At Salford, in Lancashire, there is a religious community, under the denomination of Bible Christians, who, from religious motives, abstain from animal food; and their minister, the Reverend John Booth Strettles,

has kindly answered many inquiries, which I made respecting, the health &c. of the members of that Society.—He observes"—"As to your first question, respecting the health and strength of those who adopt the vegetable diet, I have had no reason,—I have neither seen nor heard of any, to doubt that in strength they are equal, if not superior to those who live on flesh diet; while in health, as far as my éxperience and observation go they greatly excel them.—During the thirty four years which I and others with me have abstained from flesh—meat and liquor, I have known no injury to arise from such abstinence, either to young or old."

અર્થઃ—લ્યાંકેશાયરમાં સાલફર્ડ નામે શેહેરમાં "બાઇબલ ક્રિશ્ચિયન" નામની એક ધર્મ મંડલી છે. તે પોતાના ધર્મનો હેતુ પૂર્ણપણે સમજીને માંસ આહાર કરતા નથી. તે મંડલીના ઉપાધ્યાને પ્રશ્ન કરવા ઉપરથી તેણે મને એમ કહ્યું કે, કેવળ વનસ્પતી એટલે ધાન્ય, ફળફળાદિ, અને ભાજીપાલો ખાનારાઓ માંસ ભક્ષક કરતાં કદાચિત્ જાસ્તી બળવાન્ ન હશે, તો પણ તે શક્તિમાં તો સરખાજ છે. આરોગ્યતા વિષે બોલીએ તો વનસ્પતી પર રેહેનારાની શરીર પ્રકૃતિ માંસ ભક્ષકો કરતાં નિરોગી હોય છે, તે વિષે મને સ્વતઃ અનુભવ છે. અને બીજા બહુ ઉદાહરણો મેં જોયાં છે. આજ ૩૪ વર્ષ થયા—મેં અને મારા બરોબરીના બીજાઓ-એ મદ્ય માંસના છોડવાથી નાના કે મોટા પર કાંઇ પણ અપકાર થડાયો, એવું મારા જોવામાં આવ્યું નથી.

"The celebrated Lord Heathfield who defended the fortress of Gibralter with such consummate skill and persevering fortitude was well Known for his hardy habits of military discipline. He neither ate animal food nor drank wine;—his constant diet being bread and vegetable and his drink water." *F*

અર્થઃ—લાર્ડ હીથફીલ્ડ નામે એક પ્રખ્યાત સરદારે મોટી ચાતુરીથી જીબ્રાલ્ટરના કિલ્લાનું રક્ષણ કરયું. અને લશ્કરી કવાયતમાં તેની બળકટ કળા અને ખંતી ધૈર્ય માટે મોટો પ્રસિદ્ધ છે જે કદિ પણ મદ્ય માંસ સેવન કરતો ન હતો. તે સદૈવ શાક ભાજી અને રોટલી ખાઇને તથા પાણીજ પીને નિર્વાહ કરતો હતો.

"" My health " says Mr. Jackson a distinguished surgeon in the British Army, has been tried in all ways and climates and by the aid of temperance and hard work, I have worn out two armies in two wars and probably could wear out another before my period of old age arrives I eat no animal food, drink no wine or malt liquors nor spirit of any kind. I wear no flannel and regard neither wind nor rain, heat nor cold when business is in the way" *F*.

અર્થઃ—ઇંગ્રેજી લશ્કર ખાતામાંનો જ્યાકસન નામનો એક પ્રખ્યાત ડાકટર

(વૈદ્ય) કહે છે કે, સર્વ પ્રકારની દવામાં મેં મારી શારીર પ્રકૃતિનો અનુભવ લીધેલો છે. મિતાહાર અને સકત મેહેનતથી હું બે લડાઇ લડયો; અને તે લડાઇમાંના સર્વ મનુષ્ય માર્યા ગયા. તોપણ હજી હું વૃદ્ધ થવા પેહેલાં ત્રીજી એકાદી લડાઇ લડીને તેમાંથી પણ પાર થઇશ એટલી હિંમત મારામાં છે. હું કોઈ પણ પ્રકારનું માંસ ખાતો નથી, અને કોઇ પણ જાતનો દારૂ પીતો નથી. વળી ઉનના કપડા હું કદિ વાપરતો નથી, અને એકાદું કામ પડયું, તો તે પ્રસંગે પવન, વરસાદ કે થંડીને હું ગણકાવતો નથી. મનુષ્યમાત્રે હિંસા કે માંસ ભક્ષણ કરવું નહીં. તેને માટે સંક્ષિપ્ત કારણો ગ્નાતા ઇંગ્રેજોએ આપેલાંછે. તેમાંનાં કેટલાક કારણ નીચે પ્રમાણે:—

1: BECAUSE it is shown, from the testimony of Vegetarians, that they enjoy comparative immunity from disease. Many have lived to old age with scarcely a day's sickness, after adopting the Vegetarian pratice. It is matter of common experience that the most flesh-eating nations are generally the most diseased. 2. Because the Spartans, who, " for muscular power, physical energy, and ability to endure hardship, perhaps stand unequalled in the history of nations, were Vegetarians, as well as the armies of Greece and Rome, in the time of their conquests; the departure from their simple habits being soon followed by decline. But when flesh-meat was adopted afterwards, those hitherto athletic men became sluggish and stupid. " 3. Because many of those who have opened out to the world fresh tracts of thought, and travelled untroddden paths of knowledge, have, from their own private convictions, become, either wholly, or, for a time, Vegetarians. Among others may be named Pythagoras, Plato, Plutarch, Diogenes, Zeno. 4. Because those who live on Vegetarian diet are, as a class, heavier, harder, in muscle, capable of greater endurance, and of performing greater feats of strength, than those who live on a mixed diet; as proved by Professor Forbes from experiments on flesh-eating Englishmen, porridge eating Scotchmen, and potato and bread-eating Irishmen; the Scotchmen, being superior in height, weight and strength to the Englishmen, and the Irishmen supperior to both. " The Laplanders, living on flesh, are a diminutive race, while the Finns *who inhabit the same climate*, and live chiefly upon the products of the soil are as fine a race as the Swedes or Norwegians. 5. Because Vegetarian diet gives a more youthful and beautiful appearance to the "human face divine. " Adam Smith, in his " wealth of Nations, " states that the most beautiful women in the British dominions are from the lower ranks of the people of Ireland, who are generally fed with potatoes. It is also matter of observation that those who abstain from flesh as food (other habits being correct) live to a good old age. The " riotous eaters of flesh, " on

the contrary, seldom attain longevity. 6. Because every human sense is shocked, and the best feelings of the best men and women outraged, by the quivering limbs, the horrid moans, and the dying struggles of the poor animals as they receive from the "*butcher*" the wounds necessary to end their existence; and because it is inconsistent with Infinite Wisdom, unreasonable, and quite impossible of belief, to suppose that man, who has an instinctive abhorrence of deeds of blood, should have been designed to subsist on flesh as his natural or necessary diet. 7. Because (*a*) man sweats, as do herbivorous animals, but carnivorous animals do not sweat; because (*b*) man masticates, as do the herbivora, but the carnivora do not masticate, and have no teeth suited for it; because (*c*) man drinks, as do the herbivora, but the carnivora only lap; because (*d*) man, as the herbivora, has abundant saliva, while the carnivora have little. 8. Because the testimony of the most eminent chemists—Liebig, Boussingault, and others—proves that, in consuming the flesh of animals, we consume, strictly speaking, only the vegetable productions which have served for their nutriment; and consequently obtain them at "second-hand;" 9. Because flesh contains only 36 per cent of solid nutriment; 64 parts being water, while many vegetable productions, such as grain and other farinaceous food, contain from 80 to 90 per cent of solid nutritious matter. 10. Because economy being one of the grand distinguishing features of nature, and the productions of the vegetable kingdom four or five hundred per cent cheaper than the same amount of food derived from the flesh of animals, it is unnatural, as well as unphilosophical and unbusiness-like, to pay dearer for an inferior article. 11. Because a large proportion (some say nineteen out of every twenty) of the animals slaughtered for the public market are diseased; which is caused by putting the animals into an unnatural condition, in order to fatten and otherwise prepare them for the public market. 12. Because, while the Almightly has implanted in those animals which feed upon flesh instincts which lead them to seek their food by night, man's natural instincts lead him to sleep by night and to eat and work by day. 13. Because those animals which, for power of endurance and rapidity of motion, are valued for our service, derive the whole of their strength and nutriment from the vegetable kingdom: such are the horse, the camel, the elephant, &c. 14. Because those animals which live on flesh are vicious, savage, and dangerous; while those that live on vegetable productions are mild, docile, and tractable. Even animals naturally savage, by being fed on meal-porridge, bread, milk, &c., seem to lose their ferocity, as, for instance, the dog and the domestic cat; while sheep, and other gentle animals, have become savage

and dangerous when fed on flesh. 15. Because a Vegetarian diet, by contributing to the physical health of man, improves likewise his moral condition, besides conducing in no small degree to the healthy development of the intellectual faculties. 16. Because the flesh-eating habits of the so-called civilised world render necessary the setting apart of a whole class of men for the performance of the degrading and brutalising office of slaguhtering animals for food. 17. And because neither Holy Scripture nor any other authority shows the mechanism or physical structure of the human body to be in anywise different now from what it was when the Creator pronounced it "good." 18. Because the eating of flesh is referred to in the Old Testament as a symbol of the worst abominations ; while the praise of the promised land was, that it yielded grapes, figs and pomegranates, and was a land flowing with milk and honey. 19. Because Vegetarianism is a protest against those evil which most beset wealthy nations—luxury, intemperance, and vice; it entirely supersedes that sport with the miseries of innocent animals, which makes us lower than barbarians ; hereby also it inculcates sympathy and benevolence; encourages all movements which promote the well-being and elevation of the human family ; and practicallv discourages war and slavery, cruelty and inhumanity, whatever shape they may take.

અર્થ—૧વનસ્પતિ આહારી માંસ ભક્ષણ કરનારા કરતાં નિરોગી હોય છે. તેણે કરીને મંદવાડ વીના ઘડપણ ભોગવે છે. વનસ્પતિ આહારી લોક ઘણી મેહેનતથી જલદી થાકતા નથી. અને તેમને જ્વરાદિ સ્પર્શ રોગો માંસ ભક્ષક લોકોની પેઠે બાધક થતાં નથી. માંસ ભક્ષકોમાં રોગી ઘણાંજ હોય છે, તે ચક્ષુ વૈસત્યં છે. ૨—સ્પાર્ટન લોક વનસ્પતિ આહારી હોવાથી તેમની શારીરિક શક્તિ, સહન સીલતા, ધૈર્ય અને હિંમતની બરાબરી જગતના કોઈપણ લોકથી થઈ શકી નથી અને તેજ પ્રમાણે ગ્રીસ અને રોમ અહીંઆનું તેઓની ચઢતી કળા વખતનું સૈન્ય કેવળ વનસ્પતિ આહારી હતું. પરંતુ જેવારે તેઓમાં માંસ આહાર શરૂ થયો, તેવારે તે બલવાન માણસો સુસ્ત અને મંદ થવાથી બુદ્ધિહીન અને રાજભ્રષ્ટ થયાં. ૩—જેણે ઉત્તમ જ્ઞાન માર્ગ અને સુવિચાર લોકો આગાળ મુકયા. તે ગૃહસ્થો કેવળ વનસ્પતિ આહારી હતા; તેમાંનાજ પેથોગોરસ, પ્લેટો, પ્લુટાર્ક વગેરે થઇ ગયા છે. ૪—મિશ્ર આહાર કરતાં વનસ્પતિ આરારથી સ્નાયુ વજનદાર અને કઠણ થઈને સહનશક્તિ વધીને બલીષ્ટ કામ થાય છે. આ અનુભવ પ્રોફેસર પાર્કસ એણે માંસ ભક્ષક ઇંગ્રેજો ધાન્ય પીષ્ટાહારી સ્કૉચ, અને બટાટા ભાખરીના ખાનારા આયરીશ એ લોકોની વચ્ચે જોયો ઇંગ્રેજ કરતા સ્કોચ લોક ઉંચાઇ, વજન, અને શક્તિમાં શ્રેષ્ઠ છે, માંસ ભક્ષક લાપ્લેંદર એ ઠીંગણી જાત છતાં તેજ હવામાં રેહેનારી ફીન્સ લોકને ખેતરમાંની ધાન્યની ઉત્પતિપર રહીને સ્ખેઠસ સરખાં સુંદર

અને ભવ્ય ગુણ પ્રાપ્ત હોય છે. એ ભેદનું મુખ્ય કારણ તેઓનો આહાર. ૫—વનસ્પતિ આહારથી મનુષ્યનો ચેહેરો વધારે સુંદર અને પ્રફુલીત દેખાય છે. બ્રિટિશ રાજ્ય મધ્યે સુંદર સ્ત્રી કહીયે તો ઘણું કરીને બટાટાપર ગુજરાન ચલાવનારી ઉતરતી પદવિની આયર્લંડનીજ સ્ત્રી હોય છે. વનસ્પતિ આહારી લોકને જો કોઇપણ પ્રકારનો છંદ કે વ્યસન ન હોય તો અત્યંત વૃદ્ધાવસ્થા પર્યંત સારી સ્થિતિમાં તેઓ રહે છે; પણ માંસ ભક્ષક લોક તો તેથી ઉલટા ઘણા દિવસ બચતા નથી. ૬—પ્રાણ જવા જેવા જખમો ગરીબ જનાવરને ખાટકી કરે છે. તેવારે તે અનાથ દીનવાણીવાળા જનાવરના કાંપતા શરીર અવયવ અને ભયંકર દુઃખનો નિશ્વાસ તથા મરણ સમયની તડફડાટ એ પ્રત્યક્ષ જોઇને પ્રત્યેક મનુષ્ય પ્રાણીની જ્ઞાનશક્તિને ધક્કો બેસે છે. અને ઉત્તમ સ્ત્રીપુરૂષમાંથી ઉતમ મનવાળાનું કાળજું ગભરાય છે. વળી મનુષ્યોને સ્વભાવતઃ રક્તસ્ત્રાવનો ત્રાસ અને કંટાળો હોય છે. એવા તે મનુષ્યે પોતાના સ્વાભાવિક સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ માંસ ભક્ષણ કરવું. એ તેના મનુષ્યત્વને હિણાન આણનારૂં નીચ અઘોર કૃત્ય છે. ૭—વનસ્પતિ આહારી જનાવરની માફક મનુષ્યને પરસેવો આવે છે, પણ માંસાહારીને તેમ આવતો નથી. વળી મનુષ્ય વનસ્પતિ આહારી જનાવર પ્રમાણે અન્ન ચાવીને ખાય છે; પરંતુ માંસ ભક્ષક તેમ ચાવીને ખાતો નથી. અને તેવા ચાવી ખાવા લાયક દાંત તેમને આપેલાં પણ નથી. મનુષ્ય એ વનસ્પતિ આહારી પ્રાણી પ્રમાણે હોઠથી ઘુટડો ભરીને પાણી પીએ છે, પણ માંસ ભક્ષક પ્રાણી જીભથી ચાટી ચાટીને પાણી પીએ છે. મનુષ્યને વનસ્પતિ આહારી પ્રાણી પ્રમાણે લાળ અને થુંક પુષ્કળ હોય છે; પણ માંસ ભક્ષકને તે ઘણી થોડી હોય છે. ૮—પ્રસિદ્ધ રસાયન શાસ્ત્રવેતાએ સિદ્ધ કર્યું છે કે જનાવરના પૌષ્ટિક આહારાર્થે વનસ્પતિજન્ય તત્વ જે ઉપયોગી પડે છે, તે વપરાઇ રૂપાંતર પામી સત્વગુણહીન થઇને હમારા માંસ ભક્ષણમાં આવે છે. ત્યારે તે વનસ્પતિ આહારમાં આવનારા સત્વ ગુણયુક્ત શુદ્ધ તત્વને છોડીને રૂપાંતર પામેલા સત્વગુણ હીન થયલા માંસને ખાવું, એ કેટલું મૂર્ખપણું? ૯—માંસની અંદર સેંકડે ૩૬ ભાગ સંગીન પૌષ્ટીક તત્વ અને ૬૪ ભાગ પ્રવાહી પાણી હોય છે, પણ અનાજ અને વનસ્પતિની અંદર ૯૦ ભાગ સંગીનુ પૌષ્ટીક તત્વ અને ૧૦ ભાગ પ્રવાહી પાણી હોય છે. ૧૦—વનસ્પતિનો ખોરાક જનાવરના માંસ કરતાં છઠે હીસ્સે સસ્તો છે, તે વારે તે હલકા દરજ્જાના પદાર્થની ભારે કિંમત આપી તે લેવો. એ અયોગ્ય અને અવ્યવસ્થિત કર્મ છે. ૧૧—માંસને માટે મારેલાં પશુઓમાં પ્રત્યેક વીશે ઓગણીશ એ પ્રમાણે રોગી હોય છે. અને તે રોગની ઉત્પત્તિ, પશુ લઠ બનીને તેની બજારમાં સારી કિંમત આવે એવા હેતુથી તેને સૃષ્ટિક્રમ વિરૂદ્ધ રાખ્યાથી થાય

છે. ૧૨—ઈશ્વરે માંસ ભક્ષક પશુઓને જે અંગજ્ઞાન આપ્યું છે, તેને યોગે કરીને તે પોતાનો માંસ આહાર રાતના સોધે છે. પણ મનુષ્યની અંદર જે તર્કશક્તિ મુકેલી છે તેને અનુસરીને તે રાતના સુએ છે, અને દિવસનું કામ કરી પોતાનો નિર્વાહ ચલાવે છે. ૧૩—દુઃખ સહન શક્તિ અને ચપળતા હોવાથી જે જનાવરો અમને ઘણા ઉપયોગી થઇ પડે છે, તેમને તે વનસ્પતિના ખોરાકથીજ તેવી શક્તિ, પુષ્ટિ અને ચપળતા પ્રાપ્ત થાય છે. તે જનાવર તે મેંઢા, ઘોડા, ઉંટ, હાથી, ગાય, બેલ વગેરે. ૧૪—જે જનાવર માત્ર માંસ ઉપર પોતાનો નિર્વાહ કરે છે, તે જનાવર દુષ્ટ જંગલી, અને ભયંકર હોય છે, પણ જે વનસ્પતિ ઉપર ગુજરાન કરનારા છે; તે શાંત, પળાય એવા, અને શિખવવાલાયક હોય છે. સ્વાભાવિક જંગલી જનાવર છતાં પણ તેને દુધ, રોટલી, અને ધાન્યનો ખોરાક આપવાથી તેની ક્રૂરતા કમી થતી દેખાય છે. ઉદાહરણમાં:—ઘરમાં પાળેલાં કુતરાં, બીલાડાં, મેઢાં અને બીજા શાંત જનાવરોને માંસાહારી કરવાથી તેઓ જંગલી અને ભયંકર સ્વભાવના થયલા છે. ૧૫—વનસ્પતિ આહારથી મનુષ્યની શારીરપ્રકૃતિ નિરોગી રહીને તેની નૈતિક સ્થિતિ સુધરે છે. શિવાય બુદ્ધિ, અને જ્ઞાનશક્તિ પણ સદૃઢ થાય છે. ૧૬—સુધરેલી કેહેવાતી જગાએ માંસ ભક્ષણની આદતે કરીને જનાવરને ભક્ષ કરવા માંટે ક્રૂરતાથી ઠાર મારનારાનો સર્વ સાધારણ મનુષ્યથી ભિન્ન એવો એક નિરાળો વર્ગ હોવો આવશ્યક થઈ પડેલો છે. ૧૭—પ્રારંભે મનુષ્યનો શારીરીક કે માનસીક બાંધો હમણાના કરતાં ભિન્ન હતો તેને માટે પવિત્ર પુસ્તક (બાઇબલ)માં કે બીજે કોઇ ઠેકાણે કોઇ પ્રમાણ નથીજ. ૧૮—ઓલ્ડટેસ્ટેમેંટ (જુના બાઇબલ)માં માંસ ભક્ષણ કરવું, એ ઘણું નિંદિત માને છે. અંજીર, દ્રાક્ષ, વગેરે વનસ્પતિ ભક્ષણ કરનારા લોક, જ્યાં વાસ કરે છે, તે ભૂમિ શુદ્ધ પવિત્ર છે. ૧૯—વનસ્પતિ આહાર, એ શ્રીમાન્ એશ આરામી અને વ્યસની લોકોથી હોનારા અરિષ્ટોનું અને અપકારોનું પ્રતિબંધક છે; નિરૂપદ્રવી જનાવરોને દુઃખ દેનારા જે ખેલ તે નહી જોવા કરે છે, જે ખેલે કરીને અમે જંગલી કરતાં પણ નીચ થઇએ છીએ; વનસ્પતિ આહારથી ઉદારતા અને દયા ઉત્પન્ન થાય છે; માનવી પ્રાણીના કુટુંબની ઉન્નતિને ઉત્તેજન મળે છે; અને લડાઈ ગુલામગીરી, અને નિર્દયતા, એનો પ્રત્યક્ષ લય થાય છે.

"Assaad Yokoob Kayat a native Syrian in a speech at Exeter Hall (16th May 1838) remarked that he had lately visited Mount Lebanon, where he found the people as large as Giants and very strong and active. They lived almost entirely on dates and there were many among them, one hundred and one hundred and ten years of age." *F.*

અર્થ—સીરીઆ પ્રાંતમાં યાકુબ કેટ નામનો એક ગૃહસ્થ સંભાષણ કરતાં એવું બોલ્યો કે થોડા દિવસ પેહેલાં લેબેનન પર્વત પર ગયો હતો. ત્યારે તેણે ત્યાંના લોકોને રાક્ષસ જેવા બળવાન અને ચંચળ જોયા હતા. તેઓ લોકો માત્ર ખજુરનો ખોરાક ખાઇને પાણી પીને ગુજારો કરતા હતા. અને તેમની અંદર ઘણાં જણ સોથી એકસો દશ વર્ષની વયના હતા.

"His Majesty has a great disinclination for flesh; and he frequently says, "Providence has prepared a variety of food for man, but through gluttony, he destroys living creatures, and makes his body a tomb for beasts.' A.

અર્થ:—અકબર બાદશાહને માંસ ભક્ષણનો ઘણોજ કંટાળો છે, અને તે વારંવાર કહેતો કે ઈશ્વરે મનુષ્ય માટે ધાન્ય, ભાજીપાલો, અને ફળફળાદિ એવો અનેક પ્રકારનો ખોરાક નિર્માણ કરેલો છે, તે છતાં પણ મનુષ્ય અજ્ઞાનતાથી અને ખાવરાપણાથી જીવંત પશુ, પક્ષ્યાદિ પ્રાણીનો નાશ કરે છે, અને પોતાના શરીરને પ્રાણીઓનું કબરસ્થાન કરે છે. (આઇને અકબરી).

"Cyrus who raised Persia from an obscure rude colony to one of the most powerful and splendid Empires the World ever saw,–who performed more extraordinary marches, fought more battles, won more extraordinary victories, and exhibited more personal prowess and bodily power of effort and endurance, than almost any other general that ever lived, subsisted, from childhood, on the simplest and plainest diet of vegetable food and water and the Persian soldiers who went with him, through all his career of conquest and shared with him all his hardships, toils and dangers, and on whom, he always placed his main dependence in battles and with whom he was able to march thousands of miles in an incredibly short time, and conquer armies of double the number of his own, were like himself, trained from childhood on bread, cresses, and water; and strictly adhered to the same simplicity of vegetable diet, throughout the whole of their heroic course; without relaxing from the stern severity of their abstemiousness even in the hour of victory when the luxuries of captured cities lay in profusion around them." F.

અર્થ:—અપ્રસિદ્ધ અને વેરાન વસ્તીવાળા ક્ષુલ્લક પર્શિઆ દેશને જેણે બળવાન, ભવ્ય, અને કદિ કોઈના ન જોવામાં આવેલો એવા સાર્વ ભૌમત્વપ-

ણમાં આણ્યો; તથા પોતાનું સૈન્ય ઘણી અપૂર્વ રીતીએ એક દેશથી બીજો દેશ લઈ જઇને ઘણી લડાઇઓ જેણે મારેલી; તથા સહનતા, ખંતીપણું, શારીરબળ અને શારીરિક પરાક્રમ દાખવીને અલૌકિક જય જેણે સંપાદન કરેલો; અને જેના જેવું આજ લગી થઇ ગયલા સરદારોએ એક પણ કૃત્ય કરેલું નહીં એવો પ્રખ્યાત સાયરસ બાદશાહ એ નાનપણથીજ નિર્મલ અને સાદો ખોરાક જે ભાજીપાલો, ફળફળાદિ, અને પાણી પરજ રેહેતો અને તેમજ જે સીપાઇઓએ તેના સર્વ જયના વર્તન ક્રમની અંદર તેની સાથે ગમન કરીને સર્વ પ્રકારના ભય, દુઃખ અને શ્રમ પણ ભોગવ્યા; અને જેના પર તેણે લડાઇમાં પોતાનો પૂર્ણ વિશ્વાસ નિરંતર રાખ્યો હતો, અને જેની સાથે થોડી અને અવિશ્વાસી વેળાએ હજારો કોશ ચાલી જવાને, અને પોતાની સેના કરતાં દુપટ શત્રુની સેનાને જીતવાને તે શકિતમાન હતા, એવા જે પર્શિયાના સિપાઇઓ તેપણ તે પોતાના બાદશાહ પ્રમાણેજ બાળપણથી માત્ર ભાકરી; હલીમ, અને પાણીપરજ પોતાની ઉપજીવિકા કરતા હતા; તે પોતાના સર્વ યુદ્ધ પ્રસંગમાં ફકત તે સ્વચ્છ વનસ્પતીજ ખાઇને રેહેતા અને તે ખાધાથી તેમને કોઈ પ્રકારની ક્ષીણતા દેખાતી ન હતી. એવા શેંકડો દાખલા મલી આવે છે; પણ વિસ્તાર ભયથી બધા લખી શકાતા નથી. અને વળી જે દાખલા ઉપર આપેલા છે, તે કોઇ પણ મનુષ્ય વનસ્પતી પર પોતાનો નિર્વાહ કર્યાથી શરીરે સદ્દઢ અને નિરોગી રહે છે, એવી ખાત્રી થવાને પુરતા છે. જુઓ કે તે સાયરસ બાદશાહ અને તેના લાખો સીપાઈ ફકત વનસ્પતી પર ગુજરાન કરીને સેંકડો લડાઈઓ જીતવા લાયક કેવા બલવાન, નિરોગી અને ધૈર્યવાન રહેલા હતા ! અને તે લેબનન પર્વત પર કેવળ ખજુરના આહાર પર રેહેનારા છતાં દૈત્ય પ્રમાણે કેવા બળવાન શૂર વીર અને દીર્ઘાયુષી હતા !

માંસ ઉત્પન્ન કરવા માટે કામે લગાડેલી જમીનથી જેટલા માણસનું પોષણ થાય છે, તે કરતાં વધારે માણસનું પોષણ તેજ જમીન ધાન્ય ઉત્પન્ન કરવા માટે કામે લગાડીએ તો હોય છે, એ નીચે લખેલી શોધ ઉપરથી સ્પષ્ટ થાય છે.

(1) The total of arable and pasture acreage of the United Kingdom, in 1880, was 47,586,700, which, at a production of 50lb. weight of butchers' meat per annum, would give a nett result of 2,379,335,000lb. or an amount sufficient, at 3 lb. per day, to feed 2,172,908 persons. If mankind were exclusively carnivorous, a much larger quantity would be required. The Canadian boatmen and the Esquimaux, when deprived of other food, consume from six to eight pounds daily. (2) If, however instead of being devoted to cattle raising, we suppose the same acreage to be under corn crops, and to produce on an average 1,420lb, to the acre, we have an annual return of 67,673,114,000lb., or an amount sufficient, at

two pounds per day, to feed 92,702, 896 persons. The real remedy for over population is *food reform*. This assertion is corroborated by a careful estimate of Dr. C. D. Hunter, who argues, that 42 men could be supported on 100 acres devoted to sheep raising, 53 on a dairy farm, 250 on wheat, and 683 on potatoes. (3) The testimony of history is clear, that population and civilisation increase only when the nomadic hunters settle down as cultivators of the soil.

અર્થ--માંસ પ્રાપ્ત થનારા જનાવરોના ચારા માટે લગાડેલી ૪૭૫૮૬૭૦૦ એકર જમીનમાં દર સાલ દર એકરે રતલ ૫૦ ને હીસાબે ૨૩૭૯૩૩૫૦૦૦ રતલ માંસ ઉત્પન્ન થઇને દર દીવસે ત્રણ રતલ પ્રમાણે ૨૧૭૨૯૦૮ માણુસનું પુરૂં થાય છે. મનુષ્ય જો કેવળ માંસ ભક્ષણ કરશે, તો તે જાસ્તી ખપીને તેટલા માણસને પુરશે નહીં. કાનેડી અને ખલાસી તથા એસ્કી મોક્ષ એ લોકોને વનસ્પતિ આહાર ન હોય, તો ૭ થી ૮ રતલ માંસ દરેક માણુસ દીઠ લાગે છે. હવે તેટલીજ જમીન માંસ પ્રાપ્ત થનારા જનાવરના ચારા માટે ન લગાડતાં ધાન્ય ઉત્પન્ન કરવાના ખેતીના કામમાં લગાડી, તો દર એકરે ૧૪૨૦ રતલ પ્રમાણે દર સાલ ૬,૭૬૭૩૧૧૪૦૦૦ રતલ અનાજ ઉત્પન્ન થઇને દરદિવસના બે રતલ પ્રમાણે ૯૨૧૭૨૮૯૬ માણુસનું પુરૂં થશે. લોક સંખ્યાનું માન જાસ્તી વધે છે. તેનેમાટે ખરો ઉપાય અન્ન સુધારણા છે આ સિદ્ધાંત ડા. હંટરે સારી રીતે ગણીતથી દેખાડેલો છે. તે એમ કહે છે કે માંસ પ્રાપ્ત થનારા જનાવરના ચારા માટે સો એકર જમીન લગાડીએ તો ૪૨ મનુષ્યનું પોષણ થશે. દુધ દહીના ખોરાક માટે લગાડી તો ૫૩ મનુષ્યનું; ઘઉં ઉત્પન્ન માટે લગાડી તો ૨૫૦ મનુષ્યનું અને બટાટા માટે લગાડી તો ૬૮૩ માણુસનું પોષણ થાયછે. ઈતિહાસ ઉપરથી એ સ્પષ્ટ છે કે લોકસંખ્યા અને ખરી સુધારણા અધિક દૃઢ થઇને વૃદ્ધિંગત થાય છે ક્યારે? તો જ્યારે દુષ્ટ હિંસક પારધી અને ખાટકી એ પોતાનું નીચ હિંસા કર્મ છોડીને ખેતી કરનારા ખેડુત બનશે ત્યારે.

Butchers' meat is much more than half water, and the portion which is not that fluid, is at best but grass and turnips second hand. × × Should we wish in winter for heat, meat stands very low in the scale for that purpose; also, indeed, the great virtue in butchers' meat has yet to be found, credulity alone attaches any importance to it, and custom only has sanctioned its use. Whilst in the heat-forming element–an element so important in these northern latitudes of ours–it is inferior to potatoes, and immeasurably defective as compared with wheat-meal, barley-meal, oatmeal and rice. Nitrogen and carbon are the two grand

agents employed by nature in the production of flesh and heat in connection with animal existence. Without these supplied in considerable abundance in our food, our bodies are neither sufficiently nourished nor warmed, and what we call ill-health is the warning given by nature that such is the case. In some of our commonest and cheapest vegetables, using the word in its full and proper sense, these elements are supplied in the greatest abundance. Why then buy butchers' meat at a shilling a pound, when there is a full third more nutriment in a pound of peas, costing twopence or threepence? Why seek heat for our bodies in beef or mutton, when it is to be found in oatmeal in an abundance five times greater, and in rice even over six times, and at much less cost?

અર્થ—પાણીમાં જે ગુણ છે, તેના અર્ધગુણથી કાંઇક વધારે ગુણ માંસમાં છે. અને તે માંસમાંનો પ્રવાહી તત્વ છોડી દેતાં તેમાંનો કઠણ અંશ જોઇએ તો ઘણોખરો વપરાયલા ઘાસ ચારા જેવો હોય છે. (**માંસ આ થંડીના દેશમાં ઉષ્ણતા ઉત્પન્ન કરવાના કામમાં આવે છે, એવો કેટલાક અજ્ઞાની લોકોનો માત્ર બકવાટ છે. પણ તે બાબે સદરહુ બેનેટ આ પ્રમાણે કહે છે.**) થંડીના વખતમાં ઉષ્ણતા માટે માંસ અવશ્ય ખાવું જોઇએ, એવું કેટલાકનું કહેવું છે, તે કેવળ ખોટું છે. થંડી દૂર કરવાના કામમાં માંસની અંદરનું ઉષ્ણતાનું પ્રમાણ જોતાં તે ઘણુંજ થોડું છે. માંસના ગુણ અવગુણનું જ્ઞાન સાધારણ લોકોના સમજવામાં આવતું નથી. માંસનું જે કાંઇ મહત્વ, તે માત્ર લોકોના ભોળાપણ ઉપરથી થયલું છે. વાસ્તવીક રીતે જોતાં અંધ પરંપરાની રૂઢીથી માંસાહાર ચાલેલો છે. શરીરમાં ઉષ્ણતા ઉત્પન્ન કરનારા જે તત્વ આપણી ઉત્તર તરફના અક્ષાંશમાં અત્યંત આવશ્યક છે, તે તત્વની અંદર માંસ એ બટાટાથી ઉતરતા ગુણનું છે, અને ઘઊં, જવ, ચણા, ચોખા તરફ જોતાં માંસનો ગુણ અત્યંત કમી દેખાય છે. પ્રાણીના જીવિત્વના સંબંધમાં સૃષ્ટિ નિયમાનુસાર શરીરમાં ઉષ્ણતા ઉત્પન્ન કરનારા નાયટ્રોજન અને કાર્બન એ બે તત્વ મુખ્ય છે. એ બે તત્વ આપણા અન્નમાં પૂરતા ન હોય તો આપણા શરીરને પૂર્ણપણે પુષ્ટિ અને ઉષ્ણતા મળવાની નહીં. આપણી કેટલીક અત્યંત સાધારણ અને સસ્તી શાકભાજીમાં તે તત્વ પુષ્કળ મળી આવે છે. તો પછી બે ત્રણ પૈસે શેરના ભાવના વટાણા કે જેની અંદર માંસ કરતાં ત્રણ ગણો વધારે પૌષ્ટિક ગુણ છે, તો વધારે એવા સસ્તા અને પુષ્ટિવર્ધક ચણા વટાણાદિ ધાન્યને છોડીને ખાટકી પાસે જઇ આઠ આને શેરનું માંસ શું કરવા વેચાતું લેવું?

શરીર માટે જે ઉષ્ણુતા જોઇએ તે ચણાદિ આહારમાં માંસ કરતાં પાંચપટ અને ગોખાદિના આહારમાં છપટ કરતાં પણુ વધારે મળે છે, તો તે થોડી કીંમતે મળતી પુષ્કળ ઉષ્ણુતાને છોડીને, થોડી ઉષ્ણુતાવાળું મોઘી કિંમતનું માંસ લેવાને શા માટે તત્પર થવું ? ધનુર્વાત, ફેફરૂં, અને અપસ્માર એવા કેટલાક ભયંકર રોગો પણુ માંસાહાર બંધ કરવાથી સારા થયલા છે, તે વિષેના ઘણા દાખલા મિ૦ વાડ, આપીને એવું કહે છેઃ—

Vegetables and fruits of all kinds give more or less an excess of alkalies. People who are content with "the herb bearing seed and the tree producing fruit" for their diet cannot have rheumatic pains, or fevers, or their joints cemented together as in rheumatic arthritis.

અર્થ—"સર્વ જાતીના ફળ અને વનસ્પતીના અંદર ક્ષાર પદાર્થ અધિક ન્યૂન પ્રમાણુમાં હોય છે. જે પુરૂષ ધાન્ય અને ફળનોજ ઉપયોગ પોતાના ભોજનમાં કરવાને સંતોષ છે, તે પુરૂષોને ધનુર્વાતની પીડા, જ્વર કે સંધી-વાયુઆદિ રોગ થતા નથી." માંસાહાર છોડીને વનસ્પતી આહાર વિશેષ રાખવાથી સદ્હું ધનુર્વાતાદિ ભયંકર રોગ સારા થાય છે, એવું મી૦ વાર્ડ લંડન ટાઇમ્સમાં છાપીને પ્રસિદ્ધ કર્યું. તે પ્રમાણે યુરોપખંડના લોકોએ અનુભવિ જોયું. અને તેની ઉપયુક્તતાના બદલામાં અનેક પત્ર લખાઇ આવ્યા, તેમાંનો એક પત્ર માત્ર નમુના તરીકે દાખલ કરવામાં આવે છે.

I boldly tell you that you never published anything of more value than the dietetic cure of rheumatism, i. e., the simple way to save 23, 000 lives a year, and to save numbers of people from incalculable sufferings. This Vegetarian teaching not only places human food on a scientific foundation, but at once it removes three-fourths of human diseases. It would destroy our game laws and our game preserves. The man who now holds 20,000 acres sacred to wild birds that he may have the pleasure of torturing and killing them, that he may feast on their torn limbs, would then find himself regarded as a public nuisance, and so nearly akin to a murderer and a tyrant that he must emigrate and herd with the red men of America, to save himself from more serious punishment. Then spade husbandry would compete with the steam plough. Our landless peasantry would be striving to outdo the farmers

as public benefactors. Our hills would be clothed with fruit trees, and our barren meadows become rich orchards.

હું ખાત્રીથી કહું છું કે ધનુર્વાત શમનાર્થે વનસ્પતિ આહાર સંબંધે ટાઈમ્સમાં પ્રસિદ્ધ કરેલા ઉપાય એટલા તો અત્યુત્તમ અને સ્વલ્પ છે કે તેણે કરીને પ્રત્યેક વર્ષે ૨૩૦૦૦ પ્રાણુ બચીને અત્યન્ત દુઃખમાંથી લોકસમુદાય મુક્ત થયલો છે. આ વનસ્પતિ આહારના શિક્ષણ ઉપરથી માનવ જાતના ભોગ્ય પદાર્થની સારી સિદ્ધતા થાય છે. એટલુંજ નહીં પણ તેણે કરીને પોણો ભાગ કરતાં પણ વધારે માનવી રોગો નહીં જેવા થઇ જાય છે. વળી વનસ્પતિ આહારે કરીને અમારા શિકાર સંબંધના કાયદા અને શિકાર કરવાની જગા એ બેઉ પણ નિર્મૂળ થશે. પક્ષીઓના હાલહવાલ કરવા, તેને મારવા, અને તેના વિદારેલા અવયવપર પોતાની ઉપજીવિકા ચલાવવી; તેટલા માટે જે મનુષ્ય હમણા ૨૦ હજાર એકર જમીન જંગલી પક્ષીઓની વસ્તીસ્થાન તરફ લગાડે છે; તે મનુષ્યને હવે એવું લાગશે કે, આપણે સાર્વજનિક ઉપદ્રવી, ખૂની અને અને જુલ્મી જેવા પ્રાણી છઇએ, અને તેથી વિશેષ કડક શિક્ષા ભોગવવી પડવાની તે ટાળવા માટે દેશાન્તરે એટલે અમેરિકામાં જઇને ત્યાંના લાલ મનુષ્ય સાથે વાસ કરવો જરૂરનો છે. અને એમ થવાથી પાવડેથી થનારી ખેતીવાડી જઇને વરાળ યંત્રના હળ થશે. અને ખેતીવિનાના ખેડુત લોક આબાદીને પામીને સાર્વજનીક હિતકર્ત્તા થશે. અમારા ડુંગરો પણ ફળયુક્ત વૃક્ષથી ભરાઇ જશે. અને અમારા ઉજડ ચરણો ફળ ઝાડથી ભરેલા ગીચ બગીચા થશે.

ઇંગ્લંડના અસલના ઍંગ્લોસેકસન અને બીજા લોકો જે જંગલી, અશિક્ષિત અને કેવળ માંસાહારી તથા દારૂબાજ હતા, તેથી તેમાંના ઘણા ખરા લોક રોગપીડિત રેહેતા હતા, અને વારંવાર મરકીનો આજાર ઉઠીને ગામે ગામ લાખો મનુષ્ય મરતા હતા. પણ પછવાડેથી જ્યારે વનસ્પતિ વાવાણુ થઇ તે વનસ્પતિનો આહાર તેઓમાં શુરૂ થયો, ત્યારે મરકી અને રક્તપીતી વગેરે ભયંકર રોગો કમી થવા લાગ્યા. આવી રીતે આ રોગનાશક વનસ્પતી આહારનો પ્રચાર કરનારા પ્રાચીન કાળના વિજયી રોમન લોક હતાઃ—

The Romans were an abstemious people. We search their teachings on agriculture in vain to find a single allusion to stall-fed cattle for human food. Oxen were beasts of burden. They ploughed the land and the ploughman thought as little of eating their toiling partners as of eating their harness or implements. We read of rich people having aviaries, that they could now and then eat a

small but fat bird, and fish ponds to occasionally vary their diet with fish; but the mass of the people were practically Vegetarians, and gloried in vegetables.

અર્થઃ—"પ્રાચીન કાલમાં રોમન લોક, એ માંસાહારી ન હોતા. તે લોકોના ખેતીવાડી સંબંધીના શિક્ષણના ગ્રંથો શોધી જોયા; પરંતુ તેની અંદર ગઉ ઢોર એ મનુષ્યના ખોરાક તરીકે વપરાવવા બદલ કાંઇ પણ પત્તો નથી. બલ એ ભાર વેહેનારા પશુ છતાં જમીન ખેડવાના કામમાં લગાડવામાં આવતા હતા. આ પોતાના શ્રમ વિભાગી બલદોને મારીને ભક્ષણ કરવા, એવું ખેડુત લોકના મનમાં તો કદિ આવ્યું ન હતું. પણ મોજીલા શ્રીમંત લોકો પોતાના શિકારખાનામાંથી નાના પણ લઠ્ઠપક્ષી જ્યારે ત્યારે મારીને અને કદિ કદિ તળાવમાં જાળ નાંખી માછલા પકડીને ખાવા લાગ્યા. પરંતુ સાધારણ લોક સમુદાય તો ફક્ત વનસ્પતિપરજ ઉપજીવિકા કરીને તેમાંજ વૈભવ માનતા હતા." વિજયી રોમનના રાજ્યમાં માંસાહાર અને મદ્યપાનાદિ વ્યસનની નિંધ ઉતરતી કળા લાગી ત્યારથી રક્તપીતાદિ ભયંકર રોગો ઉત્પન્ન થયાઃ—

Leprosy in England and Europe arose gradually after the destruction of the Roman Empire as fast as barbarism spread* with its uncleanness of personal habits, and its resort to animal food and beer as nearly exclusive articles of daily diet. In all ancient towns it was early found necessary to erect hospitals, and retreats, and churches, for those afflicted with leprosy. We have in England now hospitals built for lepers so ancient that their origin is unknown, such as the St. Bartholomew Hospital at Gloucester, and others. It is known that there were at least 9, 000 hospitals in Europe for leprosy alone. Louis VII. of France left legacies to over 2, 000 hospitals for lepers in his country.

અર્થઃ—'વનસ્પતિ આહારી રોમન રાજ્યનો નાશ થયા પછી ઈંગ્લંડ અને યુરોપ ખંડમાં રક્તપીત ને કુશ્ટાદિ ભયંકર રોગ ધીરે ધીરે વધવા લાગ્યા. માંસાહાર, મદ્ય પાન અને નિંધ વિષય સેવન કરવાનો ગંદો અને જંગલી પ્રચાર જેટલો જલદી પસર્યો, તેટલોજ જલદી રક્તપિત્તાદિ રોગનો પ્રાબલ્ય પ્રચાર સઘળા પ્રાચિન શેહેરમાં થઇને તે પીડાથી પીડાનારા લોકને માટે હાસપીટલ (દવાખાના) એકાન્ત ગૃહ અને દેવલો સ્થાપન કરવા આવશ્યક થઇ પડયા. ઇંગ્લંડમાં હમણા રક્તપિતિઓની હાસ્પી-

* The Jutes, Angles, and Saxons who invaded our coasts and settled on our soil fed as coarsely as savages is nearly or quite true, and they suffered fearfully from disease in consequence. They filled the country with suffering, and made in every solitary spot a lazar-house. Among them the pestilence was not occasional but constant. So it continued on through the Norman invasion, and even after they had become English, from throne to cottage, and only declined as vegetables became a large proportion of their daily food.

ટલો તો એટલી પ્રાચિન છે કે તે ક્યારે અને કોણે બાંધી તેનો પત્તા પણ મળતો નથી. સર્વ યુરોપ ખંડની અંદર ફક્ત રક્તપિતિઓ માટે ઓછામાં ઓછી નવ હજાર હોસ્પીટલ છે. એવું પ્રસિદ્ધજ છે. સાતમા લુઇએ બે હજાર કરતાં વધારે આવી રક્તપિતિની હોસ્પીટલ માટે દ્રવ્ય આપેલું હતું.’ ઇંગ્લંડમાં વનસ્પતિ આહાર સુરૂ થયાં પછી શો ફાયદો થયો અને થાય છે, તેનો ઉલ્લેખ ત્રીવોડે કરેલો છેઃ-

Thus, merely approaching the teaching of Nature, in relation to the true diet of man, cleansed England and Europe of leprosy. Extend the good diet in the line of Nature's teaching—let man feed only on the diet his constitution was made for—and then, with due cleanliness of skin and other surroundings, smallpox could no more afflict mankind. Likewise rheumatism, rheumatic fevers, rheumatic arthritis, and bladder diseases, and many other evil visitations, would no more afflict humanity if exclusively vegetable diet were generally partaken. Such are a few of the evils of an unnatural diet. Now for thine own sake and the welfare and prosperity of all people, attend, O reader, and bend thy mind and appetite to nature and truth, for they are "the brightness of the everlasting light, the unspotted mirror of the power of God and the image of His goodness."

અર્થઃ-સૃષ્ટિ નિયમાનુસારે વનસ્પતિ આહાર ઈંગ્લંડ અને યુરોપખંડમાં સુરૂ થયો ત્યારથી તે યોગ્ય આહાર વિહારે કરીને ત્યાંનો રક્તપિતનો રોગ નહીં સરખો થવા લાગ્યો તેપરથી સ્ટષ્ટિ નિયમાનુસાર મનુષ્યોનો વનસ્પતિ આહાર તેજ ખરો છે. અને તે વનસ્પતિ આહારપરજ મનુષ્યોના શરીરનો બાંધો ઈશ્વરે રચ્યો છે. માટે એવા આહારથી અને ત્વચા શુદ્ધીથી શીતળાના રોગમાં વિશેષ બાધા નડતી નથી. અને તેમજ ફક્ત વનસ્પતિપર ઉપજીવિકા કર્યાથી ધનુર્વાત, નવજ્વર મુત્ર કૃચ્છ્ર અને બીજા રોગનો વિશેષ સ્પર્શ થતો નથી. અસ્તુ; સૃષ્ટિ નિયમ વિરૂદ્ધ માંસાહાર કરીને થનારાં અરિષ્ટોમાંના થોડાક આ જગોએ દર્શાવ્યા. વાંચનારને હવે એવી વિનતિ છે કે તમે સ્વ સુખાર્થે અને લોક કલ્યાણ તથા ઉત્કર્ષાર્થે વિચાર કરો અને તમારા મન દેવતા અને ક્ષુધાને આ સત્ય સ્ટષ્ટિ નિયમ તરફ વાળો; કારણકે સૃષ્ટિ નિયમ એ સત્યજ્ઞાનપ્રકાશક અને પવિત્ર ઇશ્વરની શક્તિનો નિર્દોષ આરસો છે.

From Captain W. Finch.—"I have tried the Vegetarian principle while subject to the alternations of heat and cold in Denmark and Sweden, and can testify to its advantages over a mixed diet. Having discarded salt provisions, I have had no occasion for medicine. In Denmark I lived principally upon rice and rye-bread, which is usually, by the enlightened English, derided as "black bread." Very few of us think it good enough for swine; yet it has proved itself an excellent human food. I wish that all seamen would become Vegetarians: they would less need the medicine chest, and be more alert to go aloft."

અર્થઃ—કેપ્ટન ફ્રિંચ એવું કહે છે—ડેન્માર્ક અને સ્વીડન દેશની થંડી, ઉષ્ણુતા અને હવાનો સપાટો એ સહન કરી વનસ્પતિ આહારનાં મૂળ તત્વ અનુભવેલાં છે. તે ઉપરથી મિશ્ર આહાર કરતાં વનસ્પતિ આહારના વિશેષ ફાયદા મને દાખવતા આવડે છે. માંસાહાર છોડવાથી ઔષધ લેવાનો મને કદિ પ્રસંગ આવેલો નથી. ડેન્માર્ક મધે મુખ્યેત્વે કરીને ચોખાનો ભાત અને રાય ધાન્યની ભાખરીપર મે ગુજરાન ચલાવ્યું. એ રાય ભાખરીને જ્ઞાની ઇંગ્લીશ લોક "કાળુ અન્ન" એવું ઉપ-હાસમાં કહે છે. હમારામાંથી કેટલાક એમ માને છે કે તે ધાન્ય ડુકરના ખોરાક માટે છે, તથાપિ તે ધાન્ય મનુષ્યને માટે ઉત્તમ અન્ન છે, એવું સિદ્ધ કરેલું છે. સર્વ ખલાશીઓ વનસ્પતિ આહારી થશે, તો વધારે સારૂં. કે તેથી તેઓને ઔષધિની ગરજ લાગશે નહીં. અને તે મહા ચપળ અને ખબરદાર થશે.

FREEDOM FROM DISEASE.—At the Soirée in Freemasons' Hall London, August 1st, 1851, Rev. W. METCALFE said, he had practised Vegetarianism 42 years. Eight of those years he had lived in the land of his nativity, and 34 years he had resided in the U. S. of America. His health in both countries had been uniformly good, and considerably better than that of his associates who had different habits. In the 42 years he had never had a particle of butcher's meat within his dwelling. He had raised a family of five children, none of whom had ever tasted animal food, and they had enjoyed life much better for it. They had passed through infancy and childhood almost without the usual diseases of children. The five were all married to Vegetarian partners, and he had then living (to the best of his recollection) 21 grandchildren of whom not one had ever tasted, or could be induced to taste animal food. In 1818 the yellow fever broke out in Philadelphia, near to his residence. All who possessed the means of leaving the vicinity did so, not excluding ministers of the gospel. He and his family remained in proximity to this contagious disease, yet none of them suffered. Yet, whenever he was called upon, he went to pray at the bedside of loathsome suffering, and frequently attended the funerals. In 1832 cholera appeared in the same city. He did not hesitate to visit the cholera hospitals in performance of his duty as a minister of the gospel, yet both he and his family—indeed, every family known to him which lived as he did—passed through the scene without being affected by cholera.

અર્થ—મેટકૅાક તા० ૧-૮-૫૧ ને રોજ લંડન શેહેરમાં ફ્રિમેશન હૉલમાં એવું બોલ્યો કે હું ૪૨ વર્ષ થયા વનસ્પતિ આહારી છું. તેમાં ૮ વર્ષ જન્મભૂમિમાં અને ૩૪ વર્ષ અમેરિકામાં રહ્યો, તે બંને પ્રદેશમાં મારી શારીર આરોગ્યતા એક સરખી સારી હતી અને વિશેષેકરીને જે વિરૂદ્ધ વર્તનના માંસાહારી હતા, તેના કરતાં વધારે આરોગ્ય હતી. એ ૪૨ વર્ષમાં ખાટકી પાસેથી માંસનો એક કણ પણ

આણ્યો નથી. મારા પાંચ છોકરામાંથી એકને મોઢે પણ માંસ અડક્યું નથી. અને તેથી કરીને તેઓ વિશેષ આનંદથી સંસાર ભોગવે છે. નાહના છોકરાને જે રોગ થાય છે, તે રોગ તેને ન નડતાં તેનું બચપણ પાર ઉતર્યું. એ પાંચેનું લગ્ન વનસ્પતિ આહારી કન્યા સાથે કર્યું છે; એ છોકરાઓથી ઉત્પન્ન થયલા ૨૧ છોકરાઓ હાલ હયાત છે. જેમાંના એકને મોઢે પણ માંસનો સ્વાદ લાગ્યો નથી. અને તેમાંના એકનું મન પણ માંસ તરફ વાળવાનું બનશે નહીં. સને ૧૮૧૮ ની અંદર ફીલાડેલ્ફીઆમાં પીતજ્વર અને કોલેરાનો રોગ ફાટી નીકળ્યો, તે વખતે હમારી પડોસના લોકો અને ધર્મોપદેશક પાદરી સુધાં ત્યાંથી બહારગામ ભાગી ગયા; પરંતુ હમે સહકુટુંબ તે સ્પર્શજન્ય રોગની દરકાર ન કરતાં ત્યાં રહ્યા. તથાપિ હમને તે તરફની કાંઈપણ અડચણ નડી નહીં. હમે તે ત્રાસકારક રોગી પાસે તેમના બોલાવ્યાથી ઈશ્વર પ્રાર્થના વગેરે કરવાને જતા હતા, અને તેમના મૃતક સંસ્કારમાં પણ જતાં હતાં. તથાપિ હમને તો કાંઇ અડચણ આવી નથી.

In Benares, the city in which I resided during the last eight or nine years of my life in India, there were missionaries of the Church Missionary Society, of the London Missionary Society, and of the Baptist Missionary Society, and of the twenty-five or more missionaries ot those societies whom I knew in Benares, I have no hesitation in saying that not one of them enjoyed better health than myself. Most of them, on account of failing health, were obliged to return to England for a time, or to seek a change at one or another of the Himalayan Sanatoria, whilst I was able to remain for nearly fifteen years continuously on the plains without a change; and when I returned to England it was not on account of my health, but for other reasons. I have no doubt whatever that abstinence from alcohol in every form and, latterly, vegetarianism were the means of preserving me for so long a time in almost constant health.

અર્થ:—વળી એથરીંગતન નામે એક પાદરી જે કાશી (બનારસ) માં ઘણા વર્ષ લગી અહિંસક રહેતો હતો તે પોતાને અને પોતાના બીજા ભાઈઓની સ્થિતી વિષે લખે છે. હિંદુસ્થાનના બનારસ શહેરમાં હું આઠ નવ વર્ષ રહ્યો હતો. ત્યાં ઈંગ્લંડના ત્રણ પાદરી મંડલ હતા. તેમાં ૨૫ થી વધારે પાદરી હતા, તેમાંના એકની પણ શરીર પ્રકૃતિ મારાથી વધારે સારી ન હતી. તેમાંના ઘણાએકની શરીર પ્રકૃતિ બીગડયાથી અમુક મુદત પાછા ઇંગ્લંડ જવાની કે હવા બદલવાને હિમાલયપર જવાની જરૂર પડી હતી. પણ હું તો તેમ ન કરતાં ત્યાંજ રહ્યો હતો. અને એ રીતે તેજ પ્રાંતના મેદાનમાં હું લાગ લાગટ ૧૫ વર્ષ વગર હવા ફેરે રેહેવાને સમર્થ હતો. અને પછી જે વારે હું વિલાયત ગયો તે વારે કાંઇ શરીર સુધારણા માટે નહીં, પણ બીજા અમુક કારણને માટે ગયો હતો. અને આવી રીતે જે હું તનદુરસ્ત રહ્યો, તે માત્ર મારા વનસ્પતિ આહારના બલથી રહ્યો હતો + + + + સંસાર ભોગવનારા

ઉમેદવાર તરૂણ સ્ત્રી પુરૂષોને ઘર સંસારના સંબંધમાં "દારૂ અને માંસનું સેવન ન કરવું" એ વત્રોક્ત બીજો ઉત્તમ ઉપદેશ આપવા જેવો નથી.

The natives of Madagascar rarely eat animal food. The "new fashion" has only existed about eighty years; before that time cooked meat was only known through the sacrifices. Such is my slight testimony to the value of vegetarian diet; and I only wish our populations could lay aside prejudices, and, for a little while, suppress their incredulity and try the old system, the system of Paradise and of every aboriginal nation upon earth. The present universal system of "civilised" life is only a modern excrescence—brutal, unfeeling, and unrefined. I am almost weaned of my former habit, and am quickly returning, to my old Arcadian simplicity in the use of the creatures of God. Why should man, "the noblest work of God," be the greatest of all the animals of prey? And why should the other created beings suffer undescribable pangs and die for man's newly-created and unnatural habit?

અર્થઃ—માદાગાસ્કરના રહેનારા ક્વચિતજ માંસ આહાર કરે છે. માત્ર આઠ વર્ષમાં આવી માંસ આહારની નવી રીત ઉત્પન્ન થઇ છે. તે અગાઉ બલીદાનની અંદર તેઓ માત્ર રીંજવીને તે વાપરતા હતા, એવી વનસ્પતિ આહારનાં ગહલની મારી નહાની સરખી આ સાક્ષી છે; મારી એવી ઇચ્છા છે કે મારા માનવ બંધુ જનોએ આ નકામો દુરાગ્રહ અને પક્ષપાત એક કોરે મુકીને થોડો વખત પણ માંસપરની લલુતા દબાવી રાખીને સ્વર્ગ સુખાનંદ લોકનો અને જગતની પ્રથમની રેહેનારી પ્રજાનો "ફક્ત વનસ્પતિ આહારપર ઉપજીવિકા કરવાનો જે પરિપાક," તે જારી રાખવો. હમણા સુધરેલા સંસારની સર્વ ઠેકાણેની માંસાહારની જે રીતી છે, તે ફક્ત અર્વાચિન નિર્દય, જંગલી એવી પશુ પ્રકૃતિની છે. મારી અગાઉની આદત છુટી, અને હું હમણા ઈશ્વરના પશ્વાદિ પ્રાણી સાથે નિર્દોષ મિત્ર ભાવે રેહેવાનો જે મારો મુળ ક્રમ, તે ક્રમ તરફ હમણા હું અત્યંત ત્વરાથી વળુ છું. સર્વ માંસાહારી પ્રાણીઓમાં માંસાહારી મનુષ્ય એ પરમેશ્વરનું સર્વોત્તમ ભવ્ય કાર્ય કેમ ગણાય ? અને બીજા સૃષ્ટ પ્રાણીઓએ અવર્ણનીય યાતના શામાટે ભોગવવી અને મનુષ્યની નવી ઉદ્ભવેલી, સૃષ્ટિ વિરૂદ્ધ જે માંસ ભક્ષણની આદત, તેને માટે કાં મરવું ?

॥ देव श्रीश विनानिमित्त मनघान् दीनानहो प्राणिनो ।
जिव्हाचापलमात्रदुर्व्यसनतः स्वैरं घ्नतो निर्घृणान् ॥
कारुण्यांबुनिधे स्वतंत्र भवतोभिप्राय वैदेशिकान् ।
वीक्ष्येमं विदधे प्रबंध मखिलक्षेमाय तत् सिध्यतु ॥

पूर्वार्ध समाप्त.

उत्तरार्ध–संशय छेदन.

પૂર્વાર્ધમાં સૃષ્ટિજન્ય શાસ્ત્ર અને દુનિઆના અનેક ધર્મ અને મતને આધારે કોઈએ હિંસા કે માંસ ભક્ષણ કરવું નહીં એવું સિદ્ધ કર્યું. તથાપિ વિચાર શૂન્ય, જીહ્વા સ્વાદી અને દેવભોળા એવા પ્રકારના પોતાને શ્રેષ્ઠ માનનારા લોકો મનમાં ભળ ભળતા સંશય લાવીને નિશાચરી શુદ્ધ પશુ પ્રવૃત્તિનાં અઘોર કૃત્ય કરે છે. અર્થાત બીચારા પશ્વાદિક પ્રાણીપર તીક્ષ્ણ શસ્ત્રધારા ચલાવીને અશુદ્ધ ધારાનો પ્રવાહ કાઢે છે, અને તે પશ્વાદિકના ખંડ વિખંડ અવયવથી પોતાના સ્વયંપાક ઘરને સ્મશાનભૂમિ, અને પોતાના પેટને કબરસ્થાન કરીને નરકે જવાના અખંડ સાધનો સાધ્યા જાય છે; તે વારે એવા નરકગામી પ્રતિષ્ઠિતોની ગાંડી ઘેલી શંકાઓનું નિવારણ કરીને તેમને સુપથ દેખાડવો, તેટલા માટે પ્રશ્નોત્તર રૂપે "સંશય છેદન" આ નામનો આ ઉત્તરાર્ધ લખું છું:—

પ્રશ્ન (એક અજ્ઞાન પ્રશ્ન કરે છે) પાણીમાં સૂક્ષ્મ પ્રાણી હોય છે, તે સૂક્ષ્મદર્શક યંત્રથી દૃષ્ટિએ પડે છે, અને તે પાણી પીવાથી તે સર્વના પેટમાં જઇને હિંસા અને માંસ ભક્ષણનો દોષ ઘડાય છે, અને એવી રીતે જોતાં તો કોઇએ પાણી સરખું પણ પીવું નહીં. એમ થાય ? ઊત્તર–પાણીમાં પ્રાણી હોય છે, અને તે પાણી પીવાથી પેટમાં જઇ તે મરે છે, એ કહેવું, કેવળ મૂર્ખપણાનું અને આપ મતલબનું છે! જુઓ, મનુષ્ય જે પાણી પીએ છે, તે તેમાં માંસ જાણીને તેના સ્વાદ અર્થે પીતો નથી; પણ પાણી માનીને તૃષા હરણાર્થ તે પીએ છે. પરંતુ જે દુષ્ટ લોક પશુ પક્ષી મત્સ્ય આદિ ખાય છે, તે માંસ જાણી જોઈને ક્ષુધા નિવારણાર્થ હિંસા કરીને ખાયછે. પાણીમાં માંસનો સંબંધ કહીએ તો તે પાણીમાં માંસની રૂચી લાગીને ક્ષુધા શાંત થવી જોઇએ; પણ તે થતી નથી, થંડું કે ઉષ્ણ પાણી હોશે તો પણ તે તૃષાજ હોલવે છે. અસંત કોહેલા ગંધાતા પાણી શિવાયે શુદ્ધ પાણીમાં "પ્રાણી" અને "પાણી" એ બે પદાર્થ હોતા નથી. શુદ્ધ પાણી ૨૩૨ ડીગ્રી અથવા ભાતના ઓસામણ જેટલું તપાવ્યું, તોપણ તે અતિ ઉષ્ણમાં કે મુળ થંડા પાણીમાં સૂક્ષ્મદર્શક યંત્રે કરીને તેમાં કાંઈ પણ ભેદ સ્પષ્ટ થતો નથી. સોનું કે બીજી ધાતુ ગાળવાને જેટલી ઉષ્ણતા જોઇએ, તેટલી કે તેથી વધારે ઉષ્ણતા પાણીને આપી તોપણ તે પાણીમાંના વિકાર જેને મૂર્ખ લોક પ્રાણી કહે છે, તે દૂર થતો નથી. તો પછી જે હમારા કોઠામાં સોનું કે અન્ય ધાતુ ગાળવા જોગ ઉષ્ણતા નથી, તે હમે નંજરે જોઈએ છે, તે કોઠામાં તે પાણીની અંદરનો વિકાર જે "પ્રાણી" તે કેમ નહીં જેવા થશે ! ખડક ઉપરનું પાણી સૂર્યની ઉષ્ણતાથી બાફ રૂપે થઈ જાય છે, તેવારે તેની અંદરના "પ્રાણી" તે ખડક ઉપર રહેલા યંત્રે કરીને દેખાવવા જોઈએ, તે દેખાતા નથી, એ ઉપરથી; અથવા ઉષ્ણતાના યોગે કરીને પ્રાણી મરી જવાથી તે ઉષ્ણ પાણી થંડ પાણી કરતાં ભિન્ન દેખાવું જોઈએ, તે દેખાતું નથી, તે ઉપરથી; અથવા

મુત્ર કે મુખવાટે જે પેટમાંનું પાણી બહાર પડે છે, તે યંત્રે કરીને મૂળ પાણીના જેવુંજ દેખાય છે; ઈત્યાદિ અનેક કારણો ઉપરથી શુદ્ધ પાણીમાં જીવ હોય છે અને તે મરે છે, એવું જે ભાંખવું. તે કેવળ અપ્રયોજક અને યુક્તિ શૂન્ય છે.

શુદ્ધ ※ પાણીમાં જીવ મુળમાં હોતાજ નથી, અને તેજ પાણી મનુષ્યોએ પીવું જોઇએ, અને તેજ પ્રમાણે આ સૃષ્ટીમાંના બહુધા મનુષ્ય શુદ્ધ પાણીજ પીએ છે. અને નિરોગી રહે છે. હાલમાં પાણીમાં જીવ હોય છેજ એવું જે કેટલાક મૂર્ખ કહે છે તે તો દૂષિત એટલે અત્યંત સડેલું ગંધાતું પાણી. કે જેનાથી નારૂ (વાળો), સોજો, તાવ, અજીર્ણ, એવા રોગ ઉત્પન્ન થાય છે તે, તથા જે જગોએ સ્વચ્છ હવા

※ "The animalcules in water—what, in the water we drink? Such, perhaps, is your question, reader, on observing the title of this chapter; and I hope you will simply feel pleasure, and not a shade of regret at the loss of a long-believed horror, when you hear that animalcules do NOT inhabit spring-water, and you might look in vain for them in many a clear pool or flowing stream. It would be difficult perhaps to say whence we have each derived the tradition that all water is full of animalcules; but my impression is, that some worthy Oriental in a story-book impressed my young mind with the belief. He was a Brahmin, and boasted to a European sage that he never ate anything which had life. The sage forthwith demanded a glass of water, and exhibited the supposed swarming animalcules with a microscope, whereupon the Brahmin dashed the too-instructive instrument on the ground. With my present experience I should feel but little alarmed for the fate of my microscope, if its destruction were to follow on the discovery of animalcules in a drop of pure-looking water; but the case was different when I first used the microscope, till by slow degrees I discovered that these minute creatures inhabit stagnant water, occurring in countless numbers around decaying plants, and also in ponds where submerged weeds are growing, and, like the large and visible animals, must be sought out and found, some in one place and some in another. *M*
એ પ્રમાણે ઝરાના શુદ્ધ પાણીમાં જીવ બોલકુલ હોતા નથી, એવું યુરોપસ્થ તત્વજ્ઞાનીઓએ પણ સિદ્ધ કરેલું છે.

હવે સર્વત્ર પાણીમાં જીવ જંતુ છે, એવું જો માનીએ, તોપણ પાણી પીવામાં હિંસા કર્મનો દોષ લાગતો નથી. કેમકે મનુષ્યોએ પાણી પીવું એ ઈશ્વર નિયમીત છે. પાણી પીવામાં શુક્ષ્મ જીવનું મરવું એ સ્વાભાવિક સ્થિતિનું, અને મુદ્દામ માંસ ખાવાને માટે લોક ઉપયોગી પશ્વાદિકનો વધ કરવો, એ બેની વચ્ચે તો મોટું અંતર છે. પાણી પીવા પ્રમાણે પશ્વાદિકનું માંસ ખાવા સંબંધી ફરજીઆત ઈશ્વરી નિયમ નથી. અર્થાત્ સર્વત્ર સર્વને પાણીની ગરજ છે. તેવી માંસની કંઇ ગરજ નથી. માણુ-

અને ગચ્છાદિ પ્રાણી ન હોવાના વગેરે કારણથી પાણીમાં સૂક્ષ્મ જીવ પડી, ચોખું પાણી ન મળતું હોય, ત્યાં તેવું ગંદુ પાણી પીવા વિના છુટકો નથી, ત્યારે તેવે પ્રસંગે તે પાણી ગાળીને, તપાવીને અને ફરી ગાળીને ચોખું કરી પીવું જોઇએ. રલ્યાક, કલાર્ક, વાર્ડ, વેસ્ટ, સ્મિથ એવા ઇંગ્રેજ અને જર્મન રાજકીય સૂક્ષ્મદર્શક મંડળીના અધ્યક્ષ જેણે વર્ષના પ્રત્યેક મહિનાના, પખવાડીઆના, અને અઠવાડીઆના, એવા ભિન્ન ભિન્ન પાણીની પરિક્ષામાં પોતાના આયુષ્ય ગુમાવેલા છે, તેમણે તો એવો સિદ્ધાંત કરી મુકયો છે કે શુદ્ધ પાણીમાં પ્રાણીઓ મુદ્દલ હોતાજ નથી, અને તેજ પ્રાણીરહિત શુદ્ધ પાણીજ નિરોગી છે, અને તેજ પાણી લોકો પીએ છે, તેથીજ તેજ લોક નિરોગી રહે છે. અત્યંત દૂષિત ગંદુ પાણી જેમાં માત્ર કીટક જીવ પડે છે, તે પાણી પીધાથી નારૂ (વાળો), સોજો કે તાપ વગેરે રોગ ઉભા થાયછે. આવું ગંધાતું પાણી અગાઉ એકવાર એક પાદરીએ લાવીને, માંસ મનુષ્યે ખાવું નહીં, એવું કહેનારા બ્રાહ્મણાદિકનું મત ખંડન કરવા માટે સૂક્ષ્મ દર્શક યંત્રમાંથી દેખાડયું, તે દિવસથી કેટલાક હિંદુ લોક સર્વત્ર પાણીમાં પ્રાણી હોવા બદલ વ્યર્થ કુતર્ક લઇ બેઠા છે. જેમ એકાદા બીગડેલા ફળમાં કે મૂળમાં કીડા પડે છે, તેમજ એકાદા દૂષિત પાણીમાં પડતા હશે, પણ મુખ્યત્વે વેહેતા શુદ્ધ નદી તળાવના કે હમેશ ઉપયોગમાં આવનારૂં મત્સ્ય યુકત કુવાનું પાણી તો શુદ્ધ અને પ્રાણી રહિત હોય છે.

સોઓ તરસ મટાડવાને પાણી પીવું, એવો તેનો સ્વાભાવિક ધર્મજ છે. તે કોઇથી ટળાય એમ નથી. ઝાડવું, લાકડા ચીરવા કે બાળવા ઇત્યાદિ ક્રિયા કરવામાં મનુષ્યના સહજ વ્યવહારની અંદર અદૃશ્ય જીવનો નાશ થાય છે. તે સ્વાભાવિક પ્રકૃતિ ધર્મે કરીને થાય છે; અને એ નાશ તથા જમીનપરના પાણીની ઉષ્ણતાએ કરીને જે બાફ થાય છે તેણે કરીને તે પાણીના જીવનો જે નાશ થાય છે, તે નાશ, એ એની સ્થિતિ સરખીજ છે. પાણીમાંના સૂક્ષ્મ જીવ સૂર્યના તાપથી મરી જાય, તેમાં હિંસા કરવાનો દોષ સૂર્યને લાગે ખરો કે? નહીં. તાત્પર્ય મનુષ્યોએ પાણી પીવું, એ ઈશ્વરી નિયમની ફરજીઆત છે. માટે તેવા કર્મનો દોષ બીલકુલ લાગતો નથી, એવો ન્યાય છે. અને ઈશ્વરને તો દોષ ઘટતોજ નથી. કારણકે ઉત્પન્ન માત્રનો નાશ અથવા ખર્ચ તેણે મુળથી નિર્માણ કરેલોજ છે. અને એજ પ્રમાણે હવાની અંદરના જીવનો પણ સંસ્કાર છે. જુઓ હવાનેયોગે આપણા નાકમાં દુર્ગંધી આવે છે, તે ઉપરથી તે દુર્ગંધી આપણે આપણી બુદ્ધિથી ગ્રહણ કરીએ છીએ કે ખાઇએ છીયે, એવું કોઇ પણ મૂર્ખ કહેશે કે? નહીં. ત્યારે તેજ પ્રમાણે હવામાં કે સૂર્ય કિરણમાં સૂક્ષ્મ જીવ હશે, તો તેનું મનુષ્યના હાલાચાલાથી ચલવિચલ થવું, આ ઈશ્વરી નિયમનીજ ફરજીઆત છે અને તે કોઇથી ટળાય એમ નથી, માટે તે વિષે કાંઈ દોષ નથી.

પ્ર૦ (એક ડાકટર-વૈદ્ય પ્ર૦ ક૦) અરે! તમે ગાય ભેંસનું દૂધપીઓ છો, તે પણ લોહીમાંથી ઉત્પન્ન થયલું છે. તો પછી તમે તેનું ભક્ષણ કેમ કરો છો? ઉ૦— અરે વૈદરાજ, આ તમારા પ્રશ્ન ઉપરથી તમારી વિદ્યા પોપટ પંછી જેવી છે, એમ સ્પષ્ટ દેખાય છે. જુઓ કે તમે પણ તમારી માતુશ્રીનું દુધ પીધું તે પણ તમે માનું રક્ત પીધા સરખું થયું કે? જો ના કહેશો, તો ગાય ભેંસ વગેરેનું દૂધ પણ તેવુંજ જાણો. વળી દૂધ રક્તમાંથી થાય છે એમ કહીયે તો રક્તવાન્ સર્વ પ્રાણીઓમાંથી દૂધ નીપજતું દેખાતું નથી; સ્ત્રી જાતીનેજ દૂધ પ્રાપ્તિ થાય, એમ કહીએ, તો બચ્ચાવાળી સ્ત્રી શિવાય બીજી સ્ત્રીમાં દેખાતું નથી. તથા અનેક પ્રાણીનાં સ્ત્રીવર્ગમાં પણ તેની ઉત્પત્તિ મૂળમાં મુદલે દેખાતી નથી. વળી તે બચ્ચાવાળી સ્ત્રીને આંગે તે દૂધ, પણ જેમ રક્ત, માંસ, રેત, કફ, પિત્ત ઇત્યાદિ સદા સર્વકાળ હોય છે, તેમ સર્વ-કાળ હોય છે, એમ પણ નથી. પણ પ્રાણી જન્મ લે છે, તે નિયમિત કાળેજ ઉત્પન્ન થાય છે, બીજું રક્ત, માંસ ઇત્યાદિ પદાર્થ પ્રાણીને શસ્ત્રઘાતે દુઃખ આપી પ્રાપ્ત કરાય છે; અને તેમાં તેનો નાશ થાય છે; પરંતુ દૂધ તો પ્રાણીને દુઃખ આપ્યા શિવાય આનંદથી પ્રાપ્ત થાય છે, અને તેમાંથી દહીં, માખણ, બાસુદી વગેરે નાના પ્રકારના અમૃત તુલ્ય પદાર્થ ઉભય પક્ષે કલેશ થયા વિના પ્રાપ્ત થાય છે. અને પ્રાણીનો નાશ થતો નથી. પણ તેનો સદ્ ઉપયોગ જીંદગી લગી થાય છે. તેમ તેના રક્ત-માંથી કાંઇ થતું નથી. પણ માત્ર તેના રક્તની હાણી થવાથી તેનો એકદમ નાશ થઇ જાય છે. અને તે હમેશના ઉપયોગમાંથી નાશ પામી જતું રહે છે. અને તેથી જગતના લાભમાં મોટી હાણી પહોંચ્યા કરે છે. આ બધા કારણ ઉપરથી દુધ આ એક વિલક્ષણિક પદાર્થ ઈશ્વરે પ્રાણીઓના જીવન અર્થે નિર્માણ કરેલો છે. તેની સાથે રક્ત, માંસ, હાડકાનો કાંઇ પણ સંબંધ નથી. કદાચિત્ છે, એમ કહો તોપણ જેમ પાણી વિના એક પણ પ્રાણી જીવે નહીં, માટે તે પાણી પીવું, એ ઈશ્વર નિયમીત છે, તેમજ સ્તનવાન પ્રાણીઓએ દૂધ પીવું, આ તેનો સ્વાભાવિક પ્રકૃતિ ધર્મ છે, માટે તેમાં જન્મતાંજ દુધ પાન કરવું પડે છે, અને તે કરવાને સ્વતઃ ઈશ્વર તેને પ્રેરણા કરે છે. તે કેવી રીતે તે જુઓ-પ્રથમ પ્રાણી જે વારે જન્મ લે છે, તે વારે તેની જનનીના સ્તનમાં ઈશ્વર તરત દૂધ ઉત્પન્ન કરે છે. અને જણાવે છે કે, "હે પ્રાણી, આ દૂધ તારે માટે કર્યું છે, તેનું તું નિઃસંશયથી સેવન કર" અને તેમ તે કરે છે, એ સ્પષ્ટ છે. સારાંશ-દૂધ પીવું, આ સ્તનવાન પ્રાણીઓનો-સ્વાભાવિક ધર્મ છે. માટે તે જન્મતાંજ તેની જનની માતુશ્રીને દૂધપાન છુટે છે. ત્યારે તે પ્રાણીએ દૂધ પીવું, એ સ્વતઃ ઈશ્વ-રજ કહે છે, એવું ન કહીયે તો શું કહીયે! અસ્તુ. જગદીશ લીલા અગાધ છે, દૂધ જ્યારે પ્રાણીને શરીરે ઉત્પન્ન થાય છે, ત્યારે તે મનુષ્યોએ પીવું, એ ઈશ્વર નિર્ણીત છે. માટે તે બાબેનો દોષ મનુષ્યને કાંઈ નથી.

પ્ર૦-પ્રાણ અમર છે, તો પછી પશ્વાદિકના દેહનો વધ કરવામાં શી ચિંતા છે? ઉ૦-ઠીક! તમારા સરખા જીંહારવાદિ સોપચાસ જો આ ભૂતળપર હોત તો તેઓએ

મનુષ્યોનો પણ તેવો પ્રાણ અમર કહીને તેને મારી ખાવાની ચાલ ચાલી હતે. ચલનવલનાદિ વાયુનો ગુણ અને શબ્દાદિ વિષય સમજવાની જ્ઞાનેંદ્રિયો અને તેના સંબંધમાં હોનારી સુખ દુઃખ અવસ્થા પણ પ્રાણુ એઓમાં હોવાને લીધે, એકાદા પ્રાણીને મારવા કાઢયું, એટલે તે એમ સમજે છે કે "આ જે મને હાર મારે છે, તે મહાદુષ્ટ છે. જીવંત રહીને વિષય વાસના વગેરે તૃપ્ત કરવાનો મારો હેતુ હોવાથી અનેક દુઃખો ભોગવી ભોગવીને અને નાના પ્રકારના અરિષ્ટો ટાલી ટાલીને આ મારો સંરક્ષેલો દેહ તેનો આ દુષ્ટ નાશ કરે છે" આવો તે પ્રાણીનો ટળવળાટ રૂપી શાપ હિંસકને માથે બેસીને તે હિંસક મનુષ્ય અધોગતીએ જાય છે. એટલે વાઘ, ગીદ, મગર, આદિ નીચ યોનીમાં તેને જન્મ લેવો પડે છે.

પ્ર૦ (એક જીભ્હાસ્વાદી પ્ર૦ ક૦) પશ્વાદિકને જાગૃત અવસ્થામાં મારીએ, તો તે પોતાના દેહનો નાશ થતો સમજીને સંતાપ રૂપ શાપ દેનાર, એ ખરૂં; પણ તેને બેશુદ્ધ કે નિદ્રિત અવસ્થામાં માર્યું, તો પછી સંતાપરૂપ શાપ કયાંથી થવાનો? ઉ૦— શ્વાસવાન જીવની એટલે પ્રાણુની ઇંદ્રિય ત્યારે જાગૃત અવસ્થાપર આવે છે, તે માટે જો તેને ઉંઘના સ્થિતિમાં કે બેશુદ્ધ અવસ્થામાં મારીએ તો પણ જીવાત્મા એટલે પ્રાણુ અમર હોવાને લીધે તેના જીવાત્માની અંદર જ્ઞાન ઉત્પન્ન થઇને તે પોતાના દેહ નાશ થવાની કીકીઆરી, બેં, ઉં, આં, એવા હૃદય છેદક સ્વરથી આરડાને અને દુઃખ માનીને, અરેરે! અમે જે શરીર આધારે છઇએ અને જે શરીરપર અમારી અત્યંત પ્રીતિ લાગેલી છે, એવા તે શરીરમાંથી કોઇ દુષ્ટ હિંસક પ્રાણી અમને આ હાંકી કાઢે છે, એવો તળવળાટરૂપી શાપ દેશેજ.

પ્ર૦ (એક વિચાર શૂન્ય પ્ર૦ ક૦) જીવ મારવામાં દોષ છે, ત્યારે વનસ્પતી કેમ કાપો છો? તેમાં શું જીવ નથી? જીવ છે માટેજ તે જીવે છે; અને વધે છે. ઉ૦— અરે ઘેલા! મનુષ્ય પણ વનસ્પતી પ્રમાણે જીવે છે અને વધે છે; માટે મનુષ્યને પણ મારીને ખાવું, કેમ? જે કારણુ ઉપરથી મનુષ્યને મારવું નહીં, તેજ કારણુ ઉપરથી પશ્વાદિકને મારવું નહીં- "પ્રાણ" અને "જીવ" એની અંદરનો ભેદ પૂર્વાર્ધભાગમાં સ્પષ્ટ કરેલો છે, તે વાચ, એટલે તારો સંશય દૂર થશે. જુઓ, ઈશ્વરે પણ સૃષ્ટિ જીવમય કરેલી છે. જે પથ્થર નિરજીવ જાઇએ છીએ, તેને પણ વનસ્પતિ પ્રમાણે જીવ એટલે માત્ર વધવાની ગતી છે. હવે એ વધવાની ગતી છતાં જે રેતોદ્ભવને ચલન આકુંચન આદિ પ્રાણુના એટલે વાયુના ગુણુ અને શબ્દાદિ વિષય સમજવાની જ્ઞાનેન્દ્રિયો હોય છે, તેનેજ પ્રાણી કેહેવો, અને એવાને મારીએ, હણીએ, તેજ દોષ છે. હવે વનસ્પતી અંદરનુ જે જીવિતત્વ છે, તે જડ સ્વભાવનું છે, તેથી તેને તેના શરીરની અવસ્થા જણાતી નથી. તો પછી બીજા લક્ષણો કયાંથી જણાય! ચલનવલનાદિ વાયુના ગુણુ એટલે પ્રાણુ, શબ્દાદિ જ્ઞાન ઇંદ્રિય અને તેના સંબંધની સુખ દુઃખ અવસ્થા પણ વનસ્પતીમાં નથી. માટે તેના શરીરની ઉત્પત્તિ, સ્થિતિ, અને પોષણ તથા લય એ તેની અંદરની જીવિતત્વકળાને સમજાતું કે સ્મરતું નથી. અ-

થાત્ જે અવસ્થામાં શરીરનું સુખ દુઃખ જાણાય. તે અવસ્થા વનસ્પતીમાં નથી. માટે વનસ્પતીને તેના રક્ષણ કરનાર કે તોડનાર તરફથી સુખ દુઃખ થયું, અનુભવતું નથી. માટે વનસ્પતી કાપવામાં દોષ નથી.

પ્ર૦—વ્યાઘ્રાદિકને કે યુદ્ધમાં એક બીજાને મારવું. એ પણ ત્યારે કેવડી હિંસા? વ્યાઘ્રાદિકને ન મારીએ, અને યુદ્ધ ન કરીએ, તો સૃષ્ટિક્રમને બાધ આવશે! ઉ૦—અરે ભાઇ, યુદ્ધનું મૂળ તે લોભ છે. માટે જે લોભને ઘેર જઇ બીજાના શત્રુ બની, તેને મારવા જાય છે, તે પોતાની હત્યા શસ્ત્રપર ઉડી મારીને કરતો હોય, તેમ કરે છે; એટલે યુદ્ધમાં જે હત્યા થાય છે, તે તેને બેસે છે; પણ તેની સામેનો બીજો પોતાના બચાવ માટે લઢાઇ કરે છે; માટે તેને દોષ નથી. હવે વ્યાઘ્રાદિ પશુ, ગીધ આદિ પક્ષી, મગર આદિ જળચર, સર્પ આદિ કીટક, એવા ક્રૂર, દુષ્ટ પ્રાણી મનુષ્યોનો નાશ કરે છે, અને તેને મારી ખાય છે; તે માટે મનુષ્યો બંદુક, તલવાર આદિ શસ્ત્ર લઇને તેને મારવા જાય છે. અને ત્યારે તેનાપર ધસી હુમલો કરનારા વ્યાઘ્રાદિક—પ્રાણી તેને હાથે માર્યા જાય છે. તેની અંદર જોશો તો વ્યાઘ્રાદિક ઘાતક પ્રાણીઓ પોતાનો ઘાત પોતાને હાથેજ કરી લે છે, એવો સ્પષ્ટ ન્યાય છે. માટે વ્યાઘ્રાદિકને મારવાથી મનુષ્યને હિંસા કર્મનો દોષ લાગતો નથી. જુઓ કે જે વારે એકાદ ખુની મનુષ્ય બીજા મનુષ્યને મારે છે, તે વારે રાજા ન્યાય કરી તે ખુની માણસનો પ્રાણ લે છે; તેની અંદર રાજાને તે મનુષ્ય હત્યાનો દોષ લાગતો નથી. કેમ કે ખુનીનો અપરાધ હોવાથી રાજા તેને મારે છે. વિના અપરાધ મારતો નથી. તે વારે જોશો તો ખુની મનુષ્યજ પોતાની હત્યા પોતેજ કરી લે છે, એવું સિદ્ધ થાય છે. માટે રાજા તરફ મનુષ્ય મારવાનો હિંસા દોષ નથી. તેમ વ્યાઘ્રાદિક હિંસક પ્રાણી જે મનુષ્યોનો નાશ કરે છે. તેને મારનારા મનુષ્યને હિંસા દોષ લાગતો નથી. એ વ્યાઘ્રાદિક પોતાની હત્યા પોતેજ કરી લે છે. એવું ન્યાય સિદ્ધ છે. અને તે વિષે પૂર્વે વ્યાસ આદિ સદ્ધર્મી સત્પુરૂષ થઇ ગયલા છે. તે પણ કહે છે; "कृते प्रतिकृतं कुर्याद्धिंसने प्रतिहिंसनं ॥ तत्र दोषो न पताति दुष्टे दुष्टं समाचरेत्" એટલે દુષ્ટોને દુષ્ટ પણે અર્થાત્ હિંસકની હિંસા કરી તો દોષ નથી.

પ્ર૦—મનુષ્યોએ હિંસા કરવી નહીં એ ખરૂં, પણ એમ થવાથી પશુની વૃદ્ધિ અતિશય થઈને મનુષ્યને જમીનપર રહેવાને જગા ન મળતાં ખેતીવાડીનું કામ પણ ચાલશે નહીં; અને તેજ પ્રમાણે સમુદ્રમાં પણ મચ્છ ઉત્પન્ન થાય છે, તેનો ખાયા સિવાય બીજો કાંઈ ઉપયોગ દેખાતો નથી; જો ન ખાધા તો તેની વૃદ્ધિ થઇને નૌકા ગમનાદિ વ્યવહાર બંદ થશે, માટે આવી અડચણ લોક માંસ ખાય છે, તેથી દૂર થયેલી છે! ઉ૦—એમ કહીએ ત્યારે કુત્રા, બીલાડા, કાગડા એવા પ્રાણીને કોઈ ખાતું નથી, તો પછી તેની ઉત્પત્તિ અતિશય વધીને મનુષ્યોને તેનાથી કાંઈ પ્રતિબંધ થાય છે કે? તેમજ મનુષ્યને કોઇ મારી ખાતું નથી. માટે તેમની ઘણી ભીડ થઇને લોકોને રહેવાને જગા પુરતી નથી એવું કાંઈ થયું છે કે? અને જો તેમ નથી થયું અને

થતું નથી તો તેજપ્રમાણે ગાય, બકરાં માછલાં એવાં પ્રાણીઓ ન માર્યાં, તો તેથી લોકને હરકત થશે, એવી તેમની દૃષ્ટિ હોતીજ નથી. જુઓ કે નિરૂપયોગી કુત્રા, કાગડાને ન મારવાથી નુકસાન થતું નથી, તો પછી ગાય, બકરા, એવા ઉપયોગી પ્રાણીઓને ન મારવાથી કેમ તોટો આવશે? અર્થાત્ તોટો આવનાર નથી. પરંતુ ઉલટો દૂધ અને ઉનનો તેનાથી નફો થનાર છે. તાત્પર્ય—આ દુનિઆમાં કે અમારા ઘરમાં અમને રહેવાને મકતી જગા મળવી જોઇએ તેટલા માટે જો અમે અમારા બાપ દાદા વગેરે પૂર્વજોને, કે પુત્ર પૌત્રાદિ વંશજોને મારતા હોત તો પછી તે ન્યાયથી પશ્વાદિકને મારવાને કાંઇ હરકત દેખાઈ ન હત. જમીનપર થાય છે, તેમજ જળમાં પણ મહામારી (મરકી) ઉત્પન્ન થઇને આપોઆપ કરોડો મચ્છાદિ જીવ મરીને સમુદ્ર કિનારે આવી પડે છે. એવી રીતે ઈશ્વરે ઉત્પત્તિ ઘણી વધી કે તેના ક્ષય અર્થે યોજના કરીજ મુકેલી છે. અર્થાત્ ઉત્પત્તિ લયની વ્યવસ્થા ઈશ્વરે જોઇએ તેવા હીસાબે યોજેલી છે, તેમાં બીજાના શાહાણુપણની કાંઇ જરૂર પડતી નથી. પોતાના કર્ત્તવ્યમાં તે પોતે કુશળ છે. હવે મચ્છાદિનો બીજો કાંઈ ઉપયોગ નથી, એમ કહો છો; પણ ભાઇ, જુઓ, કે મચ્છ જળમાં હોવાથીજ જળ સ્વચ્છ મળે છે. તે આપણે "ચક્ષુર્વૈ સત્યં" એટલે પ્રત્યક્ષ આંખે જોઇએ છીએ. હિંદુસ્થાન દેશના લોકો પ્રમાણે બીજા દેશના રહેવાસી પણ કુવા તળાવમાં પાણી સ્વચ્છ રેહેવા સારૂ મોટી યુક્તિથી માછલાં લઇ જઇ તેમાં મુકે છે. વળી સ્વચ્છ પાણીની બાફ થઇને સુવૃષ્ટિ થાય છે. તેણે કરીને વનસ્પતિ આદિની સમૃદ્ધિ થાય છે. એવો પ્રકાર તુર્કસ્થાનમાં મચ્છિ રહિત "મૃત્યુ સમુદ્રની" આસપાસ થતો નથી; એ પ્રત્યક્ષ છે.

પ્ર૦—પશ્વાદિ પ્રાણી જ્યારે મનુષ્યોના ઉપયોગ સારૂં છે, ત્યારે વાઘ, સર્પ, આદીનો શો ઉપયોગ તે કહો? ઉ૦—ઈશ્વરે આ જગતમાં દૃશ્ય અને અદૃશ્ય એવા બે પ્રકારના પદાર્થ ક્ષયાર્થે નિર્માણ કરેલા છે. તાવ, ઉધરસ, ક્ષય, એવા જે રોગ તે અદૃશ્ય; અને વાઘ, સર્પ, મગર અને ગીદ આદિ પશ્વાદિ એ દૃશ્ય. સર્પ ગમે તેને કરડતો નથી जे जे करती पापें, ते ते मरतील सापें એવી મરાઠીમાં ગારૂડી લોકોની કહાણી છે. તે ખરી છે. ઘડપણમાં કે મંદવાડ વખતે મનુષ્યને જેમ અન્ન, વસ્ત્ર અને ઓષધોપચાર તેના વંશજો તરફથી કે અન્ય આપ્ત પુરૂષો તરફથી સાધ્ય છે, તેમ પશ્વાદિકમાં થતું નથી. અને તેની તેમને અવશ્યકતા પણ ઈશ્વરે રાખી નથી, એવું અગર જો સિદ્ધ કરવામાં આવે છે, તોપણ કેટલાક પશ્વાદિકને પાદ વ્રણ, પેટનું ચડવું, સ્રાવ, એવા રોગ થઇને તેમને દુઃખ સોસવું પડે છે, માટે મોટા મોટા જંગલમાં અને જળાશયમાં વાઘ, મગર, આદિ પ્રાણીના યોગે તાત્કાલ મૃત્યુ નિર્માણ કરેલું છે, એવું અનેક જ્ઞાતા પુરૂષોનું કેહેવું છે. ઉધરસ, પેટ ફુગવું, એવા અદૃશ્ય પદાર્થને યોગે પશ્વાદિનો કોઇ કોઇ વખત નાશ થાય છે, તેમજ વાઘ, સર્પ એવા દૃશ્ય પદાર્થને યોગે મનુષ્યનો પણ નાશ થાય છે. તાત્પર્ય— વાઘ, સર્પ એ મનુષ્યના શત્રુ— તો એવા શત્રુ તરફથી ઉપયોગ મેળવવાનો સંભવ કેમ ઘડાય?

પ્ર૦– શ્વાસોશ્વાસ, આહાર, નિદ્રા, એ સૃષ્ટિ નિયમ પ્રાણીઓને લાગુ અવશ્ય હોવાથી તે ન કરવાથી પ્રાણી જેમ મરે છે, તેમજ હિંસા ન કરવી, આ સૃષ્ટિ નિયમ અવશ્ય હોય તો હિંસક લોક તેમ કરવાથી તત્કાળ મરવા કે શિક્ષા પાત્ર હોવા જોઈએ ! ઉ૦–શ્વાસ, નિદ્રા, એ ગુણ મનુષ્ય પશ્વાદિકમાં જન્મથીજ સાધારણ છે, પરંતુ મનુષ્યને વિશેષ આપેલી વિચાર શક્તિને યોગે કરીને હિંસા કે માતૃ ગમન ન કરવું, એ ગુણ અવશ્ય છે. હવે જો આ વિશેષ વિચાર જન્ય ગુણ મનુષ્યમાં ન હોય, તો તે મનુષ્ય વિચાર શૂન્ય પ્રાણી એટલે મા અને પોતાની સ્ત્રી વચ્ચે ભેદ ન રાખનારો શુદ્ધ પશુજ જાણવો. અને પશુની જે ગતિ, તેજ તેની ગતિ.

પ્ર૦– મોટા મચ્છ નાના મચ્છોને ગળી જાય છે; વાઘ, આદિ બલવાન પ્રાણી બીજાં નિર્બલ પ્રાણીઓને ફાડી ખાય છે; અને ગીદ, બાજ, આદિ પક્ષીઓ પણ તેમ કરે છે. તે ઉપરથી મોટા પ્રાણીઓએ નાના પ્રાણીઓને ખાવા, એવો સૃષ્ટિ ક્રમ સ્પષ્ટ થાય છે, તો તે પ્રમાણે મનુષ્ય સર્વમાં શ્રેષ્ઠ તેમણે બીજાને ખાવા, તેમાં શી અડચણ? ઉ૦– ભાઇ, અડચણ શાની ? ગણે તેને અડચણ–પણ જ્યાં લગી મનુષ્યમાં જ્ઞાન, દયા, ન્યાય, મન, વિચાર આદિ માનસીક ગુણ છે, અને તેમાં મા બેન, અને પોતાની બાયડી વચ્ચે ભેદ ગણે છે, અને મનુષ્યપણાનું મુખ્ય ચિન્હ જે લજ્જા તે તેનામાં છે, ત્યાં લગી તે અડચણ; પરંતુ એકાદ વેળા મનુષ્ય દયા, જ્ઞાન, વિચાર, લજ્જા, એ જે મનુષ્યોના ગુણ, તે છોડીને કેવળ પશુત્વ વૃત્તીને અનુસરી વરતવા લાગ્યો, એટલે પછી કાંઈ બોલવાનું રહ્યું નહીં !

પ્ર૦–વ્યાઘ્રાદિકને માંસ ખવાય એવા સૂળ કહેતા રાક્ષી દાંત છે, તેવા મનુષ્યોને પણ છે. તો પછી જો મનુષ્યને માંસ ભક્ષણ સર્જીત નથી, તો એવા સૂળ દાંત કેમ ઉત્પન્ન થયા છે ? ઉ૦– જુઓ ભાઇ, શેરડી, નાળીએર, દ્રાક્ષ, કાજુ, મહુડા આદિ મિષ્ટ અને શુદ્ધ પદાર્થ ઉત્પન્ન થાય છે, તેને વિષે જો મદ્યપિ લોક એમ કહેવા લાગ્યા કે તે ઈશ્વરે મદ્ય ઉત્પન્ન કરવા સારૂ નિર્માણ કરેલા છે. તો તેવાઓનું બોલવું આપણે શું કબુલ કરવું છે ? કેહુશો કે નહીં; તો તેજ પ્રમાણે સૂળ દાંતનો પણ વિચાર કરી લેવો. જુઓ કે, સૂળ દાંત માંસ ખાવા માટે આપ્યા છે, એમ કહીએ તો કેટલાક ઘણાજ ઘરડા મનુષ્ય તેના સર્વ દાંત પડી ગયલા છતાં, તે પોકલ મોઢે પણ માંસ ખાય છે ! અને વાંદરાને તથા ડુક્કરને સૂળ દાંત છતાં પણ તે માંસને અડતો પણ નથી. તેનું કેમ ? બીજું; વાઘ, કુતરા, બીલાડા, સિંહ આદિ માંસ ભક્ષકના સૂળદાંત લાંબા હોવાથી બહાર પડેલા હોય છે, તેણે કરીને તે પ્રાણીઓના શરીરો ફાડીને ખાય છે. પણ મનુષ્ય જેવા ઉત્તમ દેહમાં જે સૂળદાંત છે, તે કેવળ નાના છતાં તેમના જેવા બળકટ છે, એમ પણ નથી. માટેજ તે સૂળદાંતથી મનુષ્ય ગાય, ભેંસ આદિનાં શરીર ચીરી ફાડીને કાચું માંસ ખાઇ શકતો નથી. તેમને પ્રાણીને મારવા કે તેના શરીર ફાડવા ચીરવાને કૃતિમ એટલે બનાવટીના શસ્ત્રોની ગરજ પડે છે. જેવી કે તે હિંસક પ્રાણી-

ઓને પડતી નથી. આવા અનેક કારણ ઉપરથી હીનવાણી પ્રાણીઓના શરીર ફાડી માંસના તુકડા ચગલવા, સુકાં માંછલાં ચાવી ખાવા, કે નળી હાડકા ફોડવા કે એવા દુષ્ટ કર્મ કરવા માટે એ સુળ દાંત મનુષ્યને આપેલા નથી. પણ માત્ર શેરડી, નાળીએર આંબા અને નાના પ્રકારના કંદ, મૂળ, ફળ, વગેરે મધુર પદાર્થ સુખથી ખાવા લાયક સૂળ દાંત મનુષ્યોને અનુકૂળ પડે એવા આપેલા છે. કે જેના વિના તે ખવાતજ નહીં, એ પ્રત્યક્ષ નિર્વિવાદ અને અનુભવ સિદ્ધ છે. વાસ્તે શેરડી આદિ સાધારણ સકત પદાર્થ ખાવા માટેજ સુળદાંત ઉત્પન્ન થયલાં છે, એ ઉઘાડું છે; માટેજ સૃષ્ટિના આરંભમાં અને હાલમાં પણ શસ્ત્ર અને પાત્ર રહીત છતાં પણ શેરડી આદિ ઉપર કહેલા પદાર્થ ખાવા સારૂજ મનુષ્યોને સુળ એટલે રાક્ષી દાંતની અવશ્યક્તા અને ઉપયોગ છે.

પ્ર૦- સૃષ્ટિના આરંભ વખતે ધાન્ય ઉત્પન્ન કરવાને ખેતી વાડીનો સરંજામ ન હોવાને લીધે, મનુષ્યની પેહેલી સ્થિતિ શિકાર કરીને માંસ ખાઇ નિર્વાહ કરવો, એવી હતી. તેનું કેમ? ઉ૦- શિકારના હથિઆરો પ્રારંભે મનુષ્યને મળી આવ્યા એમ કહીએ, ત્યારે ખેતી વાડીના કાં નહીં? વિવેકથી જોતાં ખેતીના હથિઆર કરતાં તો શિકારના હથિઆરને વધારે કારીગરીની જરૂર છે. તે ઉપરથી તો એમ સિદ્ધ થાય કે પ્રારંભે મનુષ્ય પાસે શીકાર તેમજ ખેતીના એવા બેઉ પ્રકારના હથિઆર નહીં હતા. તેવારે એવા શસ્ત્રહીન મનુષ્યને જે અરણ્યમાં ફાડી ખાનાર સિંહ, વ્યાઘ્ર આદી ક્રૂર પશુ વસે, ત્યાં જઇને શિકાર કરવો કેમ ફાવે? નહીંજ ફાવે; બીજું મનુષ્યની શરીર રચના ઉપરથી જોતાં તે શસ્ત્ર પાત્ર રહિત છે. અર્થાત્ તેમની પાસે પ્રારંભે શસ્ત્ર કે પાત્ર ન હતા. તેવે પ્રસંગે એવા મનુષ્યોનો શસ્ત્ર પાત્ર વિના નિર્વાહ ચાલે, માટે ઈશ્વરે કેળા, કાકડી, આંબા, ફણસ, જામફળ, બટાટા, સુરણ, કંદ, દ્રાક્ષ, શેરડી આદિ ફુળ, ફળાદિ અને કંદ મુળ આદિ અનેક કોમળ પદાર્થ ઉત્પન્ન કર્યા હતા, અને તેમાંના કેટલાક શસ્ત્ર હીન મનુષ્યથી ખાઇ શકાય, તેમાટે તેને સુળ દાંત આપ્યા હતા. તાત્પર્ય— શસ્ત્ર પાત્ર રહિત હોવાથી શિકાર કરી માંસ ખાવા જેવી મનુષ્યની પ્રારંભે સ્થિતિ ન હતી, પણ કેળા, આંબા, ફણસ આદિ ફુળ ફળાદિ અને કંદ મુળ વગેરે વિના ખેતી કરે ઉત્પન્ન થનારા શુદ્ધ પદાર્થ ભક્ષણ કરવાની તેમની સ્થિતિ હતી. અને હમણાપણ તેવી છે.

પ્ર૦—મનુષ્યે માંસ ખાવું નહીં, તો હાલ જે માંસ ખાય છે, તે તેને પચીને તે જીવે છે કેમ? મનુષ્યના કોઠામાં માંસ પાચક શકિત છે એ સિદ્ધ કરવાને સારૂં એક મનુષ્ય જેને ગોળી ગળવાની આદત હતી, તેને જોઇને એક ઇંગ્રેજ વૈદ્યે નાની રૂપાની ગોળી બનાવી તેમાં બારીક છીદ્ર પાડી અને તેમાં માંસ ભરી તેને ગળવા આપી. તે ગળ્યા પછી ૪૦ કલાકે તે ગોળી અધોદ્વારે સાફ થયેલી બહાર પડી, પણ પછી તેવીજ માંસ ભરેલી ગોળી ગાયને ગળાવી, તો તે જેવીને તેવી તરત બહાર પડી. એ ઉપરથી મનુષ્યના કોઠામાં માંસ પાચક શક્તિ છે, એ સ્પષ્ટ દેખાય છે. તો પછી

તેણે માંસ ભક્ષક કાં ન થવું? ઉ૦–અરે ભાઇ! આ જઠરાગ્નિનો એવો કાંઈ વિચિત્ર ઝપાટો છે, કે તેમાં માટી જઇ પડી, તો તે પણ પચે છે, માટે માટી ભક્ષ કરવી કે શું? શસ્ત્રમાં કાપવાની શક્તિ છે, માટે તે શસ્ત્રથી માણસના ગળા કાપવા કે શું? હવે તે માંસ ખાઇને જીવે છે કેમ? એમ તું કહે છે, તો માતૃ ગમન કરવું નહી, એવું છતાં માતૃગમની પણ કેમ જીવે છે? વળી જીવંત મનુષ્યને બાળવું નહીં, એવું છતાં તેને અગ્નિમાં ઘાલ્યો તો તે કાં બળે છે? તો તેનું કારણ એ કે અગ્નિનો બાળવાનો ગુણ અગ્નિ ભજવે, એમ છે. તેમજ "જઠારાગ્નિ શાંત થવાથી પ્રાણી જીવે છે" એ સૃષ્ટિ નિયમ પ્રમાણે મનુષ્ય શ્વાન ડુકરવત્ રેત, લાળ, કફ, પિત્ત, એવા અશુદ્ધ અને ગંદા પદાર્થ ખાવાની આદતથી પોતાનું પેટ ભરીને જઠારાગ્નિ શાંત કરી લઇ જીવે છે. એમાં તને આશ્ચર્ય તે શું લાગ્યું? હવે મનુષ્યના કોઠામાં માંસ પાચક શક્તિ છે, એવૂં કોઇ વૈદ્યે જોયુ એમ કહે છે, પણ તે વૈદ્ય વિચાર શૂન્ય હશે. જુઓ કે જે જે પદાર્થ ખાવાની આદત રાખીએ તે તે પદાર્થની પાચક શક્તિ પ્રાણીના કોઠામાં ઉત્પન્ન થાય છે. પાવ તોળો અફીણ એટલે અનારા સરખાને તો તે સ્વર્ગ નિશાની થઈ પડે. પરંતુ તેજ અફીણ મારવાડ દેશમાં એકાદો આદમી ૫–૧૦ તોળા લગી ખાઇને તે જેરવે છે, માટે તે પાચક શક્તિ બીજા માણસને અંગે આવશે કે? જે જે પદાર્થ ખાઈએ. તે તે પદાર્થની પાચક શક્તિ ઉત્પન્ન થાય છે, એમ હોવાછતાં તેજ નિયમ સર્વત્રને લગાડવો એ કેવડું મૂર્ખત્વ! જુઓ કે ઘોડો અહિંસક પ્રાણી, એ મત સર્વ માન્ય છે, તેમ છતાં પણ કેટલાક ઘોડા આદત પાડયાથી માંસ પણ ખાય છે, માટે ઘોડાની જાત હિંસક થશે કે? સારાંશ; ઘોડા અહિંસક છતાં તેના કોઠામાં માંસ પાચક શક્તિ આદતે કરીને જેમ આવે છે, તેમજ એકાદ માણસે માંસ ખાવાની ટેવ પાડી, એટલે તેના કોઠામાં પણ માંસ પાચક શક્તિ આવે છે, અને તેજ પ્રમાણે જે માણસ પર વૈદ્યે પ્રયોગ કરી જોયું કહે છે, તે માણસ પણ માંસાહારી હતો, માટે તેમ થયું તેમાં સિદ્ધાંત શો?

પ્ર૦– ઇંગ્લંડ, લૅાપલંડ એવા થંડા દેશમાં ધાન્યોત્પત્તિ ન હોવાને લીધે માંસ વગર નિર્વાહ ચાલતો નથી. ત્યારે તે ઠેકાણે તો માંસ ખાવુંજ જોઇએ; પછી કેમ? ઉ૦–એવા થંડા પ્રદેશમાં અજ્ઞાન અને વિચાર શૂન્ય એવા ગાય, ઘોડા, વાંદરા, મેંઢા, આદિ પશુઓ સુદ્ધાં માંસ ખાધા વિના રેહે છે. તો પછી જ્ઞાની અને વિચારી માનવેં પોતાને બુદ્ધિ બળે માંસાહાર સિવાયે રહી શકે તેમાં શું આશ્ચર્ય? ઈંગ્લંડમાં "વેજીટેરાઅન સેકટ" તથા "બાયબલ ક્રિશ્ચિયન' એવા મોટા મોટા વેપારી, રાજકીય અમલદાર, અને ધર્માધ્યક્ષ તથા ખેડુત લોકના મોટા મંડળો છે. તે માંસઆહાર મુદ્દલ કરતા નથી, તે પ્રસિદ્ધ છે. હવે ઉત્તર ધ્રુવ આગલ લૅાપલંડ પ્રદેશમાં જ્યાં છ છ મહીના લગી સૂર્ય દેખાતો નથી, અને બહુધા સર્વકાળ બરફ રહે છે, તેથી કરીને ત્યાં ઘણી ધાન્યોત્પત્તિ નથી; અને ત્યાંના લોક પણ ઘણા ઠીંગણા હોય છે.

તે લોકના સંરક્ષણ માટે ઉન્હાળાના સમયમાં ઉગીને વધનારી પુષ્કળ વનસ્પતિ એટલે ફુળ ફળાદિ કંદ મુળ, અને સાતુ, ઔત્સ, રૈ, એવા ધાન્યો તથા બર્ફ પર ચાલી શકે એવા રેન્ડીયર નામના પશુ પણ ઉત્પન્ન થાય છે. અને ત્યાં રેન્ડીયર શિવાય બીજા પશુ બહુધા થતાં નથીજ, અને તે પણ ઘણા થોડાજ. તોપણ ત્યાંના તે લોક તેને ન મારતાં દુધ માટે અને બર્ફના માર્ગ પર તેપર બેસી મુસાફરી કરવા માટે તેનું ઘણુંજ જતન કરે છે. માંસાહારી બીજા દેશના લોક મીથ્યા સ્વમત પુષ્ટી કરવા માટે પોતાના ઘરમાં બેસી ભળ ભળતાજ કુતર્ક કાઢે છે. આફ્રિકા અને અમેરીકામાં ઉષ્ણ કટી બંધના પ્રદેશમાં મ્યાનક નામે વનસ્પતિ થાય છે, તે ત્યાંના રેહેવાસીઓને ધાન્ય પ્રમાણે ઉપયોગમાં આવે છે. તેના મુળની તેઓ ભાખરી કરે છે. અને તે મુળને શેકી બાફીને પણ ખાય છે. અમેરીકામાં ઘણી જગોએ પર્વતના ઢોલાણ પર બટાટાના ઝાડો આપો આપ પુષ્કળ ઉગે છે. મોલક્કા નામના બેટના લોકોને તો ખેતર ખેડવાની અને ધાન્ય વાવવાની જરૂર કે પ્રયોજન નથી. કેમકે ત્યાં તેમને ઈશ્વરે સાગુ ચોખાના ઝાડ પુષ્કળ આપેલા છે. તેનો લોટ કરીને તેની ભાખરી પર ગુજારો કરે છે. આફ્રિકાના દક્ષિણમાં કેટલાક પ્રદેશમાં નદી તો નથીજ, અને કુવા પણ થોડાજ છે, તોપણ ત્યાં ઠેક ઠેકાણે વનસ્પતિ છે–તેમાં એક વનસ્પતિ એવી છે કે ઉપરનું દીઠું જોયું તો તે કલમ જેટલું જાડું દેખાય છે. અને પાંદડાં બારીક છતાં સરાસરી એક હાથ ઉચું હોય છે. પણ નીચે જમીનમાં એક બે હાથ ખોદ્યું તો તે વનસ્પતીનો કંદ માણસના માથા જેવડો મળે છે, અને તેમાં મગજ અને રસ પુષ્કળ હોય છે. તેના આહારથી લોકો ક્ષુધા તથા તૃષા શાંત કરે છે. તાત્પર્ય– અતિ ઉષ્ણ પ્રદેશમાં પણ મનુષ્યના નિર્વાહ અર્થે દયાળું પરમેશ્વરે વિપુલ વનસ્પતિ ઉત્પન્ન કરેલી છે.

પ્ર૦–માંસ ખાધાથી બળ આવી શરીર સદૃઢ થાય છે, અને મોટા મોટા ભારે મેહેનતના કામ માંસાહાર વગર તો થતાજ નથી. એવું કેટલાક વૈદ્યનું કહેવું છે. અને તે પ્રમાણે અમારા અનુભવમાં પણ આવે છે. કે જે દિવસે તે મળતું નથી, તે દિવસે બે કોળીઆ ઓછું ખાય છે. અને તે મળેછે તે દિવસે બે વધારે ખવાય છે. તેવારે માંસથી શરીર સારૂ રહે છે, તો તે ખાવાને શી ચિંતા ? કારણ “ આત્માનં સતતં રક્ષેત ” એવું શાસ્ત્ર છે. ઉ૦– અરે ! એ શાસ્ત્રનો ઉપયોગ કામજવર નિવારણાર્થ માતૃ ગમનપર લગાડીએ, તો તે તું કબુલ રાખશે કે ? કદિ નહીં. તો તેપ્રમાણે માંસાહાર પણ તેમજ સમજ. હવે તું માંસે કરીને શરીર સદૃઢ થાય છે, એમ કહે છે, તો હિંદુસ્થાની ભઈઆ જેને પુરબીઆ કહે છે તે, મથુરાના ચોબા, ભાટ, ગુર્જર, લિંગાયત જે જન્મભરમાં માંસને કદિ અડયા પણ નથી તે એવા તો બળવાન છે, કે તેમાંના એકેકની સામા મલયુદ્ધમાં તારા સરખા માંસ ભક્ષક પાંચ પાંચ પણ પુરા પડી શકશે નહીં, એ ચક્ષુર્વૈ સત્યં છે. એ ઉપરથી માંસ ભક્ષણથીજ બળ આવે છે, એવું જે વૈદ્ય કહે છે, તે પોતેજ માંસ ભક્ષક એટલે

તેનો એવો પક્ષપાતી ઉદ્‌ગાર નીકળે છે. જુઓ, દુધ, ઘી, ઘઉં, અને કંદ, ફૂળ ફળાદિ એવા શુદ્ધ પૃથ્વીદત્ત પદાર્થ ખાધાથી તેની અંદરના અનેક તત્વ ઉત્પન્ન થઇને તેથી શરીર પુષ્ટિ થાય છે, ગંદા માંસાદિ નરકવત્ પદાર્થોથી અજીર્ણાદિ અનેક રોગ ઉભા થાય છે, માટેજ માંસ ભક્ષકોમાં રોગી ઘણા થઈને તેઓમાં વૈદ્યની ગરજ ઘણી પડે છે. એવાં દેખઈતાં ઉદાહરણો હાલમાં દૃષ્ટિએ પડે છે. सद्यः काम करः पयः "घात करन बलधारन मोकुं पुछो जोय, पयसमान तीन लोकमें ओखद नही कोय" એટલે દૂધ સરખુ બળ આપનાર અન્ય પદાર્થ નથીજ,— એવા કબિરાદિ અનેક સાધુના અનુભવિક પ્રમાણો છે. તે ઉપરથી દૂધ, ઘી, ઘઉં આદિ બળ આપનારા શુદ્ધ પદાર્થ છોડીને મલીન લોક કફ, પિત્ત, લાળ, રેત, મિશ્રિત દુર્ગંધી પદાર્થ બળ આપનારા કહે છે, એ કેટલું મૂર્ખત્વ? જુઓ, કેવળ દૂધ, ઘી, અને ફળ, મૂગ, કંદાદિ શુદ્ધ વનસ્પતિ, એનો પરિમિત આહાર કરવાથીજ સદૃઢતા પ્રાપ્ત થાય છે, એવું યત્નોનાજ અનુભવમાં આવેલું છે.*(પૂર્વાર્ધ-જુઓ). હવે બીજું તું મેહેનતના કામ વિષે જે કહેછે, તો મોટ મોટા યુરોપિયન કામદારો, લુહાર અને નવઘાણીઓની પ્રમાણે માંસ તો ખાય છે, પણ શું, તેથી તે લુહાર અને નવઘણીનું કામ તે કામદારનેહાથે થશે કે? ઘણા શ્રમ તથા મેહેનતના કામ કરવાં, એ કેવળ આદત અને અભ્યાસપર રહેલું છે. બીજું તું જે કહે છે કે માંસ મળે, તે દિવસે બે ગ્રાસ (કોળીઆ) વધારે ખવાય છે. પણ તે તારી જીભનો એક ચટકો છે. જેમ ગાંજા ખોરને ગાંજાની તલપ દબાવ્યા સિવાયે જમવું ખાવું મીઠું ન લાગવાથી તેના વિના ચાલતું નથી, તેમજ માંસનો મૂળથકી ચટકો લાગવાથી તારી પણ તેવી અવસ્થા છે.

પ્રશ્ન—મનુષ્યોએ પોતાના ચાકર માણસની પેઠે પશુ પાસે શ્રમનાં કામો કરાવવા એવું આગળ લખેલું છે. પણ મનુષ્ય તો મનુષ્યનું પોતાની સ્વેચ્છાથી કામ કરે છે તે ઠીકજ છે. પરંતુ પશુ પાસેથી તો તેની સ્વેચ્છા ન છતાં તેને બાંધીને કામો કરાવવા પડે છે. માટે તે અન્યાય નહીં કે? ઉ૦—શંકાનું સમાધાન એવું છે કે જેમ આપણે

---

* "Thomas Jackson, a labouring man of Nantucket, has never eaten any flesh.—He informed me a short time since, " says Mr. W. Macy, " that he had never been sick, never felt any of the aches and pains of which others complain and never experienced any painful weariness from labour.—He said he could work all day and night if necessary, without any considerable sense of fatigue.—I have known him go into the field in the morning and labour through the day, and come in at evening and eat his supper, and go into the oil-mill and work all night, and then go into the field again in the morning, without a moment's sleep, and work all day; and yet at the close of the second day, he assured me that he felt no oppressive sense of weariness or exhaustion.—He observed to me that he had several Brothers, all of whom ate flesh freely; and said he, I am worth the whole of them to endure labour, privation, and exposure." *F.*

આપણા બચ્ચાઓ અજ્ઞાન હોવાથી તેમની ઇચ્છા વિરૂદ્ધ બંધન કરીને તેમને વિદ્યા હુન્નર વગેરે શિખવીએ છીએ અને તેથી આગળ તેનું કલ્યાણ થઇને " મનુષ્યે ન્યાય અને નિરાલસ્યપણે ચાલવું " આ જે સ્ટષ્ટિ નિયમ તે સુરલીત પ્રકારે ચાલે છે. તેજ પ્રમાણે પશુ એ વિશેષ વૃદ્ધિંગત પામનારૂં જે જ્ઞાન તેથી શૂન્ય હોવાને લીધે, તેનું પ્રથમ બંધન કરીને તેને હળ, ગાડી, અને બોજો વગેરે ખેંચવાનાં યોગ્ય કામો શિખવવાં જોઈએજ. કેમકે છોકરાંઓને નીતિ ન શિખવ્યાથી જેવો અનીતિનો ફેલાવો થઇને સ્ટષ્ટિ નિયમને તેથી ધોકો પહોંચે છે. તેમજ પશુ પાસેથી આવા મેહેનતનાં કામો ન કરાવવાંથી ધાન્ય વગેરેની સંમૃદ્ધિને હાણી અને ધોકો પહોંચીને સૃષ્ટિ ક્રમને બાધ આવે છે. તે માટે પશુ પાસેથી મેહેનતનાં કામો કરાવી લેવાં એ ન્યાય યુક્ત છે. હવે એ પશુ ખુશીથી કામ કરે છે કે નહીં, એ જોવાનું રહ્યું :—જે પ્રમાણે મનુષ્ય પ્રથમ બંધન પામીને શિખેલી વિદ્યાકળામાં પછીથી આનંદ માનીને સ્વેચ્છાથી તેની પાછળ લાગે છે. તેજ પ્રમાણે પશુ, એ પણ બંધન વગેરે દુઃખ ખમીને ખેડવું, ગાડી બોજો વેહેવો, વગેરે શિખેલાં કામમાં આનંદ અને ખુશી માનીને પછી તે કામો સુખેથી કરે છે. તથા જેમ બંધનમાં રહી શિખેલો મનુષ્ય, સંપાદન કરેલાં જ્ઞાન વિદ્યાનો ત્યાગ કરીને અજ્ઞાન અવસ્થામાં રેહેવું પસંદ કરતો નથી. તેમજ પશુ પણ બંધનમાં રહીને હળ વગેરે ખેંચવાનું શિખેલું કામ છોડીને ભયંકર અરણ્યમાં જઇ ત્યાં વાસો કરવાને ચહાતો નથી. અને તે વિષેનો અનુભવ ખેતી વાડીનું કામ કરનારા કણબી વગેરે લોકોને સારી પેઠે હોય છે. તાત્પર્ય એ કે ખાવા—પીવાના બેહાલ ન થાય માટે જેમ ચાકર માણુસ ગામમાં રહી કામ કરે છે. તેમજ આ ઉદ્યોગી સુશીલ પશુ અરણ્યમાં વ્યાઘ્રાદિ ક્રૂર પ્રાંણીના ભયમાં જઇને ન રહેતાં અને મોકલે મનથી ફરવાનું ન ચહાતાં ગામમાં મનુષ્યોની ભેગા રહીને પોતાની ખુશીથી તેમના મેહેનતના કામો કરે છે. અને સુખેથી પોતાનો ખોરાક હક વાજબી તેમની પાસે મેળવે છે. પરંતુ તેમને છોડી અરણ્યમાં નાસી જતાં નથી. એ સ્પષ્ટ સિદ્ધ છે.

પ્રશ્ન—કોઇક બ્રાહ્મણ એમ કહે છે, કે વેદોક્ત ધર્મમાં માંસ ભક્ષણ કલિ વર્જીત કરેલું છે. અર્થાત્ આ કલિ યુગમાંજ માત્ર વર્જ કરેલું છે. ત્યારે તેપરથી તો પુર્વે સત્યત્રેતાદિ યુગમાં ખાતા હતા, એમ સિદ્ધ થાયછે. તો જ્યારે સત્ય યુગાદિ ઉત્તમ અને પવિત્ર યુગમાં માંસાહાર પવિત્ર ગણાતો હતો, અને હિંસા કરી માંસ ખાતા હતા, ત્યારે હવે આ કનિષ્ટ જે કલિયુગ એટલે અધમ કલેશનો કાળ તેની અંદર એ વર્જ કરવાનું કારણ શું ? ઉ૦—અરે ભાઇ, એમ જે બ્રાહ્મણ કહેતો હોય, તે હિંસક છતાં અપઠીત અજ્ઞાન જાણવો; વેદાદિ લઇ આપ્ત શાસ્ત્રોમાં કોઇ જગોએ એવો લેખ નથી. પણ જ્યારે શાક્ત ધર્મ રાક્ષસ રૂપ ભટજીએ રચ્યો તે વખતે તેમણે સ્મૃત્યાદિ ગ્રંથોમાં ઘુસા ઘુસી કરી બીગાડ કર્યો, અને હિંસા કર્મની પ્રવૃત્તિ ચાલું કરી, અને નવીન તેવા બીજા ગ્રંથો પણ રચ્યા, ત્યારે જૈન, વૈષ્ણવ, અને લિંગાયત આદિ અહિંસક

ધર્મના વર્ગ બંધાય, આ હિંસક અધર્મનો ઉચ્છેદ કરવા લાગ્યા, ત્યારે કેટલાક હિંસક ભટોબાએ માંસાહાર છોડી, બહારથી પોતાની લાજ જાળવવાને કાંઈ સરારી ભરેલું કારણ દેખાડવું, તેટલા માટે કલિવર્જ્યાદિ નવીન ગ્રંથોની રચના કરી આ દુષ્ટાચારથી પોતે દૂર ખસ્યા, જેમ તે સ્મૃતિ ચંદ્રિકા નામનો એક નવો ગ્રંથ રચીને તેમાં પ્રથમ "अग्निहोत्रं गवालंभं संन्यासं पल पैतृकं, देवराच्च सुतोत्पत्तिःकलौ पंच विवर्जयेत्" એટલે યજ્ઞ, શ્રાદ્ધ, દેવ કાર્ય ઈત્યાદિ સંબંધે માંસાહાર વર્જ છે, એવો આ શ્લોક લખી માંસ ખાવું છોડયું, પણ જીભને પડેલો ચટકો તે છુટો નહીં. ત્યારે આ "अग्नि-होत्रं–" શ્લોકના સંબંધમાં તેજ શ્લોકની નીચે "यावद्वर्ण विभागोस्ति यावद्वेदः प्रवर्तते संन्यासं चाग्निहोत्रं च तावत्कुर्यात्कलौ युगे" એટલે કલિયુગમાં જ્ઞાતીભેદ હોય ત્યાં લગી તો યજ્ઞ, યાગાદિ કર્મમાં હિંસા કરી માંસ ખવાય, એવો બીજો શ્લોક દાખલ કરી, અધર્મી લોકો ફરીથી પાછા બકરા મારી ખાવા લાગ્યા. વળી આ સ્મૃતિ ચંદ્રિકા પ્રમાણેજ સૂત સંહિતા, સ્મૃત્યંતર એવા બીજા નવા ગ્રંથો રચી તેમાં "नसेवयातिमूढात्मामत्स्याहारांद्विजोत्तमः।द्विजाधमःसाविज्ञेयःसत्यंसत्यंमयोदितं" એટલે જે દ્વિજ છતાં માંસ માછલાં ખાતો નથી, તે દ્વિજ વર્ગમાં અધમ પુરૂષ જાણવો; તથા 'विंध्यस्योत्तरभागे तु खादन्मांसं न दोषभाक्" એટલે ગૌડ દેશમાં રહેનારાઓ માંસ ખાય, તો દોષ નથી. વળી દેવી ભાગવત નામના શાક્ત ગ્રંથમાં

कृते श्रुत्युक्त मार्गाश्च त्रेतायां स्मृतिभाषिताः । द्वापारे वै पुराणोक्ताः कलौ वागम संभवाः ॥ એટલે સત્યયુગમાં શ્રુત્યુક્ત માર્ગ, ત્રેતા યુગમાં સ્મૃત્યુક્ત માર્ગ, દ્વાપારમાં પુરાણોક્ત માર્ગ, અને કલિયુગમાં શાક્ત માર્ગ કહેલો છે, અર્થાત્ પૂર્વોક્ત ત્રણ યુગમાંહેલા માર્ગ છોડીને આ કલિયુગના આગમ માર્ગની અંદર શાક્ત લોકોએ કહેલું જે માતા, કન્યા, સ્નુષા આદિ અગમ્ય સ્ત્રી ગમન તથા મદ્યમાંસનું સેવન, તેજ મનુષ્ય માત્રનો ધર્મ માર્ગ છે, તે આચરવો. (વિશેષાર્થે ઉપોદ્ઘાત જુઓ) એવાં એવાં વચનો પોતાના દોષ છુપાવી, પોતાનું મોટાપણું રહે તેટલા માટે લખી રાખેલાં છે. હવે જુઓ ભાઈ " માતૃગમન જે અયોગ્ય, તે ગૌડ દેશમાં કે કલિયુગમાં એવા કોઇ ભિન્ન પ્રદેશ કે ભિન્ન કાળમાં કર્યું, તો તેનો દોષ નહીં, એવું કોઈ કહી શકશે કે? જેમ કોઇ પણ પ્રદેશ કે કાળમાં "બે ને બે' ચાર તે પાંચ ન થાય, તેમ માતૃ ગમન જે અયોગ્ય તે યોગ્ય કહેવું એ દોષ છે; તેમજ માંસ ભક્ષણ કરવું, એ પણ પ્રત્યેક જગે અને કાળે દોષ યુક્ત છે. પરંતુ ઉપર કહ્યા પ્રમાણે ધર્મનિમિત્તે હરામનું પેટ ભરનારા શાક્ત ભટજીઓની એ માત્ર જાળરૂપ લીલા છે.

પ્રશ્ન:– યજ્ઞમાં કેટલાક પશુ મારી તેનો બળી આપે છે અને પોતે પણ ખાય છે અને તે મારતી વેળા તેને દુઃખ ન પહોંચે એવી હમે મંત્ર યોજના કરીયે છીયે, એવું કેટલાક વેદપાઠીઓ કહેછે, એ ખરૂં કે કેમ? ઉ૦–અરે ભાઇ! આગ લાગો એવું કહે-

નારની જીભને, કે જે આવી માંસની લલુતા માટે ખોટું સમજાવે છે. જ્યારે એ લોકો બીચારા પશુનું સર્વ અંગ દર્ભ રજ્જુથી બાંધીને તેમના શ્વાસનું અવરોધન કરે છે, તે વખતે તેને જે વેદના થાય છે, અને તેથી ટળવળાટ કરે છે, તે અસહ્ય અને અવર્ણનીય છે! તે કરતાં જો એ હિંસક ધર્મભ્રષ્ટ યાજ્ઞિકના કહેવા પ્રમાણે મંત્રથી જો પશુ દેહને પીડા થતી નથી, તો તે હિંસક યાજ્ઞિક બીજા પાસે તે મંત્રો ભણાવી પોતાનું ગળુ દાબી અને શ્વાસ રૂંધી અથવા પોતાનો હાથ પગ તે મંત્રો વડે કપાવી પોતાને દુઃખ થાય છે કે નહીં, તે તેણે તપાસી જોવું જોઈએ, અને બીજાને કરી દેખાડવું જોઇએ.

પ્રશ્નઃ–અસલ ઋષિ આદિ લોક માંસ ખાતા હતા એવી પુરાણમાં કથા છે, તો પછી માંસ ખાવાની અમને અડચણ કાં? ઉ૦– અરે ભાઇ, અડચણ શાની? માંસ ખાધાથી શું કોઇ ગળાપર છરી મુકે છે? જ્યાં ગામ હોય ત્યાં ઢેડવાડો પણ હોયજ. લોકો શાસ્ત્રને પણ ગોળી પી, મનમાં આવે છે, તેમ કરે છે. અને તે પ્રમાણે તમે પણ કહોછો કે, તે ઋષિએ માંસ ખાધું; પણ ભાઇ, તે દોષ બદલે તેને અધોગતીએ જવું પડયુંછે, કૌશીક પુત્રોને માંસ ખાધાથી અધોગતી પ્રાપ્ત થઇ છે, એવી તમારા મત્સ્યાદિ પુરાણમાં પણ કથા છે, તે પ્રમાણે તમારી પણ ગતી થશેજ. હવે અમુકે માંસ ખાધું; તો પછી હમારે કાં ખાવું નહીં? એવું કહો છો, તો એ કહેવું, બાપે કરાવેલી હજામત જોઇને માએ પણ તેવીજ કરાવવી, એવું બાલકના બકવાટ પ્રમાણે છે. માટે કર્તવ્ય કર્મ જોવું, ભળતું બકવું નહીં. અને કદાચિત્ બકશો, તો તમે ઉંચ વધેલા એરંડીઆ જેવા અને મળમૂત્રનો વિટાળ નહિં સમજનારા બાલક, એ એમાં પછી કાંઈ ભેદ રહેવાનો નહીં. તમારા પુરાણમાં જે ઋષિ શબ્દ આવે છે, તે શાસ્ત્રોક્ત પંડિત ઋષિ મુનીનો વાચક નથી. પણ અરણ્યમાં વસનારી કોઇ એક જંગલી અશિક્ષિત ભીલ જેવી અતિશૂદ્ર જાત હતી, જે જંગલી અને અશિક્ષિત જાત વખતો વખત એકત્ર થઇને નારદ સરખા મહાત્મા વિદ્વાન પાસે જઇને જ્ઞાન પ્રાપ્તિ માટે વર્ણાશ્રમ ધર્મ, નીતિ, અને કૌરવ પાંડવ, રામ, કૃષ્ણ, રાવણ, તથા શંકર પાર્વતી વગેરેની કથા પુછતા હતા. તેવા તે જંગલી વર્ગના મૂર્ખ લોકોને એ સંજ્ઞા પુરાણ કર્તાએ પોતાનો કાંઈ હેતુ સિદ્ધ કરવાના ઇરાદાથી આપેલી હોય, એમ દેખાયછે. અને તે તમારા પુરાણમાં આપેલી તેવી કથા ઉપરથીજ સિદ્ધ થાય છે, કે તે કોઈ હિંસક અશિક્ષિત મુર્ખ જાત હતી, તેની એ કથા છે. પણ તે શાસ્ત્રોક્ત પઠિત ઋષિમુનીની કે જે વિદ્યા, ધર્મ, નીતિ, અને સદ્ગુણોનો પ્રકાશ કરનારા, તેની તે કથા નથી.

પ્રશ્નઃ–હિંસા કર્મ સશાસ્ત્ર નથી એ ખરૂં; પરંતુ દેશાચાર કુલાચાર જોઈને તે ધર્મનું ગ્રહણ કરવું એમ છે. ત્યારે માંસ ખાવું એ જો કુળાચારજ છે, તો તે ખાવામાં દોષ શો? ઉ૦–વેદોક્ત ધર્મમાં ચારે વર્ણે ધર્મનું ગ્રહણ ત્રણ પ્રકારે કરવું, એમ છે– (ઉપોદ્ઘાત જુઓ)–શ્રુતિ એ પેહેલી પ્રતીનું પ્રમાણ; સ્મૃતિ એ બીજી પ્રતીનું પ્રમાણ; અને રૂઢી એટલે દેશાચાર–કુળાચાર એ ત્રીજી પ્રતીનું પ્રમાણ; અને તે ત્રણ

પ્રકારના ધર્માચરણ ક્યારે અને કેવી રીતે કરવા, એ વિષે એવો સિદ્ધાંત છે કે, જે વાત માટે શાસ્ત્રમાં કાંઇ વિધિ નિષેધ કહેલો ન હોય, તે વાત બદ્દલ માત્ર ચાર સદ્ધર્મી વિદ્વાનનો આચાર તેજ કુલાચાર સપ્રમાણ જાણવો. પણ વેદ શાસ્ત્રમાં હિંસા કર્મનો નિષેધ છે, તે વારે દેશાચારની માતબરી ક્યાં રહી, તેનો વિચાર કરી જુઓ.

પ્રશ્ન:–ઠીક. પણ "યદ્યપિ શુદ્ધં લોક વિરૂદ્ધં નાચરણીયં નાકરણીયં" એ વાક્યની વ્યવસ્થા કેમ ? ઉ૦–વાહ ! કેવું સારૂં વાક્ય સોધી કાઢ્યું ? શાબાસ તમારૂ શહાણપણ. એકંદરે નિંદ્ય, સદોષ જે ચોર કર્મ, તે આપની ન્યાતના લોક શુદ્ધ માનીને કરતા હોય તો આપણે પણ તે કર્મ ખરાબ જાણ્યા છતાં તે કરવું કે? નહીં, નહીં. ભાઇ રે, એ ઉપલું વાક્ય સર્વત્ર લાગુ પાડવું, એ મૂર્ખપણું છે. કેમ કે, એ વાક્ય ધર્મોક્ત નથી, પણ બહુધા રીતી ભાતી પર લક્ષ આપીને કોઇએ રચેલું છે. જુઓ કે જન્મ મરણના દુ:ખ થકી મુક્ત થવા માટે હરી કીર્તન કરવું, એ જે મનુષ્યનું મુખ્ય કર્તવ્ય કર્મ, તે આપણે કરવું હોય તો, તે વિષે સર્વ લોકોની તેવી બુદ્ધિ ન હોવાને લીધે "યદ્યપિ શુદ્ધં" એ લોકવિરૂદ્ધ વચનને પકડી રાખીને આપણે તે મહત્ લાભ છોડી દેવો કે ? એવા વાક્ય પર હરતાળ લગાડીને સદ્ધર્મનું કાર્ય કરવા બેલાશક આગળ ધસવુંજ જોઇએ. હવે એ વાક્યની યોજના જે રીત ભાત પર કોઇએ કરેલી છે, તે આ રીતે છે :– આપણે કોઈ સભામાં જવું હોય, અને ત્યાં ઉઘાડે માથે જવાને અગર જો કાંઇ શાસ્ત્રોક્ત દોષ નથી, તથાપિ લોક રીવાજપર લક્ષ આપીને, માથે કાંઇ પણ ઘાલીને જવું જોઇએ; કેમ કે, તેમ કરવું ભૂષણીય છે. સારાંશ; જે ઠેકાણે શાસ્ત્ર વિરૂદ્ધતા ન છતાં સાધારણ લોક રીવાજથી વિરૂદ્ધતા માત્ર આવતી હોય, તે ઠેકાણાને માટે "યદ્યપિ શુદ્ધં લોકવિરૂદ્ધં" એ વાક્યની યોજના કરવી ઘટે છે.

પ્રશ્ન:–માંસ ન ખાવા વિષે તમે ઉપદેશ કરો છો, પણ હમારા સઘન વાડવડીલો જેઓ શેંકડો વર્ષ થવા માંસ ભક્ષણ કરતા આવ્યા છે, તેઓ શું દીવાના હતા કે ? તેઓએ કથા પુરાણ વાંચેલાં સાંભળેલાં તેમાં તેમને કાંઈ જાણવામાં આવ્યું નહીં, અને હવે તમનેજ માત્ર જાણવામાં તે આવ્યું, કે શું ? ઉ૦–અરે ભાઇ! અમે શાહાણા, અને તમારા વાડ વડીલ ગાંડા એવું શું હમારૂં કહેવું છે ? અલબતાં તમારા વડીલ બીજી વાતે શાહાણા હતા, પણ આ નિંદ્ય કર્મ સંબંધી જીવ્હા સ્વાદને લીધે તેમણે તલ માત્ર વિચાર કે તપાસ કર્યો નથી. અગર જો માંસને તેઓ ભાજી પાલા પ્રમાણે ગણી એ ધડક ખાતા આવ્યા છે, તો પણ તે માંસાહાર નીચ કર્મ સમજી વિષ્ણુ પુજાર્ચામાં કે ઉપવાસાદિ પવિત્ર દિવસ જેમ એકાદશી, શિવરાત્રી, સોમવાર ઈત્યાદિમાં તેઓ તેનો ઉપયોગ કરતા ન હતાં. પણ તે માંસ ખાવું યોગ્ય કે અયોગ્ય એ વિષે જીભસ્વાદે તેઓએ પુરતો વિચાર કર્યો નહીં, અને તમે પણ હજી વિચાર કરેલા ચહાતા નથી. પણ ભાઇ! તે વડીલોના જમાનામાં હમણાની માફક છાપખાના નહતા. અને હાલની માફક સત્પુરૂષકૃત ધર્મજ્ઞાનના પુસ્તકો છપાતા ન હતા.

તેઓને કોઇ પણ બાબત વિષે લેશ માત્ર વિચાર કરવાને કાંઇ સાધન કે પ્રસંગ પણ મળતો ન હતો, માટે તેઓને એ વિષે વિચાર કરવાનો સંભવ ન હતો, પણ હવે તમારે માટે પ્રસંગ અને સાધન બેઉ છે. તો પછી તમારે વિચાર કેમ ન કરવો? અને આપ મતલબી નામના અજ્ઞાન પુરોહિતો તમારા મનનું વલણ જોઈ રૂચતું ભાષણ કરનારા અને યજમાન સ્વર્ગે જાય કે નર્કે જાય તેની દરકાર ન રાખનારાના કહેવાપર વિશ્વાસ રાખી સત્યાસત્યનો વિચાર ન કરવો, એ કાંઇ શાહાણપણુ છે શું? હાલ તમને વિચાર કરવાનો પ્રસંગ મળેલો છતાં અને તમારા કાન ઉઘડયા છતાં તમો ધ્યાન ન આપશો, તો આગળ તમારા વંશજો ધ્યાન આપશે, ત્યારે તેઓ તમને મૂર્ખ દીવાના, જેવા ધારશે.

પ્રશ્ન:— માંસ ખાવું, એ જો સશાસ્ત્ર નથી, તો પણ તે લાંબી મુદતથી ચાલી આવેલો રીવાજ હોવાથી શા માટે તે છોડવો? કેમ કે શાસ્ત્રની એવી પણ આજ્ઞા છે કે વડીલો જે ધર્મ આચરતા હોય, તેજ ધર્મ આપણે આચરવો તો પછી હમને દોષ શાનો? હમે કાંઇ એ નવો ચાલ પાડયો નથી. ઉ૦:—અરે ભાઇ! શાસ્ત્ર તો, આ દુષ્ટ રીવાજ ચાલતો થયો, તે અગાઉના ચાલતા આવેલા છે. તો પછી તે શાસ્ત્ર તેનાથી અગાઉના બહુ દહાડા થયા જે ચાલતા આવેલા, તેને કેમ છોડાય? અને તેજ શાસ્ત્રમાં વડીલોના આચાર પ્રમાણે ચાલવાની આજ્ઞા છતાં, તમારા વચગાળાના વડીલો જેણે આ દુષ્ટ રીવાજ તમારા કુળમાં દાખલ કર્યો, તે આચારભ્રષ્ટ અને ધર્મભ્રષ્ટ તમારા કેહેવા પ્રમાણેજ થયા, કેમ કે તેમણે તેમના વડીલનો આચાર છોડી, નવો આ આચાર દાખલ કર્યો. તો હવે તમારા જે અજ્ઞાન અને જીહ્વાસ્વાદી વડીલોએ આ અધર્મનો ચાલ ચાલેલો, તે તમારે તમારી જ્ઞાન દૃષ્ટિથી કાઢી નાંખીને તે શાસ્ત્રની આજ્ઞાને ખરી રીતે પાળી તમારા પ્રાચિન ધર્માત્મા વડીલોનો જે આચાર તે અંગીકાર કરવોજ જોઇએ. અને આ દુષ્ટાગ્રહને છોડી દેવો. એજ તમારો ધર્મ છે. વેદાદિ સત્યશાસ્ત્ર અને પ્રાચીન ઉપનિષદ, સ્મૃતિ આદિ ગ્રંથમાં તેનો નિષેધ છે. અને તે કાળના લોક તે પ્રમાણે અહિંસક ધર્મ પાળતા હતા, અને તેજ વડીલોનો આચાર પાળવાની તે શાસ્ત્રોમાં આજ્ઞા છે, તે આજ્ઞાપ્રમાણે તે પ્રાચીન પૂર્વજોના આચાર પ્રમાણે ન ચાલતાં આધુનીક હિંસક થયલા વડિલોના આચારને વળગી રહી, તે પ્રમાણે આદરવાને આગ્રહ ધરી રાખવો, એ કાંઇ ન્યાય કે તમારા અંતઃકરણની પવિત્ર વૃત્તિ કહેવાય નહીં.

પ્રશ્ન:—માંસ ભક્ષકની જ્યારે મ્લેચ્છ સંજ્ઞા છે, ત્યારે હાલના કેટલા વિદ્વાન અને મૂર્ખ, દેવ દેવીની ઉપાસના અને પોતાના કુલાચારને નિમિત્તે માંસ ખાય છે, અને યજ્ઞ યાગાદિમાં તેનો બળી આપે છે, તેને તે સંજ્ઞા લગાડી યવન ગણવામાં કેમ નથી આવતા? ઉ૦:—અરે ભાઇ! કૌરવ પાંડવના મહાભારત યુદ્ધ પછી

આ દેશમાં વર્ણાશ્રમની વ્યવસ્થા તુટી ગઇ અને માંસ ભક્ષક રાક્ષસ લોકોનુ બળ વધવાથી આર્ય લોકોમાં આ ભ્રષ્ટાચાર ઘુસી ગયો, જે કાઢવાને જૈનાદિ લોકોએ ઈશ્વર, વેદ અને તે વખતના ભ્રષ્ટ થયલા શાક્ત બ્રાહ્મણોનું ખંડન કરી તે દુષ્ટાચાર કાઢવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો; પણ વેદ અને ઈશ્વરનું ખંડન કરવાથી તેઓ પુરે પુરો જય મેળવી શકયા નહીં. અને તે પછી શંકરાચાર્ય પણ ટુંક આયુષ્યને લીધે તે વિષે ઘટતી વ્યવસ્થા કરી શકયા નહી. અને પાછળથી અનેક મત મતાન્તરના ઝગડા ઉત્પન્ન થયા. તેથી લોકો અનેક જાતીમાં અને આચારમાં વેહેંચઇ જઈ, તેઓ દુષ્ટાચારના કૃત્યો હાલ અસુક કાળ થયા કરવા લાગ્યા છે. અને કેટલીક જાત નાત તો આખી ભ્રષ્ટાચારમાં પડી છે. અને એ ચાલતા આવતા બીગાડાનો સુધાર કરનાર મહા ભારત પછી કોઇ વીર ક્ષત્રીય મહારાજા આજ પર્યંત થયો નથી, કે તેથી પ્રાચીન વર્ણાશ્રમ વ્યવસ્થા પુનઃ સ્થાપન થાય; અને એ કામ પ્રજા ગણુને હાથે થવું અસંભવિત છે. માટે એ નિંદ્ય કર્મ ભ્રષ્ટ લોકોને હાથે ચાલી રહ્યું છે. છતાં પણ તેને મ્લેચ્છ સંજ્ઞા પ્રાપ્ત, વિના સત્તાએ થતી નથી. તો પણ ધર્મજ્ઞ સદાચારી અહિંસક લોકો તેમને મ્લેચ્છ ગણી, તેમના હાથનો છાંટો પણ લેતા નથી. અને તેમનો સંસર્ગ કરી પતીત થતા નથી. અને તેઓ પોતાના સનાતન વેદોક્ત યજ્ઞ, યાગાદિ શુભ અશુભ કાર્યમાં એવો બળી કદી પણ આપતા નથી.

પ્રશ્નઃ—માંસ આવો ગંદો પદાર્થ છતાં તેના ભક્તોને તેની દુર્ગંધી અને કંટાળો કેમ નથી આવતો? ઉ૦:—અરે ભાઈ સડેલા ગંધાતા ધુસ ઉંદર ચીરી ખાતાં, અને તેના આંતરડાં અને ચામડી ઉખેડતાં કાગડાઓને કંટાળો આવતો નથી, પણ રાજહંસને તો આવે છે; વળી ચામડાનું કામ કરનાર ચમારને ચામડાની દુર્ગંધ આવતી નથી, પણ બીજાને આવે છે; તેમજ નરકની દુર્ગંધ જેમ બીજા બધાને આવે છે, તેમ ભંગીને આવતી નથી. તેનું કારણ એ કે, તેમને દર રોજનો તેનો સહવાસ ઘડાયો, અને તેના શરીર તંતુ પણ તેવા થઈ ગયા હોય છે, તે પ્રમાણે માંસ ભક્ષકને તેનો અહર્નીશ અભ્યાસ પડવાથી અને તેના શરીર તંતુ તેવા થઇ જવાથી કંટાળો કે ત્રાસ આવતો નથી. તથાપિ તે કર્મ તો નીચજ.

પ્રશ્નઃ—માંસ ખાવું અમંગળ છતાં સ્નાન સંધ્યા અને વેદાધ્યયન કરનારા કેટલાક શાક્તાદિ શાસ્ત્રી પુરાણીક લોક પવિત્ર વસ્ત્ર સહિત તે ગંદા પદાર્થને યજ્ઞ, યાગાદિ નિમિત્તે કાં સ્પર્શ કરી ગ્રહણ કરે છે? ઉ૦:—ધિઃકાર હો જો, એવા વેદદ્રોષ કરનારાને! કે સ્નાન, સંધ્યા, અગ્નિ હોત્ર, પવમાન, રૂદ્ર, ગીતાપાઠ, વિષ્ણુ પૂજા ઇત્યાદિ શુદ્ધ વેદોક્ત નિત્યાર્ચન દરરોજ કરીને છેવટે તે મૂર્ખ તે સઘળાપર પાણી છોડીને આવી વિષ્ટા, લાળ, કફ, પિત્તયુક્ત પશ્વાદિકની રેતજન્ય અમંગળ લોથને મીઠું મરચું લગાડી તે અપવિત્ર લોથને પોતાના પેટમાં ચાંપે છે, અને નિત્યાર્ચનની પવિત્રાઇને પોતાને હાથે આગ લગાડે છે! છિઃ છિઃ, એ કરતાં તો એકાદા ઝાડના કાંટા પેટમાં

ભરવા એ વધારે સારા છે. અરે જુઓ, "गंगा गंगेति यो ब्रूयात्०" આવો પવિત્ર ઘોષ કરીને જે સ્નાન કરનારો તેણે બળી માંસનો સ્પર્શ કરવો કે? અપવિત્ર સ્થિતિમાં છતાં કોઇ પણ લોથનો સ્પર્શ થયો હોય તો સચૈલ્ય સ્નાન કરીને શુદ્ધ થવું એવું શાસ્ત્ર છતાં તે લોથ પવિત્ર વસ્ત્રોથી શીજવીને ખાવી, એ કેટલું મૂર્ખત્વ અને નીચત્વ! એકાદ હાડકું સહજ પગ નીચે આવી ગયું માલમ પડે, તો સ્નાન કરવું, એવું શાસ્ત્રમાં છતાં, તે હાડકાને મ્હોમાં ઘાલી ચુસીને ખાવું, એ કેટલી ખાંડીનું મૂર્ખત્વ! એ રીતે રાક્ષસ લોકો દેવીને નામે કાલીકા, દુર્ગા, ભવાની, લક્ષ્મી એવી રાક્ષસીની મૂર્ત્તિ ઉભી કરીને તેની આગળ ગાય, બળદ, પાડા, અને બકરાનું બળીદાન કરીને તેનું લોહી માત્ર તે મૂર્ત્તિને મ્હોઢે લગાડી, પછી તે બધું તેને નામે પોતે ગટ કરી જાય છે. એ કેટલું અઘોર નીચ કૃત્ય! છિ: છિ:! આવા છળી ઘાતક મનુષ્યના હાથનું પાણી તો શું? પણ તેનું મુખદર્શન કરવું, એ મહાદોષ છે. આવા આવા અઘોર કૃત્ય કરનારાની પવિત્રાઇને આગ લાગો; અગર જો હિંસક વર્ગના હોય તે તેને દોષ ન આપે, તો પણ જે સદ્ધર્મી પવિત્ર લોક છે, તે તો તેમનું આ અઘોર હિંસા કર્મ જોઇને તેમને નીચ ગણી શાસ્ત્રોકત મ્લેચ્છ સંજ્ઞા આપનારજ, તેમાં કાંઈ સંશય નથી, કેમ કે, પોતાની કન્યા અથવા ભગિની ચાહે એટલી સ્નાન સંધ્યા, હોમાદિ વિધિ તથા વસ્ત્રાદિ વગેરેની પવિત્રાઇ કર્યા છતાં પણ અગમ્ય છે; તેમજ માંસ પણ, એટલે વિધિ અને પવિત્રાઇ તથા પવિત્ર ઉપચાર દાખવ્યા છતાં પણ તે અભક્ષ્ય, અમંગળ અને અસ્પર્શ્યજ છે; તેમાં પણ કાંઈ સંશય નથી.

પ્રશ્ન:–મુળા, વેગણુ આદિ કેટલીક શાક ભાજીને નરકનું કે મોએલી માંછલીનું ખાતર ઘાલવામાં આવે છે; તો પછી એવા શાક ભાજી કેમ ગ્રહણ કરોછો? ઉ૦,–પશુ, પક્ષાદિ પ્રાણી જે પદાર્થ ખાય છે, તેની અસર તેના શરીરમાં એક રસ વ્યાપક થતી દેખાય છે, પરંતુ વનસ્પતિપર તેવો સંસ્કાર થવા છતાં તેની અસર તેને આંગે પ્રાપ્ત થયલી જણાતી નથી. કારણ કે વનસ્પતિને આંગે પ્રાણી સરખી ગ્રાહક આકર્ષણ શક્તિજ નથી. જેમ કડવા કારેલાની વેલને શાંકરનું ખાતર ઘાલી દરરોજ શેરડીના રસનું છીંપણ કરીએ, તો તેથી તેના આંગમાં કાંઇ મીઠાસ આવતી નથી; તેમજ શાક ભાજીને કોઇ પણ ખાતર ઘાલીએ તેની અસર માટીને યોગે કરીને તેમાં આવતી નથી. કેમ કે માટી એ શુદ્ધિકરણ પદાર્થ છે; તેથી તે તેની શુદ્ધિ કરીને પોતાને આંગે સ્વચ્છ રસ એકત્ર કરીને તે રસ વનસ્પતિના મૂળને પુરો પાડે છે, એનામાં સમુદ્રના ખારા પાણીને પણ શુદ્ધ કરવાની શકિત છે. તેથી તે સમુદ્રના પાણીને મીઠું કરે છે, એ પ્રત્યક્ષ પ્રમાણ છે. તાત્પર્ય એ કે, જે કારણે કરીને નરકના ખાતરથી ઉત્પન્ન થયલી શાક ભાજી ખવાય છે, અને તેમાં નરકનો સંસર્ગ કંઇ આવતો નથી. તેજ કારણે કરીને માછલીના ખાતરનો સંસર્ગ પણ આવતો નથી; તેથી તે ગ્રહણ કરવામાં કાંઇ બાધક નથી.

પ્રશ્નઃ—દેવ ભોળા નીચ લોક જેવા કે દુબળા, નરકા, ભીલ, ઘાટી વગેરે લોકો એમ કહે છે કે, હમે તમારી વાત કબુલ કરીને હિંસા છોડીએ, પણ હ-મારાપર પ્રત્યક્ષ જાગતી જોર અંબા, ભવાની, બહુચરા, કાલીકા, આદિ દેવી અને હ-નુમાન, ભૈરવ ખંડોબા આદિ જે દેવો છે, તે મનુષ્યના આંગમાં આવી મરઘા બકરા, પાડા, આદિ પ્રાણીઓનો બલી ભોગ માંગે છે, અગ્નિમાં ઉડી મારે છે; હાથમાં તથા મ્હોમાં અંગારા લે છે. અને તે ભોગ આપ્યો નહીં તો એ મજકુર દેવ દેવી કોપાયમાન થઇ હમારા કુટુંબનો ભોગ લીધા વીના રેહે નહીં, તેનો શો ઇલાજ ? ઉ૦:—આ તો કેવળ તમારો ભ્રમ છે, એતું તમારાજ બોલવાપરથીજ દેખાયછે; દેવીને તમે આદિ શકિત માનો છો, અને દેવીના શિવ આદિના અવતાર માનો છો, તો તમે તમારી અકકલેથીજ જુઓ કે, જે દિવ્ય ગુણ યુકત પવિત્ર તમારા દેવ દેવી, તે વળી, આવો અનાથ, નિરપરાધિ, જગત પરોપકારી, ગરીબ મેહેનતુ પ્રાણીઓનો ભોગ માંગે? અને તેના આવા કષ્મળ, લાળ, દુર્ગંધ, વિષ્ટા, મૂત્ર અને કફ પિત્તયુકત રેતજન્ય માંસથી પોતાની તૃપ્તિ કરે ? એટલો તો વિચાર કરો ! અરે ! એવા નિંદ્ય કર્મનો અને ગંદા પદાર્થનો સાધારણ દયાળું પુરૂષને તિરસ્કાર આવે છે, તો સર્વ નિયંતા દીન દયાળુ દયા સાગર પવિત્ર પરમેશ્વરને એ કેમ સારૂં લાગે, તેનો વિચાર કરો. અરે ! એવા અઘોર કર્મી ભોજકોનો તો પરમેશ્વર નાશ કરે, કારણ કે તેણે જે પ્રાણીઓને આપણી માફક આ સૃષ્ટિમાં દયા ભાવથી ઉત્પન્ન કરેલાં અને તે વળી મનુષ્યોના સુખ સહાય અર્થે ઉત્પન્ન કરેલાં, તેવાં નિરપરાધિ અને પરોપકારી પ્રાણીઓનો વિના અપરાધ ઘાત કરવો, એ તે ન્યાયકારી દયાળુ પરમેશ્વરથી કેમ સહન થાય ! ! માટે એ દેવ દેવીની કલ્પના, બળી ભોગનો ગપાટો, અને તેનું મનુષ્યના આંગમાં આવવું, એ ત્રણે ખોટું, માત્ર ભોળા અને બિકણુ લોકોને ભય બતાવી પોતાની મતલબ કાઢી લેવી, એ તેનો ઢોંગ. અને હરામખોર ધુતારા લોકો એવોજ ધંધો કરી પોતાનું પેટ પાપથી ભરે છે, અને તમારા જેવા ભલા આદમીને ફસાવે છે. વળી જુઓ કે, કોઇ માણસ પોતાના છોકરાને પોતે મારી ખાય કે બીજાને મારી ખાવા દે નહીં, તો આ જગત ઉત્પાદક, સર્વનો પિતા, તે પોતાના ઉત્પન્ન કરેલાં બચ્ચાંને મારી ખાય કે ખાવા દે ? જેણે સર્વના પોષણ માટે અસંખ્ય ખાદ્ય–વનસ્પતિ ઉ-ત્પન્ન કરેલી છે, તે શું તમારા બલીનો ભુખ્યો હોય ? અને એવા સર્વશકિતમાન મહા દાતાનું તમે કંગાળ પેટ ભરશો કે ? કદી નહીં. માટે એ તમારી અજ્ઞાન-તાની મિથ્યા કલ્પનાને છોડી દો, અને એવા દુષ્કર્મ કરતાં અટકો. અને સત્-સમાગમ કરી જ્ઞાની થાઓ. તથા વળી તમોને જે ચમત્કાર દેખાડે છે અને દેખો છો. તે ચમત્કાર નથી; પણ રસાયની પ્રયોગ છે, અને તે સર્વ કોઇ જાણવાથી કરી શકે છે. એવા ચમત્કારી પ્રયોગ હજારો છે. જેમ કે દારૂમાં કે કોલનવાટર આદિ અર્કમાં આંગલી બોલી દીવેથી સળગાવશો તો તે થોડો વખત બળશે. એક જાતનો પાઉડર પાણીમાં નાંખ્યાથો પાણીપર ભ-ડકા બળશે. અને એક જાતનો રસ હાથમાં લગાડયાથી અંગારા હાથમાં ઝાલી

શકાય છે. તેમાં દેવ દેવીનું કાંઇપણ મહાત્મ્ય નથી. પણ પદાર્થનો ગુણ છે. તે કરતાં વિશેષ પરીક્ષા કરવી હોય, તો જેના આંગમાં દેવ આવે અને અંગારા હાથ મ્હોંમાં પકડે તેને ઉંચકીને એક બળતી ચિતામાં નાંખી જોવો, કે તે બળે છે કે નહીં ? એટલે ફરીથી કોઇના આંગમાં તમારા દેવ દેવી આવશેજ નહીં.

પ્રશ્ન:-હિંસા કરવી નહીં, એ ઠીક; પણ બીજાએ મારેલું પ્રાણી ખાવાને દોષ શું ? ઉ૦—દોષ શાનો કહીને શું પુછે છે ? ચોરને મદદ કરનારો એટલે ચોરીની જનસ વેચાતી લેનારો ચોર પ્રમાણેજ દોષી ઠરી શિક્ષા ભોગવે છે; તે પ્રમાણે એ છે "यदि चेत्खादको न स्यान्न तदा घातको भवेत् । घातकः खादकार्थाय ततो हिंसां प्रवर्तते" આ ઋષિ મનૂક્તિ પ્રમાણે "ખાનાર ન હોય તો ઘાતક થનાર નહીંજ;' ત્યારે અર્થ એજ કે, આ જે હિંસા ચાલેલી છે, તે માંસ ભક્ષકને માટે છે. તેમાટે માંસાહારી લોક હિંસક ઠરીને દોષી થાય છે. પોતાને હાથે પ્રાણી મારવાથી હિંસા થાય છે, એમ નથી, પણ બીજાને હાથે મરાવવું, મારવા મરાવવાની મનમાં કલ્પના આણવી, કે માંસ ખાવું, એ પ્રત્યેક કર્મથી—એ હિંસા ઘડાય છે.

પ્રશ્ન:—માંસ ખાવું નહીં, ત્યારે પૂર્વે ક્ષત્રીય રાજા મૃગયા કરીને પશુ પક્ષી ખાતા હતા, તે તો મૂર્ખજ તો ! ઉ૦—એકવાર નહિં પણ હજાર વાર મૂર્ખ; મૃગયા નિમિત્તે પશુ, પક્ષી મારીને ખાવા, એ એક નિંદ્ય જીવ્હાસ્વાદનો ઢોંગ છે. મૃગયાનો અર્થ "अखेटनं" એટલે વ્યાયામ અર્થે ફરવું વગેરે. હવે ક્ષત્રીયજ મૃગયા રમે છે, તેનું કારણ એ કે, બીજી વર્ણ શસ્ત્રાસ્ત્ર વિદ્યા રહિત હોવાને લીધે તે વ્યાઘ્રાદિ ક્રૂર શ્વાપદોથીજ ભરેલા ભયંકર અરણ્યમાં જઈ શકતી નથી. અરણ્યમાં ફરીને મનુષ્યાદિનો નાશ કરનારા વ્યાઘ્રાદિ ક્રૂર પશુને મારવા, કે પકડી આણી બંદીખાને નાંખવા, તથા લડાઇ કેમ કરવી, બાણ કેમ મારવા ઇત્યાદિ, અભ્યાસ સદૃઢ રહેવા માટેજ આ મૃગયા ખેલવાનો મૂળ હેતુ છે. તે એક કોરે મુકી મલીન જીવ્હાસ્વાદી લોક મૃગયા એટલે પશુ—પક્ષીને મારી ખાવા એવો અર્થ કરે છે, એ મોટી આશ્ચર્યની વાત છે. શાક્ત કુલોત્પન્ન ભટજી બાવાએ સ્વમત પુષ્ટિ અર્થે, ધર્મરાજા સરખા સત્પુરૂષ મૃગયાદિ રમીને માંસ ખાતા, એવા ક્ષેપક વચનો કેટલાક ગ્રંથમાં ઘુસાવી ઘાલ્યા છે, તે વિષે ઉપોદ્ઘાતમાંજ સ્પષ્ટિ કરણ કરેલું છે, ગામમાં વસનારા અને તેમજ અરણ્યમાં વસનારા જંગલી પ્રાણીઓમાંથી જે દુઃખદાઇ અને દુષ્ટ હિંસક પ્રાણી હોય, તેનો નાશ કરી અન્ય નિર્દોષ ભૂત (પ્રાણી) માત્રનું રક્ષણ કરવું એ વિષે પ્રાચીન વેદ (યજુર્વેદ અ૦ ૧૩ મં૦ ૪૭ થી પર સુધી) અને અર્વાચીન બ્રાહ્મણ ગ્રંથમાં (शत० ब्रा० ૧૩—૨—૪માં) સારી રીતે વિવેચન કરેલું છે. પણ તેમાં એવા મારેલા દુષ્ટ પ્રાણીનું પણ માંસ ખાવા વિષે કાંઇ પણ ઉલ્લેખ નથી.

પ્રશ્ન—ઠીકવારૂ, ત્યારે તમે રેશમ શું કરવા વાપરો છે ? કારણ કે તે રેશમ ઉત્પન્ન કરનારા હજારો કીડાને તમારે માટે મારે છે, ત્યારે તે રેશમ હાથ લાગે છે. અને તે એવા હિંસક કર્મથી થયલું રેસમ તે શાસ્ત્ર વિહીત શુદ્ધ છે, એવું શાસ્ત્રી-

એનું કહેવું હોવાથી લોક તેને પવિત્ર ગણી શુભ કામે વાપરે છે, એ કેમ ? ઉ૦-ભાઇઓ ! એ રેશમના વસ્ત્ર સુશોભિત દેખાવના હોવાથી આધુનીક કોઇ એક જાત ગ્રંથમાં કોઈ છળીએ કદાચ પવિત્ર લખી વાળ્યું હશે. પરંતુ તે વિષે વેદાદિ લઇ આર્ષ ગ્રંથમાં કોઇ પણ ઉલ્લેખ જણાતો નથી. અને તે હોય શાનો ? કેમ કે એ રેશમ તો હાલ થોડા વર્ષ થયાં ચીના લોકે સોધી જાહેરમાં આણ્યું છે, તેનો ઉલ્લેખ તે પ્રાચીન ગ્રંથમાં હોય ક્યાંથી ? તથાપિ આપણા દેશમાં અનેક પ્રકારની વનસ્પતિના રેસાના ઉત્તમ વસ્ત્ર થતા હતા, ને થાય છે, તે સુંદર અને ટકાઉ હોવાથી પ્રાચીન કાળના લોકવાપરતા હતા, અને તે વનસ્પતિ જન્ય પદાર્થ હોવાથી પવિત્ર મનાતા હતા. તથા તે વનસ્પતિના રેસા હોવાથી તેની રેસમ સંજ્ઞા આપેલી હતી. અસલ એ રેસાના દોરા વણી, પછી તેના કપડા વણતા હતા. પણ પછી જ્યારે આ ચીની રેશમ જાહેરમાં આવ્યું, ત્યારે તેના હજારો હાથ લાંબા સલંગ તાંતણા તૈયાર મળવાથી તે વાપરવા લાગ્યા, અને તે આ રેસા જેવા હોવાથી તેને પણ રેસમ સંજ્ઞા લાગુ પાડી. પણ એ રેસમ કાંઇ વનસ્પતિ જન્ય પદાર્થ નથી કે તે પવિત્ર ગણાય, એ તો એક જાતના કીડા જે શેતુરના પાંદડા ખાઇ જીવે છે, તે કીડા પોતાના પેટ-માંથી હજારો હાથ લાંબો સલંગ તાંતણો કાઢી, તેની એક કોકડી પોતાના અંગપર બાંધી, તેની અંદર કેટલાક દિવસ તે પડી રહે છે. અને પછી પતંગીરૂ થઇ તે કોકડી કરડી માંહેથી નીકળી ઉડી જાય ને બે દિવસ પછી આપોઆપ મરી જાય છે. તે અગાઉ તે કોકડાઓને એકઠી કરી તે ઉના પાણીમાં નાંખી માંહેના કીડાની હિંસા કરી તે તાંતણાઓ સલંગ ઉતારે છે. અને તે પછી વસ્ત્ર વણવાના કામમાં આવે છે. તો તેવા રેસમને આપ્ત શાસ્ત્રોક્તકાર પોતાનાશાસ્ત્રમાં પવિત્ર કેમ લખે ? અને કદાચ તેમ લખ્યું હોય, તો તે પુર્વોક્ત વનસ્પતિ જન્ય રેસમ ગણાય, પણ આ નહીં. એ વિષે પ્રત્યક્ષ ખાત્રીપૂર્વક દાખલો જોઈએ તો ફ્રાન્સ દેશમાં "વૈસાંગ સ્વાંગ" શેહેરમાં લાકડામાંથી રેશમ ઉત્પન્ન કરવાનું કારખાનું હાલ ચાલે છે, તેપરથી ખાત્રી થશે.

પ્રશ્નઃ-" કોઇએ પણ હિંસા કે માંસ ભક્ષણ કરવુંજ નહીં, " એવો તમે ગ્રંથ પ્રસિદ્ધ કર્યો, તે પરથી શું કોઇ તમારૂં સાંભળીને માંસ ખાવું છોડશે કે ? ફોકટ માથાકુટ અને ખટપટ શા માટે કરો છો? ઉત્તર-આડ માર્ગે જનારાને સરળ માર્ગ દેખાડવો, એ મનુષ્ય માત્રનો માનસીક ધર્મ છે, તે પ્રમાણે આ અમૂલ્ય પ્રાણીનો નાશ કરી પોતાના માંસવત્ નિરપરાધિ પરોપકારી પશ્વાદિકનું વિષ્ટા, કશ્મળ, પરૂ, કફ, પિત્ત-યુક્ત રેતજન્યજે માંસ, તેનો ભક્ષ કરવો, અને તે પરોપકારી પ્રાણીપર ઉલટો અપકાર કરવો, એ જે અઘોર, નિંધકર્મ માર્ગ તે લોકોને દેખાડો આપી, સનાતન વેદાદિ પ્રમાણે વનસ્પતિ એટલે ધાન્ય, ફળ, કંદ, મૂળ અને ભાજી પાળાના પરમેશ્વર નિર્મિત પૃથ્વીદત્ત જે નિર્દોષ શુદ્ધ પદાર્થ તે ખાવા, એ માનસીક ઉત્તમ કર્તવ્ય વેદોક્ત છે, તે તેમને સમજાવવું, આ મોટો હમારો માનસીક કર્તવ્યધર્મ છે. પછી કોઇ મૂર્ખ બળ જોરાથી આડે માર્ગે જઇને પોતાનો નાશ પોતાને હાથે કરવા લાગ્યો, તેનો ઉપાય શો ? ખૂનીને દેહાન્ત શિક્ષા થાય છે છતાં પણ ખૂન નીપજે છે, તો પછી જે અમારી શિક્ષામાં

પ્રત્યક્ષ શાસન દેખાતું નથી, તેવી અમારી શિક્ષા જીવ્હાછંદી લાલચુ લોક સાંભળશે, નહીં સાંભળશે; તેમાં આશ્ચર્ય શું ? પરંતુ એટલું તો ખરૂં છે કે, સત્યાસત્યનો વિચાર કરનારા જે પુરૂષ હશે, તે કદિ આડમાર્ગે જઇ પોતાનો ખરાબ જીવ્હા-સ્વાદ માટે કરી લેશે નહીં. જુઓ, ચિતપાવનાદિ સપ્તકોકણી લોક જે અસલ સેમેટિક માંસાહારી હતા, તે વિષે પ્રથમ ઉપોદ્‌ઘાતમાં પુરાતન ગ્રંથાધારે દર્શાવેલું છે અને વળી તે ઉપરાંત સો બસે વર્ષ પરના "માધવકૃત શત પ્રશ્ન કલ્પ લતીકા" સરખા અત્યન્ત અર્વાચીન ગ્રંથમાં, પણ "शाखायुग्मं च संस्थाप्य शाकलं तैतिरीयकां । निषिद्धकर्म निरता मत्स्यभक्षण तत्पराः । कलभाषी पालनाच्च कर्केलाख्याः प्रकीर्तिताः" આ પ્રમાણે છે કે, ચીતપાવન એ બતક આદિ મધુર ધ્વની કરનારાં પક્ષીનું અને માંછળાનું માંસ ખાનારા છે. તેથી તેજ પ્રમાણે હાલ ૨૫—૩૦ વર્ષપર રત્નાગીરીના કલેકટર ટકવીન સાહેબે ચિપલૂણ પ્રાંતમાં ચિતપાવનના ઘર બળેલા, તેના સંબંધમાં સરકારી રીપોર્ટમાં ચિત્તપાવન માંસ આહારી છે, એવું સ્પષ્ટ લખેલું છે. અને તે સંબંધીની ચર્ચા સુબોધ પત્રિકામાં સારી રીતે ચાલી હતી. તે સર્વે જાણે છે. અને તેમજ કર્‌હાડા એ પણ માંસાહારી બ્રાહ્મણ છે, તે વિષે ઉપર કહેલી લતીકામાં લેખ છે. તાત્પર્ય કે, વંશ પરંપરાથી પેઢી ધર હિંસક જે ચિત્તપાવન અને દ્રાવિડાદિ લોકો, જેની અંદર હજી કેટલાક દેવી અને યજ્ઞાદિને નિમિત્તે માંસ ખાય છે. તેઓમાંના ઘણાખરાએ જૈન વૈષ્ણવાદિ અહિંસકોના સંસર્ગે અને ઉપદેશથી હિંસા કર્મ છોડી અહિંસક બહારથી બન્યા છે. તો પણ તેનો તે પુરાતનનો ક્રમ, તે કુળ ધર્મ પ્રમાણે ભિન્ન પ્રકારે સાક્ષી ભૂત રહેલો જણાય છે. તે એવો કે, એ ચિત્તપાવન લોકના ઘણાખરા ઘરમાં વર્ષમાં એકવાર સ્વકીય જ્ઞાતિ ભોજન કરે છે, તેની અંદર લોટના કણકની ગાય બનાવી, તે ઢોકળાની માફક બાફથી સીજવી, તેના પેટની અંદર મધ ભરીને તેનો બળી આપે છે, અને કુળ દેવતાને આપીને પછી તેના તુકડા કરી પ્રત્યેક પાતળપર પ્રસાદી તરીકે પીરસે છે, અને તેની અંદરનું જે મધ, તે તીર્થ કહીને આપે છે; એ ચાલ વિસલાભપુરમાં વૈદ્ય ઉપનામના તથા રત્નાગીરી પ્રાંતમાં શ્રાવણી (ઉપાકર્મ) વિધિમાં હાલ પણ ચાલુ છેજ. કહેવાની મતલબ એ કે આવા સેમેટીક લોક પણ અહિંસક બન્યા, તો પછી એવા સેમિટીક લોકોની સંગતીએ જે કોઈ મારા આર્યબંધુ હિંસક થયલા છે તે આ ગ્રંથ વાંચીને પોતાની શુદ્ધિપર સહજ આવશે એવી ખાત્રી છે; જેમ કે પ્રસિદ્ધ ભીલ વાલ્મીકી અપરંપાર હિંસા કરીને પછી નારદના સત્સંગથી અને સદુપદેશથી પોતાના કૃત કર્મનો પશ્ચા-ત્તાપ કરીને તે કર્મ આચરનારને સ્વરચિત રામાયણ ગ્રંથના પ્રારંભમાં કહે છે કે;

॥ मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः ।
यत्क्रौंच मिथुनादेकमवधीः काममोहितं ॥

સમાપ્ત.